नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ–૩૯

# મહાનિશીથ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૩૯

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૩૯) મહાનિશીથ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397**

**Web address:- 1. www.jainelibrary.org, 2. Deepratnasagar.in**

–: ટાઈપ સેટિંગ :–
આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૩૯ ‘મહાનિશીથ’

## છેદસૂત્ર– ૬ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | અધ્યયન | | | અધ્યયન | |
| ૧ | શલ્ય ઉદ્ધરણ | ૦૦૬ | ૫ | નવનીત સાર | ૦૬૨ |
| ૨ | કર્મ વિપાક વિવરણ | ૦૧૬ | ૬ | ગીતાર્થ વિહાર | ૦૮૭ |
| ૩ | કુશીલ લક્ષણ | ૦૩૨ | ૭ | પ્રાયશ્ચિત્ત સૂત્ર | ૧૦૮ |
| ૪ | કુશીલ સંસર્ગી | ૦૫૪ | ૮ | સુસઢ અણગાર | ૧૨૮ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | मूल आगम साहित्य:- | 147 | 5 | आगम अनुक्रम साहित्य:- | 09 |
| | -1- आगमसुत्ताणि-मूलं print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ. | 02 |
| | -2- आगमसुत्ताणि-मूलं Net | [45] | | -2- आगम विषयानुक्रम सटीकं. | 04 |
| | -3- आगममञ्जूषा मूल प्रत. | [53] | | -3- आगम सूत्र-गाथा अनुक्रम | 03 |
| 2 | आगम अनुवाद साहित्य:- | 165 | 6 | आगम अन्य साहित्य:- | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- आगमसूत्र हिन्दी अनुवाद Net | [47] | | -2- आगम संबंधी साहित्य | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | -3- ऋषिभाषित सूत्राणि | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | -4- आगमिय सूक्तावली | 01 |
| | -5- आगमसूत्र हिन्दी अनुवाद print | [12] | | आगम साहित्य- कुल पुस्तक | 518 |
| 3 | आगम विवेचन साहित्य:- | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- आगमसूत्र सटीकं | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- आगम मूलं एवं वृत्ति -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- आगम मूलं एवं वृत्ति -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- आगम चूर्णि साहित्य | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- सवृत्तिक आगमसूत्राणि-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- सवृत्तिक आगमसूत्राणि-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- सचूर्णिक आगमसुत्ताणि | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | आगम कोष साहित्य:- | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- आगम सद्दकोसो | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- आगम कहाकोसो | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- आगम-सागर-कोष: | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- आगमशब्दादिसंग्रह प्रा-सं-गु. | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- आगम बृहत् नाम कोष: | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

1-આગમ સાહિત્ય કુલ પુસ્તક. 518

2–આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૩૯] મહાનિશીથ

## છેદસૂત્ર–૬– ગુજરાતી ભાવાનુવાદ

## અધ્યયન-૧ 'શલ્ય ઉદ્ધરણ'

**... તીર્થને નમસ્કાર થાઓ.**

**... અરહંત ભગવંતને નમસ્કાર થાઓ.**

૧. આયુષ્યમાન એવા ભગવંતો પાસે મેં આ પ્રમાણે સાંભળેલ છે કે – અહીં જે કોઈ છદ્મસ્થ ક્રિયામાં વર્તતા એવા સાધુ કે સાધ્વી હોય તેઓ–

આ પરમ તત્વ અને સારભૂત પદાર્થને સાધી આપનાર અતિ મહા અર્થગર્ભિત, અતિશય શ્રેષ્ઠ એવા 'મહાનિશીથ' શ્રુતસ્કંધ શ્રુતના અનુસારે ત્રિવિધ–મન, વચન, કાયા, ત્રિવિધ–કરણ, કરાવણ, અનુમોદન એ સર્વ ભાવથી અને અંતર–અભાવી શલ્ય રહિત થઈને આત્માના હિતને માટે–

અત્યંત ઘોર, વીર, ઉગ્ર, કષ્ટકારી, તપ અને સંયમના અનુષ્ઠાનો કરવા માટે સર્વ પ્રમાદના આલંબનોને સર્વથા છોડીને સર્વ સમય રાત્રે અને દિવસે આળસ રહિત, સતત ખિન્નતા સિવાય, અનન્ય મહાશ્રદ્ધા, સંવેગ અને વૈરાગ્ય માર્ગને પામેલ, નિયાણારહિત, બળ–વીર્ય–પુરુષકાર પરાક્રમને છૂપાવ્યા સિવાય, ગ્લાનિ પામ્યા વિના, વોસિરાવેલ–ત્યાગ કરેલા દેહવાળા, સુનિશ્ચિત એકાગ્ર ચિત્તવાળા બની વારંવાર તપ, સંયમાદિ અનુષ્ઠાનોમાં રમણતા કરવી જ

૨. પરંતુ રાગ, દ્વેષ, મોહ, વિષય, કષાય, જ્ઞાન આલંબનને નામે થતા અનેક પ્રમાદ, ઋદ્ધિ, રસ, શાતા એ ત્રણ પ્રકારના ગારવો, રૌદ્ર ધ્યાન, આર્ત્તધ્યાન, વિકથા, મિથ્યાત્વ, અવિરતિ મન–વચન–કાયાના. દુષ્ટ યોગો, અનાયતન સેવન, કુશીલ આદિનો સંસર્ગ, ચાડી ખાવી, ખોટું આળ ચઢાવવું, કલહ કરવા, જાતિ આદિ આઠ ભેદે મદ કરવો, ઈર્ષ્યા, અભિમાન, ક્રોધ, મમત્વભાવ, અહંકાર વગેરે અનેક ભેદોમાં વહેંચાયેલ તામસભાવ યુક્ત હૃદયથી–

હિંસા, ચોરી, જૂઠ, મૈથુન, પરિગ્રહના આરંભ–સંકલ્પ આદિ અશુભ પરિણામવાળા ઘોર, પ્રચંડ, મહારૌદ્ર ગાઢ, ચીકણા પાપકર્મ મળરૂપ લેપથી ખરડાયેલ આશ્રવદ્વારોને બંધ કર્યા વિનાના ન થવું.

આ જણાવેલા આશ્રવમાં સાધુએ પ્રવૃત્ત ન થવું.

૩. આ પ્રમાણે સાધુ કે સાધ્વી પોતાના દોષ જાણે ત્યારે એક ક્ષણ, એક લવ, મુહૂર્ત્ત, આંખનો પલકારો, અર્ધ પલકારો, અર્ધ પલકારાની અંદરના ભાગ જેટલો કાળ પણ શલ્ય રહિત થાય.

૪ થી ૬. જ્યારે હું સર્વભાવથી ઉપશાંત થઈશ તેમજ સર્વ વિષયોમાં વિરક્ત બનીશ, રાગ–દ્વેષ અને મોહને ત્યાગીશ, ... ત્યારે **સંવેગ પામેલો આત્મા પરલોકના પંથને એકાગ્ર મનથી સમ્યક્ પ્રકારે વિચારે**, અરે ! હું અહીંથી મૃત્યુ પામીને ક્યાં જઈશ ? મેં કયો ધર્મ પ્રાપ્ત કર્યો છે ? મારે કયા વ્રત–નિયમ છે ? મેં કયા તપનું સેવન કર્યું છે ? મેં શીલ કેવું ધારણ કરેલ છે ? મેં શું દાન આપેલ છે ?

૭ થી ૯. કે જેના પ્રભાવે હું હીન, મધ્યમ કે ઉત્તમ કુળમાં સ્વર્ગ કે મનુષ્યલોકમાં સુખ અને સમૃદ્ધિ પામી શકું? અથવા વિષાદ કરવાથી શો ફાયદો ? આત્માને હું બરાબર જાણુ છું. મારું દુશ્ચરિત્ર તેમજ મારા દોષો અને ગુણો છે, તે સર્વેને હું જાણુ છું.

આમ ઘોર અંધકારથી ભરપૂર એવા પાતાળ–નર્કમાં જ હું જઈશ કે જ્યાં લાંબા કાળ સુધી હજારો દુઃખો મારે અનુભવવા પડશે.

**૧૦, ૧૧.** આવી રીતે સર્વે જીવો ધર્મ–અધર્મ, સુખ–દુઃખ વગેરે જાણે છે. ગૌતમ ! એમાં કેટલાક પ્રાણીઓ એવા હોય છે કે જેઓ આત્મહિત કરનાર ધર્મનું સેવન મોહ અને અજ્ઞાનને કારણે કરતા નથી. વળી પરલોક માટે આત્મહિત રૂપ એવો ધર્મ જો કોઈ માયા–દંભથી કરશે, તો પણ તેનો લાભ અનુભવશે નહીં.

**૧૨ થી ૧૪.** આ આત્મા મારો જ છે. હું મારા આત્માને યથાર્થ જાણુ છું. આત્માની પ્રતીતિ કરવી દુષ્કર છે. ધર્મ પણ આત્મસાક્ષીથી થાય છે.

જે જેને હિતકારી કે પ્રિય માને છે તે તેને સુંદર પદે સ્થાપન કરે છે. કેમ કે સિંહણ પોતાના ક્રૂર બચ્ચાને પણ પ્રિય માને છે.

જગતના સર્વે જીવો 'પોતાના જેવો જ બીજાને આત્મા છે' એમ વિચાર્યા વિના આત્માને અનાત્મા રૂપે કલ્પતો પોતાના દુષ્ટ વચન, કાયા, મનથી ચેષ્ટા સહિત વર્તન કરે છે.

જ્યારે આત્મા તે નિર્દોષ કહેવાય છે, જે કલુષતા રહિત છે, પક્ષપાતને છોડેલ છે, પાપવાળા અને કલુષિત હૃદયો જેનાથી અતિ દૂર થયા છે અને દોષરૂપી જાળથી મુક્ત છે.

**૧૫, ૧૬.** પરમ અર્થયુક્ત, તત્ત્વરૂપે સિદ્ધ થયેલ, અદ્‌ભૂત પદાર્થોને સાબિત કરી આપનાર એવા, તેવા પુરુષોએ કરેલ અનુષ્ઠાન વડે તે નિર્દોષ આત્મા પોતાને આનંદ પમાડે છે. તેવા આત્માઓ ઉત્તમ ધર્મ હોય છે, ઉત્તમ તપ સંપત્તિ–શીલ–ચારિત્ર હોય છે. તેથી તેઓ ઉત્તમ ગતિ પામે છે.

**૧૭, ૧૮.** હે ગૌતમ ! કેટલાક એવા પ્રાણીઓ હોય છે કે જેઓ આટલી ઉત્તમ કક્ષાએ પહોંચતા હોય છતાં પણ મનમાં શલ્ય રાખીને ધર્માચરણ કરે છે, પણ આત્મહિત સમજી શકતા નથી.

શલ્યરહિત એવું જો કષ્ટકારી, ઉગ્ર, ઘોર, વીર કક્ષાનું તપ દેવતાઈ હજાર વર્ષ સુધી કરે તો પણ તેનું તપ નિષ્ફળ થાય છે.

**૧૯.** જે શલ્યથી આલોચના થતી નથી, નિંદા કે ગર્હા કરાતી નથી અથવા શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્ત કરાતું નથી તો તે શલ્ય પણ પાપ કહેવાય છે.

**૨૦.** માયા, દંભ, કપટ એ કરવા યોગ્ય નથી. મોટા ગુપ્ત પાપ કરવા, અજયણા–અનાચાર સેવવા, મનમાં શલ્ય રાખવું, તે આઠે કર્મોનો સંગ્રહ કરાવે છે.

**૨૧ થી ૨૬.** અસંયમ, અધર્મ, શીલ અને વ્રત રહિતતા, યોગોની અશુદ્ધિ, એ સર્વે સુકૃત પુન્યના નાશક, અપાર દુર્ગતિમાં ભ્રમણ કરાવનાર, શારીરિક–માનસિક દુઃખ પૂર્ણ, અંતરહિત સંસારમાં અતિ ઘોર વ્યાકુળતા ભોગવવી પડે. કેટલાકને કદરૂપતા મળે, દારિદ્ર, દુર્ભગતા, હાહાકારક વેદના, પરાભવ પામે તેવું જીવિત, નિર્દયતા, કરુણાહીન, ક્રૂર, દયા હીન, નિર્લજ્જતા, ગૂઢ હૃદય, વક્રતા, વિપરીત ચિત્તતા, રાગ, દ્વેષ, મોહ, ઘનઘોર મિથ્યાત્વ, સન્માર્ગનાશ, અપયશપ્રાપ્તિ, આજ્ઞાભંગ, અબોધિ, શલ્યરહિતતા આ બધું ભાવોભાવ થાય છે. આ રીતે પાપશલ્યના એકાર્થક અનેક પર્યાયો કહ્યા.

**૨૭ થી ૩૦.** એક વખત શલ્ય હૃદયીને બીજા અનેક ભવોમાં સર્વે અંગો અને ઉપાંગો વારંવાર શલ્ય વેદના–વાળા થાય છે. તે શલ્ય બે પ્રકારનું કહેલું છે – સૂક્ષ્મ, બાદર. તે બંનેના પણ ત્રણ–ત્રણ પ્રકારો છે – ઘોર, ઉગ્ર, ઉગ્રતર,

ઘોર માયા ચાર ભેદે છે. જે ઘોર ઉગ્ર માનયુક્ત હોય તેમજ માયા, લોભ, ક્રોધયુક્ત પણ હોય. એમ જ ઉગ્ર અને ઉગ્રતરના પણ ચાર ભેદો સમજવા. સૂક્ષ્મ, બાદર ભેદ–પ્રભેદ સહિત આ શલ્યોને મુનિ એકદમ ઉદ્ધાર કરી જલદી કાઢી નાંખે. પરંતુ ક્ષણવાર પણ મુનિ શલ્યવાળો ન રહે.

**૩૧, ૩૨.** જેમ સર્પનું બચ્ચુ નાનું હોય, સરસવ પ્રમાણ માત્ર અગ્નિ થોડો હોય, વળગે તો વિનાશ પમાડે છે. તેના સ્પર્શ પછી વિયોગ કરી શકાતો નથી. તે જ રીતે અલ્પ, અલ્પતર પાપ શલ્ય ન ઉદ્ધરેલ હોય તો ઘણો સંતાપ

આપનાર અને કરોડો ભવોની પરંપરા વધારનાર થાય છે.

**૩૩ થી ૩૭.** ભગવન્ ! દુઃખે ઉદ્ધરી શકાય તેવું, દુઃખદાયી આ પાપશલ્ય કેમ ઉદ્ધરવું, તે પણ ઘણા જાણતા નથી. હે ગૌતમ! આ પાપશલ્ય સર્વથા મૂળથી ઉખેડી દેવાનું કહેલ છે. **ગમે તેવું દુર્ધર શલ્ય હોય તેને અંગોપાંગ સહિત ભેદી નાંખવાનું જણાવેલ છે.**

**પહેલું સમ્યગ્‌દર્શન, બીજું સમ્યગ્‌જ્ઞાન, ત્રીજું સમ્યક્‌ચારિત્ર** આ ત્રણે એકીરૂપ થાય, જીવ જ્યારે શલ્યનો ક્ષેત્રીભૂત બને છે અને પાપ–શલ્ય અતિ ઊંડાણ સુધી પહોંચેલું હોય, દેખાતું ન હોય, હાડકા સુધી ગયેલું અને અંદર રહેલું હોય, સર્વે અંગોપાંગમાં ખૂંચી ગયેલ હોય, અંદર–બહારના ભાગો પીડા કરતું હોય, તેવા શલ્યને મૂળમાંથી ઉખેડી નાંખવું જોઈએ.

**૩૮ થી ૪૦.** ક્રિયા રહિત જ્ઞાન નિરર્થક છે, જ્ઞાન રહિત ક્રિયા પણ સફળ થતી નથી, જેમ દેખતો લંગડો અને દોડતો આંધળો દાવાનળમાં બળી મર્યા. તેથી હે ગૌતમ! બંનેના સંયોગે કાર્યસિદ્ધિ થાય છે. એક ચક્ર કે પૈડાનો રથ ન ચાલે. જ્યારે આંધળો ને લંગડો બંને એકરૂપ બન્યા અર્થાત્ લંગડાએ માર્ગ બતાવ્યો તે રીતે આંધળો ચાલ્યો, તો બંને દાવાનળ વાળ વનને વટાવી ઇચ્છેલા નગરે નિર્વિઘ્ને સલામત પહોંચ્યા. તેમ જ્ઞાન પ્રકાશ આપે, તપ આત્મશુદ્ધિ કરે અને સંયમ ઇન્દ્રિય અને મનને આડે માર્ગે જતા રોકે છે. આ ત્રણેનો યથાર્થ સંયોગ થાય તો મોક્ષ થાય છે, અન્યથા મોક્ષ થતો નથી.

**૪૧, ૪૨.** તે કારણથી નિઃશલ્ય થઈને, સર્વ શલ્યનો ત્યાગ કરીને જે કોઈ નિઃશલ્યપણે ધર્મનું સેવન કરે છે, તેનું સંયમ સફળ ગણેલું છે. એટલું જ નહીં પણ જન્મ–જન્માંતરમાં વિપુલ, સંપત્તિ અને ઋદ્ધિ મેળવીને પરંપરાએ શાશ્વત સુખને પામે છે.

**૪૩ થી ૪૭.** શલ્ય અર્થાત્ અતિચારાદિ દોષોને ઉદ્ધરવાની ઇચ્છાવાળો ભવ્યાત્મા **સુપ્રશસ્ત યોગવાળા, શુભ દિને, સારી તિથિકરણ–મુહૂર્ત્ત, સારું નક્ષત્ર અને બળવાન ચંદ્રનો યોગ હોય ત્યારે** ઉપવાસ કે આયંબિલ તપ દશ દિવસ સુધી કરીને ૮૦૦ પંચમંગલ મહાશ્રુતસ્કંધનો જાપ કરે. તેના ઉપર અઠ્ઠમ કરીને પારણે આયંબિલ કરે. પારણા દિને ચૈત્ય –જિનાલય અને સાધુઓને વંદના કરે. સર્વ પ્રકારે આત્માને ક્રોધ રહિત અને ક્ષમાવાળો બનાવે. જે કંઈ દુષ્ટ વર્તન કરેલ હોય તે સર્વેનું ત્રિવિધે – મન, વચન, કાયાથી, નિઃશલ્ય ભાવે 'મિચ્છામી દુક્કડમ્' આપે.

**૪૮ થી ૫૦.** ફરી પણ ચૈત્યાલયમાં જઈ વીતરાગ પ્રભુની પ્રતિમાઓને એકાગ્ર ભક્તિપૂર્ણ હૃદયપૂર્વક દરેકની વંદના–સ્તવના કરે. ચૈત્યોને સમ્યગ્ વિધિ સહિત વંદના કરીને છઠ્ઠ ભક્ત તપ કરીને ચૈત્યાલયમાં આ શ્રુતદેવતા નામક વિદ્યાનો લાખ પ્રમાણ જાપ કરે. સર્વભાવથી ઉપશાંત થયેલો, એકાગ્ર ચિત્તવાળો, દૃઢ નિશ્ચયવાળો, ઉપયોગ–વાળો, ડામાડોળ ચિત્ત રહિત, રાગ–રતિ–અરતિથી રહિત બની ચૈત્યાલયના પવિત્ર સ્થળમાં વિધિપૂર્વક જાપ કરે.

**૫૧.** આ સૂત્રમાં મંત્રાક્ષરો છે. જેનો અનુવાદ થઈ ન શકે. જિજ્ઞાસુએ અમારું 'આગમસુત્તાણિ ભાગ–૩૯, મહાનિસીહં પૃષ્ઠ–૫' જોવું.

**૫૨.** સિદ્ધાંતિઓએ આ વિધા – 'સૂત્ર–૫૧માં આપેલ મૂળ અર્ધમાગધીમાં છે તે મહાવિધા' લિપી–અક્ષરોથી લખેલી છે. શાસ્ત્રના મર્મ ન સમજેલો તેમજ કુશીલવાળો હોય તેવાને ગીતાર્થ શ્રુતધરોએ આ પ્રવચન વિદ્યા ન આપવી કે તેવાને ન પ્રરૂપવી.

**૫૩ થી ૫૫.** આ શ્રેષ્ઠ વિદ્યાથી સર્વ પ્રકારે પોતાને અભિમંત્રિત કરીને એ ક્ષમાવાન, ઇન્દ્રિયદમી, જિતેન્દ્રિય સૂઈ જાય. ઊંઘમાં જે શુભ કે અશુભ સ્વપ્ન આવે તેને બરાબર અવધારે, યાદ રાખે, ત્યાં જેવું સ્વપ્ન જોયું હોય તદનુસાર શુભ કે અશુભ થાય. જો સુંદર સ્વપ્ન હોય તો મહા પરમાર્થ સારભૂત શલ્યોદ્ધાર થાય તેમ સમજવું.

**૫૬, ૫૭.** આ રીતે આઠ મદસ્થાન વિરહિત, લોકાગ્ર ભાગે બિરાજતા સિદ્ધોને સ્તવતો હોય, તેવા નિઃશલ્ય

થવાની અભિલાષાવાળા આત્માને શુદ્ધ આલોચના આપવી. પોતાના પાપને આલોચીને ગુરુ પાસે પ્રગટ કરીને શલ્ય રહિત થાય ત્યારપછી પણ ચૈત્યો અને સાધુઓને વંદન કરી, વિધિપૂર્વક ખમાવે.

૫૮ થી ૬૨. પાપશલ્ય ખમાવીને ફરી પણ વિધિપૂર્વક દેવ–અસુરો સહિત જગતને આનંદ પમાડતો નિર્મૂલ શલ્યોદ્ધાર કરે છે. એ રીતે શલ્યરહિત થઈ સર્વ ભાવે ફરી પણ વિધિ સહિત ચૈત્યોને વાંદે, સાધર્મિકોને ખમાવે. ખાસ કરીને જેની સાથે એકત્ર વાસ કર્યો હોય, ગામેગામ વિચર્યો હોય, જેમણે કઠોર વચનોથી સારણાદિ પ્રેરણા આપી હોય, જેમને પણ કાર્ય પ્રસંગે કે કાર્ય સિવાય કઠોર, આકરા, નિષ્ઠુર વચનો સંભળાવેલ હોય, તેણે પણ સામે કંઈક પ્રત્યુત્તર આપેલો હોય, તે કદાચ જીવતો હોય કે મૃત્યુ પામેલો હોય તેને સર્વ ભાવથી ખમાવો, જો જીવતો હોય તો ત્યાં જઈને વિનયથી ખમાવે, મૃત્યુ પામેલો હોય તો સાધુની સાક્ષીએ ખમાવે.

૬૩ થી ૬૫. એ પ્રમાણે ત્રણ ભુવનને પણ ભાવથી ખામણા કરીને મન, વચન, કાયાથી શુદ્ધ થયેલો તે નિશ્ચય–પૂર્વક આમ ઘોષણા કરે, સર્વે જીવોને ખમાવું છું. સર્વે જીવો મને ક્ષમા આપો. સર્વ જીવો સાથે મારે મૈત્રીભાવ છે. કોઈ પણની સાથે વૈરભાવ નથી. ભવોભવમાં દરેક જીવના સંબંધમાં આવેલો હું મન–વચન–કાયાથી સર્વ ભાવે, સર્વ પ્રકારે, સર્વેને ખમાવું છું.

૬૬. આ પ્રમાણે ક્ષમાપના ઘોષણા કરી ચૈત્યવંદના કરે, સાધુ સાક્ષીએ ગુરુની પણ વિધિપૂર્વક ક્ષમાપના કરે

૬૭, ૬૮. સમ્યક્ પ્રકારે ગુરુજીને ખમાવીને સ્વ શક્તિ અનુસાર જ્ઞાનનો મહીમા કરે. ફરી પણ વિધિ સહિત વંદન કરે. પરમાર્થ, તત્ત્વભૂત અને સારરૂપ આ શલ્યોદ્ધરણ કઈ રીતે કરવું, તે ગુરુમુખેથી સાંભળે, સાંભળીને તે પ્રમાણે આલોચના કરે કે જેથી આલોચના કરતા કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.

૬૯, ૭૦. આવા સુંદર ભાવમાં રહેલ અને નિઃશલ્ય આલોચના કરેલ હોય, જેથી આલોચના કરતા–કરતા જ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. હે ગૌતમ ! એવા કેટલાક મહા સત્ત્વશાળી મહાપુરુષોના નામો જણાવીએ છીએ કે જેઓએ ભાવથી આલોચના કરતા કરતા કેવળજ્ઞાન ઉત્પન્ન કર્યું.

૭૧ થી ૭૫. હા, હા ! મેં દુષ્ટ કાર્ય કર્યું. હા, હા ! મેં દુષ્ટ વિચાર્યું, હા, હા ! મેં ખોટી અનુમોદના કરી. એ રીતે સંવેગથી અને ભાવથી આલોચના કરનાર કેવળજ્ઞાન મેળવે.

ઈર્યાસમિતિ પૂર્વક પગ મૂકતા કેવલી થાય, મુહપત્તિ પ્રતિલેખનથી કેવલી થાય, આલોચના કરતા કેવલી થાય. ‘હા હા હું પાપી છું’ એમ વિચારતા કેવલી થાય. ‘હા–હા મેં ઉન્મત્ત બની ઉન્માર્ગ પ્રરૂપણા કરી’ એમ પશ્ચાત્તાપ કરતા કેવલી થાય. અણગારપણામાં કેવલી થાય. ‘સાવદ્ય યોગ સેવીશ નહીં’ એ રીતે અખંડિત શીલ પાલનથી કેવલી થાય, સર્વ પ્રકારે શીલનું રક્ષણ કરતા કરોડ પ્રકારે પ્રાયશ્ચિત્ત કરતા પણ કેવલી થાય.

૭૬ થી ૭૮. શરીરની મલીનતા સાફસૂફ ન કરવારૂપ નિષ્પ્રતિકર્મ કરતા, ન ખંજવાળતા, આંખનું મટકું ન મારતા કેવલી થાય. બે પ્રહર સુધી એક પડખે રહીને મૌનવ્રત ધારણ કરીને પણ કેવલી થાય. સાધુપણુ પાળવા હું સમર્થ નથી તેથી અનશનમાં રહું તેમ કરતા, નવકાર ગણતા, સંપૂર્ણ સામગ્રી પામવા છતાં કેવલી કેમ ન થયો ? એ ભાવનાથી પણ કેવલી થાય.

૭૯, ૮૦. જ્યાં સુધી દઢપ્રહારી માફક લોકો મને પાપશલ્યી કહે, ત્યાં સુધી કાયોત્સર્ગ પારીશ નહીં. એ રીતે કેવલી થાય. ચલાયમાન કાષ્ઠ ઉપર પગ આવતા વિચારે કે અરે રે! અજયણા થશે, જીવ–વિરાધના થશે, એવી ભાવનાથી કેવલી થાય. શુદ્ધ પક્ષમાં પ્રાયશ્ચિત્ત કરું એમ કહેતા કેવલી થાય. જીવન ચંચળ છે, અનિત્ય અને ક્ષણવિનાશી છે. એ ભાવે કેવલી થાય.

૮૧ થી ૮૩. આલોચના, નિંદા, વંદના, ઘોર–દુષ્કર પ્રાયશ્ચિત્ત સેવન, લાખો ઉપસર્ગ સહન કરતા કેવલી થાય. ચંદનબાલાવત્ હાથ ખસેડતા કેવળજ્ઞાન થાય. કુરગડુ મુનિની જેમ ખાતા–ખાતા, એક દાણો ખાવારૂપ તપ–પ્રાયશ્ચિત્ત

**કરતા કેવલી થાય. પ્રાયશ્ચિત્ત શરૂ કરનાર, અર્ધ પ્રાયશ્ચિત્ત કરનાર, પ્રાયશ્ચિત્ત પૂરું કરનાર કેવલી** અને ઉત્કૃષ્ટ **૧૦૮** સંખ્યામાં ઋષભાદિ માફક કેવળ પામનાર કેવલી.

**૮૪ થી ૮૭. 'શુદ્ધિ અને પ્રાયશ્ચિત્ત વિના કેવલી થઈએ તે કેવું સારું' એમ ભાવના કરતા કેવલી થાય. હવે એવું પ્રાયશ્ચિત્ત કરું મારે તપ આચરવું ન પડે એમ ભાવના કરતા કેવલી થાય. પ્રાણના ભોગે પણ હું જિનાજ્ઞા ન ઉલ્લંઘું – એ રીતે કેવલી થાય. શરીર જૂદું છે – આત્મા જુદો છે, મને સમ્યક્ત્વ થયું છે, આવી–આવી ભાવનાથી કેવલી થાય.**

**૮૮ થી ૯૦. અનાદિનો પાપકર્મ મેલ હું ધોઈ નાંખુ એવી ભાવનાથી કેવલી થાય. હવે કોઈ પ્રમાદાચરણ નહીં કરું – તે ભાવનાથી કેવલી થાય. દેહના ક્ષયે મને નિર્જરા થાય, સંયમ એ જ શરીરનો નિષ્કલંક સાર છે. એવી ભાવનાથી કેવલી થાય. મનથી પણ શીલખંડન થતા મારે ન જીવવું, વચન અને કાયાથી પણ શીલનું રક્ષણ કરું – એવી ભાવનાથી કેવલી થાય.**

**૯૧ થી ૯૫.** એમ અનાદિકાળથી ભમતા ફરી મુનિપણુ પામ્યો. કેટલાક ભવોમાં કેટલીક આલોચના સફળ બની. કોઈ ભવમાં પ્રાયશ્ચિત્ત ચિત્તની શુદ્ધિ કરનાર બન્યો. ક્ષમાધારી ઇન્દ્રિય દમી, સંતોષી, ઇન્દ્રિય વિજેતા, સત્યભાષી, છકાય સમારંભથી ત્રિવિધે વિરમેલો, ત્રણ દંડથી વિરમેલો સ્ત્રી સાથે વાત પણ ન કરતો, સ્ત્રીના અંગોપાંગને ન જોતો, શરીર મમત્વરહિત, અપ્રતિબદ્ધ વિહારી, મહા સારા આશયવાળો, ગર્ભવાસથી ભયભીત, સંસારના અનેક દુઃખ અને ભયથી ત્રાસિત. આવા આવા ભાવોથી આવનાર આલોચકને આલોચના આપવી. આલોચકે પણ ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત કરવું. દોષના ફળે પ્રાયશ્ચિત્ત કરવું.

**૯૬ થી ૯૮.** આલોચકે માયા, દંભ શલ્યથી આલોચના ન કરવી. એ રીતે આલોચનાથી સંસારવૃદ્ધિ થાય. અનાદિ કાળથી પોતાના કર્મથી દુર્મતિવાળા આત્માએ ઘણા વિકલ્પરૂપ કલ્લોલવાળા સંસાર સમુદ્રમાં આલોચના કરવા છતાં અધોગતિ પામનારના નામો કહું, તે તું સાંભળ કે જેઓ આલોચના સહિત પ્રાયશ્ચિત્ત પામેલા અને ભાવદોષથી કલુષિત ચિત્તવાળા થયા છે.

**૯૯ થી ૧૦૨.** શલ્ય સહિત આલોચના પ્રાયશ્ચિત્ત કરીને પાપકર્મ કરનારા નરાધમો, દુસ્સહ દુઃખો અનુભવતા ત્યાં રહે છે. ભારે અસંયમ સેવી, સાધુ નિંદક, દૃષ્ટિ અને વાણી વિષયમાં શીલ રહિત, મનથી પણ કુશીલ, સૂક્ષ્મ વિષય આલોચક, બીજાના નામે પ્રાયશ્ચિત્ત કરી થોડી થોડી આલોચના કરે કે જરા પણ આલોચના ન કરે. જે દોષ સેવ્યો નથી, તેની કે લોક રંજનાર્થે બીજાના દેખતા આલોચના કરે. હું પ્રાયશ્ચિત્ત કરીશ નહીં. તેમ વિચારીને કે કપટપૂર્વક આલોચના કરે.

**૧૦૩ થી ૧૦૫.** માયા, દંભ અને પ્રપંચથી પૂર્વે કરેલા તપ અને આચરણની વાતો કરે, મને કંઈ પ્રાયશ્ચિત્ત લાગતું જ નથી તેમ કહે કે કરેલા દોષ પ્રગટ જ ન કરે, નજીકમાં કરેલા દોષો જ પ્રગટ કરે. નાના–નાના પ્રાયશ્ચિત્ત માંગે અમે એવી પ્રવૃત્તિ કરીએ છીએ કે આલોચનાનો અવકાશ ન રહે–તેવું કહે કે શુભ બંધ થાય તેવી આલોચના માંગે. હું મોટું પ્રાયશ્ચિત્ત ન કરી શકું કે મારે ગ્લાનની સેવા કરવાની છે તેવા આલંબને પ્રાયશ્ચિત્ત ન કરે. આલોચના કરતા સાંભળ્યુ ન સાંભળ્યુ કરે.

**૧૦૬ થી ૧૦૮.** તુષ્ટિકારી છૂટક પ્રાયશ્ચિત્ત હું નહીં કરું. લોક ખુશી માટે માત્ર જીભેથી પ્રાયશ્ચિત્ત નહીં કરું એમ કહી પ્રાયશ્ચિત્ત ન કરે. પ્રાયશ્ચિત્ત સ્વીકારીને લાંબા ગાળે આચરે અથવા પ્રાયશ્ચિત્ત કબૂલી કંઈક જૂદું કરે. નિર્દયતાથી વારંવાર મહાપાપ આચરે. કંદર્પ વિષયક અભિમાન – 'ગમે તેટલું પ્રાયશ્ચિત્ત કરવા માટે સમર્થ છું.' જયણા રહિત સેવે કે ન સાંભળ્યુ કરે.

**૧૦૯ થી ૧૧૩.** પુસ્તકમાં લખ્યા મુજબ પ્રાયશ્ચિત્ત કરે. સ્વમતિ કલ્પનાથી પ્રાયશ્ચિત્ત કરે. પૂર્વકૃત આલોચના મુજબ તે જ પ્રાયશ્ચિત્ત કરી લે. જાતિ, કુળ, ઉભય, શ્રુત, લાભ, ઐશ્વર્ય, તપ, પંડિતાઈ, સત્કાર એ બધાના મદમાં લુબ્ધ

થાય. ગારવોથી ઉત્તેજિત થઈ આલોચના કરે. હું અપૂજ્ય એકાકી છું એવું વિચારે. હું પાપીમાં પણ પાપી છું. એવી કલુષિતતાથી આલોચના કરે. બીજા દ્વારા કે અવિનયથી આલોચના કરે. અવિધિથી કરે. અહીં કહેલા કે અન્ય તેવા જ દુષ્ટ ભાવે આલોચન કરે.

**૧૧૪ થી ૧૧૬.** ગૌતમ ! અનાદિકાળથી ભાવ–દોષ સેવન કરનાર, આત્માને દુઃખ પમાડનાર છેક સાતમી નરક સુધી ગયા છે. અનાદિ અનંત સંસારમાં જ સાધુઓ શલ્ય રહિત હોય છે. તેઓ પોતાના ભાવ–દોષ રૂપ વિરસ–કટું ફળ ભોગવે છે. હજુ શલ્યથી શલ્યિત થયેલા ભાવિમાં પણ અનંતકાળ સુધી કટુ ફળ ભોગવતા રહેશે. માટે મુનિએ જરા પણ શલ્ય ધારણ ન કરવું.

ગૌતમ ! શ્રમણીની કોઈ સંખ્યા નથી, કે જે કલુષિતતા રહિત, નિઃશલ્ય, વિશુદ્ધ, શુદ્ધ, નિર્મળ, વિમલ માનસી થઈ, અભ્યંતર વિશોધિથી આલોચના કરી, અતિસ્પષ્ટ, અતિચારાદિ સર્વ ભાવશલ્યને યથાર્થ તપસેવી, પૂર્ણ પ્રાયશ્ચિત્ત આચરી, પાપકર્મ મળને ધોઈ, ઉત્પન્ન ઉત્તમ કેવળ જ્ઞાનવાળી, મહાયશા, મહાનુભાગા, મહાસત્વા, અનંત સુખયુક્ત મોક્ષ પામી છે.

**૧૧૭ થી ૧૨૦.** ગૌતમ ! પુન્યભાગી કેટલીક સાધ્વીઓના નામો કહીએ છીએ કે જેઓ આલોચના કરતા કેવળજ્ઞાન પામ્યા હોય! અરે રે ! હું પાપકર્મા, પાપમતિ છું. પાપીણીમાં પણ અધિક પાપ કરનારી છું. મેં ઘણું દુષ્ટ ચિંતવ્યું કેમ કે આ જન્મમાં મને સ્ત્રીભાવ ઉત્પન્ન થયો. તો પણ હવે ઘોર, વીર, ઉગ્ર, કષ્ટદાયી તપ અને સંયમને ધારણ કરીશ.

**૧૨૧ થી ૧૨૫.** અનંતી પાપરાશિ એકઠી થતા સ્ત્રીપણુ મળે છે. હવે સ્ત્રીપણાને યોગ્ય સંચિત પાપકર્મોને એવા પાતળા કહું કે જેથી સ્ત્રી ન થવું, કેવળજ્ઞાન પામું, દૃષ્ટિથી પણ હવે શીલ ન ખંડુ. હવે હું શ્રમણી કેવલી થઈશ. અરે રે ! પૂર્વે મનથી પણ મેં કંઈ અતિ દુષ્ટ વિચાર્યું હશે. મારું રૂપ–લાવણ્ય દેખીને તથા કાંતિ–શોભા જોઈને કોઈ માનવરૂપ પતંગિયા અધમ બની ક્ષય ન પામે. તે માટે અનશન કરી શ્રમણીપણામાં કેવલી બનીશ. નિશ્ચયથી વાયરા સિવાય કોઈ સ્પર્શ કરીશ નહીં.

**૧૨૬ થી ૧૨૯.** હવે છ કાયનો આરંભ–સમારંભ નહીં કરું. શ્રમણી કેવલી બનીશ. મારા દેહ, કાંખ, સ્તન, સાથળ, ગુપ્ત સ્થાન, નાભિ, જઘનાંતરાદિ સર્વાંગોને એવા ગોપવીશ કે માતાને પણ તે દર્શાવીશ નહીં. એવી ભાવનાથી સાધ્વી કેવલી થાય. અનેક ક્રોડો ભાવાંતર મેં કર્યા, ગર્ભાવાસ પરંપરા કરતા મેં કોઈ પ્રકારે પાપકર્મ ક્ષપક જ્ઞાન–ચારિત્ર યુક્ત સુંદર મનુષ્યત્વ મેળવેલું છે. હવે ક્ષણે ક્ષણે સર્વભાવ શલ્ય આલોચના–નિંદા કરીશ. ફરી તેવા પાપ ન કરવાની ભાવનાથી પ્રાયશ્ચિત્ત અનુષ્ઠાન કરીશ.

**૧૩૦ થી ૧૩૨.** જે કરતા પ્રાયશ્ચિત્ત આવે તેવા મન, વચન, કાયાના કાર્યો, પૃથ્વી–અપ–તેઉ–વાયુ વનસ્પતિ તેમજ બીજનો સમારંભ, બે–ત્રણ–ચાર પાંચ ઈન્દ્રિયોવાળા જીવોનો સમારંભ કરીશ નહીં. અસત્ય બોલીશ નહીં. ન દીધેલી રાખ પણ નહીં લઉં. સ્વપ્ને પણ મૈથુન નહીં પ્રાર્થું. પરિગ્રહ નહીં કરું. જેથી મૂળગુણ ઉત્તરગુણની સ્ખલના ન થાય.

**૧૩૩ થી ૧૩૭.** મદ, ભય, કષાય, દંડ એ સર્વેથી રહિત થઈ, ગુપ્તિ અને સમિતિમાં રમણ કરીશ. ઈન્દ્રિય જય કરીશ. ૧૮૦૦૦ શીલાંગોથી યુક્ત શરીરી થઈશ. સ્વાધ્યાય–ધ્યાન યોગોમાં રમણતા કરીશ, એવી શ્રમણી–કેવલી થઈશ. ત્રિલોક ત્રાતા ધર્મ તીર્થંકરે જે ચિહ્ન ધારણ કરેલ છે તેને ધારણ કરતી હું કદાચ યંત્રમાં પિલાઈને મારા શરીરના બે ખંડ કરાય કે મને ફાળી, ચીરી નાંખે, ભડભડતા અગ્નિમાં ફેંકે, મસ્તક છેદે તો પણ ગૃહીત વ્રત નિયમનો ભંગ કે શીલ અને ચારિત્રનું એક જન્મ ખાતર મનથી પણ ખંડન ન કરું એવી શ્રમણી થઈશ.

**૧૩૭ થી ૧૩૯.** ગધેડા, ઉંટ, કૂતરા આદિ જાતિવાળા ભવોમાં રાગવાળી થઈને મેં ઘણું ભ્રમણ કર્યું. અનંતા

ભવોમાં ન કરવા લાયક કર્મો કર્યા. હવે પ્રવ્રજ્યામાં પ્રવેશીને પણ તેવા દુષ્ટ કર્મ કરું તો પછી ઘોરાધંકારવાળી પાતાળ પૃથ્વીમાંથી મને નીકળવાનો અવકાશ જ મળવો મુશ્કેલ થાય. આવો મનુષ્ય જન્મ રાગદષ્ટિથી પસાર કરું તો ઘણા દુઃખનું ભાજન થાય.

**૧૪૦ થી ૧૪૪.** મનુષ્યભવ અનિત્ય, ક્ષણમાં વિનાશી સ્વભાવી, ઘણા પાપ દંડ દોષયુક્ત છે. તેમાં સમગ્ર ત્રિલોક નિંદે તેવી સ્ત્રીપણે ઉત્પન્ન થઈ, તો પણ વિઘ્ન અને અંતરાય રહિત એવા ધર્મને પામીને હવે કોઈ પ્રકારે ધર્મને વિરાધીશ નહીં. હવે શૃંગાર રાગ, વિકારયુક્ત ચેષ્ટાની અભિલાષા નહીં કરું. ધર્મોપદેશક સિવાય કોઈ પુરુષને પ્રશાંત દષ્ટિથી પણ ન જોઉં. તેની સાથે આલાપ–સંલાપ ન કરું. ન કહી શકાય તેવા પાપો કરવાથી ઉત્પન્ન શલ્યની જેમ આલોચના આપી હશે તેમ કરીશ. એ પ્રમાણે ભાવના ભાવતા શ્રમણી–કેવલી થાય.

**૧૪૫ થી ૧૪૮.** આ પ્રમાણે શુદ્ધ આલોચના આપીને અનંત શ્રમણીઓ નિઃશલ્ય બની, અનાદિકાળમાં હે ગૌતમ ! કેવળી થઈ, સિદ્ધિ પામી, ઇન્દ્રિય દમી, ઇન્દ્રિય વિજેતા, સત્યભાષી, ત્રિવિધે છકાય સમારંભથી વિરમેલી, ત્રણ દંડના આશ્રવને રોકનારી, પુરુષ કથા અને પુરુષ સંગત્યાગી, સંલાપ અને અંગોપાંગ જોવાથી વિરમેલી, સ્વ શરીર મમત્વરહિત, મહાયશવાળી, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ પ્રત્યે અપ્રતિબદ્ધ, સ્ત્રીપણુ–ગર્ભાવસ્થા–ભવભ્રમણથી ભયભીત આવા પ્રકારની સાધ્વીઓને આલોચના આપવી.

**૧૪૯ થી ૧૫૧.** જે રીતે આ શ્રમણીઓએ પ્રાયશ્ચિત્ત કર્યું તેમ કરવું. પણ કોઈએ માયા કે દંભપૂર્વક ન ચાલવું. કેમ કે તેમ કરતા પાપકર્મ વૃદ્ધિ થાય છે. અનાદિ કાળથી માયા–કપટથી આલોચના કરીને શલ્યવાળી બનેલી સાધ્વી, આજ્ઞાકારી સેવકપણુ પામીને છઠ્ઠી નરકે ગયેલ છે.

**૧૫૨, ૧૫૩.** કેટલાક સાધ્વીઓના નામ કહું છું તે સમજ–જાણ કે જેમણે આલોચના કરી છે, પણ ભાવ દોષ સેવેલ હોવાથી, વિશેષ પ્રકારે કર્મ–મળથી તેનો સંયમ અને શીલના અંગો ખરડાયેલા છે. તે નિઃશલ્યપણુ પ્રશંસેલ છે, જે ક્ષણવાર પણ પરમ ભાવ વિશુદ્ધિ વગરનું ન હોય.

**૧૫૪, ૧૫૫.** તેથી હે ગૌતમ ! કેટલીક સ્ત્રીને અતિ નિર્મળ ચિત્ત વિશુદ્ધિ ભવાંતરમાં પણ થતી નથી, કે જેથી તે નિઃશલ્ય ભાવ પામી શકે. કેટલીક શ્રમણીઓ છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ આદિ લાગલગાટ ઉપવાસથી શરીર સૂકવી નાંખે છે, તો પણ સરાગ ભાવને આલોચતી નથી – છોડતી નથી.

**૧૫૬, ૧૫૭.** અનેક પ્રકારના વિકલ્પો રૂપી કલ્લોલ શ્રેણી તરંગોમાં અવગાહન કરનાર, દુઃખે અવગાહ્ય એવા મનરૂપી સાગરમાં વિચરતાને ઓળખવા અશક્ય છે. જેમના ચિત્ત સ્વાધીન નથી. તેમને આલોચના કેવી રીતે આપી શકાય ? આવા શલ્યવાળાનું શલ્ય જેઓ ઉદ્ધરે છે, તેઓ ક્ષણે ક્ષણે વંદનીય છે.

**૧૫૮ થી ૧૬૦.** સ્નેહરાગ રહિતપણે, વાત્સલ્ય ભાવથી, ધર્મધ્યાનમાં ઉલ્લસિત કરનાર, શીલાંગો અને ઉત્તમ ગુણસ્થાનકધારી, સ્ત્રી અને અનેક બંધનોથી મુક્ત, ઘર, સ્ત્રી આદિને કેદખાનુ માનનાર, સુવિશુદ્ધ અતિનિર્મળ ચિત્તયુક્ત શલ્ય રહિત મહાયશા પુરુષ દર્શનીય, વંદનીય, ઉત્તમ એવા દેવેન્દ્રોને પૂજનીય છે. કૃતાર્થી, સાંસારિક સર્વ પદાર્થોનો અનાદર કરીને જે ઉત્તર એવા વિરતિ સ્થાનને ધારણ કરે છે. તેઓ દર્શનીય પૂજનીય છે.

**૧૬૧ થી ૧૬૩.** શલ્ય આલોચના ન કરનાર સાધ્વી કઈ રીતે સંસારના કટુ ફળ પામે તે કહે છે – હું આલોચના નહીં કરું. શા માટે કરવી ? અથવા સાધ્વી થોડી આલોચના કરી, ઘણા દોષો ન કહે, જે દોષ બીજા જુએ તે જ કહે. હું તો નિષ્પાપ કહેનારી છું. જ્ઞાનાદિ આલંબનો માટે દોષ સેવવામાં શી આલોચના કરવાની? પ્રમાદની ક્ષમાપના માંગનારી, પાપ કરનારી, શક્તિ નથી એવી વાતો કરનારી, લોક વિરુદ્ધ કથા કરનારી, બીજાએ કરેલ પાપને નામે આલોચના લેનારી, કોઈ પાસે તેવા દોષનું પ્રાયશ્ચિત્ત સાંભળી, તે પ્રમાણે સ્વદોષ નિવેદન કરનારી, જાતિ આદિ આઠ મદથી સંકિત થયેલી શ્રમણી આ રીતે શુદ્ધ આલોચના ન લે..

**૧૬૪, ૧૬૫.** જૂઠું બોલી પકડાઈ જવાના ભયે આલોચના ન લે, ત્રણે ગારવથી દૂષિત થયેલી હોય, આવ અનેક ભાવ દોષોને આદીન થયેલી, પાપ શલ્યોથી ભરેલી શ્રમણી અનંતકાળે અનંતી થઈ, તેઓ અનેક દુઃખવાળા સ્થાને ગયેલી છે.

**૧૬૬, ૧૬૭.** અનંતી શ્રમણી જે અનાદિ શલ્યથી શલ્યિત છે, તે ભાવદોષ રૂપ એક જ માત્ર શલ્યથી ઉપાર્જિત ઘોર, ઉગ્ર, ઉગ્રતર ફળની કટુ વિરસ વેદના ભોગવતી આજે પણ નરકમાં રહેલી છે. ભાવિમાં પણ અનંત કાળ તેવા શલ્યથી ઉપાર્જિત કટુ ફળ અનુભવશે. માટે શ્રમણીઓએ ક્ષણવાર માટે પણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ શલ્ય પણ ધારણ ન કરવું.

**૧૬૮, ૧૬૯.** ધગ ધગ શબ્દ કરતા પ્રજ્વલિત જ્વાલા પંક્તિઓથી આકુળ, મહાભયંકર ભારેલા મહાઅગ્નિમાં શરીર જલદી બાળે છે. અંગારના ઢગલામાં કુદી ફરી જળમાં, તેમાંથી સ્થળમાં, ફરી નદીમાં, એવા દુઃખો ભોગવવાથી મરવું સારું.

**૧૭૦, ૧૭૧.** પરમાધામીઓ શસ્ત્રથી નારકીના શરીરના નાના-નાના ટૂકડા કાપે, હંમેશા અગ્નિમાં હોમે, તિક્ષ્ણ કરવતથી શરીર ફડાવી તેમાં લૂણ-ખાર ભભરાવે, તેનાથી શરીર અતિ શુષ્ક થાય તો પણ સ્વશલ્ય ઊતારવામાં સમર્થ ન બને.

**૧૭૨, ૧૭૩.** જવ-ખાર, હળદર આદિથી પોતાનું શરીર લીંપીને મૃતઃપ્રાય કરવું સહેલું છે, મસ્તકને સ્વહસ્તે છેદીને ધરવુ સહેલુ છે. પણ નિઃશલ્ય બનાય તેવો તપ દુષ્કર છે.

**૧૭૩ થી ૧૭૮.** સ્વશલ્યથી દુઃખીત, માયા-દંભથી કરેલા શલ્યો છૂપાવતો, સ્વશલ્ય પ્રગટ કરવા સમર્થ બની ન શકે. કદાચ કોઈ રાજા દુશ્ચરિત્ર પૂછે તો સર્વસ્વ અને દેહ આપવા કબૂલ થાય, પણ સ્વ દુશ્ચરિત્ર કહેવા સમર્થ ન થાય. કદાચ રાજા તેને સમગ્ર પૃથ્વી આપી દેવાનું કહે, તો પણ પોતાનું દુશ્ચરિત્ર ન કહે. ત્યારે પૃથ્વીને પણ તૃણ સમાન ગણે. રાજા જીવન છેદવાનું કહે, ત્યારે પ્રાણ જાય તો પણ દુશ્ચરિત્ર ન કહે. સર્વસ્વનું હરણ થાય તો પણ કોઈ પોતાનું દુશ્ચરિત્ર કહેતા નથી. હું પણ નરકમાં જઈશ. પરંતુ સ્વ દુશ્ચરિત્ર કહીશ નહીં.

**૧૭૮, ૧૭૯.** જે પાપી, અધમ બુદ્ધિ, આ જન્મના પાપ છૂપાવનારા કાપુરુષો હોય તે સ્વ દુશ્ચરિત્ર ગોપવે, તે મહાપુરુષ કહેવાતા નથી. શલ્ય રહિત તપકર્તાને સત્પુરુષ કહેલ છે.

**૧૮૦ થી ૧૮૩.** આત્મા પોતે પાપ-શલ્ય કરવા ઈચ્છુક ન હોય અને આંખના પલકારાથી પણ અર્ધસમય જેટલા કાળમાં અનંતગુણ પાપો ભરાઈને ભાંગી જાય, તો નિર્દંભ-નિર્માય ધ્યાન, સ્વાધ્યાય, ઘોર તપ અને સંયમથી સ્વ પાપોનો તે જ ક્ષણે ઉદ્ધાર કરી શકે છે. નિઃશલ્ય આલોચના, નિંદા, ગર્હા કરીને તેવું દૃઢ પ્રાયશ્ચિત્ત કરે જેથી શલ્યનો છેડો આવી જાય. બીજા જન્મોમાં પૂરતા પ્રમાણમાં ઉપાર્જિત અને આત્મામાં દઢપણે ક્ષેત્રીભૂત હોય તો પણ પલકારામાં, ક્ષણ કે મુહૂર્તમાં જન્મ પૂરો થતા સુધીમાં નક્કી પાપશલ્યનો અંતકર્તા થાય છે.

**૧૮૪, ૧૮૫.** તે ખરેખર સુભટ, પુરુ, તપસ્વી, પંડિત, ક્ષમાવાન, ઈન્દ્રિય વશકર્તા અને સંતોષી છે. તેનું જીવન સફળ છે. તે શૂરવીર છે, પ્રશંસ્ય છે. ક્ષણે ક્ષણે દર્શન યોગ્ય છે, જે શુદ્ધ આલોચનાર્થે તૈયાર થઈ સ્વ અપરાધોને ગુરુ પાસે પ્રગટ કરી પોતાનું દુશ્ચરિત્ર સ્પષ્ટતયા જણાવે છે.

**૧૮૬ થી ૧૮૯.** ગૌતમ ! જગતમાં એવા કેટલાક જીવો હોય છે, જેઓ અર્ધશલ્યનો ઉદ્ધાર કરે, માયા-લજ્જા-ભય-મોહના કારણે મૃષાવાદથી અર્ધશલ્ય મનમાં ધારી રાખે. હીન સત્વી તેમને તેનાથી મોટું દુઃખ ઉત્પન્ન થાય છે. અજ્ઞાન દોષથી ચિત્ત શલ્ય ન ઉદ્ધરવાથી ભાવિમાં નક્કી દુઃખી થઈશ તેવો વિચાર થતો નથી. જેમ શરીરમાં શલ્ય કાંટો ઘૂસી ગયા પછી તેને બહાર ન કાઢે તો તે શલ્ય એક જન્મમાં, એક સ્થાને પીડા આપે કે તે માંસરુપ બની જા. પણ જો પાપશલ્ય આત્મામાં ઘૂસી જાય તો અસંખ્ય ધારવાળુ વજ્ર પર્વતને ભેદે તેમ આ શલ્ય અસંખ્યાત ભવ સુધી

સર્વાંગને ભેદનારુ થાય.

**૧૯૦ થી ૧૯૨.** ગૌતમ ! એવા પણ જીવો હોય છે કે જે લાખો ભવો સુધી સ્વાધ્યાય, ધ્યાન, યોગ, ઘોર તપ–સંયમ થકી શલ્યોદ્ધાર કરીને દુઃખ અને કલેશથી મુક્ત થઈ ફરી પણ બે–ત્રણ ગણા પ્રમાદથી શલ્યવાળા બને છે. ફરી ઘણા જન્માંતરે તપથી દગ્ધ કર્મવાળા શલ્યોદ્ધારાર્થે સમર્થ થાય છે.

**૧૯૩ થી ૧૯૬.** એ પ્રમાણે ફરી પણ શલ્યોદ્ધાર સામગ્રી કોઈપણ પ્રકારે મેળવીને, જે કોઈ પ્રમાદવશ થાય છે, તે ભવભવના કલ્યાણ પ્રાપ્તિના સર્વ સાધનો દરેક પ્રકારે હારી જાય છે. પ્રમાદરૂપી ચોર કલ્યાણની સમૃદ્ધિ લૂંટી જાય છે. એવા કોઈક જીવો હોય છે, જે પ્રમાદાધીન થઈ. ઘોર તપ સેવતા હોવા છતાં સર્વથા સ્વશલ્ય છૂપાવે છે. પણ તેઓ જાણતા નથી કે આ શલ્ય કોનાથી છૂપાવ્યુ? કેમ કે પાંચ લોકપાલો, સ્વ આત્મા, પાંચ ઇન્દ્રિયોથી કંઈ ગુપ્ત નથી.

**૧૯૭.** ગૌતમ ! ચાર ગતિરૂપ સંસારમાં મૃગજળ સમાન સંસાર સુખથી ઠગાયેલો, ભાવદોષ રૂપ શલ્યથી છેતરાય છે અને ચારે ગતિમાં ભમે છે.

**૧૯૮ થી ૨૦૦.** આટલું વિસ્તારથી કહેલું સમજી દૃઢ નિશ્ચય અને હૃદયથી ધીરતા કરવી. મહા ઉત્તમ સત્ત્વરૂપી ભાલાથી માયા રાક્ષસીને ભેદી નાંખવી જોઈએ. અનેક સરળ ભાવોથી અનેક પ્રકારે માયાને નિર્મથન કરીને વિનયાદિ અંકુશથી ફરી માન ગજેન્દ્રને વશ કરે. સરળતારૂપી સાંબેલા વડે સેંકડો વિષયોનો ચૂરો કરી, ક્રોધ–લોભાદિને દૂરથી નિંદે.

**૨૦૧ થી ૨૦૫.** ન જિતેલ ક્રોધ અને માન, વૃદ્ધિ પામતી માયા અને લોભ, એ ચારે કષાયો અતિ દુર્ધર એવા શલ્યોને આત્મામાં પ્રવેશે ત્યારે ઉપશમથી ક્રોધને હણે, નમ્રતાથી માનને જીતે, સરળતાથી માયાને અને સંતોષથી લોભને જિતવો.

આ પ્રમાણે કષાયો જીતીને જેઓએ સાત ભયસ્થાનો અને આઠ મદસ્થાનોનો ત્યાગ કર્યો છે, તેઓ ગુરુ પાસે શુદ્ધ આલોચના ગ્રહણ કરવા તૈયાર થાય. જે પ્રમાણે અતિચાર શલ્ય લાગેલું હોય તે પ્રમાણે પોતાનું સર્વ દુશ્ચરિત્ર શંકા રહિત, ક્ષોભ પામ્યા સિવાય, ગુરુથી નિર્ભય બનીને નિવેદન કરે. ભૂતના વળગાળ વાળો કે બાળક જેમ અતિ સરળતાથી બોલે તેમ ગુરુ સન્મુખ, જે પ્રમાણે શલ્ય થયું હોય તે પ્રમાણે બધું યથાર્થ નિવેદન કરે – આલોચના કરે.

**૨૦૬, ૨૦૭.** પાતાળમાં પ્રવેશી, પાણીમાં જઈને, મકાનમાં ગુપ્ત સ્થળે, રાત્રે કે અંધકારમાં કે માતાની સાથે પણ જે કર્યું હોય તે બધું અને તે સિવાય પણ બીજા જે દુષ્કૃત્યો એક કે અનેક વખત કર્યા હોય તે સર્વે ગુરુ સમક્ષ યથાર્થ કહેવાથી પાપનો ક્ષય થાય.

**૨૦૮.** ગુરુ ભગવંત પણ તેને તીર્થંકર પરમાત્માની આજ્ઞા મુજબ પ્રાયશ્ચિત્ત કહે, જેથી નિઃશલ્ય થઈ અસંયમનો પરિહાર કરે.

**૨૦૯, ૨૧૦.** અસંયમને પાપ કહેવાય, તે અનેક પ્રકારે છે – હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ. શબ્દ–રૂપ–રસ–ગંધ–સ્પર્શ એ પાંચ ઇન્દ્રિયોના વિષયો, ક્રોધ–માન–માયા–લોભ એ ચાર કષાયો, ત્રણ દંડ, આ પાપના ત્યાગ વિના નિઃશલ્ય થઈ શકતો નથી.

**૨૧૧.** પૃથ્વી આદિ પાંચ સ્થાવર, છટ્ઠા ત્રસ જીવો અથવા નવ, દશ કે ચૌદે ભેદે જીવો અથવા કાયાના વિવિધ ભેદોથી જણાવાતા અનેક પ્રકારના જીવોની હિંસાના પાપની આલોચના કરે.

**૨૧૨.** હિતોપદેશ છોડીને સર્વોત્તમ અને પારમાર્થિક તત્ત્વભૂત ધર્મનું મૃષાવચન અનેક પ્રકારે છે, તે શલ્યને આલોચે.

**૨૧૩.** ઉદ્‌ગમ, ઉત્પાદન, એષણા ભેદોરૂપ આહાર–પાણી આદિના **૪૨** અને માંડલીના **૫** દોષથી દૂષિત એવા જે પાત્ર ઉપકરણ, આહાર, પાણી તેજ આ બધું નવ કોટિથી અશુદ્ધ હોય તેનો ભોગવટો કરે તો ચોરીનો દોષ

લાગે. તેની આલોચના કરે.

**૨૧૪, ૨૧૫.** દિવ્ય કામ, રતિસુખ જો મન, વચન, કાયાથી કરે–કરાવે–અનુમોદે. એ રીતે રતિ સુખ માણે. અથવા ઔદારિક રતિ સુખ મનથી પણ ચિંતવે તો તે અબ્રહ્મચારી જાણવો. બ્રહ્મચર્યની નવ પ્રકારની ગુપ્તિને જે કોઈ સાધુ–સાધ્વી વિરોધે કે રાગવાળી દૃષ્ટિ કરે તો બ્રહ્મચર્યનું પાપશલ્ય પામે તે આલોચવું.

**૨૧૬.** ગણના પ્રમાણથી વધુ ધર્મોપકરણ સંગ્રહ કરે.

**૨૧૬ થી ૨૧૯.** કષાય સહિત ક્રૂર ભાવથી જે કલુષિત વાણી બોલે, દોષયુક્ત વચનથી જવાબ આપે, તે પણ મૃષાવચન જાણવું. રજ કે ધૂળ પણ અણદીધેલું ગ્રહણ કરે તે ચોરી. હસ્તકર્મ, શબ્દાદિ વિષયોનું સેવન તે મૈથુન, પદાર્થમાં મૂર્છા, લોભ, કાંક્ષા, મમત્વ થાય તે પરિગ્રહ. ઉણોદરી ન કરે તે આકંઠ ખાય તે રાત્રિ ભોજન.

**૨૧૯ થી ૨૨૧.** ઇષ્ટ શબ્દાદિમાં રાગ અને અનિષ્ટ શબ્દ આદિમાં દ્વેષ, મુનિ ક્ષણવાર પણ ન કરે. ચારે કષાયોને મનમાં જ ઉપશાંત કરી દે, દુષ્ટ મન–વચન–કાય–દંડનો પરિહાર કરે. સચિત્ત પાણીનો પરિભોગ ન કરે, બીજ–સ્થાવરકાયો સંઘટ્ટો ન કરે.

**૨૨૨ થી ૨૨૪.** ઉક્ત મહાપાપોનો ત્યાગ ન કરે ત્યાં સુધી નિઃશલ્ય ન થાય. આ મહાપાપોમાંથી એક સૂક્ષ્મ પાપ પણ કરે ત્યાં સુધી શલ્ય રહિત ન થાય. તેથી ગુરુ સમક્ષ આલોચના કરીને ગુરુ દત્ત પ્રાયશ્ચિત્ત કરીને, કપટ–દંભ–શલ્ય રહિત તપ કરીને જે જે દેવ કે મનુષ્ય ભવોમાં ઉત્પન્ન થાય ત્યાં ત્યાં ઉત્તમ જાતિ–સમૃદ્ધિ–સિદ્ધિ–રૂપ–સૌભાગ્ય મેળવે. જો તે ભવે સિદ્ધિ ન પામે તો આ બધી ઉત્તમ સામગ્રી જરૂર પામે. તેમ હું કહું છું.

**૨૨૫. અહીં શ્રુતધરોએ કુલિખિતનો દોષ ન આપવો. પણ જે આ સૂત્રની પૂર્વની પ્રતિ લખેલી હતી તેમાં જ ક્યાંક શ્લોકાર્ધ ક્યાંક પદ–અક્ષર, ક્યાંક પંક્તિ, ક્યાંક ત્રણ–ત્રણ પાનાઓ એમ ઘણો ગ્રન્થ ખવાઈ ગયેલો હતો.**

## મહાનિશીથ સૂત્ર, અધ્યયન-૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# અધ્યયન-૨ 'કર્મવિપાક પ્રતિપાદન'

## ઉદ્દેશો-૧

**૨૨૬, ૨૨૭.** ગૌતમ ! સર્વ ભાવ સહિત નિર્મૂલ શલ્યોદ્ધાર કરીને સમ્યક્ પ્રકારે આ પ્રત્યક્ષ વિચારવું કે આ જગતમાં જે સંજ્ઞી, અસંજ્ઞી, ભવ્ય કે અભવ્ય હોય, પણ સુખાર્થી કોઈપણ આત્મા તીર્છી, ઉર્ધ્વ, અહીં–તહીં એમ દશે દિશામાં અટન કરે છે.

**૨૨૮, ૨૨૯.** અસંજ્ઞી બે ભેદે જાણવા. વિકલેન્દ્રિયો અને એકેન્દ્રિયો. કૃમિ–કૂંથુ–માખી અનુક્રમે બે, ત્રણ, ચાર ઇન્દ્રિયોવાળા વિકલેન્દ્રિય અને પૃથ્વી, અપ, તેઉ, વાયુ, વનસ્પતિ એ સ્થાવર એકેન્દ્રિય અસંજ્ઞી જીવો કહેવાય. પશુ, પક્ષી, મૃગો, નારકી, મનુષ્યો, દેવો એ બધા સંજ્ઞી કહેલ છે. તે મર્યાદામાં સર્વ જીવોમાં ભવ્યપણુ અને અભવ્યપણુ હોય. **નારકીમાં વિકલેન્દ્રિય, એકેન્દ્રિયત્વ ન હોય.**

**૨૩૦, ૨૩૧.** અમને પણ સુખ થાઓ, એવી ઇચ્છાથી વિકલેન્દ્રિય જીવો તાપ લાગતા છાયામાં, ઠંડી લાગે તો તડકામાં જાય, ત્યાં પણ તેમને દુઃખ થાય, અતિ કોમળ અંગવાળા તેમનું તાળવું ક્ષણવાર તાપ કે દાહને કે ઠંડક આદિ પ્રતિકૂળતા સહેવા સમર્થ થઈ શકતા નથી.

**૨૩૨, ૨૩૩.** મૈથુન વિષયક સંકલ્પ અને તેના રાગથી, અજ્ઞાન દોષથી પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થયેલાને દુઃખ કે સુખનો ખ્યાલ આવતો નથી. તે એકેન્દ્રિયોનું અનંતાકાળે પરિવર્તન થાય, તે બેઇન્દ્રિયત્વ પામે, કેટલાક ન પામે, કેટલાક અનાદિ કાળે પામે છે.

**૨૩૪.** ઠંડી, ગરમી, વાયરો, વરસાદાદિથી પરાભવ પામેલા, મૃગલા, પશુ, પક્ષી, સર્પો આદિ સ્વપ્નમાં પણ આંખના પલકારાના અર્ધભાગ જેટલું પણ સુખ પામી શકતા નથી.

**૨૩૫.** કઠોર, અણગમતા સ્પર્શવાળી તીક્ષ્ણ કરવત અને તેના સરખા બીજા હથિયારોથી ચીરાતા, ફડાતા, કપાતા ક્ષણે ક્ષણે અનેક વેદનાઓ અનુભવતા બીચારા નારકોને સુખ હોય જ ક્યાંથી ?

**૨૩૬, ૨૩૭.** દેવલોકમાં અમરતા તો સર્વેની સમાન છે. તો પણ, ત્યાં એક દેવ વાહન રૂપે, બીજો દેવ તેનો આરોહક થાય, એવું ત્યાં દુઃખ હોય છે. હાથ–પગ તુલ્ય હોવા છતાં તેઓ બળાપો કરે છે કે ખરેખર આત્મા વૈરી બન્યો. તે સમયે માયા–દંભ કરીને હું ભવ હારી ગયો, ધિક્કાર થાઓ મને. આટલો તપ કર્યો પણ આત્મા ઠગાયો અને હલકું દેવપણુ પામ્યો.

**૨૩૮ થી ૨૪૧.** મનુષ્યપણામાં સુખનો અર્થી ખેતીકર્મ સેવા–ચાકરી વેપાર શિલ્પકળા નિરંતર રાત–દિવસ કરે છે. તેમાં તાપ તડકો વેઠે છે, એમાં તેમને કયું સુખ છે ? કેટલાક બીજાના સમૃદ્ધિ આદિ જોઈને હૃદયમાં બળતરા કરે છે. કેટલાક પેટનો ખાડો પૂરી શકતા નથી. કેટલાકની હોય તે લક્ષ્મી પણ ક્ષીણ થાય છે. પુન્ય વધે તો યશ, કીર્તિ, લક્ષ્મી વધે છે, પુન્ય ઘટે તો તે ઘટવા માંડે છે. કેટલાક પુન્યવંત સતત હજાર વર્ષ એક સમાન સુખ ભોગવે છે. કેટલાક એક દિવસ પણ સુખ ન પામીને દુઃખમાં કાળ વીતાવે છે. કેમ કે પુન્યકર્મ કરવા છોડી દીધેલ છે.

**૨૪૨.** આ જગતના તમામ જીવોનું સામાન્યથી સંક્ષેપમાં દુઃખ કહ્યું. હે ગૌતમ! મનુષ્ય જાતિનું દુઃખ સાંભળ

**૨૪૩.** પ્રત્યેક સમયે અનુભવતા સેંકડો પ્રકારે દુઃખોથી ઉદ્વેગ પામેલા અને કંટાળો પામેલા છતાં મનુષ્યો વૈરાગ્ય પામતા નથી.

**૨૪૪, ૨૪૫.** સંક્ષેપથી મનુષ્યનું દુઃખ બે પ્રકારે છે – એક શારીરિક, બીજું માનસિક. બંનેના ઘોર, પ્રચંડ, મહા રૌદ્ર એવા ત્રણ ત્રણ પ્રકારે છે. મુહૂર્તમાં અંત આવે તો ઘોર, કેટલો સમય વચ્ચે વિશ્રામ તે ઘોર પ્રચંડ, વિશ્રાંતિ વિના દરેક સમયે સરખુ દુઃખ નિરંતર અનુભવ્યા જ કરે તે ઘોર પ્રચંડ મહારૌદ્ર દુઃખ.

**૨૪૬.** મનુષ્ય જાતિને ઘોર દુઃખ હોય, તિર્યંચોને ઘોર પ્રચંડ દુઃખ અને નારકના જીવોને ઘોર પ્રચંડ મહારૌદ્ર દુઃખ હોય.

**૨૪૭.** મનુષ્યને ત્રણ પ્રકારે દુઃખ છે – જઘન્ય મધ્યમ, ઉત્તમ, તિર્યંચને જઘન્ય ન હોય. નારકોને ઉત્કૃષ્ટ દુઃખ હોય.

**૨૪૮ થી ૨૫૦.** મનુષ્યને જે જઘન્ય દુઃખ છે તે બે પ્રકારનું જાણવું – સૂક્ષ્મ અને બાદર. બીજા મોટા દુઃખો વિભાગ વગરના જાણવા. સંમૂર્ચ્છિમ મનુષ્યોને સૂક્ષ્મ અને દેવોને બાદર દુઃખ હોય છે. મહર્દ્ધિક દેવોને ચ્યવન કાળે બાદર માનસિક દુઃખ થાય. આભિયોગિક દેવોને જન્મથી મૃત્યુ પર્યન્ત માનસિક બાદર દુઃખ હોય છે. દેવોને શારીરિક દુઃખ ન હોય. દેવોને વજ્ર સમાન અતિ બળવાન વૈક્રિય હૃદય હોય છે. અન્યથા માનસિક દુઃખથી ૧૦૦ ટૂકડા થઈને તેનું હૃદય ભેદાઈ જાય.

**૨૫૧, ૨૫૨.** બાકીના બે વિભાગ વગરના તે મધ્યમ અને ઉત્કૃષ્ટ દુઃખ, આવા દુઃખો ગર્ભજ મનુષ્યને માટે સમજવા. અસંખ્યાત વર્ષાયુષ્ક યુગલિકે વિમધ્યમ પ્રકારે દુઃખ હોય, સંખ્યાત વર્ષાયુષ્ક મનુષ્યોને ઉત્કૃષ્ટ દુઃખ હોય.

**૨૫૩.** હવે દુઃખના અર્થવાળા પર્યાય શબ્દો કહે છે – અસુખ, વેદના, વ્યાધિ, પીડા, દુઃખ, અનિવૃત્તિ, બેચેની, અરતિ, ક્લેશ આદિ અનેક એકાર્થિક પર્યાય શબ્દો દુઃખને માટે છે.

## અધ્યયન-૨, ઉદ્દેશો-૨

**૨૫૪.** શારીરિક–માનસિક બે ભેદે દુઃખો જણાવ્યા, તેમાં ગૌતમ! શારીરિક દુઃખ સ્પષ્ટપણે કહું છું તે સાંભળ–

**૨૫૫ થી ૨૬૨.** **કેશાગ્રના લાખ ક્રોડમાં ભાગને સ્પર્શ કરવામાં આવે તો પણ નિર્દોષવૃત્તિક કુંથુઆના જીવને એટલી તીવ્ર પીડા થાય કે જો આપણને કોઈ કરવતથી કાપે કે હૃદયને અથવા મસ્તકને શસ્ત્રથી ભેદે તો આપણે થરથર કાંપીએ, તેમ કંથુઆના બધા અંગો સ્પર્શ માત્રથી પીડા પામે.** તેને અંદર–બહાર ભારે પીડા થાય. તેના શરીરમાં સળવળાટ અને કંપ થવા લાગે, તે પરાધીન અને વાચારહિત હોય, વેદના ન કહી શકે. પણ ભારેલો અગ્નિ સળગે તેમ તેનું માનસિક–શારીરિક દુઃખ અતિશય હોય.

**તે વિચારે છે કે આ શું છે ? મને આ ભારે પીડા કર્તા દુઃખ પ્રાપ્ત થયું છે, લાંબા ઉષ્ણ નીસાસા મૂકે છે. આ દુઃખનો અંત ક્યારે આવશે ? આ પીડાથી હું ક્યારે છૂટીશ ? આ દુઃખના સંકટોથી મુક્ત થવા કયો પ્રયત્ન કરું ? ક્યાં નાસી જાઉં? શું કરું જેથી દુઃખ મટે અને સુખ થાય ? શું ખણું ? શું આચ્છાદન કરું ? શું પથ્ય કરું ?** આ પ્રમાણે ત્રણે વર્ગના વ્યાપારના કારણે તીવ્ર મહાદુઃખના સંકટમાં આવી ભરાણો છું. સંખ્યાતી આવલિકાઓ સુધી હું ક્લેશાનુભવ ભોગવીશ. સમજું છું કે મને આ ખણ આવી છે. કોઈ પ્રકારે આ ખણ શાંત થશે નહીં.

**૨૬૨ થી ૨૬૫.** મનુષ્ય ત્યારે શું કરે છે ? હે ગૌતમ ! તે તું સાંભળ. જો તે કુંથુનો જીવ બીજે ચાલ્યો ગયો ન હોય તો ખણજ ખણતા–ખણતા પેલા કુંથુના જીવને મારી નાંખે છે અથવા ભીંત સાથે પોતાના શરીરને ઘસે એટલે કુંથુનો જીવ કલેશ પામે યાવત્ મૃત્યુ પામે છે. **મરતા કુંથુઆ ઉપર ખણતો તે મનુષ્ય નિશ્ચયથી અતિરૌદ્ર ધ્યાનમાં પડેલો સમજ્યો. જો તે આર્ત અને રૌદ્રના સ્વરૂપને જાણનાર હોય તો તેવો ખણનાર શુદ્ધ આર્તધ્યાન કરનારો છે એમ સમજવું.**

**૨૬૬.** તેમજ રૌદ્રધ્યાનમાં વર્તતો હોય તે ઉત્કૃષ્ટ નરકાયુ બાંધે. આર્તધ્યાની દુર્ભગ–સ્ત્રી–નપુંસક–તિર્યંચત્વ પામે.

**૨૬૭ થી ૨૬૯.** **કુંથુઆના પગના સ્પર્શથી ઉત્પન્ન ખણના દુઃખથી મુક્ત થવાની અભિલાષાવાળો હાંફળો–ફાંફળો મનુષ્ય પછી જે અવસ્થા પામે છે તે કહે છે –** લાવણ્ય ઊડેલો એવો **દીન, શોકમગ્ન, ઉદ્વેગવાન, શૂન્ય મનસ્ક, ત્રસ્ત, મૂઢ, દુઃખથી પરેશાન, ધીમા–લાંબા નિઃશ્વાસ નાંખતો, ચિત્તથી આકુળ, અવિશ્રાંત દુઃખના કારણે અશુભ તિર્યંચ**

**અને નારકીને યોગ્ય કર્મ બાંધીને ભવ પરંપરામાં ભ્રમણ કરશે.**

**૨૭૦.** આ પ્રમાણે કર્મના ક્ષયોપશમથી કુંથુઆ નિમિત્તે ઉત્પન્ન દુઃખને કોઈ પ્રકારે આત્માને મજબૂત બનાવી ક્ષણવાર સમભાવ કેળવે અને કુંથુ જીવને ખણી ન નાંખે તો મહા કલેશના દુઃખથી પાર ઊતરી ગયેલો સમજવો.

**૨૭૧ થી ૨૭૫.** અશરણ તે જીવને કલેશ ન આપી સુખી કર્યો, તેથી અતિ હર્ષ પામે. સ્વસ્થચિત્ત થઈ વિચારે કે જો એક જીવને અભયદાન આપ્યું. હવે હું નિવૃત્તિ પામ્યો. ખણવાથી ઉત્પન્ન થનાર પાપકર્મના દુઃખનો પણ મેં નાશ કર્યો. **ખણવાથી અને તે જીવની વિરાધનાથી હું મેળે ન જાણી શકત કે હું રૌદ્રધ્યાનમાં જાત કે આર્તધ્યાનમાં?** તે **બંને ધ્યાનથી એ દુઃખનો વર્ગ ગુણાંક કરતા કરતા અનંતાનંત દુઃખ સુધી પહોંચી જાત.** સમયના પણ આંતરા વિના રાત–દિવસ એક ધારુ દુઃખ ભોગવતા મને વચ્ચે થોડો પણ વિસામો ન મળત. નરક અને તિર્યંચમાં એવું દુઃખ સાગરોપમના અસંખ્યાતા કાળ સુધી ભોગવવું પડત, તે સમયે હૃદય રસરૂપ બનીને દુઃખાગ્નિ વડે જાણે પીગળી જતું હોય તેવું અનુભવત.

**૨૭૬.** કુંથુઆનો સ્પર્શ કરીને ઉપાર્જિત દુઃખ ભોગવતી વેળા મનમાં એમ વિચાર થાય કે આ દુઃખ ન હોય તો સુંદર, પણ તે સમયે ચિંતવવું કે આ કુંથુઆ સ્પર્શથી ઉત્પન્ન થયેલ ખણનું દુઃખ મને કયા હિસાબમાં ગણાય?

**૨૭૭. કુંથુઆના સ્પર્શનું દુઃખ અહીં માત્ર ઉપલક્ષણથી કહ્યું. સંસારમાં સર્વ દુઃખ પ્રત્યક્ષ છે, અનુભવવા છતાં કેટલાક જાણતા નથી.**

**૨૭૮, ૨૭૯.** બીજા પણ મહાઘોર દુઃખ સર્વે સંસારીને હોય છે. ગૌતમ ! કેટલાક દુઃખ અહીં વર્ણવવા ? **જન્માંતરમાં માત્ર એટલું જ બોલ્યો હોય કે – હણો, મારો–તેટલા વચમાત્રનો વિપાક કહું છું.**

**૨૮૦ થી ૨૮૩.** જ્યાં જ્યાં તે ઉત્પન્ન થાય, ત્યાં ત્યાં ઘણા ભવનમાં હંમેશાં મરાતો, પીટાતો, કૂટાતો હંમેશા ભ્રમણ કરે છે. જે કોઈ પ્રાણીના કે કીડા–પતંગિયાદિ જીવોના અંગો, ઉપાંગો, આંખ, કાન, નાસિકા, કેડ, હાડકાં, પીઠ ભાગાદિ શરીર અવયવોને ભાંગી નાખે, તોડી નાખે કે ભંગાવી–તોડાવી નંખાવે અથવા તેમ કરનારને સારો માને તો તે કરેલા કર્મના ઉદયથી ઘાણીમાં તલની જેમ પીલાશે. આ રીતે એક, બે, ત્રણ, વીશ, ત્રીશ, સો, હજાર કે લાખ નહીં પણ **સંખ્યાતા ભવો સુધી દુઃખની પરંપરા પામશે.**

**૨૮૪ થી ૨૮૬.** પ્રમાદ, અજ્ઞાન કે ઈર્ષ્યાથી જે કોઈ અસત્ય વચન બોલે, સામાને અણગમતા અનિષ્ટ વચન સંભળાવે, કામદેવ કે શઠપણાના અભિમાનથી, દુરાગ્રહથી વારંવાર બોલે, બોલાવે કે અનુમોદે, ક્રોધ–લોભ–ભય–હાસ્યથી અસત્ય, અણગમતું, અનિષ્ટ વચન બોલે તો તે કર્મના ઉદયથી મુંગો, ગંધાતા મુખવાળો, મૂર્ખ, રોગી, નિષ્ફળ વચની, દરેક ભવમાં પોતાના તરફથી જ લઘુપણુ, સારા વર્તનવાળો હોવા છતા બધે ખોટા કલંક મેળવનાર થાય.

**૨૮૭.** જીવનિકાયના હિતાર્થે યથાર્થ વચન બોલાયું હોય તે વચન નિર્દોષ છે. અસત્ય હોય તો પણ અસત્યનો દોષ ન લાગે.

**૨૮૮.** એમ ચોરી આદિના ફળો જાણવા.

ખેતી આદિ આરંભ કર્મોથી પ્રાપ્ત ધનની આ કે પૂર્વજન્મમાં કૃત પાપથી હાનિ દેખાય.

## અધ્યયન-૨, ઉદ્દેશો-૩

**૨૮૯ થી ૨૯૧.** એ રીતે મૈથુન દોષથી સ્થાવરપણુ ભોગવીને કેટલાક અનંત કાળે મનુષ્ય યોનિમાં આવ્યા. મનુષ્યત્વમાં કેટલાકન હોજરી મંદ હોવાથી મુશ્કેલીએ આહાર પાચન થાય. થોડો અધિક આહાર લે તો પેટમાં પીડા થાય કે ક્ષણે ક્ષણે તૃષા લાગ્યા કરે. કદાચ માર્ગમાં મૃત્યુ થાય. વધુ બોલકા હોવાથી કોઈ પાસે ન બેસાડે. સુખેથી કોઈ સ્થાને સ્થિર ન બેસે. મુશ્કેલીથી બેસવા મળે. સ્થાન થાય તો પણ કલા–વિજ્ઞાનાદિ અભાવે ક્યાંક આવકાર ન

મળે. પાપના ઉદય વાળો તે બિચારો નિદ્રા પણ ન પામે.

**૨૯૨, ૨૯૩.** એ પ્રમાણે, પરિગ્રહ અને આરંભ દોષથી નરકાયુષ બાંધીને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ કાળ સુધી નારકની તીવ્ર વેદનાઓ ભોગવી અહીં માનવભવમાં આવ્યો, અહીં પણ ક્ષુધાથી પીડાય, ગમે તેટલા ભોજન છતા સંતોષ ન થાય. પ્રવાસીને જેમ શાંતિ ન મળે, તેમ આ બિચારો ભોજન કરવા છતાં તૃપ્ત થતો નથી.

**૨૯૪, ૨૯૫.** ક્રોધાદિ કષાયોના દોષથી તે ઘો, આશીવિષ, દૃષ્ટિવિષ સર્પપણું પામીને, પછી રૌદ્રધ્યાની મિથ્યાદૃષ્ટિ થાય છે. મિથ્યાદૃષ્ટિ મનુષ્યત્વમાં ધૂર્ત, કૂડ-કપટ, પ્રપંચ, દંભ આદિ લાંબો સમય કરી સ્વ મહત્તા લોકોને જણાવતો, તે તિર્યંચપણુ પામ્યો.

**૨૯૬ થી ૨૯૮.** અહીં પણ અનેક વ્યાધિ, રોગ, દુઃખ, શોકનું ભાજન બને છે. દરિદ્રતા અને કજીયાથી પરાભવિત થયેલો અનેક લોકના તિરસ્કારનું પાત્ર બને છે. તેના ક્રમોદયના દોષથી નિરંતર ચિંતાથી ગળતા દેહવાળો ઈર્ષ્યા-વિવાદરૂપ અગ્નિ-જ્વાલા વડે સતત બળી રહેલા શરીરવાળા હોય છે. આવા અજ્ઞાન-બાળ જીવો અનેક દુઃખથી પરેશાન થાય છે એમાં તેમના દુશ્ચરિત્રનો જ દોષ હોય છે. એટલે તેઓ અહીં કોના ઉપર રોષ કરે ?

**૨૯૯, ૩૦૦.** આ રીતે વ્રત-નિયમ ભંગથી, શીલખંડનથી, અસંયમ પ્રવર્તનથી, ઉત્સૂત્ર પ્રરૂપણા-મિથ્યા માર્ગ પ્રવર્તાવવાથી, જિનાજ્ઞા વિપરીત અનેક પ્રકારે આચરણાથી, પ્રમાદાચરણથી, કંઈક મન કે વચન કે કાયાથી, કરવા-કરાવવા અનુમોદવાથી અને મન-વચન-કાય યોગના પ્રમાદાચરણથી દોષ લાગે છે.

**૩૦૧.** આ લાગેલા **દોષોની વિધિવત્ ત્રિવિધે નિંદા, ગર્હા, આલોચના, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્ત કર્યા વિના દોષોની શુદ્ધિ ન થાય.**

**૩૦૨.** શલ્ય સહિત રહેવાથી અનંતી વખત ગર્ભમાં ૧ થી ૬ માસ સુધી તેના હાડકા, હાથ, પગ, મસ્તક, આકૃતિ બંધાય નહીં તે પહેલા જ ગર્ભ પીગળી જાય.

**૩૦૩ થી ૩૦૬.** મનુષ્ય જન્મ પ્રાપ્તિ છતાં તેમાં કોઢ, ક્ષય આદિ વ્યાધિવાળો થાય. જીવતો હોય પણ શરીરમાં કૃમિ થાય. અનેક માખી શરીરે બેસે, બણબણે, નિરંતર શરીરના અંગે અંગ સડતા જાય. હાડકા ખવાતા જાય. એવા દુઃખોથી પરાભવ પામેલો અતિ લજ્જનીય, નિંદનીય, ગર્હણીય, અનેકને ઉદ્વેગ કરાવનાર થાય. નિકટના સંબંધી અને બંધુને પણ અણગમતો થાય. તેવા અધ્યવસાય વિશેષથી અકામ નિર્જરાથી ભૂત કે પિશાચપણું પામે. પૂર્વ ભવોના શલ્યથી તેવા પરિણામ વિશેષથી અનેક ભવોના ઉપાર્જિત કર્મથી દશે દિશામાં દૂર દૂર ફેંકાતો જાય કે જ્યાં આહાર-પાણી મુશ્કેલ હોય, શ્વાસ પણ ન લઈ શકે. તેવા વેરાન અરણ્યમાં જન્મે.

**૩૦૭ થી ૩૦૯.** કાં તો એકબીજાના અંગોપાંગ સાથે જોડાયેલો હોય, મોહ-મદિરામાં ચકચૂર બનેલો, સૂર્યના ઉદય-અસ્તની ખબર ન પડે તેવી પૃથ્વી ઉપર ગોળાકાર કૃમિપણે ઉત્પન્ન થાય છે. કૃમિપણાની ત્યાં ભવસ્થિતિ, કાય-સ્થિતિ ભોગવીને કદાપિ મનુષ્યપણુ મેળવે તો પણ નપુંસકત્વ પામે. પછી અતિ ક્રૂર ઘોર રૌદ્ર પરિણામ વિશેષને વહેતો અને તે પરિણામ રૂપી પવનથી સળગી ફેંકાઈને મૃત્યુ પામે છે, મરીને વનસ્પતિકાયમાં જન્મે છે.

**૩૧૦ થી ૩૧૩.** વનસ્પતિપણુ પામી પગ ઊંચે અને મુખ નીચે રહે તેવી સ્થિતિમાં અનંતો કાળ પસાર કરતો બેઇન્દ્રિયપણુ ન મેળવી શકે. વનસ્પતિપણાની સ્થિતિ ભોગવીને પછી એક-બે-ત્રણ-ચાર-પાંચ ઇન્દ્રિયપણુ પામે. પૂર્વકૃત પાપશલ્યથી તિર્યંચ થાય તો પણ મહામત્સ્ય, હંસક પક્ષી, સાંઢ જેવા બળદ, સિંહ આદિના ભવ પામે. ત્યાં પણ અતિ ક્રૂરતર પરિણામથી માંસાહાર, પંચેન્દ્રિય વધ આદિ પાપકર્મથી છેક સાતમી નરક સુધી જાય.

**૩૧૪, ૩૧૫.** ત્યાં લાંબા કાળ સુધી તેવા પ્રકારના મહાઘોર દુઃખને અનુભવીને ફરી ક્રૂર તિર્યંચના ભવમાં જન્મી ક્રૂર પાપકર્મ કરીને પાછો નારકીમાં જાય. એ રીતે નરક, તિર્યંચ ગતિના ભવો વર્તતા પરાવર્તન કરતો મહાદુઃખો અનુભવતો ત્યાં રહે કે જે દુઃખોનું વર્ણન ક્રોડો વર્ષે પણ કહેવા શક્તિમાન ન થવાય.

૩૧૬ થી ૩૧૮. પછી ગધેડાં, ઊંટ, બળદ આદિના ભવો કરતા ગાડાનો ભાર ખેંચવો, ભારવહન, ખીલીવાળી લાકડીનો માર, કાદવમાં પગ ખૂંચી જાય તેવી સ્થિતિમાં ભાર ખેંચવો, ટાઢ, તડકો, વરસાદના દુઃખો સહેવા, વધ–બંધન–અંકન થવું. કાન–નાક છેદાવા, નિર્લાંછન–ડામ સહેવા, ધુંસરામાં જોડાઈને ચાલવું. પરોણા–ચાબૂક અંકુશના માર ખાવા, રાત દિવસ સર્વકાળ જીવન પર્યન્ત દુઃખ અનુભવવું. તેવા બીજા અનેકાનેક દુઃખ સમૂહને ચીરકાળ અનુભવીને દુઃખથી રીબાતો, આર્ત્તધ્યાન કરતો મહામુશ્કેલીથી પ્રાણોનો ત્યાગ કરે છે.

૩૧૯ થી ૩૨૩. વળી તેવા કોઈ શુભ અધ્યવસાય વિશેષથી કોઈ પ્રકારે મનુષ્યત્વ મેળવે, પણ હજુ પૂર્વકૃત શલ્યના દોષથી મનુષ્યપણામાં આવવા છતાં જન્મથી જ હરિફને ત્યાં જન્મે ત્યાં વ્યાધિ, ખસ, ખણજાદિ રોગથી ઘેરાયેલો રહે, બધા તેને ન જોવામાં કલ્યાણ માને. અહીં લોકોની લક્ષ્મી હરી લેવાની દઢ મનોભાવનાથી હૃદયમાં બળ્યા કરે. જન્મ સફળ કર્યા વિના પાછો મૃત્યુ પામે. પરિણામે વિશેષથી ફરી સ્થાવરકાયમાં ભમે, અથવા બે–ત્રણ–ચાર–પાંચ ઇન્દ્રિયવાળા ભવમાં તેવું અતિ રૌદ્ર ઘોર ભયંકર મહાદુઃખ ભોગવતો ચારે ગતિરૂપ સંસારમાં દુઃસહ વેદના અનુભવતો સર્વ યોનિમાં સ્થિતિ ખપાવતો ભમ્યા કરે છે.

૩૨૪. જે પૂર્વે એક વખત શલ્ય કે પાપદોષ સેવેલો તે કારણે ચારે ગતિમાં ભ્રમણ કરતા, દરેક ભવમાં જન્મ–મરણ, ઘણા વ્યાધિ, વેદના, રોગ, શોક, દરિદ્રતા, કજીયા, ખોટા કલંક પામવા, ગર્ભાવાસ આદિના દુઃખોરૂપ અગ્નિમાં ભડકે બળતા બિચારો શું ન પામે? તે જણાવે છે – નિર્વાણ ગમન યોગ્ય આનંદ, સામર્થ્ય, યોગ, મોક્ષ આપનાર ૧૮૦૦૦ શીલાંગ રથ અને સર્વ પાપરાશિ તથા આઠ પ્રકારના કર્મોના વિનાશ માટે સમર્થ એવો અહિંસા લક્ષણવાળો સર્વજ્ઞકથિત ધર્મ અને બોધિ ન પામે.

૩૨૫ થી ૩૨૭. પરિણામ વિશેષને આશ્રીને કોઈક આત્મા લાખો પુદ્‌ગલ પરાવર્તનના અતિ લાંબા કાળ પછી મહામુશ્કેલીથી બોધિ પામે. આવું અતિ દુર્લભ, સર્વ દુઃખક્ષય કર બોધિરત્ન પામીને જે કોઈ પ્રમાદ કરે તે ફરી તેવી પૂર્વે જણાવેલી તે તે યોનિમાં તે જ ક્રમે, તે જ માર્ગે, તેવા દુઃખ પામે.

૩૨૮, ૩૨૯. એ પ્રમાણે સર્વે પુદ્‌ગલોના સર્વે પર્યાયો, સર્વે વર્ણાંતરો, સર્વ ગંધ–રસ–સ્પર્શ–સંસ્થાન પણે પોતાના શરીરપણે પરિણામ પામે, ભવસ્થિતિ અને કાયસ્થિતિના સર્વ ભાવો લોકને વિશે પરિણામાંતર પામે, તેટલા પુદ્‌ગલ પરાવર્તન કાળ સુધીમાં બોધિ પામે કે ન પણ પામે.

૩૩૦, ૩૩૧. એ રીતે વ્રત–નિયમ ભાંગે, વ્રત–નિયમ ભાંગનારની ઉપેક્ષા કરે, તેને સ્થિર ન કરે, શીલખંડન કરે કે શીલખંડન કરનારની ઉપેક્ષા કરે, સંયમ વિરાધે કે વિરાધકની ઉપેક્ષા કરે, ઉન્માર્ગ પ્રવર્તાવે કે પ્રવર્તાવનારને ન રોકે. સૂત્ર વિરુદ્ધ આચરણ કરે, સામર્થ્ય છતાં તેમ કરતા ન રોકે કે ઉપેક્ષા કરે તે સર્વે પૂર્વોક્ત ક્રમે ચારે ગતિ સંસારમાં ભ્રમણ કરે છે.

૩૩૨, ૩૩૩. સામો માણસ રોષાયમાન થાય કે તોષાયમાન, ઝેર ખાવાની વાત કરે કે ભય બતાવે, હંમેશા સ્વ પક્ષને ગુણ કરનાર, સ્વ–પરહિતકારી ભાષા જ બોલાવી. આમ હિતકારી વચન બોલનાર બોધ મેળવે, મેળવેલા બોધને નિર્મળ કરે.

૩૩૩ થી ૩૩૫. ખુલ્લા આશ્રવદ્વાર વાળા જીવો પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશ અને રસથી કર્મની ચીકાશવાળા બને છે. તેવો આત્મા કર્મનો ક્ષય કે નિર્જરા ન કરી શકે. આ રીતે ઘોર આઠ કર્મના મળમાં સપડાયેલા સર્વે જીવોનો દુઃખથી છૂટકારો કેમ થાય? પૂર્વે દુષ્કૃત્ય કર્યા હોય, તે પાપનું પ્રતિક્રમણ ન કર્યું હોય એવા સ્વકૃત કર્મો ભોગવ્યા સિવાય કે ઘોર તપ સેવ્યા વિના તે કર્મોથી મુક્ત થઈ શકાતું નથી.

૩૩૬, ૩૩૭. સિદ્ધાત્મા, અયોગી, શૈલેશીકરણમાં રહેલા સિવાયના તમામ સંસારી આત્મા દરેક સમયે કર્મ બાંધે છે. કોઈ પ્રાણી કર્મ–બંધ રહિત નથી. શુભ અધ્યવસાયથી શુભ કર્મ અને અશુભથી અશુભ કર્મબંધ, તીવ્રતર

પરિણામથી તીવ્રતર રસસ્થિતિ અને મંદથી મંદરસ અને ટૂંકી સ્થિતિવાળા કર્મો ઉપાર્જે.

૩૩૮. સર્વે પાપકર્મોને એકઠા કરતા જેટલો રાશિ થાય, તેને અસંખ્યાત ગણા કરવાથી જેટલું કર્મ પરિમાણ થાય તેટલા કર્મ, તપ–સંયમ–ચારિત્ર ખંડન અને વિરાધનાથી તથા ઉત્સૂત્ર માર્ગની પ્રરૂપણા, આચરણા, કરનારની ઉપેક્ષાથી ઉપાર્જન થાય.

૩૩૯. જો સર્વ દાનાદિ સ્વ–પર હિત માટે આચરવામાં આવે તો અપરિમિત, મહા ઊંચા ભારે, નિરંતર ગાઢ પાપ–કર્મોનો ઢગલો પણ ક્ષય પામે. સંયમ–તપના સેવનથી લાંબા કાળના સર્વે પાપકર્મો વિનાશ પામે છે.

૩૪૦ થી ૩૪૪. જો સમ્યક્ત્વની નિર્મળતા સહ કર્મ આવવાના દ્વારો બંધ કરીને જ્યારે જ્યાં અપ્રમાદી બને ત્યારે ત્યાં બંધ અલ્પ કરે ને ઘણી નિરજા કરે. આશ્રવ દ્વાર બંધ કરીને, જિનાજ્ઞા ન ખંડે, જ્ઞાન–દર્શન–ચારિત્રમાં દઢ બને ત્યારે પૂર્વ બદ્ધ સર્વ કર્મો ખપાવે, અલ્પસ્થિતિક કર્મ બાંધે, અનુદિત કર્મ પણ ઘોર ઉપસર્ગ પરીષહ સહી ઉદીરણા કરી ક્ષય કરે અને કર્મોને જીતે. આ રીતે આશ્રવના કારણો રોકી, સર્વ આશાતના તજીને, સ્વાધ્યયન–ધ્યાન યોગોમાં તેમજ ધીર–વીર તપમાં લીન બને. સંપૂર્ણ સંયમ ત્રિવિધે પાલન કરે, ત્યારે ઉત્કૃષ્ટ બંધ ન કરે અને અનંતગણી કર્મનિર્જરા કરે.

૩૪૫ થી ૩૪૮. સર્વ આવશ્યક ક્રિયામાં ઉદ્યમવંત બનેલ, પ્રમાદ–વિષય–રાગ–કષાયાદિના આલંબન રહિત બાહ્યાભ્યંતર સર્વ સંગથી મુક્ત, રાગ–દ્વેષ મોહ રહિત, નિયાણા વગરનો જ્યારે થાય, વિષયોના રાગથી નિવૃત્ત થાય, ગર્ભ પરંપરાથી ભય પામે, આશ્રવ દ્વાર રુંધી ક્ષમાદિ યતિધર્માદિમાં રહેલો હોય, તે શુક્લ ધ્યાનની શ્રેણીમાં આરોહણ કરી શૈલેશીકરણને પામે છે, ત્યારે લાંબા કાળનું બાંધેલ સમગ્ર કર્મ બાળીને ભસ્મ કરે, નવું અલ્પ કર્મ ન બાંધે, ધ્યાન યોગ અગ્નિમાં પાંચ હ્રસ્વાક્ષર ભવ સુધી ટકનાર બધા કર્મ બાળીને ભસ્મ કરી દે છે.

૩૪૯, ૩૫૦. આ પ્રમાણે જીવના વીર્ય અને સામર્થ્ય યોગે પરંપરાથી કર્મ કલંકના કવચથી સર્વથા મુક્ત પ્રાણી એક સમયમાં શાશ્વત, પીડા–રોગ–જરા–મરણથી રહિત, જેમાં કોઈ દિવસ દુઃખ–દારિદ્ર ન હોય, શાશ્વત સુખ હોય તેવો મોક્ષ પામે.

૩૫૧ થી ૩૫૩. ગૌતમ ! એવા પણ પ્રાણીઓ છે, જેઓ આસ્રવદ્વારો બંધ કરીને, ક્ષમાદિ દશવિધ સંયમ–સ્થાનાદિ પામેલા હોય તો પણ દુઃખમિશ્રિત સુખ પામે છે. તેથી જ્યાં સુધી આઠે કર્મો ઘોર તપ અને સંયમથી બાળી ન નાંખે, ત્યાં સુધી જીવને સ્વપ્ને પણ સુખ ન હોય. જગતમાં બધા પ્રાણીને વિશ્રાંતિ રહિત દુઃખ સતત ભોગવવાનું હોય છે. એક સમય એવો નથી કે જેમાં આ જીવે આવેલ દુઃખ સમતાપૂર્વક સહન કર્યું હોય.

૩૫૪, ૩૫૫. કુંથુઆના જીવનું શરીર કેવડું? હે ગૌતમ! તે તું વિચાર. નાનામાં નાનું, તેથી પણ અલ્પતર. તેમાં કુંથુઆના પગ કેવડો ? પગની અણી કેટલી અલ્પતમ. તેનો પણ ભાગ જો આપણા શરીરને સ્પર્શે કે કોઈના પણ શરીર ઉપર ચાલે તો પણ આપણને દુઃખનું કારણ બને. લાખો કુંથુઆના શરીરો એકઠા કરીને વજન કરો તો એક પલ ન થાય. તો એક કુંથુઆના શરીર કેટલું માત્ર હોય? એવા સૂક્ષ્મ કુંથુના પગની અણીના ભાગનો સ્પર્શ પણ સહન કરી શકતો નથી અને તે સ્પર્શથી પૂર્વોક્ત અવસ્થા જીવો અનુભવે છે. તો હે ગૌતમ! તેવા દુઃખ સમયે કેવી ભાવના ભાવવી તે સાંભળ.

૩૫૬ થી ૩૬૫. **કુંથુ સમાન સૂક્ષ્મ પ્રાણી મારા મલીન શરીરે ભ્રમણ કરે, સંચરે, ચાલે તો પણ ખણીને વિનાશ ન કરે. પરંતુ રક્ષણ કરે. આ કંઈ હંમેશા અહીં વસવાનો નથી. લાંબો સમય રહેવાનો નથી. એક ક્ષણમાં ચાલી જશે, બીજી ક્ષણ નહીં રહે. કદાચ રહે તો પણ આ પ્રમાણે ભાવના ભાવવી કે આ કુંથુ રાગથી નથી વસ્યો કે મારા ઉપર તેને દ્વેષ નથી, વૈરભાવથી કોઈના શરીરે ચડતો નથી. તે તો અમસ્તો જ ગમે તેના શરીરે ચડી જાય છે.** વિકલેન્દ્રિય, બાળક કે કોઈ પ્રાણી હોય તે સળગતા અગ્નિ કે વાવના પાણીમાં પ્રવેશ કરે, તે કદી એમ ન વિચારે કે આ મારો પૂર્વ વૈરી કે સંબંધી છે.

માટે આત્મા એમ વિચારે કે મારી શાતા–પાપના ઉદયે આવ્યો છે.

**આવા જીવો પ્રત્યે મેં કંઈ અશાતાનું દુઃખ કર્યું હશે. પૂર્વભવમાં કરેલા પાપકર્મ ફળ ભોગવવાનો કે તે પાપપુંજનો છેડો લાવવા માટે મારા આત્મહિતાર્થે આ કર્યુ તીર્છું, ઉર્ધ્વ, અધોદિશા વિદિશામાં મારા શરીર ઉપર આમતેમ ફરે છે. આ દુઃખને સમભાવે સહીશ, તો મારા પાપકર્મનો અંત આવશે.** કદાચ કુંથુને શરીરે ફરતા–ફરતા મહાવાયરાનો ઝાપટો લાગ્યો તો તે કુંથુને શારીરિક દુઃસ્સહ દુઃખ તથા આર્ત–રૌદ્ર ધ્યાન વૃદ્ધિ પામે. આવા સમયે વિચાર કે કુંથુના સ્પર્શથી તને નામ માત્ર દુઃખ થયું છે. તે પણ સહન થતું નથી અને આર્ત – રૌદ્ર ધ્યાનમાં જાય છે. તો તે દુઃખથી તું શલ્યનો આરંભ કરીને મન–વચન–કાય યોગ સમય, આવલિકા, મુહૂર્ત સુધી શલ્યવાળો થઈશ, તેથી તેનું ફળ તારે ઘણા લાંબા કાળ સુધી વેઠવું પડશે. તે વખતે તેવા દુઃખોને તું શી રીતે સહન કરીશ ?

૩૬૬. તે દુઃખો કેવા હશે ? ચારગતિ, ૮૪ લાખ યોનિરૂપ અનેક ભવો અને ગર્ભવાસ સહેવો પડશે. જેમાં અહોરાત્ર સતત ઘોર પ્રચંડ, મહાભયંકર દુઃખ સહેવું પડશે. મરી ગયો એમ આક્રંદવું પડશે.

૩૬૭. નરક કે તિર્યંચગતિમાં કોઈ રક્ષક કે શરણ્ય નથી. બિચારા એકલા પોતાના શરીરને કોઈ સહાયક મળે નહીં ત્યાં કડવા અને આકરા વિરસ પાપના ફળો ભોગવવા પડે.

**૩૬૮. નારકીઓ તલવારની ધા સમ પત્રવાળા વૃક્ષોના વનમાં છાયાર્થે જાય તો પવનથી પાંદડા શરીરે પડે એટલે શરીરના ટૂકડા થાય. લોહી, પરુ, ચરબીવાળી દુર્ગંધી પ્રવાહવાળી વૈતરણી નદીમાં તણાવાનું, યંત્રોમાં પીલાવાનું, કરવતથી કપાવાનું, શાલ્મલીવૃક્ષ સાથે આલીંગન, કુંભીમાં રંધાવાનું, કાગડા આદિ પક્ષીની ચાંચના બટકા સહેવાનું સિંહાદિથી ફાડી ખવાવુ, આ અને આવા અનેક દુઃખો નરકગતિમાં પરાધીન પણે ભોગવવા પડે.**

૩૬૯, ૩૭૦. તિર્યંચોને નાક–કાન વિંધાવા, વધ–બંધન–આક્રંદન કરતા પ્રાણીના શરીરમાંથી માંસ કાપે, ચામડી ઉતારે, હળ–ગાડા ખેંચવા, અતિભાર વહેવો, પરોણી ભોંકાવી, ભૂખ–તરસ, લોઢાની નાળ પગમાં ખીલીથી જડે, બળાત્કારે બાંધી શસ્ત્રથી અગ્નિડામ દે. અંકન કરે, બળતરા કરતા પદાર્થો આંખમાં આંજે, ઈત્યાદિ પરાધીનતાના અને નિર્દયતાથી અનેક દુઃખો તિર્યંચભવમાં ભોગવવા પડે.

**૩૭૧. કુંથુના પગના સ્પર્શથી ઉત્પન્ન ખણનું દુઃખ તું અહીં સહેવા સમર્થ નથી, તો પછી ઉપરોક્ત નરક, તિર્યંચ ગતિના અતિ ભયંકર મહાદુઃખો આવશે ત્યારે તેનો પાર કેવી રીતે પામીશ ?**

૩૭૨ થી ૩૭૪. નારકી અને તિર્યંચના દુઃખો તથા કુંથુના પગના સ્પર્શનું દુઃખ, એ બંનેનું અંતર કેટલું ? મેરુ પર્વતના અનંતગણા કરીએ તો એક પરમાણુ જેટલુ પણ કુંથુના પગનું સ્પર્શ–દુઃખ નથી. આ જીવ લાંબા કાળથી સુખ કાંક્ષી છે, તેમાં પણ તેને દુઃખ પ્રાપ્તિ થાય છે. વળી ભૂતકાલીન દુઃખ સ્મરતા તે અતિ દુઃખી થાય છે. એ રીતે ઘણા દુઃખના સંકટમાં રહેલ લાખો આપદાયુક્ત એવા સંસારમાં પ્રાણી વસેલો છે. તેમાં અણધાર્યુ મધુબિંદુ પ્રાપ્ત થઈ જાય તો મળેલુ સુખ કોઈ જતું ન કરે, પરંતુ...

૩૭૫. જે આત્મા પથ્ય–અપથ્ય, કાર્ય–અકાર્ય, હિત–અહિત, સેવ્ય–અસેવ્ય, આચરણીય–અનાચરણીય તફાવતનો વિવેક ન કરે, તે બિચારા આત્માની ભાવિમાં કેવી સ્થિતિ થાય ?

૩૭૬. તેથી આ સર્વે હકીકત સાંભળીને, દુઃખાંત શોધકે સ્ત્રી, પરિગ્રહ, આરંભને ત્યાગીને સંયમ–તપની આસેવના કરવી.

૩૭૭ થી ૩૮૪. જુદા આસને બેઠેલી, શયનમાં સૂતેલી, ઊલટુ મુખ કરી રહેલી, અલંકારો પહેરેલ કે ન પહેરેલ, પ્રત્યક્ષ નહીં પણ ચિત્રમાં ચિત્રિત હોય, તેવીને પણ પ્રમાદથી જુએ તો દુર્બળ મનુષ્યને આકર્ષે છે – જોતા રાગ થાય છે. ચિત્રામણ વાળી ભીંત કે અલંકૃત સ્ત્રીને જોઈને દૃષ્ટિ ખેંચી લેવી. કહ્યું છે કે – હાથ, પગ કપાયેલી નાક–હોઠ છેદાયેલી, કોઢથી સડી ગયેલી તેવી સ્ત્રીને પણ દૂરથી તજવી.

વૃદ્ધા કે પંચાંગથી શૃંગાર ઝરતી યૌવના, મોટી વયની કુમારી કન્યા, પરદેશ ગયેલ પતિવાળી, બાલ વિધવા, અંતઃપુરની સ્ત્રી, સ્વમત–પરમત પાખંડ ધર્મકથી, દીક્ષિત, કૂતરી, ભેંસ, ગાય, ગધેડી, ખચરી, બોકડી, ઘેટી, પથ્થરની સ્ત્રી–મૂર્તિ, વ્યભિચારિણી, જન્મરોગીણી, આવી કોઈ પરીચિત કે અજાણી સ્ત્રી હોય, રાત્રે જ્યાં આવ–જા કરતી હોય, દિવસે પણ એકાંત સ્થાન હોય તેવા નિવાસ, ઉપાશ્રય, વસતિને સર્વે ઉપાયથી અત્યંત, અતિ દૂરથી બ્રહ્મચારી તજે.

૩૮૫. ગૌતમ ! તેમની સાથે માર્ગમાં સહવાસ–સંલાપ ન કરવા, બીજી સ્ત્રી સાથે અર્ધક્ષણ પણ વાર્તાલાપ કે સંચરણ ન કરવું.

૩૮૬. ભગવન્ ! શું સ્ત્રી તરફ સર્વથા નજર ન જ કરવી ? ગૌતમ ! નજર પણ ન કરવી, ન નિહાળવી.

ભગવન્ ! જાણીતી અને વસ્ત્રાલંકાર વિભૂષિત સ્ત્રીને ન જોવી કે વસ્ત્રાલંકાર રહિત હોય તેને ન જોવી ? ગૌતમ! બંને પ્રકારની સ્ત્રીને ન જોવી.

ભગવન્ ! સ્ત્રી સાથે આલાપ–સંલાપ ન કરવો. ના, ન કરવો. સ્ત્રીઓ સાથે અર્ધ ક્ષણ પણ સંવાસ ન કરવો? ના ન કરવો.

શું માર્ગમાં સ્ત્રી સાથે ચાલી શકાય ? બ્રહ્મચારીએ ન ચલાય.

૩૮૭. ભગવન્ ! આપ કેમ કહો છો કે સ્ત્રીના અંગોપાંગ તરફ નજર ન કરવી, તેની સાથે વાતો ન કરવી, વસવાટ ન કરવો, માર્ગમાં એકલા ન ચાલવું ? ગૌતમ ! સર્વ સ્ત્રી સર્વ પ્રકારે અતિ ઉત્કટ મદ અને વિષયાભિલાષના રાગથી ઉત્તેજિત બનેલી હોય છે. સ્વભાવથી તેણીનો કામાગ્નિ નિરંતર સળગતો રહે છે. વિષયો પ્રતિ તેણીનું ચંચળ ચિત્ત દોડે છે. હૃદયમાં કામાગ્નિ પીડે છે. સર્વ દિશા–વિદિશામાં વિષયોને પ્રાર્થે છે. સર્વપ્રકારે પુરુષાભિલાષી હોય છે.

તે કારણે જ્યાં સુંદર કંઠથી કોઈ સંગીત ગાય તો તે કદાચ રૂપવાન કે કદરૂપો હોય, તાજા યૌવનવાળો કે વીતી ગયેલ યૌવનવાળો હોય, જોયેલ હોય કે ન હોય, ઋદ્ધિવાળો કે વગરનો હોય, નવીન સમૃદ્ધિ મેળવેલ હોય કે ન હોય, કામભોગથી કંટાળેલો કે વિષયાભિલાષી હોય, જર્જરીત દેહ હોય કે મજબૂત બાંધાવાળો, મહાસત્વી હોય કે હીનસત્વી, મહાપરાક્રમી હોય કે કાયર, શ્રમણ હોય કે ગૃહસ્થ, બ્રાહ્મણ હોય કે નિંદિત અધમ હીનજાતિક, ત્યાં પોતાની શ્રોત ચક્ષુ રસના ઘ્રાણ સ્પર્શન ઇન્દ્રિયના ઉપયોગથી તુરંત જ વિષય પ્રાપ્તિ માટે તર્ક, વિતર્ક, વિચાર અને એકાગ્રચિત્ત વાળી બનશે. તેનાથી તેણીનું ચિત્ત ક્ષોભાયમાન થશે. વળી ચિત્તમાં મને આ મળશે કે નહીં તેવી દ્વીધામાં પડશે.

ત્યારપછી શરીરે પરસેવો છૂટશે. પછી આલોક–પરલોકમાં આવી અશુભ વિચારણાથી નુકસાન થશે. તેના વિપાકો ઓછા–વત્તા પ્રમાણમાં ભોગવવા પડશે. તે વાત તે સમયે તેના મગજમાંથી ભૂંસાઈ જાય છે. જેવું એ વિસરાઈ જાય કે લજ્જા, ભય, અપયશ, અપકીર્તિ, મર્યાદાનો ત્યાગ કરીને ઊંચા સ્થાનેથી નીચા સ્થાને બેસી જાય છે. પરિણામની અપેક્ષાથી હલકા પરિણામવાળો તે સ્ત્રીનો આત્મા થાય છે, તેટલામાં અસંખ્યાના સમય અને આવલિકા વીતી જાય છે.

જેટલામાં અસંખ્યાતા સમય અને આવલિકા ચાલી જાય છે, તેટલામાં પ્રથમ સમયથી કર્મની જે સ્થિતિ બંધાય છે અને બીજે, ત્રીજે સમયે, એમ દરેક સમયે યાવત્ અનંત સમયો ક્રમશઃ પસાર થાય છે. ત્યારે આગળના સમયે સમયે સંખ્યાત–અસંખ્યાત–અનંત ગુણકર્મ સ્થિતિ એકઠી કરે છે. યાવત્ અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી પસાર થાય ત્યાં સુધી નારક–તિર્યંચની ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ ઉપાર્જન કરે. આ પ્રમાણે સ્ત્રી વિષયક સંકલ્પાદિ યોગે ક્રોડો લાખ કાળચક્ર સુધી ભોગવવા યોગ્ય ઉક્ત સ્થિતિ ઉપાર્જે છે.

ત્યાંથી નીકળીને ભવાંતરમાં કેવી સ્થિતિ અનુભવવી પડે છે તે જણાવે છે – **સ્ત્રી પ્રતિ દૃષ્ટિ કે કામરાગથી, તે પાપની પરંપરાથી કદરૂપતા, શ્યામ દેહી, તેજ–કાંતિ રહિત, લાવણ્ય–શોભા રહિત, વિનષ્ટ તેજ–સૌભાગ્ય, તેને જોઈ બીજા ઉદ્વેગ પામે તેવા શરીરવાળો થાય છે. તેની સ્પર્શેન્દ્રિય સીદાય છે. પછી નેત્રો અંગોપાંગ જોવાને રાગવાળા અને**

**લાલવર્ણી બને છે, મદપૂર્ણ બને છે.**

કામની રાગાંધતાથી અતિ ભારે દોષો, બ્રહ્મવ્રત ભંગ, નિયમભંગને ગણતી નથી, અતિ ઘોર પાપ કર્માચરણને, શીલખંડનને ગણકારતી નથી, સર્વથી ચડિયાતા પાપકર્માચરણો, સંયમ વિરાધના ગણકારતી નથી. ઘોર અંધકારપૂર્ણ નારકીરૂપ પરલોકના ભયને ગણતી નથી, આત્માને ભૂલી જાય છે. પોતાના કર્મો અને ગુણ સ્થાનકને નથી ગણતી. દેવાદિને અલંઘનીય એવી જિનાજ્ઞાને ગણતી નથી. ચોર્યાશી લાખ યોનિમાં લાખો વખત પરિવર્તન અને ગર્ભ પરંપરા અનંતી વખત કરવાની વાત વીસરી જાય છે, અર્ધપલકારો કાળ પણ જેમાં સુખ નથી અને ચારે ગતિમાં એકાંત દુઃખ છે તે દેખવા લાયક ન દેખતી, ન દેખવા યોગ્ય દેખે છે.

સર્વજન સમુદાય એકઠો થયેલ છે. તેની વચ્ચે બેઠેલી, ઊભેલી, આડી પડેલી, સૂતેલી કે ચાલતી સર્વ લોકોથી જોવાતી ઝગમગાટ કરતા સૂર્યના કિરણોના સમૂહથી દશે દિશામાં તેજરાશિ ફેલાવા છતાં પોતે એમ માનતી કે સર્વ દિશાઓ અંધકારમય જ છે. રાગાંધ અને કામાંધ બનેલી એમ માનતી કે જાણે કોઈ દેખતુ કે જાણતુ નથી. રાગાંધ થયેલી તે અતિ મહાભારે દોષવાળા વ્રત ભંગ, શીલખંડન, સંયમ વિરાધના, પરલોક ભય, આજ્ઞા ભંગ, આજ્ઞા અતિક્રમણ, સંસારમાં અનંતકાલ ભ્રમણ તે રૂપ ભય દેખતી નથી, ગણકારતી નથી. ન જોવાલાયક જીવે છે. સર્વને પ્રત્યક્ષ સૂર્યની હાજરી છતાં સર્વ દિશાભાગોમાં અંધકાર વ્યાપેલો માને છે.

જેનો સૌભાગ્યાતિશય સર્વથા ઊડી ગયો છે, પડેલા મુખવાળી, ફીક્કા-કરમાયેલા દુર્દર્શનીય વદનકમળવાળી થાય છે. ત્યારે અતિ તરફડતી થાય છે. વળી તેના કમલપુટ, નીતંબ, વસતીપ્રદેશ, જઘન, બાહુ, વક્ષઃસ્થળ, કંઠપ્રદેશ ધીમે ધીમે સ્ફૂરાયમાન થાય છે. પછી ગુપ્ત અને પ્રગટ અંગો વિકારી બને છે. તેના સર્વે અંગોપાંગ કામદેવના બાણોથી ભેદાઈને જર્જરીત સમાન થાય છે. આખા દેહ પર રોમાંચ ખડા થાય છે. મદનના બાણથી ભેદાઈને શરીર જર્જરીત થાય તેટલામાં શરીરમાં રહેલી ધાતુઓ કંઈક ચલાયમાન થાય છે.

ત્યારપછી શરીર પુદ્‌ગલ, નીતંબ, સાથળ, બાહુ, કામદેવના બાણથી અતિ પીડાય છે. શરીર પરનો કાબૂ સ્વાધીન રહેતો નથી. નીતંબ અને શરીરને મહામુશ્કેલીથી ધારણ કરે છે. તેમ કરતા પોતાની શરીર અવસ્થાની સ્થિતિ પોતે જાણી કે સમજી શકતી નથી, પછી બાર સમયમાં શરીરથી કંઈક નિશ્ચેત થઈ જાય છે. શ્વાસોચ્છ્‌વાસ સ્ખલિત થાય અને મંદમંદ લે છે.

આવી વિચિત્ર પ્રકારે અવસ્થા, કામચેષ્ટા પામે છે અને જાણે કોઈ વળગાડ વળગ્યો હોય, ચપળ પિશાચે વિશાચે શરીરમાં પ્રવેશ કર્યો હોય તેમ સંબંધ વગરની વાણી બબડે છે. મન ફાવે તેવો બકવાસ કરે છે અર્થાત્‌ કામાવસ્થામાં ગમે તેમ અસંબંધ વચનો બોલે. કામ સમુદ્રના વિષના વર્તમાં અથડાતી મોહોત્પાત કામ વચનોથી દેખેલ કે ન દેખેલ મનોહર રૂપવાળા કે વગરના યુવાન કે યુવાની રહિત, ઊગતી જુવાની કે મહા પરાક્રમીને, હીન સત્વી કે સત્પુરુષને કે પછી બીજા કોઈ નિંદિત, અધમ, હીન જાતિક પુરુષને કામાભિપ્રાયથી ભય પામતી પામતી સંકોચાતી સંકોચાતી આમંત્રીને બોલાવે છે. એમ સંખ્યાતા ભેદવાળા રાગયુક્ત સ્વર અને કટાક્ષ દષ્ટિથી તે પુરુષને બોલાવે છે અને તેનું રાગથી નિરીક્ષણ કરે છે.

**તે સમયે નારકી અને તિર્યંચ બંને ગતિને યોગ્ય અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી કે કાળચક્ર પ્રમાણની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પાપકર્મ બાંધે.** પણ કર્મબંધ સ્પૃષ્ટ ન કરે. હવે તે જે સમયે પુરુષ શરીરના અવયવને સ્પર્શવા સન્મુખ થાય, પણ હજુ સ્પર્શ કર્યો નથી. તે સમયની કર્મ સ્થિતિ બદ્ધ સ્પૃષ્ટ કરે પણ બદ્ધ નિકાચિત ન કરે.

૩૮૮. હે ગૌતમ ! આવા સમયે જે પુરુષ સંયોગાધીન થઈ, તે સ્ત્રીનો યોગ કરે, સ્ત્રીને આધીન થઈ કામસેવન કરે તે અધન્ય છે. સંયોગ કરવો કે ન કરવો તે પુરુષાધીન છે. તેથી જે ઉત્તમ પુરુષ સંયોગાધીન ન થાય તે ધન્ય છે.

૩૮૯. ભગવન્‌ ! કયા કારણે એમ કહ્યું ? ગૌતમ ! બદ્ધ કર્માવસ્થા સુધી પહોંચેલી તે પાપી સ્ત્રી પુરુષનો સંગ

પામે તો કર્મ નિકાચિતપણે પરિણમે, **બદ્ધ સ્પૃષ્ટ નિકાચિત કર્મથી બિચારી તેવા પ્રકારના અધ્યવસાય પામીને તેનો આત્મા સ્થાવરપણામાં અનંતકાળ સુધી ભ્રમણ કરે, પણ બેઈન્દ્રિયત્વ ન પામે.** એ પ્રમાણે મહા કષ્ટે અનંતા કાળે એકેન્દ્રિય પણાની ભવસ્થિતિ ભોગવીને એકેન્દ્રિયપણાનું કર્મ ખપાવે. પછી બે–ત્રણ–ચાર ઈન્દ્રિયપણુ કલેશથી ભોગવીને પંચેન્દ્રિય મનુષ્યપણામાં કદાચ આવી જાય તો પણ દુર્ભાગી સ્ત્રીપણુ પામે છે.

નપુંસકપણે ઉત્પન્ન થાય. વળી તિર્યંચપણામાં અપાર વેદના ભોગવે. નિરંતર હાહાકાર કરતી, વળી જ્યાં કોઈ શરણ્ય નથી. સ્વપ્ને પણ સુખ જે ગતિમાં જોવા ન મળે, હંમેશા સંતાપ ભોગવતા અને ઉદ્વેગ પામતા હોય, સગા–સ્નેહી–સ્વજન આદિથી રહિત જન્મપર્યન્ત કુત્સનીય, ગર્હણીય, નિંદનીય, તિરસ્કરણીય એવા કર્મો કરીને, અનેકની ખુશામતો કરીને, સેંકડો મીઠા વચનોથી આજીજી કરીને તે લોકોના પરાભવ વચન સાંભળીને મહામુસીબતે ઉદર પોષતા ચારે ગતિમાં ભટકવું પડે છે.

ગૌતમ ! બીજું એ સમજવાનું કે જે પાપી સ્ત્રીએ **બદ્ધ સ્પૃષ્ટ અને નિકાચિત** કર્મ સ્થિતિ ઉપાર્જન કરી તે સ્ત્રીની અભિલાષા કરનાર પુરુષ પણ તેની સ્થિતિ કરતા ઉત્કૃષ્ટ કે ઉત્કૃષ્ટતમ એવી અનંત કર્મસ્થિતિ ઉપાર્જે, તેને બદ્ધ સ્પૃષ્ટ અને નિકાચિત કરે. તે કારણે હે ગૌતમ ! એમ કહ્યું કે જે પુરુષ તેનો સંગ કરે છે તે અધન્ય છે. કરતો નથી તે ધન્ય છે.

**૩૯૦.** ભગવન્ ! કેટલા પ્રકારના પુરુષ છે, જેથી આપ આમ કહો છો ? ગૌતમ ! છ પ્રકારના – અધમાધમ, અધમ, વિમધ્યમ, ઉત્તમ, ઉત્તમોત્તમ, સર્વોત્તમ.

**૩૯૧.** એમાં જે સર્વોત્તમ પુરુષ કહ્યો, જે જેના પાંચે અંગો ઉત્તમ રૂપ લાવણ્ય યુક્ત હોય. નવયૌવન વય પામેલ હોય, ઉત્તમ રૂપ લાવણ્ય કાંતિયુક્ત સ્ત્રી પરાણે પણ પોતાના ખોળામાં સો વર્ષ સુધી બેસાડીને કામચેષ્ટા કરે તો પણ તે પુરુષ તે સ્ત્રીની અભિલાષા ન કરે.

ઉત્તમોત્તમ પુરુષ તે સ્ત્રીની અભિલાષા ન કરે, પણ કદાચ ચપટીના ત્રીજા ભાગ જેટલા અલ્પ મનથી માત્ર એક સમયની અભિલાષા કરે, પણ બીજા જ સમયે મનને રોકીને પોતાના આત્માને નિંદીને ગર્હે. પણ ફરી તે જન્મમાં બીજી વખત સ્ત્રીની અભિલાષા મનથી પણ ન કરે.

**૩૯૨.** વળી જે ઉત્તમોત્તમ પ્રકારના પુરુષ હોય તે અભિલાષા કરતી સ્ત્રીને જોઈને ક્ષણવાર કે મુહૂર્ત્ત સુધી દેખીને મનથી પણ તેને ન ઈચ્છે. પ્રહર કે અર્ધ પ્રહર સુધી તે સ્ત્રી સાથે અયોગ્ય કર્મ ન સેવે.

**૩૯૩.** જો તે બ્રહ્મચારી હોય કે અભિગ્રહ પ્રત્યાખ્યાન કરેલ હોય કે તે બંને ન હોય તો પોતાની પત્નીના વિષયમાં ભજના, તે કામભોગમાં તીવ્ર અભિલાષી ન હોય. ગૌતમ! આ પુરુષને કર્મનો બંધ થાય, પણ તે અનંત સંસારમાં રખડવા યોગ્ય કર્મ ન બાંધે.

**૩૯૪.** વળી જે વિમધ્યમ પુરુષ હોય તે સ્વપત્ની સાથે આ પ્રમાણે કર્મ સેવન કરે, પણ પરસ્ત્રી સાથે તેવું અયોગ્ય કર્મ ન સેવે. પરંતુ પરસ્ત્રી સાથે આવો પુરુષ જો પછી ઉગ્ર બ્રહ્મચારી ન થાય તો અધ્યવસાય વિશેષ અનંત સંસારી થાય કે ન પણ થાય. અનંત સંસારી કોણ ન થાય? કોઈ તેવો ભવ્ય આત્મા જીવાદિ નવ પદાર્થોનો જાણકાર હોય, આગમ શાસ્ત્રાનુસાર ઉત્તમ સાધુને ધર્મોપકારી, આહારાદિ દાન દેનાર, દાનાદિ ચતુર્વિધ ધર્મનું યથાશક્તિ અનુષ્ઠાન કરતો હોય. કોઈપણ પ્રકારે ગમે તેવા સંકટમાં પણ ગૃહીત નિયમો અને વ્રતોનો ભંગ ન કરે તો શાતા ભોગવતો પરંપરાએ ઉત્તમ મનુષ્યત્વ કે ઉત્તમ દેવત્વ, તેમજ સમ્યક્ત્વથી પ્રતિપતિત થયા સિવાય નિસર્ગ કે આભિગમિક સમ્યક્ત્વ થઈ ઉત્તરોત્તર ૧૮૦૦૦ શીલાંગધર થઈ આશ્રવદ્વારોનો બંધ કરીને કર્મરજ અને પાપમલથી રહિત બની પાપકર્મોને ખપાવીને સિદ્ધિગતિ પામે.

**૩૯૫.** જે અધમપુરુષ હોય તે સ્વ કે પરસ્ત્રીમાં આસક્ત મનવાળો હોય, દરેક સમયમાં ક્રૂર પરિણામ જેના

ચિત્તમાં ચાલુ હોય, આરંભ–પરિગ્રહાદિ વિશે તલ્લીન મનવાળો હોય, તેમજ વળી જે અધમાધમ પુરુષ હોય તે મહાપાપ કર્મ કરનાર સર્વ સ્ત્રીઓનો વચન, માયા, કાયાથી ત્રિવિધે દરેક સમય અભિલાષ કરે. અત્યંત ક્રૂર અધ્યવસાયોથી પરિણમેલા ચિત્તવાળો આરંભ પરિગ્રહમાં આસક્ત રહીને પોતાનો આયુષ્યકાલ ગમન કરે છે. આ પ્રમાણે અધમ અને અધમાધમ બંનેનું અનંત સંસારીપણું સમજવું.

૩૯૬. ભગવન્ ! જે અધમ અને અધમાધમ પુરુષ બંનેનું એકસરખું અનંત સંસારીપણુ આમ જણાવ્યુ. તો અધમ અને અધમાધમ વચ્ચે તફાવત શો ? ગૌતમ ! અધમપુરુષ સ્વ કે પરસ્ત્રીમાં આસક્ત મનવાળો, ક્રૂર પરિણામ ચિત્ત, આરંભ –પરિગ્રહ તલ્લીન હોવા છતાં પણ દીક્ષિત સાધ્વી તેમજ શીલ સંરક્ષણની ઇચ્છાવાળો હોય, પૌષધ–વ્રત–ઉપવાસ પ્રત્યાખ્યાનમાં ઉદ્યમવાળી દુઃખી ગૃહસ્થ સ્ત્રીના સહવાસમાં આવી પડી હોય, તેને અયોગ્ય અતિચારની માંગણી કરે, પ્રેરણા કરે, આમંત્રણ કરે, પ્રાર્થના કરે તો પણ કામવશ બની દુરાચાર ન સેવે.

પરંતુ જે અધમાધમ પુરુષ હોય તે પોતાની માતા, બહેન વગેરે યાવત્ દીક્ષિત સાધ્વીની સાથે પણ શારીરિક અયોગ્ય અનાચાર સેવન કરે. તે કારણે તેને મહાપાપી અધમાધમ પુરુષ કહ્યો.

જે અધમ પુરુષ છે તે અનંતાકાળે બોધિ પ્રાપ્ત કરી શકે છે, પણ મહાપાપ કર્મકર્તા દીક્ષિત સાધ્વી સાથે પણ કુકર્મ કર્તા અધમાધમ પુરુષ અનંતી વખત અનંત સંસારમાં રખડે તો પણ બોધી પામવા અધિકારી બનતો નથી. એ બીજો તફાવત જાણવો.

૩૯૭. આ છ પુરુષોમાં સર્વોત્તમ પુરુષ તેને જાણવા કે જેઓ છદ્મસ્થ વીતરાગપણું પામ્યા હોય, જે ઉત્તમોત્તમ પુરુષ કહેલા છે તે તેમને જાણવા કે જેઓ ઋદ્ધિ રહિત ઇત્યાદિથી લઈને ઉપશામક અને ક્ષપક મુનિવરો હોય. તેમજ ઉત્તમ તેમને જાણવા કે જેઓ અપ્રમત્ત મુનિવર હોય, આ પ્રમાણે આ પુરુષોની નિરૂપણા કરવી.

૩૯૮. જેઓ વળી મિથ્યાદૃષ્ટિ થઈને ઉગ્ર બ્રહ્મચર્યધારી હોય, હિંસા–આરંભ–પરિગ્રહના ત્યાગી તે મિથ્યા–દૃષ્ટિ જ છે. સમ્યક્દૃષ્ટિ નથી, તેમને જીવાદિ નવ પદાર્થોના સદ્‌ભાવનું જ્ઞાન હોતુ નથી, તેઓ ઉત્તમ પદાર્થ મોક્ષને અભિનંદતા કે પ્રશંસતા નથી. તેઓ બ્રહ્મચર્ય – હિંસાદિ પાપનો પરિહાર કરીને તે ધર્મના બદલામાં આગળના ભવ માટે દિવ્ય ઔદારિક વિષયભોગો પ્રાર્થે છે. નિયાણું કરીને દેવાંગનાઓ મેળવે એટલે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થાય, સંસારના પૌદ્‌ગલિક સુખો મેળવવાની ઇચ્છાથી નિયાણું કરે.

૩૯૯. વિમધ્યમ પુરુષો તે કહેવાય જેઓ તેવા પ્રકારના અધ્યવસાય અંગીકાર કરીને શ્રાવકના વ્રતો સ્વીકાર્યા હોય.

૪૦૦. જે અધમ અને અધમાધમ છે, તેઓ એકાંતે સ્ત્રીઓ માટે કહ્યું તેમ કર્મસ્થિતિ ઉપાર્જે. વિશેષ એ કે પુરુષને સ્ત્રીઓના રાગોત્પાદક સ્તન, મુખાદિ અવયવો યોનિ આદિ અંગો ઉપર અધિક રાગ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે પુરુષોના છ પ્રકારો જણાવ્યા.

૪૦૧. ગૌતમ ! કેટલીક સ્ત્રી ભવ્ય, દૃઢ સમકિતી હોય છે. તેઓ સર્વોત્તમ પુરુષની કક્ષામાં આવે, પણ બધી સ્ત્રી એવી ન હોય.

૪૦૨. ગૌતમ ! જે સ્ત્રીને ત્રણ કાળ પુરુષ સંયોગની પ્રાપ્તિ ન થઈ, પુરુષ સંયોગ સંપ્રાપ્તિ સ્વાધીન છતા પંદરમાં સમયે પણ પુરુષ સાથે મેળાપ ન થયો. તો જેમ ઘણા કાષ્ઠ, તૃણ, ઇંધણથી ભરપૂર કોઈ ગામ, નગર કે અરણ્યમાં અગ્નિ સળગ્યો, ત્યારે પ્રચંડ પવન ફૂંકાયો, અગ્નિ વિશેષ પ્રદીપ્ત થયો. બાળી–બાળીને લાંબા કાળે તે અગ્નિ સ્વયં ઓલવાઈને શાંત થાય, તેમ સ્ત્રીનો કામાગ્નિ પ્રદીપ્ત થઈ વૃદ્ધિ પામે છે. પણ ચોથા સમયે શાંત થાય. એ પ્રમાણે યાવત્ સત્તાવીશમાં સમયે શાંત થાય, જે રીતે દીપશિખા એકદમ અદ્રશ્ય થયેલ જણાય, પણ ફરી તેલ પૂરવાથી કે સ્વયં કે તેવા ચૂર્ણના યોગથી પાછી પ્રગટ થઈને પ્રચલાયમાન થતી સળગવા લાગે. તેમ સ્ત્રી પણ પુરુષ દર્શનથી કે

વાતચીતથી તેના આકર્ષણ–મદ–કંદર્પથી તેના કામાગ્નિ સતેજ થાય છે, ફરી પણ જાગૃત થાય છે.

૪૦૩. ગૌતમ ! આવા સમયે જો સ્ત્રી ભય, લજ્જા, કુળ–કલંકનો દોષ ધર્મશ્રદ્ધા આદિથી કામવેદના સહી લે, અસભ્યાચરણ ન સેવે, તે સ્ત્રી ધન્ય છે. પુન્યવંતી, વંદનીય, પૂજ્ય, દર્શનીય, સર્વ લક્ષણવાળી, સર્વ કલ્યાણ સાધિકા, સર્વોત્તમ મંગલનિધિ શ્રુત દેવતા, સરસ્વતી પવિત્ર દેવી, અચ્યુતા, ઇંદ્રાણી, પરમ પવિત્રા, ઉત્તમા છે. સિદ્ધિ–મુક્તિ–શાશ્વતા–શિવગતિ નામે સંબોધ્યા છે.

૪૦૪. જો તે સ્ત્રી વેદના ન સહે, અકાર્યાચરણ કરે, તો તે સ્ત્રી અધન્યા, અપુન્યવંતી, અપૂજ્યા, અદર્શનીય, અલક્ષણી, ભંગ ભાગ્યા, સર્વે અમંગલ અને અકલ્યાણના કારણવાળી, શીલ–ભ્રષ્ટા, આચારભ્રષ્ટા, નિંદનીયા, તિરસ્કાર્ય, ધૃણા યોગ્યા, મહાપાપીણી, અપવિત્રા છે. ગૌતમ! સ્ત્રીઓ આપલ્ય, ભય, કાયરતા, લોલુપતા, ઉન્માદ, કંદર્પ, અભિમાન, પરાધીનતા અને બળાત્કારથી જાણી જોઈને આ સ્ત્રીઓ શીલ–સંયમથી ભ્રષ્ટ થાય છે. દૂરસ્થ માર્ગ, ગામ, નગર, રાજધાનીમાં વંશ તજ્યા વિના પુરુષ સાથે અયોગ્ય આચરણ કરે, વારંવાર પુરુષ ભોગવવા અભિલષે, પુરુષ સાથે ક્રીડા કરે તો પૂર્વે કહ્યા પ્રમાણે તે પાપીણી દેખવા લાયક પણ નથી.

તે જ પ્રમાણે કોઈક સાધુ તેવી સ્ત્રીને જુએ પછી ઉન્માદ, અભિમાન, કંદર્પ, પરાધીનતા અને સ્વઇચ્છાથી જાણી જોઈને, પાપના ડર વિના કોઈક આચાર્ય સાધુ, રાજાથી પ્રશંસિત, વાયુલબ્ધિક, તપલબ્ધિક, યોગલબ્ધિક, વિજ્ઞાનલબ્ધિક, યુગપ્રધાન, પ્રવચન પ્રભાવક એવા મુનિ પણ જો તે કે બીજી સ્ત્રી સાથે રમણ કરે, અભિલાષા કરે, ભોગવવા ઇચ્છે, ભોગવે યાવત્ અતિ રાગથી અનાચરણીય સેવે, તો તે મુનિ અતિ દુષ્ટ, તુચ્છ, ક્ષુદ્રલક્ષણ, અધન્ય, અવંદનીય, અદર્શનીય, અહીતકારી, અપ્રશસ્ત, અકલ્યાણકર, અમંગલ, નિંદનીય, ગર્હણીય, તિરસ્કાર્ય, દુગંછનીય, પાપી–મહાપાપી–અતિ મહાપાપી, ભ્રષ્ટશીલ, ભ્રષ્ટચારિત્રી તથા મહાપાપકર્મ કરનાર છે.

તેથી જ્યારે તે પ્રાયશ્ચિત્તાર્થે તૈયાર થાય ત્યારે મંદજાતિ કે અશ્વવત્, વજ્રઋષભનારાચ સંઘયણી, ઉત્તમ પરાક્રમી, ઉત્તમ સત્ત્વવાળા, ઉત્તમ તત્ત્વજ્ઞાતા, ઉત્તમ વીર્ય, સામર્થ્યવાન ઉત્તમ સંયોગવાળા, ધર્મશ્રદ્ધા વાળા, પ્રાયશ્ચિત્ત કરતી વેળા ઉત્તમ સમાધિચરણ સ્થિતિ અનુભવતા હોય છે. ગૌતમ! તેથી તેવા સાધુને શાસ્ત્રોમાં મહાનુભાવ, પાપ સ્થાનક પરિહારી, બ્રહ્મચર્ય ગુપ્તિ પાલકાદિ ગુણવાળા કહ્યા છે.

૪૦૫. ભગવન્ ! શું પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થઈ જાય ? ગૌતમ ! કેટલાકની થાય અને કેટલાકની ન થાય. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જે કોઈ પુરુષ માયા, દંભ, કપટ, ઠગવાના સ્વભાવવાળા હોય, વક્રાચારી હોય, તે આત્મા શલ્યિત રહીને પ્રાયશ્ચિત્ત સેવે છે. તેનું અંતઃકરણ વિશુદ્ધ ન હોવાથી કલુષિત આશય છે તેથી તેમની શુદ્ધિ થતી નથી. કેટલાક આત્મા સરળ હોય છે. જેથી જેમ દોષ લાગ્યો હોય તેમ ગુરુને યથાર્થ નિવેદન કરે છે. તેથી તેઓ નિઃશલ્ય, નિઃશંક તદ્દન સ્પષ્ટપણે પ્રગટ આલોચના સ્વીકારી યથોક્ત પ્રાયશ્ચિત્ત સેવે. તે નિર્મળતા નિષ્કલુષતાથી વિશુદ્ધ થાય છે. તે કારે એમ કહેવાય છે કે નિઃશલ્યાશય શુદ્ધ થાય, શલ્યિત શુદ્ધ ન થાય.

૪૦૬, ૪૦૭. ગૌતમ ! આ સ્ત્રીઓ પુરુષો માટે સર્વે પાપકર્મોની, સર્વે અધર્મોની ધનવૃષ્ટિરૂપ વસુધારા સમાન છે, મોહ અને કર્મરજના કાદવની ખાણ સમાન, સદ્‌ગતિના માર્ગની અર્ગલા, નરક માટે નિસરણી, ભૂમિહીન વિષવેલ, અગ્નિહીન અંબાડીયું, ભોજન રહિત વિસૂચિકા, નામહીન વ્યાધિ, ચેતનારહિત મૂર્છા, ઉપસર્ગરહિત મરકી, બેડી રહિત કેદ, દોરડા રહિત ફાંસો, અકસ્માત મૃત્યુ, એ સર્વે ઉપમા સ્ત્રીને લાગુ પડી શકે. આવા અસુંદર વિશેષણવાળી સ્ત્રી સાથે પુરુષે મનથી પણ ભોગ ચિંતા ન કરવી, અધ્યવસાય ન કરવો, પ્રાર્થના ધારણા વિકલ્પ – સંકલ્પાદિ ત્રિવિધે ન કરવા.

ગૌતમ ! જેમ કોઈ વિદ્યા કે મંત્રના અધિષ્ઠાતા તેના સાધકની ખરાબ હાલત કરે, તેમ સ્ત્રી પણ પુરુષની દુર્દશા કરીને કલંક ઉત્પાદક થાય છે. હિંસાનો સંકલ્પ કરનારને જેમ ધર્મ ન સ્પર્શે તેમ સ્ત્રીના સંકલ્પ કર્તાને ધર્મ ન

સ્પર્શે. ચારિત્રમાં સ્ખલના થઈ હોય તો સ્ત્રીના સંકલ્પવાળાને આલોચના, નિંદા, ગર્હા, પ્રાયશ્ચિત્તનો અધ્યવસાય ન થાય. આલોચનાદિ ન કરવાથી અનંતકાળ સુધી દુઃખ સમૂહવાળા સંસારમાં ભમવું પડે છે. પ્રાયશ્ચિત્ત વિશુદ્ધિ કરી હોવા છતાં પણ ફરી તેના સંસર્ગમાં આવવાથી અસંયમ પ્રવૃત્તિ કરવી પડે છે. મહાપાપ કર્મરાશિસમ, સાક્ષાત હિંસા પિશાચિણી સમ, ત્રણે લોકથી તિરસ્કાર પામેલી, પરલોકના નુકસાનને ન જોનારા, ઘોરાધંકાર પૂર્ણ નરકાવાસ સમ, નિરંતર અનેક દુઃખના નિધાન સમ, સ્ત્રીના અંગોપાંગ, મર્મસ્થાનો કે તેના રૂપ લાવણ્ય–મીઠી વાચાળતા કે કામરાગ વૃદ્ધિકર તેના દર્શનનો અધ્યવસાય પણ ન કરવો.

૪૦૮. ગૌતમ ! સ્ત્રીઓ પ્રલયકાળની રાત્રિ સમ હંમેશા અંધકાર અજ્ઞાનથી લીંપાયેલ હોય છે. વિજળી સમ ક્ષણમાં જોતા જ નાશ પામવાના સ્નેહ સ્વભાવવાળી, શરણાગત ઘાતકની જેમ તત્કાળ જન્મ આપેલ બાળકના જીવનું જ ભક્ષણ કરનાર સમ મહાપાપ કરનારી સ્ત્રીઓ હોય છે. પવનયોગે ઉછળતી લવણ સમુદ્રવેળા સમાન અનેક પ્રકારના તરંગોની શ્રેણીની જેમ એક સ્થાને એક સ્વામીના વિશે સ્થિર મન કરીને ન રહેનારી, સ્વયંભૂરમણ સમુદ્ર માફક સ્ત્રીઓનું હૃદય અતિ ગૂઢ હોય છે, જેથી તેને પારખવું મુશ્કેલ છે. સ્ત્રીઓ પવન સમાન ચંચળ સ્વભાવી, અગ્નિ સમ સર્વભક્ષી, વાયુ જેમ સર્વને સ્પર્શ કરનારી, ચોરની જેમ પરપદાર્થ પ્રાપ્તિની લાલસાવાળી હોય છે.

કૂતરાને રોટલાનો ટૂકડો આપો એટલો વખત મિત્ર બની જાય, તેમ જ્યાં સુધી સ્ત્રીને ધન આપો, ત્યાં સુધી મૈત્રી રાખનારી, પછી વૈરિણી થનારી. મત્સ્યો મોજામાં ભેગા થઈ કાંઠે છૂટા પડે તેમ નજીક હોય ત્યાં સુધી સ્નેહ રાખનારી, દૂર જતા ભૂલી જનારી હોય. આ રીતે અનેકલાખો દોષોથી ભરેલા એવા અંગોપાંગવાળી, બાહ્ય–અભ્યંતર અવિનય રૂપ મહાપાપકારી, વિષયની વેલડી, અવિનયના કારણે અનર્થના સમૂહને ઉત્પન્ન કરનારી સ્ત્રીઓ હોય છે.

જે સ્ત્રીના શરીરથી નિરંતર ઝરતા દુર્ગંધી, અશુચિ, સડેલ, કુત્સનીય, નિંદનીય, તિરસ્કારણીય અંગોપાંગવાળી, પરમાર્થથી વિચારતા તેના અંદર અને બહારના શરીરના અવયવોથી જ્ઞાત, મહાસત્ત્વશાળી, કામદેવથી કંટાળેલા, વૈરાગ્ય પામેલા આત્માઓને જ્ઞાત, સર્વોત્તમ ઉત્તમ ધર્માધર્મ સ્વરૂપ સમજેલાને આવા પ્રકારની ઉક્ત સ્ત્રીની અભિલાષા ક્ષણવાર પણ કેમ થાય ?

૪૦૯, ૪૧૦. જેની અભિલાષા પુરુષ કરે છે, તે સ્ત્રીની યોનિમાં પુરુષના એક સંયોગમાં નવ લાખ પંચેન્દ્રિય સંમૂર્ચ્છિમ જીવોનો વિનાશ થાય છે. તે જીવો અત્યંત સૂક્ષ્મ સ્વરૂપ હોવાથી ચર્મચક્ષુથી જોઈ શકાતા નથી. તેથી કહે છે કે – સ્ત્રી સાથે એક કે અનેકવાર વાત ન કરવી. તેના અંગોપાંગ રાગથી ન નીરખવા, યાવત્ બ્રહ્મચારી પુરુષે માર્ગમાં સ્ત્રી સાથે ગમન ન કરવું.

૪૧૧. ભગવન્ ! સ્ત્રી સાથે સંલાપ ન કરવો, અંગોપાંગ ન જોવા કે મૈથુન સેવન તજવું ? ગૌતમ ! તે બધું છોડવું. ભગવન્ ! સ્ત્રીના સમાગમરૂપ મૈથુન જેવું કે ઘણા પ્રકારે સચિત્ત–અચિત્ત વસ્તુ વિષયક મૈથુન પરિણામ ત્રિવિધે સર્વથા યાવજ્જીવ તજવા ? હે ગૌતમ ! તે સર્વે સર્વ પ્રકારે ત્યાગ કરવા.

૪૧૨.ભગવન્ ! જે કોઈ સાધુ–સાધ્વી મૈથુન સેવે, તે વંદન કરાવે ? ગૌતમ ! જે કોઈ સાધુ–સાધ્વી દિવ્ય–માનુષી કે તિર્યંચ સંગથી યાવત્ હસ્તકર્માદિ સચિત્ત વસ્તુ વિષયક દુષ્ટાધ્યવસાયથી ત્રિવિધે પોતે મૈથુન સેવે, બીજાને પ્રેરીને મૈથુન સેવડાવે, સેવતાને સારા માને, કૃત્રિમ અને સ્વાભાવિક ઉપકરણથી તે જ પ્રમાણે ત્રિવિધ–ત્રિવિધે મૈથુન સેવે–સેવડાવે–અનુમોદે, **તે સાધુ–સાધ્વી દુરંત વિપાકી, અસુંદર, અતિ ખરાબ, અદર્શનીય, સંસારમાર્ગ સેવી, મોક્ષમાર્ગથી દૂર, મહાપાપકર્મા છે. તે વંદન કરવા–કરાવવા કે કરનારને સારો માનવા લાયક નથી.** ત્રિવિધે અવંદ્ય છે. જ્યાં સુધી પ્રાયશ્ચિત્ત કરી વિશુદ્ધ ન થાય, ત્યાં સુધી બીજા પાસે વંદન ન કરાવે.

ભગવન્ ! એવાને વંદન કરનાર શું મેળવે ? ૧૮૦૦૦ શીલાંગધારી મહાનુભાવ તીર્થંકરની મહાન આશાતના કરનારો થાય, આશાતનાથી યાવત્ અનંત સંસારીપણું મેળવે છે.

૪૧૩ થી ૪૧૫. ગૌતમ ! એવા પણ કેટલાંક છે, જેઓ સ્ત્રીનો ત્યાગ સારી રીતે કરે છે, મૈથુન પણ છોડે છે, પણ પરિગ્રહ મમતા છોડી શકતા નથી. **સચિત્ત–અચિત્ત કે ઉભય, થોડું ઘણું જેટલા પ્રમાણમાં તેની મમતા રાખે, ભોગવે, તેટલા પ્રમાણમાં સંગવાળો કહેવાય. સંગવાળો પ્રાણી જ્ઞાનાદિ ત્રણ સાધી ન શકે**, માટે પરિગ્રહ તજવો.

૪૧૬. ગૌતમ ! એવા પણ છે, જેઓ પરિગ્રહ પણ તજે છે. પણ આરંભ તજતા નથી, તેઓ પણ ભવ પરંપરા પામનારા કહેવાય.

૪૧૭. ગૌતમ ! આરંભાર્થે સજ્જ થઈ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય જીવના સંઘટ્ટન આદિ કર્મ કરે, તો જેવું પાપ કર્મ બાંધે છે તે તું સમજ.

૪૧૮ થી ૪૨૦. કોઈ બેઈન્દ્રિય જીવને બળાત્કારે, તેની ઈચ્છા ન હોય તો પણ એક સમય માટે હાથ–પગ–સળી આદિ ઉપકરણથી અગાઢ સંઘટ્ટો કરે, સંઘટ્ટો કરાવે, એમ કરનારને સારા માને. તો હે ગૌતમ !અહી આ પ્રમાણે બાંધેલું કર્મ જ્યારે પ્રાણીને ઉદયમાં આવે છે, ત્યારે તેના વિપાકને મોટા ક્લેશથી છ માસ સુધી ભોગવવા પડે છે. તે જ કર્મ ગાઢ સંઘટ્ટાથી બાર વર્ષ સુધી ભોગવવું પડે છે. અગાઢ પરિતાપે ૧૦૦૦ વર્ષ, ગાઢ પરિતાપે ૧૦,૦૦૦ વર્ષ, અગાઢ કીલામણાથી લાખ વર્ષ, ગાઢ કીલામણાથી દશ લાખ વર્ષ અને જો મરણ પમાડે તો એક ક્રોડ વર્ષ તે કર્મોની વેદના ભોગવે. એ જ પ્રમાણે ત્રણ, ચાર, પાંચ ઈન્દ્રિયોવાળા માટે સમજવું.

ગૌતમ ! **સૂક્ષ્મ પૃથ્વીકાયના એક જીવની જેમાં વિરાધના થાય તેને સર્વ કેવલી અલ્પારંભ કહે છે. પણ સૂક્ષ્મ પૃથ્વીકાયનો વિનાશ જેમાં થાય છે, તેને સર્વ કેવલીઓ મહારંભ કહે છે.**

૪૨૧. ગૌતમ ! એવી રીતે ઉત્કટ કર્મો અનંત પ્રમાણમાં એકઠા થાય છે, જે આરંભમાં પ્રવર્તે છે તે આત્મા કર્મોથી બંધાય છે.

૪૨૨, ૪૨૩. આરંભકર્તા બદ્ધ, સ્પૃષ્ટ, નિકાચિત અવસ્થાવાળા કર્મો બાંધે માટે આરંભ તજવા. પૃથ્વીકાયાદિ જીવોનો સર્વભાવે સર્વ પ્રકારે અંત લાવનાર આરંભોને તજનાર સત્વરે જન્મ–જરા–મરણ સર્વ પ્રકારના દારિદ્ર અને દુઃખોથી મુક્ત બને છે.

૪૨૪ થી ૪૨૬. ગૌતમ! જગતમાં એવા પણ જીવો છે જેઓ આ જાણ્યા પછી પણ એકાંત સુખશીલતાને લીધે સમ્યગ માર્ગની આરાધનામાં પ્રવૃત્તિ કરી શકતા નથી. કોઈ જીવ સમ્યગ માર્ગમાં જોડાઈને ઘોર–વીર સંયમ તપને સેવે, પણ તેની સાથે આ પાંચ બાબતોને તજે નહીં તો તેના સેવેલા સંયમ તપ સર્વ નિરર્થક છે. તે આ –
૧. કુશીલત્વ, ૨. ઓસન્નત્વ, ૩. સ્વચ્છંદત્વ, ૪. શબલત્વ અને પાર્શ્વસ્થત્વ. એ પાંચેને દૃષ્ટિથી પણ ન નીરખે.

૪૨૭. સર્વજ્ઞ ભગવંતે ઉપદેશેલ માર્ગ સર્વ દુઃખનાશક છે. પરંતુ શાતા ગૌરવવાળો, શિથિલ આચારી, સર્વજ્ઞોક્ત મોક્ષમાર્ગને તજે છે.

૪૨૮. સર્વજ્ઞોક્ત એક પદ કે અર્થને પણ જે ન માને, રૂચિ ન કરે, વિપરીત પ્રરૂપે. તે નક્કી મિથ્યાદષ્ટિ સમજવો.

૪૨૯. એ પ્રમાણે જાણીને તે પાંચના સંસર્ગ, દર્શન, સંવાદ, પરીચય, સહવાસાદિ સર્વે કલ્યાણાર્થીઓએ સર્વે ઉપાયોથી વર્જવા.

૪૩૦. ભગવન્ ! શીલ ભ્રષ્ટોના દર્શનનો આપ નિષેધ કરો છો અને પ્રાયશ્ચિત્ત તો તેને આપો છો, બંને વાત કઈ રીતે સંગત થાય ?

૪૩૧. ગૌતમ ! શીલભ્રષ્ટોને સંસાર સાગર તરવો ઘણો મુશ્કેલ છે. માટે અવશ્ય તેમની અનુકંપા કરી તેને પ્રાયશ્ચિત્ત અપાય છે.

૪૩૨. ભગવન્ ! શું પ્રાયશ્ચિત્ત કરવાથી નરકાયુ છેદાઈ જાય ? પ્રાયશ્ચિત્ત કરીને પણ ઘણા આત્મા દુર્ગતિમાં

ગયા છે.

૪૩૩, ૪૩૪. ગૌતમ ! જેમણે અનંત સંસાર ઉપાર્જન કરેલો છે, એવા આત્મા નક્કી પ્રાયશ્ચિત્તથી તેનો નાશ કરે છે. તો નરકાયુ કેમ ન તોડે ? પ્રાયશ્ચિત્તથી કશું અસાધ્ય નથી, સિવાય બોધિલાભ. કેમ કે એક વખત બોધિલાભ હારી જાય તો ફરી મળવો મુશ્કેલ છે.

૪૩૫, ૪૩૬. અપ્કાય પરિભોગ, અગ્નિકાયારંભ, મૈથુન સેવન અબોધિનો લાભ આપનારા છે, માટે તેને વર્જવા તેથી અબોધિ બંધાવનાર આ અપ્કાયાદિ ત્રણેને સંયમાત્મા પ્રયત્નપૂર્વક ત્યાગે.

૪૩૭. ભગવન્ ! ઉત્તમ કાર્યોથી અબોધિ લાભ થાય તો ગૃહસ્થો હંમેશાં તેવા કાર્યોમાં પ્રવર્તેલા હોય જ છે. તેમને શિક્ષાવ્રત, ગુણવ્રતો, અણુવ્રતો ધારણ કરવા નિષ્ફળ ગણાય.

૪૩૮ થી ૪૪૩. ગૌતમ ! મોક્ષમાર્ગ બે ભેદે છે – ઉત્તમ શ્રમણનો, ઉત્તમ શ્રાવકનો. પહેલો મહાવ્રતધારીનો, બીજો અણુવ્રતધારીનો. સાધુએ ત્રિવિધે ત્રિવિધે સર્વ પાપવ્યાપાર આજીવન તજેલ છે. મોક્ષસાધનભૂત ઘોર મહાવ્રતો શ્રમણોએ સ્વીકારેલ છે. ગૃહસ્થે પરિમિત કાલ માટે વિવિધ એકવિધ કે ત્રિવિધે સ્થૂલપણે સાવદ્ય ત્યાગ કર્યો છે. જ્યારે સાધુએ ત્રિવિધે ત્રિવિધે મૂર્ચ્છા, ઇચ્છા, આરંભ, પરિગ્રહનો ત્યાગ કર્યો છે. પાપ વોસિરાવીને જિનલિંગ વેશને ધારણ કરેલ છે. જ્યારે ગૃહસ્થો ઇચ્છા, આરંભ પરિગ્રહ ત્યાગ વિના સ્વ સ્ત્રીમાં આસક્ત રહીને જિનેશ્વરના વેશને ધારણ કર્યા વિના શ્રમણોની સેવા કરે છે. માટે ગૌતમ ! એક દેશથી ગૃહસ્થો પાપ ત્યાગનું વ્રત પાળે છે, તેથી તેના માર્ગની ગૃહસ્થને આશાતના થતી નથી.

૪૪૪, ૪૪૫. જેમણે સર્વે પાપના પ્રત્યાખ્યાન કર્યા છે. પાંચ મહાવ્રતો ધારણ કર્યા છે, વેશને સ્વીકાર્યો છે, **તેઓ મૈથુન, અપ્કાય, અગ્નિકાય, સેવનને ન ત્યાગે તો તેમને મહા આશાતના કહી છે.** તેથી આ ત્રણના સેવનની મનથી પણ અભિલાષા ન કરવી.

૪૪૬, ૪૪૭. ગૌતમ ! **ઘણું દઢ વિચારી આ કહ્યું છે કે સાધુ અબોધિલાભ કર્મ બાંધે, ગૃહસ્થ ન બાંધે, સંયત મુનિ આ હેતુથી અબોધિલાભ કર્મ બાંધે – આજ્ઞા ઉલ્લંઘન, વ્રતભંગ, ઉન્માર્ગ પ્રવર્તન.**

૪૪૮. **મૈથુન, અપ્કાય, તેઉકાય ત્રણેના સેવનથી અબોધિ લાભ થાય, માટે મુનિ પ્રયત્નપૂર્વક તેને સર્વથા તજે.**

૪૪૯. જે આત્મા પ્રાયશ્ચિત્તસેવી, મનમાં સંકલેશ રાખે તેમજ યથોક્ત ન કરે, તો તે નરકમાં જાય.

૪૫૦. ગૌતમ ! મંદ શ્રદ્ધાવાળો પ્રાયશ્ચિત્ત ન કરે, કરે તો પણ ક્લિષ્ટ મનથી કરે, તો તેમની અનુકંપા વિરોધ વાળી ન ગણાય ?

૪૫૧, ૪૫૨. ગૌતમ ! રાજાદિ સંગ્રામમમાં યુદ્ધ કરે છે, ત્યારે તેમાં કેટલાક સૈનિકો ઘાયલ થાય, શરીરમાં બાણ ભોંકાય, બાણ કે શલ્ય કાઢતા તેને દુઃખ થાય, પણ શલ્યોદ્ધાર કરતાની અનુકંપામાં વિરોધ ગણાતો નથી. તેમ સંસારરૂપી સંગ્રામમમાં અંદરના કે બહારના ભાવશલ્યોનો ઉદ્ધાર કરવામાં અનુપમ અનુકંપા કહેલી છે.

૪૫૩ થી ૪૫૫. ભગવન્ ! શરીરમાં શલ્ય છે ત્યાં સુધી જીવો દુઃખાનુભવ કરે છે, શલ્ય કઢાતા સુખી થાય છે. તે પ્રમાણે અરિહંત, સિદ્ધ, સાધુ, ધર્મથી વિપરીત થઈ જે કંઈ અકાર્ય આચર્યું હોય તેનું પ્રાયશ્ચિત્ત કરી સુખી થાય. ભાવિ શલ્ય દૂર થતા સુખી થાય. જે દીન છે, તેને દુષ્કર અને દુઃખે આચરી શકાય તેવા પ્રાયશ્ચિત્તથી શો લાભ ?

૪૫૬, ૪૫૭. ગૌતમ ! શરીરમાંથી શલ્ય કાઢ્યું, પણ ઘા રૂઝાવવા જ્યાં સુધી મલમપટ્ટો ન કરાય તો ઘા રૂઝાતો નથી. તેમ ભાવશલ્યના ઉદ્ધાર પછી પ્રાયશ્ચિત્ત એ મલમપટ્ટા સમાન છે. દુઃખે કરીને રૂઝાતા પાપરૂપ ઘાને રૂઝાવવા પ્રાયશ્ચિત્ત અમોઘ ઉપાય છે.

૪૫૮ થી ૪૬૦. ભગવન્! સર્વજ્ઞોક્ત પ્રાયશ્ચિત્ત આચરવા, સાંભળવા કે જાણવાથી સર્વ પાપોની શુદ્ધિ થાય ? ઉનાળામાં તાપમાં અતિ તૃષા લાગે, અતિ સ્વાદિષ્ટ શીતળ જળ નજીક હોય, પણ પાન ન કરો ત્યાં સુધી તૃષા શાંત ન

થાય તેમ પ્રાયશ્ચિત્ત જાણી નિષ્કપટ ભાવે સેવન ન કરાય ત્યાં સુધી પાપ વધે પણ ઘટે નહીં.

૪૬૧, ૪૬૨. ભગવન્ ! પ્રમાદથી પાપની વૃદ્ધિ થાય ? ક્યારેક આત્મા સાવધાન થઈ પાપ કરતો અટકે તો પાપ એટલું જ રહે કે વધતું રોકાઈ જાય ? ગૌતમ ! પ્રમાદથી સર્પ ડંખ લાગ્યો. પછી અનિચ્છા છતાં ઉપયોગવંતને પણ વિષ વૃદ્ધિ થાય. તેમ પાપ પણ વધે છે.

૪૬૩ થી ૪૬૫. ભગવન્ ! પરમાર્થજ્ઞાતા પ્રાયશ્ચિત્તજ્ઞે પણ પોતાના અકાર્યો બીજાને કહેવા પડે ? ગૌતમ ! મનુષ્યો મંત્ર, તંત્રથી કરોડોને નિઃશલ્ય અને ડંખ રહિત કરી મૂર્ચ્છિતોને પણ ઊભા કરી શકે. એવા જ્ઞાતા પણ ડંખવાળા થાય. નિશ્ચેષ્ટ બને, યુદ્ધમાં ઘવાય. તેને બીજા શલ્ય રહિત – મૂર્ચ્છા રહિત બનાવે. એમ શીલથી ઉજ્જ્વલ સાધુ પણ નિપુણ હોવા છતાં યથાર્થપણે બીજા સાધુને સ્વપાપ પ્રકાશિત કરે. તેથી બીજા પાસે પોતાની આલોચના પ્રાયશ્ચિત્ત વિધિપૂર્વક કરવી.

**મહાનિશીથ સૂત્ર, અધ્યયન-૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૩ 'કુશીલ લક્ષણ'

૪૬૬. મહાનિશીથ સૂત્રના ઉક્ત બંને અધ્યયનોની વિધિપૂર્વક સર્વે શ્રમણ–શ્રમણીને વાચના આપવી.

## હવે અધ્યયન–૩.

૪૬૭. **આ ત્રીજું અધ્યયન સાધુ, સાધ્વી, શ્રાવક–શ્રાવિકાને ચારેને સંભળાય તેવું છે.** કારણ કે અતિ મહાન અને અતિ શ્રેષ્ઠ આજ્ઞાથી શ્રદ્ધા કરવા યોગ્ય સૂત્રો અને અર્થો છે. તેને યથાર્થ વિધિથી યોગ્ય શિષ્યને આપવું જોઈએ.

૪૬૮, ૪૬૯. જે કોઈ આને પ્રગટપણે પ્રરૂપે, સારી રીતે યોગ કર્યા વગરનાને આપે, અબ્રહ્મચારીને વંચાવે, ઉદ્દેશાદિક વિધિ કર્યા વગરનાને ભણાવે, તે ઉન્માદ–ગાંડપણ પામે, અથવા લાંબા કાળના રોગ–આતંકના દુઃખો ભોગવે, સંયમથી ભ્રષ્ટ થાય અને મરણ સમયે આરાધના ન પામે.

૪૭૦ થી ૪૭૩. પહેલાં અધ્યયનમાં પૂર્વ વિધિ જણાવેલો છે. બીજામાં આવા પ્રકારે વિધિ કહેવો, બાકીના અધ્યયનો અવિધિ સમજવા.

બીજા અધ્યયનમાં પાંચ આયંબિલ, તેમાં નવ ઉદ્દેશા થાય છે. ત્રીજામાં આઠ આયંબિલ અને સાત ઉદ્દેશા, ત્રીજાની જેમ ચોથા અધ્યયનમાં જાણવું, પાંચમામાં છ આયંબિલ, છઠ્ઠામાં બે, સાતમામાં ત્રણ, આઠમામાં દશ આયંબિલ, એમ સતત આયંબિલ તપ સંલગ્ન આઉત્તવાયણા સહિત આહાર–પાણી ગ્રહણ કરીને આ મહાનિશીથ નામક શ્રેષ્ઠ શ્રુતસ્કંધને વહન–ધારણ કરવું જોઈએ.

૪૭૪. ગંભીરતાવાળા, મહાબુદ્ધિશાળી તપોગુણ યુક્ત સારી રીતે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોય, કાલગ્રહણ વિધિ કરેલ હોય તેવા એ વાચનાચાર્ય પાસે વાંચના ગ્રહણ કરવી જોઈએ.

૪૭૫, ૪૭૬. હંમેશા ક્ષેત્રની શુદ્ધિ સાવધાનીથી જ્યારે કરે ત્યારે આ વંચાવવું, ભણાવવું, નહીંતર કોઈ ક્ષેત્ર દેવતાથી હેરાનગતિ પામે.

અંગ અને ઉપાંગો વગેરે સૂત્રનું આ સારભૂત શ્રેષ્ઠ તત્ત્વ છે. જેમ મહાનિધિને અવિધિથી ગ્રહણ કરવામાં આવે તો ઠગાય તેમ આ શ્રુતસ્કંધને અવિધિથી ગ્રહણ કરવામાં ઠગવાનો પ્રસંગ ઉત્પન્ન થાય.

૪૭૭, ૪૭૮. અથવા તો શ્રેયકારી કાર્યો ઘણા વિઘ્નવાળા હોય છે, શ્રેયમાં પણ શ્રેય આ શ્રુતસ્કંધ છે, માટે તે નિર્વિઘ્ને ગ્રહણ કરવું જોઈએ.

જે ધન્ય, પુન્યવંત હોય તે જ આને વાંચી શકે.

૪૭૯. ભગવન્ ! તે કુશીલાદિનું લક્ષણ કેવું હોય ? કે જેને બરાબર જાણીને તેનો સર્વથા ત્યાગ કરી શકાય.

૪૭૯ થી ૪૮૧. ગૌતમ ! સામાન્યથી તેમનું લક્ષણ આ રીતે સમજવું. સમજીને–જાણીને તેઓનો સંસર્ગ સર્વથા ત્યાગ કરવો. કુશીલના ૨૦૦ પ્રકાર જાણવા.

ઓસન્ન બે પ્રકારે કહ્યા. જ્ઞાનાદિના પાસત્થા બાવીશ પ્રકારે અને શબલ ચારિત્રી ત્રણ પ્રકારના જાણવા. તેમાં પહેલાં કુશીલને કહું છું જેના સંસર્ગથી મુનિ ક્ષણવારમાં ભ્રષ્ટ થાય.

૪૮૨ થી ૪૮૪. તેમાં સંક્ષેપથી કુશીલ બે પ્રકારવાળો છે – **૧.** પરંપરા કુશીલ, **૨.** અપરંપરા કુશીલ.

તેમાં પરંપરા કુશીલને બે ભેદે જાણવો –**૧.** સાત, આઠ ગુરુ પરંપરા કુશીલ, **૨.** એક, બે, ત્રણ ગુરુ પરંપરા કુશીલ. અપરંપરા કુશીલ પણ બે પ્રકારે જાણવો – આગમ થકી અને ગુરુપરંપરા થકી,

ક્રમમાં જે કોઈ કુશીલ હતા, તે જ કુશીલ ગણાય.

૪૮૫, ૪૮૬. નો આગમથી કુશીલ અનેક પ્રકારના જાણવા. તે આ રીતે – જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ, ચારિત્ર–કુશીલ, તપકુશીલ, વીર્યઆચારમાં કુશીલ તેમાં જે જ્ઞાનકુશીલ છે તે ત્રણ પ્રકારના જાણવા–પ્રશસ્તાપ્રશસ્ત

જ્ઞાનકુશીલ, અપ્રશસ્ત જ્ઞાનકુશીલ અને સપ્રશસ્ત જ્ઞાનકુશીલ.

૪૮૭. તેમાં જે પ્રશસ્તાપ્રશસ્ત જ્ઞાનકુશીલ બે પ્રકારના જાણવા – આગમથી, નો આગમથી. તેમાં આગમથી વિભંગજ્ઞાનીએ પ્રરૂપેલ પ્રશસ્તાપ્રશસ્ત પદાર્થ સમૂહવાળા અધ્યયનો ભણાવવા તે અધ્યયન કુશીલ.

નો આગમથી અનેક પ્રકારના પ્રશસ્તાપ્રશસ્ત પરપાખંડના શાસ્ત્રોના અર્થસમૂહને ભણવા, ભણાવવા, વાચના–અનુપ્રેક્ષા કરવારૂપ કુશીલ.

૪૮૮. તેમાં અપ્રશસ્ત જ્ઞાનકુશીલ **૨૯** પ્રકારે જાણવા–

**૧.** સાવદ્યવાદ વિષયક મંત્ર–તંત્રના પ્રયોગ કરવારૂપ કુશીલ.

**૨.** વિદ્યા મંત્ર–તંત્ર ભણવા–ભણાવવા તે વસ્તુવિદ્યા કુશીલ.

**૩.** ગ્રહણ, નક્ષત્ર–ચાર જ્યોતિષ શાસ્ત્ર જોવા, કહેવા, ભણાવવા રૂપ લક્ષણ કુશીલ.

**૪.** નિમિત્ત કહેવા, શરીરના લક્ષણો જોવા, તેના શાસ્ત્રો ભણાવવા રૂપ લક્ષણ કુશીલ,

**૫.** શકુન શાસ્ત્ર, લક્ષણ શાસ્ત્ર કહેવા–ભણાવવારૂપ લક્ષણ કુશીલ.

**૬.** હસ્તિ શિક્ષા જણાવનાર શાસ્ત્રો ભણવા–ભણાવવા રૂપ લક્ષણ કુશીલ,

**૭.** ધનુર્વેદની શિક્ષા લેવી, તેના શાસ્ત્રો ભણાવવા રૂપ લક્ષણ કુશીલ.

૮. ગંધર્વવેદ પ્રયોગ કરનાર કે શીખવનાર રૂપ કુશીલ.

૯. પુરુષ–સ્ત્રીના લક્ષણ કહેનાર કે તેના શાસ્ત્રો ભણાવનાર રૂપ કુશીલ.

**૧૦.** કામશાસ્ત્રના પ્રયોગ કહેનાર–ભણાવનારા.

**૧૧.** કૌતુક ઇંદ્રજાલના શસ્ત્રનો પ્રયોગ કરનાર–ભણાવનાર.

**૧૨.** લેખનકળા, ચિત્રકળા શીખવવારૂપ,

**૧૩.** લેપકર્મ વિદ્યા ભણાવવા રૂપ કુશીલ.

**૧૪.** વમન–વિરેચનના પ્રયોગો કરવા, કરાવવા, શીખવવા, ઘણી જાતની વેલડીઓ તેના મૂળીયા કઢાવવા કે તે માટે કહેવું, પ્રેરણા આપવી, વનસ્પતિ તોડાવવા–કપાવવા રૂપ ઘણા દોષવાળી વૈદિક વિદ્યાના શાસ્ત્રો પ્રમાણે પ્રયોગ કરવા કે વિદ્યા ભણવારૂપ કુશીલ.

એ પ્રમાણે **૧૫.** અંજન પ્રયોગ, **૧૬.** યોગપૂર્ણ, **૧૭.** સુવર્ણ ધાતુવાદ, **૧૮.** રાજદંડ નીતિ, **૧૯.** શાસ્ત્ર, અસ્ત્ર, અગ્નિ, વિજળી, પર્વત. **૨૦.** સ્ફટિક રત્ન, **૨૧.** રત્ન પરીક્ષા, **૨૨.** રસવેધ વિષયક શાસ્ત્રો, **૨૩.** અમાત્ય શિક્ષા, **૨૪.** ગુપ્ત તંત્ર–મંત્ર, **૨૫.** કાલ–દેશ સંધિ કરાવવી, **૨૬.** લડાઈ કરાવવાનો ઉપદેશ, **૨૭.** શસ્ત્ર, **૨૮.** માર્ગ, **૨૯.** વહાણ વ્યવહાર ઇત્યાદિ નિરૂપણ કરનાર શાસ્ત્રોના અર્થકથન કરવા–કરાવવા, તે અપ્રશસ્ત જ્ઞાન કુશીલ.

આ પ્રમાણે પાપ શ્રુતોની વાચના–વિચારણા–પરાવર્તન, તેનું શોધ–સંશોધન, તેનું શ્રવણ એ અપ્રશસ્ત જ્ઞાન કુશીલ.

૪૮૯. તેમાં સુપ્રશસ્ત જ્ઞાન કુશીલ પણ બે પ્રકારે છે – આગમથી, નોઆગમથી. આગમથી સુપ્રશસ્ત જ્ઞાન એવા પાંચે જ્ઞાનની કે તે જ્ઞાનીની આશાતના કરનાર તે સુપ્રશસ્ત જ્ઞાન કુશલ.

૪૯૦. નોઆગમથી સુપ્રશસ્ત જ્ઞાનકુશીલ આઠ ભેદે જાણવા. તે આ પ્રકારે –

૧.અકાલે સુપ્રશસ્ત જ્ઞાન ભણે–ભણાવે.

૨.અવિનયથી સુપ્રશસ્તજ્ઞાન ગ્રહણ કરે–કરાવે.

૩.તેને અબહુમાનથી ભણે,

૪.ઉપધાન કર્યા વિના ભણે,

૫.જેની પાસે સૂત્રાર્થ ભણ્યા હોય તેને છૂપાવે.

૬.તે સ્વર–વ્યંજન રહિત કે હીનાધિક અક્ષર ભણે–ભણાવે.

૭.સૂત્ર–અર્થ–તદુભય વિપરીતપણે ભણે–ભણાવે.

૮.સંદેહવાળા સૂત્રાદિ ભણે–ભણાવે તે આઠ ભેદ.

૪૯૧. આ આઠે પ્રકારના પદોને જે કોઈ ઉપધાન વહન કર્યા વિના સુપ્રશસ્ત જ્ઞાન ભણે કે ભણાવે તે ભણતા–ભણાવતાને સારા માની અનુમોદે. તે મહાપાપી સુપ્રશસ્ત જ્ઞાનની મહા આશાતના કરનારો થાય છે.

૪૯૨. ભગવન્ ! જો એમ છે તો શું પંચમંગલના ઉપધાન કરવા જોઈએ ? ગૌતમ ! પહેલું જ્ઞાન–પછી દયા એટલે સંયમ અર્થાત્ જ્ઞાનથી ચારિત્ર–દયા પાલન થાય છે. દયાથી સર્વ જગતના તમામ જીવો, પ્રાણો, ભૂતો, સત્ત્વોને પોતાના સમાન દેખનારો થાય છે. તેથી બીજા જીવોને સંઘટ્ટન કરવા, પરિતાપના–કિલામણા–ઉપદ્રવાદિ દુઃખ ઉત્પાદન કરવા, ભય પમાડવા, ત્રાસ આપવા ઈત્યાદિથી દૂર રહેનાર થાય છે.

એમ કરવાથી કર્મનો આશ્રવ થતો નથી. તેનાથી કર્મ આવવાના કારણભૂત આશ્રવ દ્વારો બંધ થાય છે તેથી ઇંદ્રિય દમન ઉપશમ થાય.

તેનાથી શત્રુ–મિત્રમાં સમાનભાવ સહિતપણુ થાય છે. શત્રુ–મિત્ર પ્રત્યે સમાનભાવથી રાગ–દ્વેષ રહિતપણું, તેનાથી ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા થવાથી કષાય રહિતપણું પ્રાપ્ત થાય. તેનાથી સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, તેનાથી અજ્ઞાન, મોહ, મિથ્યાત્વનો ક્ષય થાય છે. તેથી વિવેક આવે. વિવેકથી હેય ઉપાદેય પદાર્થોની યથાર્થ વિચારણા તેમજ એકાંત મોક્ષ માટે દઢ નિશ્ચય થાય છે.

તેથી અહિતનો પરિત્યાગ અને હિતનું આચરણ થાય તેવા કાર્યમાં અતિશય ઉદ્યમ કરનારો થાય. પછી ઉત્તરોત્તર પરમાર્થ સ્વરૂપ પવિત્ર ઉત્તમ–ક્ષમાદિ દશ પ્રકારનો અહિંસા લક્ષણ ધર્માનુષ્ઠાન કરવા અને કરાવવામાં એકાગ્ર અને આસક્ત ચિત્તવાળો થાય છે. પછી અહિંસા લક્ષણાદિ ધર્મનું અનુષ્ઠાનોનું સેવન કરવા–કરાવવાનું. તેમાં એકાગ્રતા અને આસક્ત ચિત્ત આત્માને સર્વોત્તમ એવી ક્ષમા–મૃદુતા–સરળતા તથા બાહ્ય ધન, સુવર્ણાદિ પરિગ્રહ અને કામ–ક્રોધાદિ અભ્યંતર પરિગ્રહ સ્વરૂપ સર્વ સંગનો પરિત્યાગ થાય. સર્વોત્તમ એવા અત્યંત ઘોર, વીર, ઉગ્ર, કષ્ટવાળા તપ અને ચરણના અનુષ્ઠાનોમાં આત્મ રમણતા અને પરમાનંદ પ્રગટ થાય છે.

આગળ સર્વોત્તમ ૧૭ પ્રકારે સંયમાનુષ્ઠાન પાલન કરવાને બદ્ધલક્ષણપણું પ્રાપ્ત થાય. સર્વોત્તમ સત્ય વાણી બોલવી, છકાય જીવોનું હિત, પોતાનું બળ, વીર્ય, પુરુષાર્થ, પરાક્રમ છૂપાવ્યા વિના મોક્ષમાર્ગ સાધનામાં કટિબદ્ધ થયેલ, સ્વાધ્યાય–ધ્યાનરૂપી જળ વડે પાપકર્મરૂપી મલના લેપને ધોનારો થાય છે.

વળી અકિંચનતા, પરમ પવિત્રતા યુક્ત, સર્વ ભાવયુક્ત, સુવિશુદ્ધ સર્વ દોષ રહિત, નવગુપ્તિ સહિત ૧૮ પ્રકારના અબ્રહ્મનો ત્યાગ કરનાર થાય છે.

ત્યારપછી આ સર્વોત્તમ ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય, અતિ દુર્ધર, બ્રહ્મવ્રત ધારણ કરવું, ઈત્યાદિ શુભ અનુષ્ઠાનોથી સર્વ સમારંભનો ત્યાગ કરનાર થાય છે.

પછી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિરૂપ સ્થાવર જીવો બે, ત્રણ, ચાર, પાંચ ઈન્દ્રિયવાળા જીવોનું તથા અજીવકાયના સંરંભ, સમારંભ, આરંભને મન–વચન–કાયાથી ત્રિવિધ ત્રિવિધે શ્રોત્રાદિ ઈન્દ્રિયોના વિષયોના સંવરપૂર્વક આહારાદિ ચાર સંજ્ઞાઓનો ત્યાગ કરીને પાપોને વોસિરાવે છે.

પછી નિર્મળ ૧૮૦૦૦ શીલાંગ ધારણ કરનાર હોવાથી અસ્ખલિત, અખંડિત, અમલિન, અવિરાધિત, સુંદર, ઉગ્ર–ઉગ્રતર, આશ્ચર્ય ઉત્પન્ન કરનાર અભિગ્રહોનો નિર્વાહ કરનાર થાય છે.

પછી દેવ, મનુષ્ય, તિર્યંચે કરેલા ઘોર પરીષહ ઉપસર્ગોને સમભાવે સહન કરનાર થાય છે.

પછી અહોરાત્રાદિ પ્રતિમા વિશે મહાપ્રયત્ન કરનાર થાય છે.

પછી શરીરની મમતા વગરનો થાય છે. શરીર નિષ્પ્રતિકર્મપણા વાળો થવાથી શુક્લ ધ્યાનમાં અડોલપણુ પામે છે.

પછી અનાદિ ભવ પરંપરાથી એકઠા કરેલા સમગ્ર આઠ પ્રકારના કર્મરાશિનો ક્ષય કરનાર બને છે. ચારે ગતિ રૂપ ભવના કેદખાનામાંથી બહાર નીકળી, સર્વ દુઃખથી વિમુક્ત બની, મોક્ષમાં ગમન કરનારો થાય છે. ત્યાં હંમેશા જન્મ-જરા-મરણ-અનિષ્ટ સંયોગ-ઈષ્ટ વિયોગ-સંતાપ-ઉદ્વેગ-અપયશ-વેદના આદિ દુઃખો હોતા નથી. ત્યાં એકાંતિક, આત્યંતિક, નિરુપદ્રવતાવાળું, મળેલું ફરી ચાલ્યું ન જાય તેવું, અક્ષય, ધ્રુવ, શાશ્વત, નિરંતર, સર્વોત્તમ સુખ મોક્ષમાં હોય છે.

આ સર્વ સુખનું મૂળ કારણ જ્ઞાન છે. જ્ઞાનથી જ પ્રવૃત્તિ શરૂ થાય છે. એકાંતિક, આત્યંતિક, પરમ શાશ્વત સુખેચ્છુએ પહેલાં તો સાદર સામાયિકથી બિંદુસાર સુધી શ્રુતજ્ઞાન કાલગ્રહણ વિધિ સહિત, આયંબિલાદિ તપ, શાસ્ત્રોક્ત વિધિથી વહેવા. હિંસાદિ પાંચેને ત્રિવિધ ત્રિવિધે ત્યાગ કરીને પાપનું પ્રતિક્રમણ કરીને સૂત્રોના સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, પદ, અક્ષર, હિનાધિક ન બોલાય તેમ પદચ્છેદ દોષ, ગાથાબદ્ધ ક્રમસર, પૂર્વાનુપૂર્વી આદિ યુક્ત જ્ઞાન એકાંતે સુંદર સમજવું.

ગૌતમ ! અનાદિ-અનંત, અપાર, અતિ વિશાળ એવા સ્વયંભૂરમણ સમુદ્રવત્ દુરવગાહ્ય અને સર્વ સુખના હેતુભૂત એવા આ જ્ઞાનસમુદ્રને પાર પામવા ઈષ્ટદેવતાને નમસ્કાર કરવો જોઈએ, તે વિના પાર ન પામી શકાય. ગૌતમ! **તે ઈષ્ટ દેવ એટલે નવકાર અર્થાત્ પંચમંગલ. તે સિવાય કોઈ ઈષ્ટદેવ મંગલ સ્વરૂપ નથી.** માટે પહેલાં પંચમંગલનું ઉપધાન કરવું.

૪૯૩. ભગવન્ ! કઈ વિધિથી પંચમંગલનું વિનય ઉપધાન કરવું ? ગૌતમ ! અમે તે વિધિ આગળ જણાવીશું.

અતિ પ્રશસ્ત તેમજ શોભન તિથિ, કરણ, મુહૂર્ત્ત, નક્ષત્ર, યોગ, લગ્ન, ચંદ્રબલ હોય જેના શ્રદ્ધા સંવેગ નિઃશંક અતિશય વૃદ્ધિ પામેલા હોય. અતિ તીવ્ર ઉલ્લાસ પામતા, શુભાધ્યવસાય સહિત પૂર્ણ ભક્તિ-બહુમાન સહ કોઈ જ આલોક-પરલોકના ફળની ઈચ્છા રહિત સળંગ પાંચ ઉપવાસના પચ્ચક્ખાણ કરીને જિનમંદિરમાં અચિત્ત જગ્યામાં રહીને જેનું મસ્તક ભક્તિપૂર્ણ બનેલ છે. હર્ષથી રોમાંચિત, નયન કમળ વિકસિત થયેલ શાંત-સૌમ્ય-સ્થિર દૃષ્ટિવાળો, હૃદયમાં સંવેગની છોળો ઉછળી રહી છે તેવો, અતિ તીવ્ર ઉલ્લાસથી, અનેક ધન આંતરા રહિત, અચિંત્ય પરમ શુભ પરિણામ વિશેષથી ઉલ્લસિત, વીર્ય યોગે સમયે સમયે વૃદ્ધિ પામતા, હર્ષપૂર્ણ-શુદ્ધ-નિર્મળ-નિશ્ચલ હૃદયવાળા સ્થાપિત એવી શ્રી ઋષભાદિ તીર્થંકર પ્રતિમા વિશે સ્થાપના કરેલ નયન ને મનવાળો, એકાગ્ર પરિણામી, આરાધક આત્મા શાસ્ત્રજ્ઞ, દઢ ચારિત્રી, ગુણવાન, યોગ્ય શબ્દોચ્ચારથી અનુષ્ઠાન કરાવવાના અદ્વિતીય લક્ષ્યવાળા ગુરુના વચનને અબાધક, વિનયાદિ બહુમાન પ્રાપ્ત, શોક-સંતાપાદિ રૂપ સર્વે દુષ્ટ શ્વાપદથી યુક્ત ભવસમુદ્રમાં નાવ સમાન, આગમ શાસ્ત્ર મધ્યે વર્તતા એવા પંચમંગલ મહાશ્રુતસ્કંધવાળા પાંચ અધ્યયન અને એક ચૂલિકાવાળા, પ્રવચન દેવતાધિષ્ઠિત એવા-

જે ત્રણ પદ, એક આલાવાયુક્ત અને સાત અક્ષર પ્રમાણ, અનંતગમ પર્યાયને જણાવનાર સર્વ મહામંત્રો અને શ્રેષ્ઠ વિદ્યાઓના પરમ બીજભૂત **'નમો અરિહંતાણં'** એવા પ્રકારનું પહેલું અધ્યયન વાચનાપૂર્વક ભણવું જોઈએ. પાંચ ઉપવાસ કર્યા પછી પહેલાં અધ્યયનની વાચના લીધા પછી તે દિવસે આયંબિલ તપથી પારણુ કરવું જોઈએ.

તે જ પ્રમાણે બીજા દિવસે અર્થાત્ સાતમા દિવસે અનેક ગુણસંપદાયુક્ત પૂર્વોક્ત અર્થને સાધી આપનાર પૂર્વોક્ત ક્રમે બે પદયુક્ત એક આલાવો, પાંચ અક્ષર પ્રમાણ **નમો સિદ્ધાણં** એ બીજા અધ્યયનને ભણવું, તે દિવસે આયંબિલથી પારણું કરે.

એ પ્રમાણે પૂર્વોક્ત અર્થને સાધી આપનાર ત્રણ પદયુક્ત એક આલાવો, સાત અક્ષર પ્રમાણ '**નમો આયરિયાણં**' એવા ત્રીજા અધ્યયનનું પઠન કરવું, પારણે આયંબિલ કરવું.

તથા આગળ કહેલા અર્થને સાધી આપનાર ત્રણ પદયુક્ત એક આલાવો અને સાત અક્ષર પ્રમાણ '**નમો ઉવજ્ઝાયાણં**' એવા ચોથા અધ્યયનનું પઠન કરવું, પારણે આયંબિલ કરવું.

એ જ પ્રમાણે ચાર પદયુક્ત એક આલાવાને નવ અક્ષર પ્રમાણ '**નમો લોએ સવ્વસાહૂણં**' એવા પાંચમાં અધ્યયન ની વાચના લઈને ભણવું, તેમાં દશમાં દિવસે પારણે આયંબિલ.

તે જ પ્રમાણે તેના અર્થને અનુસરનાર **૧૧**-પદોયુક્ત ત્રણ આલાવા અને **૩૩**-અક્ષર પ્રમાણવાળી ચૂલિકારૂપ '**એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો. મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલમ્.**' ત્રણ દિવસ એક-એક પદની વાચના લેવી. છટ્ઠા, સાતમા, આઠમા દિવસે તે જ ક્રમ અને વિભાગથી આયંબિલ પૂર્વક પઠન કરવું. એ પ્રમાણે **પંચમંગલ મહાશ્રુતસ્કંધ** સ્વર, વર્ણપદ સહિત, પદ-અક્ષર-બિંદુ માત્રાથી વિશુદ્ધ મોટા ગુણવાળા, ગુરુએ ઉપદેશેલ, વાચના આપેલ તેને સમગ્રપણે ભણીને તૈયાર કરવો કે જેથી પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વીએ જીભના અગ્રભાગે બરાબર યાદ રહી જાય.

પછી પૂર્વોક્ત તિથિ, કરણ, મુહૂર્ત, નક્ષત્ર, યોગ, લગ્ન, ચંદ્રબળના શુભ સમયે જીવ-જંતુ રહિત ચૈત્યાલયના સ્થાનમાં, તેને અનુજ્ઞાવિધિ કરાવીને હે ગૌતમ ! મોટા પ્રબંધ અને આડંબર રહિત અતિ સ્પષ્ટ વાચના સાંભળીને તેને બરાબર અવધારવી. આ વિધિથી પંચમંગલના વિનય-ઉપધાન કરવા જોઈએ.

૪૯૪. ભગવન્ ! શું આ ચિંતામણી કલ્પવૃક્ષ સમાન પંચમંગલ મહાશ્રુતસ્કંધના સૂત્ર અને અર્થ પ્રરૂપેલા છે ? હે ગૌતમ ! આ અચિંત્ય ચિંતામણી કલ્પવૃક્ષ સમ મનોવાંછિત પૂર્ણ કરનાર શ્રુતસ્કંધના સૂત્ર અને અર્થ પ્રરૂપેલ છે. તે આ રીતે – જેમ તલમાં તેલ, કમલમાં મકરંદ, સર્વલોકમાં પંચાસ્તિકાય વ્યાપીને રહેલા છે, તેમ આ પંચમંગલ મહાશ્રુતસ્કંધ વિશે સમગ્ર આગમમાં યથાર્થ ક્રિયા વ્યાપીને રહેલી છે. સર્વભૂતોના ગુણો સ્વભાવોનું કથન કરેલું છે. તે પરમ સ્તુતિકોની...

આ સર્વ જગતમાં જે કોઈ ભૂતકાળ કે ભવિષ્યકાળમાં ઉત્તમ થયા હોય તે સર્વે સ્તુતિ કરવા યોગ્ય છે. તેવા સર્વોત્તમ અને ગમવાળા હોય તો માત્ર અરિહંતાદિ પાંચ જ છે. તે સિવાય કોઈ સર્વોત્તમ નથી. તેઓ – **અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ છે. આ પંચ પરમેષ્ઠિઓમાં** યથાર્થ ગુણસદ્‌ભાવ હોય તો આ પ્રમાણે જણાવેલો છે–

**૧.** મનુષ્યો, દેવો, અસુરોવાળા આ સર્વ જગતને આઠ મહાપ્રાતિહાર્યો આદિના પૂજાતિશયથી ઓળખાતા અસાધારણ, અચિંત્ય પ્રભાવવાળા, કેવળજ્ઞાન પામેલા, શ્રેષ્ઠ ઉત્તમતાને વરેલા હોવાથી અરહંત,

**૨.** સર્વ કર્મક્ષય પામેલા હોવાથી ભવાંકુર સમગ્રપણે બળી ગયેલ હોવાથી ફરી તેમને આ સંસારમાં ઉત્પન્ન થવાનું નથી. તેથી અરુહંત,

**૩.** અતિ દુઃખ કરી જેના ઉપર જીત મેળવી શકાય તેવા સમગ્ર આઠે કર્મ શત્રુઓને નિર્મથન કરી હણી નાંખ્યા છે, નિર્દલન કરી નાંખ્યા છે, અંત કર્યો છે, પરાભવ કર્યો છે, તે કારણે તેઓ અરિહંત કહેવાય છે.

આ રીતે અરહંત ની અનેક પ્રકારે વ્યાખ્યા કરાય છે. પ્રજ્ઞાપના કરાય છે. પ્રરૂપણા કરાય છે. કહેવાય છે. ઉપદેશાય છે.

તથા સિદ્ધ ભગવંતો પરમાનંદ મહોત્સવમાં મહાલતા, મહાકલ્યાણને પામેલા, નિરૂપમ સુખને ભોગવતા, નિષ્કંપ શુક્લ ધ્યાનાદિના અચિંત્ય સામર્થ્યથી, સ્વજીવ વીર્યથી યોગ નિરોધ કરવારૂપ મહાપ્રયત્નથી જેઓ સિદ્ધ થયેલા છે. અથવા તો આઠ પ્રકારનો કર્મક્ષય થવાથી જેમણે સિદ્ધપણાની સાધના કરી છે, એવા સિદ્ધ ભગવંતો કે શુક્લ ધ્યાનરૂપ અગ્નિથી બાંધેલા કર્મો ભસ્મીભૂત કરીને જે સિદ્ધ થાય છે. તેવા સિદ્ધ ભગવંતો, સિદ્ધ કર્યા છે – પૂર્ણ

થયા છે – રહિત થયા છે સમગ્ર પ્રયોજન સમૂહ જેઓને એવા સિદ્ધ ભગવંતો. તેઓ સ્ત્રી-પુરુષ-નપુંસક લિંગે યાવત્ સ્વયંબુદ્ધાદિપણે કર્મક્ષય કરીને સિદ્ધ થયા. એમ અનેક પ્રકારે સિદ્ધોની પ્રરૂપણા કરાય છે.

**૧૮૦૦૦** શીલાંગોએ આશ્રય કરેલા દેહવાળા **૩૬** ભેદે જ્ઞાનાદિ આચારને નિરંતર આચરનારા તેથી આચાર્ય. સર્વે સત્વો તેમજ શિષ્ય સમુદાયનું હિત આચરનારા હોવાથી આચાર્ય પ્રાણના ત્યાગમાં પણ પૃથ્વીકાયાદિ જીવોનો સમારંભ આચરે. આરંભને ન અનુમોદે, કોઈએ મોટો અપરાધ કરેલો હોય તો પણ તેમના ઉપર મનથી પણ પાપ ન આચરે તે આચાર્ય કહેવાય છે. આ રીતે નામ સ્થાપનાદિ અનેક ભેદોથી પ્રરૂપિત છે.

સારી રીતે આશ્રવ દ્વારોને બંધ કરેલા, મન-વચન-કાયાના સુંદર યોગમાં ઉપયોગવાળા, વિધિપૂર્વક સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, પદ, અક્ષરથી વિશુદ્ધ બાર અંગો – શ્રુતજ્ઞાન ભણનાર અને ભણાવનારા તથા બીજાના અને પોતાના મોક્ષ ઉપાય જેઓ વિચારે છે, તે ઉપાધ્યાય. સ્થિર પરિચિત કરેલ અનંતગમ પર્યાય વસ્તુ સહિત દશાંગી અને શ્રુતજ્ઞાન એકાગ્ર મનથી ચિંતવે, સ્મરણ કરે, ધ્યાન કરે તે ઉપાધ્યાય.

અત્યંત કષ્ટવાળા, ઉગ્ર-ઉગ્રતર ઘોર તપ અને ચારિત્રવાળા, અનેક વ્રત-નિયમ, ઉપવાસ, વિવિધ અભિગ્રહ, સંયમ પાલન, સમતા સહિત પરીષહ-ઉપસર્ગ સહન કરનારા, સર્વ દુઃખરહિત મોક્ષની સાધના કરનારા તે સાધુ ભગવંત કહેવાય.

આ પાંચેને કરેલો નમસ્કાર શું કરશે? જ્ઞાનાવરણીય આદિ સર્વ પાપકર્મ વિશેષનો દરેક દિશામાં નાશ કરે. આ પદ ચૂલિકામાં પહેલો ઉદ્દેશો કહેવાય 'એસો પંચ નમુક્કારો – સવ્વપાવપ્પણાસણો.' આ ઉદ્દેશો કેવા પ્રકારનો છે ?

મંગલાણ ચ સવ્વેસિં પઢમં હવઈ મંગલં, તેમાં **'મંગલ' શબ્દનો અર્થ નિર્વાણસુખ** થાય છે. તેવા **મોક્ષસુખને સાધી આપવામાં સમર્થ એવા સમ્યગ્ દર્શનાદિ સ્વરૂપવાળો, અહિંસા લક્ષ ધર્મ જે મને લાવી આપે તે મંગલ. અથવા મને ભવ-સંસારથી ગાળે-તારે તે મંગલ. અથવા બદ્ધ, સ્પૃષ્ટ, નિકાચિત એવા આઠે પ્રકારના મારા કર્મ સમૂહને જે ગાળે-નાશ પમાડે તે મંગલ.**

આ મંગલ અને બીજા સર્વ મંગલોમાં શો તફાવત છે ? પહેલાં આદિમાં અરિહંતની સ્તુતિ એ જ મંગલ છે. આ અર્થ સંક્ષેપ થકી કહ્યો, વિસ્તૃત અર્થ આ પ્રમાણે – તે કાળે, તે સમયે હે ગૌતમ ! જેનો શબ્દાર્થ આગળ કહેવાયો છે, એવા જે કોઈ ધર્મ તીર્થંકર થાય છે, તેઓ પૂજ્યોના પણ વિશેષ પૂજ્ય હોય છે. કેમ કે તે સર્વે અહીં આગળ જણાવીશું તેવા લક્ષણોથી યુક્ત હોય છે.

અચિંત્ય, અપ્રમેય, નિરૂપમ, અતુલ્ય, શ્રેષ્ઠ-શ્રેષ્ઠતર એવા ગુણસમૂહથી અધિષ્ઠિત હોવાના કારણે, ત્રણે લોકના અતિ મહાન મનના આનંદને ઉત્પન્ન કરનારા છે. લાંબા ગ્રીષ્મકાળના તાપથી સંતપ્ત મયૂરોને જેમ પ્રથમ વર્ષાધારાનો સમૂહ શાંતિ પમાડે, તેમ અનેક જન્માંતરોમાં ઉપાર્જિત મહાપુન્ય સ્વરૂપ તીર્થંકર નામકર્મના ઉદયથી અરિહંતો ઉત્તમ હિતોપદેશ થકી સજ્જડ રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, સંક્લિષ્ટ પરિણામાદિ બદ્ધ અશુભ ઘોર પાપકર્મોથી થતા ભવ્ય જીવોના સંતાપનો નાશ કરનારા હોય છે.

સર્વને જાણનાર હોવાથી સર્વજ્ઞ છે. અનેક જન્મોથી ઉપાર્જિત મહાપુન્ય સમૂહથી જગતમાં અતુલ્ય, અખૂટ બળ-વીર્ય-ઐશ્વર્ય-સત્ત્વ પરાક્રમયુક્ત દેહવાળા હોય છે. તેમના મનોહર દેદીપ્યમાન પગના અંગૂઠાના અગ્રભાગનું રૂપની પાસે, જેમ દશે દિશામાં પ્રકાશિત, પ્રગટ પ્રતાપી કિરણોના સમૂહથી સર્વે ગ્રહો-નક્ષત્રો આદિની શ્રેણીને તેજહીન બનાવે છે, તેમ તીર્થંકરના શરીરના રૂપ-તેજથી સર્વે વિદ્યાધર, દેવાંગનાદિ, દેવો, સૌભાગ્ય-કાંતિ-દીપ્તિ-લાવણ્ય અને રૂપની સમગ્ર શોભા નિસ્તેજ થઈ જાય છે.

સ્વાભાવિક એવા ચાર, કર્મક્ષયથી અગિયાર, દેવે કરેલા ઓગણીશ એમ **૩૪**-અતિશયો એવા શ્રેષ્ઠ, નિરૂપમ, અસાધારણ હોય છે, જેના દર્શનથી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક, અહમિન્દ્ર, ઈન્દ્ર, અપ્સરા, કિન્નર, નર,

વિદ્યાધર, સુર–અસુર સહિત જગતના જીવોને આશ્ચર્ય થાય છે કે અરે ! આપણે અત્યાર સુધી ક્યારેય ન જોયેલ એવું આજે જોયું. અતુલ, મહાન, અચિંત્ય ગુણોનો પણ આશ્ચર્ય સમૂહ એક જ વ્યક્તિમાં છે.

આવા શુભ પરિણામથી તે સમયે અત્યંત ગાઢ, સતત ઉત્પન્ન પ્રમોદવાળા થયા. હર્ષ અને અનુરાગથી સ્ફૂરાયમાન થતા નવા–નવા પરિણામોથી પરસ્પર હર્ષના વચનો બોલવા લાગ્યા.

વિહાર કરી ભગવંત ચાલ્યા ત્યારે આત્મ નિંદા કરતા પરસ્પર કહેવા લાગ્યા કે ખરેખર આપણે ધિક્કારપાત્ર છીએ, અધન્ય છીએ, પુન્યહીન છીએ. સંક્ષોભ હૃદયવાળા તે મૂર્છા પામ્યા, મુશ્કેલીથી ભાનમાં આવ્યા. તેમના ગાત્રો ખેંચાવાથી અતિ શિથિલ થઈ ગયા. શરીર સંકોચ કરવો, હાથ–પગ લંબાવવા, પ્રસન્નતા બતાવવી, આંખમાં પલકારા થવા, શરીરની ક્રિયા બંધ પડી ગઈ. ન સમજાય તેવા સ્ખલિત મંદ–મંદ શબ્દો બોલવા લાગ્યા. મંદ મંદ હુંકાર સાથે લાંબા ઉષ્ણ નિઃસાસા મૂકવા લાગ્યા. અતિ બુદ્ધિશાળી પુરુષો જ તેના મનનો યથાર્થ નિર્ણય કરી શક્યા.

જગતના પ્રાણી વિચારવા લાગ્યા કે કેવા તપના સેવનથી આવી શ્રેષ્ઠ ઋદ્ધિ મેળવી શકાતી હશે ? તેમની ઋદ્ધિ સમૃદ્ધિના દર્શનથી આશ્ચર્ય પામી પોતાના વક્ષઃસ્થળ ઉપર હસ્તતલ સ્થાપતા મનને ચમત્કાર પમાડનાર મોટું આશ્ચર્ય ઉત્પન્ન કરતા હતા.

ગૌતમ ! આવા અનંત ગુણવાળા શરીરી, આદરથી ગ્રહણ કરાતા નામવાળા ધર્મતીર્થને પ્રવર્તાવનારા અરિહંતના ગુણસમૂહરૂપી રત્નનિધાનનું વર્ણન ઇંદ્ર, અન્ય કોઈ ચારજ્ઞાની, મહાઅતિશય વાળા છદ્મસ્થ પણ રાત દિવસ હજારો જીભોથી કરોડો વર્ષ સુધી કરે તો પણ સ્વયંભૂરમણ સમુદ્ર જેમ પાર પામી ન શકાય, તેમ અરિહંતના ગુણ વર્ણવી શકાતા નથી.

કેમ કે ગૌતમ ! ધર્મતીર્થ પ્રવર્તક અરિહંતો અપરિમિત ગુણવાળા હોય છે. વધુ કેટલું કહેવું ? ત્રિલોકનાથ, જગત ગુરુ, ત્રિભુવન બંધુ, ત્રિલોકના તેવા ઉત્તમ ગુણોના આધારભૂત શ્રેષ્ઠ તીર્થંકરના ચરણના અંગૂઠાના અગ્રભાગ પણ અનેક ગુણોથી શોભિત છે. તેમા અનંતમાં ભાગનું રૂપ ઇન્દ્રાદિ વર્ણવવા સમર્થ નથી.

દેવો, ઇન્દ્રો કે કોઈ ભક્તિ તરબોળ પુરુષો અનેક જન્મોમાં ઉપાર્જિત અનિષ્ટ દુષ્ટ કર્મરાશિ જનિત દુર્ગતિ, ઉદ્વેગાદિ દુઃખ, દારિદ્ર, કલેશ, જન્મ–જરા–મરણ, રોગ, શોક, સંતાપ, ખિન્નતા, વ્યાધિ આદિના ક્ષયને માટે તેમના અંગૂઠાના ગુણોનું વર્ણન કરવા માંડે તો સૂર્યના કિરણોના સમૂહની જેમ ભગવંતના અનેક ગુણસમૂહ એક સાથે તેમના જિહ્વાના અગ્રભાગે સ્ફૂરાયમાન થાય છે. તેને ઇંદ્ર સહિત દેવગણ એક સાથે બોલવા લાગે તો પણ વર્ણવવા શક્તિમાન નથી. તો પછી ચર્મચક્ષુ વાળા એ કેવલીઓ શું કહી શકે ?

તેથી હે ગૌતમ ! આ વિષયમાં પરમાર્થ આ સમજવો કે ભગવંતના ગુણ સમૂહને માત્ર કેવળજ્ઞાની તીર્થંકરો જ કહી શકવા શક્તિમાન છે. બીજા કોઈ નહીં. કેમ કે તેમની વાણી સાતિશય હોય છે. અથવા ગૌતમ ! આ વિષયમાં બહુ કહેવાથી શું ? તેનો સારરૂપ અર્થ જણાવુ છું, તે આ પ્રમાણે–

૪૯૫, ૪૯૬. સમગ્ર આઠે પ્રકારના કર્મમલ કલંકથી રહિત દેવો અને ઇન્દ્રોથી પૂજિત થયેલ ચરણવાળા **જિનેશ્વર ભગવંતનું માત્ર નામસ્મરણ કરનાર મન, વચન, કાયારૂપ ત્રણે કરણમાં એકાગ્ર ક્ષણે–ક્ષણમાં શીલ અને સંયમમાં ઉદ્યમ વ્રત–નિયમમાં વિરાધના ન કરનાર આત્મા નક્કી તુરંત ટૂંકા ગાળામાં સિદ્ધિ પામે છે.**

૪૯૭ થી ૪૯૯. જે કોઈ જીવ સંસારના દુઃખથી ઉદ્વેગ પામે અને મોક્ષસુખની અભિલાષાવાળો થાય ત્યારે જેમ કમલવનમાં ભ્રમર મગ્ન બને, તેમ ભગવંતની સ્તવના, સ્તુતિ, માંગલિક જય જયારવ શબ્દ કરવામાં તલ્લીન થાય, ગુંજારવ કરે, ભક્તિપૂર્ણ હૃદયે જિન ચરણોમાં નિકટ ભૂમિ ઉપર પોતાનું મસ્તક સ્થાપી, અંજલિ જોડી, શંકાદિ દૂષણ સહિત સમ્યક્ત્વવાળો, ચારિત્રનો અર્થી, અખંડિત વ્રત–નિયમધારી માનવી, તીર્થંકરના એક ગુણને ધારણ કરે તો પણ સિદ્ધિ પામે.

**૫૦૦.** ગૌતમ! જેમનું પવિત્ર નામ ગ્રહણ કરવું તે આવા ઉત્તમ ફળવાળુ છે તેવા તીર્થંકર ભગવંતોના જગતમાં પ્રગટ, મહાન આશ્ચર્યભૂત, ત્રિભુવનમાં વિશાળ, પ્રગટ અને મહાન એવા અતિશયોનો વિસ્તાર આવા પ્રકારનો છે.

**૫૦૧ થી ૫૦૩.** કેવળજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, ચરમશરીર જેણે પ્રાપ્ત કર્યું નથી, એવા જીવો પણ અરિહંતોના અતિશયોને દેખીને આઠે પ્રકારના કર્મોનો ક્ષય કરનાર થાય છે. બહુ દુઃખ અને ગર્ભાવાસથી મુક્ત બને છે. મહાયોગી થાય છે. વિવિધ દુઃખથી ભરેલ ભવસાગરથી ઉદ્વિગ્ન બને છે. ક્ષણવારમાં સંસારથી વિરક્ત થાય છે.

અથવા ગૌતમ ! બીજું કથન બાજુ પર રાખીને, પરંતુ આ રીતે ધર્મ તીર્થંકર એવું શ્રેષ્ઠ અક્ષરવાળુ નામ છે. તે ત્રિભુવન બંધુ, અરિહંત, ભગવંત, જિનેશ્વર, ધર્મતીર્થંકરોને જ છાજે છે, બીજાને નહીં. કેમ કે તેઓએ મોહનો ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય લક્ષણયુક્ત અનેક જન્મોમાં સ્પર્શેલ, પ્રગટ કરેલ સમ્યગ્દર્શન અને ઉલ્સિત પરાક્રમના બળને છૂપાવ્યા વિના ઉગ્ર કષ્ટદાયી, ઘોર દુષ્કર તપનું નિરંતર સેવન કરીને ઊંચા પ્રકારના મહાપુન્યસ્કંધ સમૂહને ઉપાર્જિત કરેલો છે. ઉત્તમ, પ્રવર, પવિત્ર, સમગ્ર વિશ્વના બંધુ, નાથ તથા શ્રેષ્ઠ સ્વામી થયા હોય છે.

અનંતાકાળથી વર્તતા ભયોની પાપવાળી ભગવાનના યોગે બાંધેલા પાપકર્મને છેદીને અદ્વિતીય તીર્થંકર નામકર્મ બાંધેલ, અતિ મનોહર, દેદીપ્યમાન, દશે દિશામાં પ્રકાશનાર, નિરૂપમ, ૧૦૦૮ લક્ષણો વડે સુશોભિત હોય છે. જગતમાં ઉત્તમ શોભાના નિવાસ માટેના વાસગૃહ સમાન અપૂર્વ શોભાવાળા તેમના દર્શન માત્રથી દેવો અને મનુષ્યો મનમાં આશ્ચર્ય અનુભવે છે. તથા નેત્ર અને મનમાં મહાન વિસ્મય તથા પ્રમોદ અનુભવે છે. તે તીર્થંકરો સમગ્ર પાપના મેલથી રહિત થયેલા હોય છે. સમચતુરસ્ર સંસ્થાન તથા વજ્રઋષભ નારાચ સંઘયણ યુક્ત, પરમ પવિત્ર અને ઉત્તમ શરીરધારી હોય છે

**૫૦૪ થી ૫૦૮.** સમગ્ર મનુષ્યો, દેવો, ઈન્દ્રો દેવાંગનાઓના રૂપ, કાંતિ, લાવણ્ય એ સર્વ એકત્ર કરી, તેનો ઢગલો એક બાજુ કરાય અને બીજી બાજુ જિનેશ્વરના ચરણના અંગૂઠાના અગ્રભાગને કરોડ કે લાખમો ભાગ તેની સાથે સરખાવીએ તો તે દેવ–દેવીના રૂપનો પીંડ સુવર્ણના મેરુ પાસે રાખના ઢગલા જેવો શોભારહિત દેખાય છે.

અથવા આ જગતના સર્વે પુરુષોના બધા ગુણો એકઠા કરાય તો તે તીર્થંકરના ગુણોના અનંતમા ભાગે પણ ન આવે. સમગ્ર ત્રણે જગત એકઠા થઈને એક દિશા ભાગમાં ત્રિભુવનમાં રહે, બીજી બાજુની દિશામાં તીર્થંકર ભગવંત એકલા જ હોય તો પણ તેઓ ગુણમાં અધિક છે.

તે કારણે તેઓ પરમ પૂજ્ય છે. વંદનીય, પૂજનીય અરહંત છે. બુદ્ધિમતાવાળા છે માટે તે તીર્થંકરને ભાવથી નમસ્કાર.

**૫૦૯ થી ૫૧૨.** લોકમાં પણ ગામ, પુર, નગર, વિષય, દેશ કે સમગ્ર ભારતનો જે જેટલા દેશનો સ્વામી હોય છે, તેની આજ્ઞાને તે પ્રદેશના લોકો માન્ય કરે છે. પણ ગ્રામાધિપતિ અતિ પ્રસન્ન થયા હોય તો એક ગામમાંથી કેટલું આપે ? જેની પાસે જેટલું હોય તેમાંથી કેટલુંક આપે. ચક્રવર્તી થોડું આપે તો પણ તેનાથી કુળ પરંપરાથી ચાલ્યુ આવતુ બધું દારિદ્ર નાશ પામે છે. વળી તે મંત્રીપણાની, મંત્રી ચક્રવર્તીપણાની ચક્રવર્તી, સૂરપતિપણાની અભિલાષા કરે છે. દેવેન્દ્રો જગતના યથેચ્છિત સુખને દેનારા તીર્થંકરપણાની અભિલાષા કરે છે.

**૫૧૩, ૫૧૪.** એકાંત લક્ષ રાખીને અતિ અનુરાગપૂર્વક ઈન્દ્રો પણ જે તીર્થંકર પદની ઈચ્છા રાખે છે, એવા તીર્થંકર ભગવંતો સર્વોત્તમ છે, એમાં સંદેહ નથી. તેથી સમગ્ર દેવ, દાનવ, ગ્રહ, નક્ષત્ર, સૂર્ય, ચંદ્ર વગેરેને પણ તીર્થંકરો પૂજ્ય છે. ખરેખર તેઓ પાપનો નાશ કરનારા છે.

**૫૧૫ થી ૫૧૭.** ત્રણે લોકથી પૂજાયેલ, જગતગુરુ એવા ધર્મ તીર્થંકરોની દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે પૂજા કહેલી છે. ચારિત્રાનુષ્ઠાન અને કષ્ટવાળા ઉગ્ર ઘોર તપનું સેવન કરવું તે ભાવપૂજા. દેશવિરતિ શ્રાવક જે પૂજા–સત્કાર તેમજ દાન શીલાદિ ધર્મ સેવન કરે તે દ્રવ્યપૂજા. તેથી હે ગૌતમ ! આ પ્રમાણે સમજવું–

૫૧૭. ભાવપૂજા અપ્રમાદથી ઉત્કૃષ્ટ ચારિત્ર પાલનરૂપ છે, જ્યારે દ્રવ્ય અર્ચન જિનપૂજારૂપ છે. મુનિ માટે ભાવ અર્ચન છે. શ્રાવકો માટે બંને અર્ચન કહ્યા છે. **ભાવ અર્ચા પ્રશંસનીય છે.**

૫૧૮. ગૌતમ ! કેટલાક શાસ્ત્રના પરમાર્થને ન સમજનાર અવસન્ન, શિથિલવિહારી, નિત્યવાસી, પરલોકના નુકસાનને ન વિચારનાર, સ્વમતિ પ્રમાણે વ્રત ન કરનારા, સ્વચ્છંદો, ઋદ્ધિ–રસ–શાતા ગારવાદિમાં આસક્ત બનેલા, રાગ–દ્વેષ–મોહ–અહંકાર–મમત્વ આદિમાં અતિ રાગવાળા થયેલા સમગ્ર સંયમરૂપ સદ્ધર્મથી પરાંઙ્મુખ, નિર્દય, નિર્લજ્જ પાપની ધૃણા વગરના, કરુણા રહિત, નિર્દય, પાપાચરણમાં કદાગ્રહ બુદ્ધિવાળો, એકાંતે અત્યંત ચંડ, રુદ્ર, ક્રૂર અભિગ્રહો કરનાર મિથ્યાદષ્ટિઓ, સર્વ સાવદ્ય યોગના પચ્ચક્ખાણ કરીને, સર્વ અંગ, આરંભ, પરિગ્રહથી રહિત થઈ, ત્રિવિધ ત્રિવિધે દ્રવ્યથી સામાયિક ગ્રહણ કરે છે, પણ ભાવથી ગ્રહણ કરતા નથી. નામનું જ મસ્તક મુંડાવે છે, નામથી જ ઘર છોડે છે, નામના જ મહાવ્રતધારી છે. શ્રમણ થયા પછી પણ અવળી માન્યતા કરીને સર્વથા ઉન્માર્ગનું સેવન અને પ્રવર્તન કરે છે, જેમ કે–

**અમે અરિહંત ભગવંતની ગંધ, માળા, દીપક, સંમાર્જન, લિંપન, વસ્ત્ર, બલિ, ધૂપ આદિની પૂજા–સત્કાર કરીને હંમેશાં તીર્થની પ્રભાવના કરીએ છીએ! એમ માનનારા ઉન્માર્ગ પ્રવર્તાવે છે. એ પ્રમાણે તેમના કર્તવ્યો સાધુધર્મને અનુરૂપ નથી.** ગૌતમ ! વચનથી પણ તેમના આ કર્તવ્યની અનુમોદના ન કરવી.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે વચનથી પણ દ્રવ્યપૂજાની અનુમોદના ન કરવી? ગૌતમ! તેમના વચનાનુસાર **અસંયમની બહુલતા અને મૂળગુણનો નાશ થાય, તેથી કર્મનો આશ્રવ થાય. વળી અધ્યવસાય આશ્રીને સ્થૂલ તેમજ સૂક્ષ્મ શુભાશુભ કર્મપ્રકૃતિનો બંધ થાય, સર્વ સાવદ્યની કરેલી વિરતિરૂપ મહાવ્રતનો ભંગ થાય, વ્રતભંગ થવાથી આજ્ઞા ઉલ્લંઘન નો દોષ લાગે. તેનાથી ઉન્માર્ગગામીપણું પામે, સન્માર્ગ લોપાય.**

સાધુ માટે ઉન્માર્ગ પ્રવર્તન અને સન્માર્ગનો લોપ કરવો એ યતિઓને માટે મહાઆશાતના રૂપ છે, કારણ કે તેવી આશાતના કરનારને અનંતાકાળ સુધી ચારે ગતિમાં જન્મ–મરણના ફેરા ફરવા પડે છે. આ કારણથી તેની વચનથી પણ અનુમોદના ન કરે.

૫૧૯, ૫૨૦. દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ આ બેમાં **ભાવસ્તવ ઘણા ગુણવાળુ છે**. દ્રવ્યસ્તવને ઘણા ગુણવાળુ કહેનારની બુદ્ધિ સમજદારીવાળી નથી. ગૌતમ ! છકાયના જીવોનું હિત થાય તેમ વર્તવુ. આ **દ્રવ્યસ્તવ ગંધ–પુષ્પાદિથી પ્રભુભક્તિ કરવી તે સમગ્ર પાપનો ત્યાગ ન કરેલ હોય તેવા દેશવિરતિ શ્રાવકને માટે યુક્ત ગણાય. પરંતુ સમગ્ર પાપના પ્રત્યાખ્યાન કરનાર સંયમી સાધુને પુષ્પાદિની પૂજારૂપ દ્રવ્યસ્તવ કરવું કલ્પતું નથી.**

૫૨૧, ૫૨૨. ગૌતમ ! જે કારણથી આ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ રૂપ બંને પૂજાઓ **૩૨**–ઇંદ્રોએ કરેલી છે, તેથી કરવા યોગ્ય છે એમ તમે સમજતા હો તો ત્યાં આ પ્રમાણે સમજવું–

આ તો માત્ર તેઓનો વિનિયોગ ભાવસ્તવ કહેલ છે. અવિરતિ એવા ઇન્દ્રોને છકાયની ત્રિવિધ ત્રિવિધે દયા સ્વરૂપ ભાવસ્તવ અસંભવ છે. **દશાર્ણભદ્ર રાજાએ ભગવંતનો આડંબરથી સત્કાર કર્યો તે દ્રવ્યપૂજા અને ઇન્દ્ર સામે સ્પર્ધામાં હારતા ભાવસ્તવ રૂપ દીક્ષા અંગિકાર કરી, ત્યારે ઇન્દ્રને હરાવ્યા.** એ દષ્ટાંત અહીં લાગુ પાડવું. માટે જ ભાવસ્તવ ઉત્તમ છે.

૫૨૩ થી ૫૨૬. ચક્રવર્તી, સૂર્ય, ચંદ્ર, દત્ત, દમક વગેરેએ ભગવંતને પૂછ્યું કે શું સર્વ પ્રકારની ઋદ્ધિ સહિત કોઈ ન કરી શકે તેવી ભક્તિથી પૂજા–સત્કાર કર્યા તે શું સર્વ સાવદ્ય સમજવું ? કે ત્રિવિધ વિરતિવાળું અનુષ્ઠાન સમજવું કે સર્વ પ્રકારના યોગવાળી અવિરતિને વિશે તે પૂજા ગણવી ?

ભગવન્ ! ઇન્દ્રોએ તેમની સર્વ શક્તિથી સર્વ પ્રકારની પૂજા કરી છે. ગૌતમ ! અવિરતિવાળા ઇન્દ્રોએ ઉત્તમ પ્રકારની ભક્તિ વડે પૂજા–સત્કાર કર્યા હોય તો પણ તે દેશ વિરતિવાળા અને અવિરતિવાળાના આ દ્રવ્ય અને

ભાવસ્તવ એમ બંનેનો વિનિયોગ તેની યોગ્યતાનુસાર જોડવો.

**૫૨૭**. ગૌતમ ! સર્વે તીર્થંકરોએ સમગ્ર આઠ કર્મનો ક્ષય કરનાર એવા ચારિત્ર અંગિકાર કરવારૂપ ભાવસ્તવ પોતે આચરેલ છે.

**૫૨૮ થી ૫૩૦**. ભવથી ભય પામેલા એવા તેમને જ્યાં જ્યાં આવવાનું, જંતુઓને સ્પર્શ આદિ વિનાશકારણ પ્રવર્તતું હોય, સ્વ-પર હિતથી વિરમેલા હોય, તેમનું મન તેવા સાવદ્યકાર્યમાં પ્રવર્તતું નથી. તેથી સ્વ-પર હિતથી વિરમેલા સંયતોએ સર્વ પ્રકારે સુવિશેષપણે પરમ સારભૂત વધુ લાભદાયક એવા એવા અનુષ્ઠાનનું સેવન કરવું.

મોક્ષમાર્ગનું પરમ સારભૂત, એકાંત હિતકર, પથ્યસુખ દાતા, પ્રગટ પરમાર્થ સ્વરૂપ કોઈ અનુષ્ઠાન હોય તો માત્ર સર્વ વિરતિરૂપ ભાવસ્તવ છે, તે આ પ્રમાણે-

**૫૩૧ થી ૫૩૭**. લાખ યોજના પ્રમાણ મેરુ પર્વત જેટલા ઊંચા, મણિ સમુદ્રથી શોભિત, સુવર્ણમય, પરમ મનોહર, નયન અને મનને આનંદ આપનાર, અતિશય વિજ્ઞાનપૂર્ણ, અતિ મજબૂત ન દેખાય તેમ સાંધાને જોડી દીધા હોય તેવું અતિશય ઘસીને સુંવાળુ કરેલ, જેના વિભાગો સારી રીતે વિભાજિત છે તેવું, ઘણા શિખરો યુક્ત અનેક ઘંટા અને ધ્વજા સહિત, શ્રેષ્ઠ તોરણોયુક્ત, આગળ-આગળ જતા જ્યાં રાજમહેલ સમાન શોભા નજરે પડતી હોય તેવા અગર-કપૂર-ચંદનાદિનો બનાવેલ ધૂપ જ્યાં અગ્નિમાં નાંખવાથી મહેકતો હોય, ઘણા પ્રકારે અનેકવર્ણી આશ્ચર્યકારી સુંદર પુષ્પ સમૂહથી સારી રીતે પૂજાયેલ, જેમાં નૃત્યપૂર્ણ અનેક નાટકોથી આકુલ મધુર, મૃદંગના શબ્દો ફેલાઈ રહેલા છે. સેંકડો ઉત્તમ આશયવાળા લોકોથી આકુળ છે, જેમાં જિનેશ્વર ભગવંતોના ચરિત્રો અને ઉપદેશોનું શ્રવણ કરાવવાના કારણે ઉત્કંઠિત થયેલા ચિત્તયુક્ત લોકો હોય, જ્યાં કહેવાની કથા, વ્યાખ્યાતા, નૃત્ય કરનારા, અપ્સરા, ગંધર્વો વાજિંત્રોના શબ્દો સંભળાઈ રહેલા છે.

આ કહેલા ગુણસમૂહ યુક્ત આ પૃથ્વીમાં સર્વત્ર પોતાની ભૂજાથી ઉપાર્જિત ન્યાયોપાર્જિત અર્થથી સુવર્ણ-મણિરત્નના પગથિયાવાળું તેવા જ પ્રકારના હજારો સ્તંભો જેમાં ઊભા કરાયેલા હોય, સુવર્ણનું બનાવેલું ભૂમિતલ હોય તેવું જિનમંદિર જે કરાવે તેના કરતા તપ અને સંયમ અનેક ગુણવાળા કહેલા છે.

**૫૩૮ થી ૫૪૦**. આ પ્રમાણે તપ અને સંયમ વડે ઘણા ભવોના ઉપાર્જિત પાપકર્મના મલરૂપ લેપને સાફ કરીને અલ્પકાળમાં અનંત સુખવાળો મોક્ષ પામે છે. સમગ્ર પૃથ્વીને જિનાલયોથી શોભિત કરનાર દાનાદિ ચારે પ્રકારનો સુંદર ધર્મ સેવનાર શ્રાવક વધુમાં વધુ સારી ગતિ પામે તો પણ બારમા દેવલોકથી આગળ ન જઈ શકે. પણ અચ્યુત નામે બારમાં દેવલોક સુધી જઈ શકે છે.

**૫૪૦ થી ૫૪૨**. ગૌતમ ! લવસત્તમ દેવો અર્થાત્ સર્વાર્થસિદ્ધમાં રહેનાર દેવો પણ ત્યાંથી ચ્યવી નીચે પડે છે. બાકીના જીવોની વિચારણા કરીએ તો સંસારમાં કોઈ શાશ્વત કે સ્થિર સ્થાન નથી. લાંબા કાળે પણ જેમાં દુઃખ આવવાનું હોય તેવા વર્તમાનના સુખને સુખ કેમ કહી શકાય ?

જેમાં છેવટે મરણ આવવાનું હોય અને અલ્પ કાળનું શ્રેય કરનાર સુખને તુચ્છ ગણેલુ છે. સમગ્ર મનુષ્ય અને દેવોનું લાંબાકાળનું સર્વે સુખ એકઠું કરીએ તો પણ તે સુખ મોક્ષના અનંતમાં ભાગ જેટલું પણ અનુભવી ન શકાય.

**૫૪૩ થી ૫૪૫**. ગૌતમ ! અતિ મહાન એવા સંસારના સુખોમાં અનેક હજાર ઘોર પ્રચંડ દુઃખો છૂપાઈને રહેલા હોય છે. પણ મંદ બુદ્ધિવાળા શાતા વેદનીય કર્મોદયમાં તે જાણી શકતો નથી. મણિ-સુવર્ણના પાત્રમાં છૂપાઈને રહેલ લોહ રોડાની જેમ અથવા વણિક પુત્રીની જેમ (**આ કોઈ પ્રસંગનું પાત્ર છે, ત્યાં એવો અર્થ ઘટી શકે કે જેમ કુળવાન, લજ્જાળુ વણિકપુત્રીનું મુખ બીજા ન જોઈ શકે, તેમ મોક્ષસુખ વર્ણવી ન શકાય.. નગરના મહેમાન તરીકે રહીને આવેલો ભીલ રાજમહેલાદિના નગરસુખને વર્ણવી શકતો નથી**). તેમ અહીં દેવ, અસુર, મનુષ્યવાળા જગતમાં મોક્ષના સુખને સમર્થ જ્ઞાની પુરુષો પણ વર્ણવી શકતા નથી.

૫૪૬. લાંબાકાળે પણ જેનો અંત દેખાતો હોય તેને પુન્ય કઈ રીતે કહી શકાય ? જેનો અંત દુઃખમાં આવવાનો હોય અને જે ફરી સંસારની પરંપરા વધારનાર હોય તેને પુન્ય કે સુખ કેમ કહેવાય ?

૫૪૭. તે દેવ વિમાનનો વૈભવી અને દેવલોકથી ચ્યવન, આ બંનેનો વિચાર કરનારનુ હૈયું ખરેખર વૈક્રિય શરીરનું મજબૂત ઘડાયેલ હોય અન્યથા તેના સો ટૂકડા થઈને તૂટી જાય.

૫૪૮, ૫૪૯. નરકગતિમાં અતિ દુસ્સહ એવા જે દુઃખો છે તેને ક્રોડ વર્ષ સુધી જીવનાર વર્ણન શરૂ કરે તો પણ પૂરા કરી શકે નહીં.

તેથી ગૌતમ! દશ પ્રકારનો યતિધર્મ, ઘોર તપ અને સંયમના અનુષ્ઠાનો આરાધવા, તે રૂપ ભાવસ્તવથી જ અક્ષય મોક્ષ સુખ મળે.

૫૫૦. નારકી, તિર્યંચ કે દેવના ભવમાં તથા ઈન્દ્રપણામાં તે નથી મેળવી શકાતુ જે કંઈ મનુષ્ય ભવમાં મેળવી શકાય છે.

૫૫૧. અતિ મહાન ઘણા જ **ચારિત્રાવરણીય નામના કર્મો દૂર થાય ત્યારે જ ગૌતમ ! ભાવસ્તવની યોગ્યતા મેળવી શકે છે.**

૫૫૨. જન્માંતરમાં ઉપાર્જિત મોટા પુણ્ય સમૂહને તેમજ મનુષ્ય જન્મને પામ્યા સિવાય ઉત્તમ ચારિત્રધર્મ મેળવી ન શકાય.

૫૫૩. સુઆરાધિત, શલ્ય અને દંભ રહિત બનીને ચારિત્રના પ્રભાવથી, તુલના ન કરી શકાય તેવા અનંત, અક્ષય, ત્રણે લોકના અગ્રભાગે રહેલા મોક્ષસુખને મેળવે છે.

૫૫૪ થી ૫૫૬. ઘણા ભવના એકત્રિત ઊંચા પહાડ સમાન, આઠ પાપકર્મના રાશિને બાળી નાખનાર વિવેકાદિ ગુણયુક્ત મનુષ્ય જન્મ પામ્યો.

આવો ઉત્તમ જન્મ પામીને જે કોઈ આત્મહિત તેમજ શ્રુતાનુસાર આશ્રવ નિરોધ ન કરે, અપ્રમત્ત થઈ **૧૮૦૦૦** શીલાંગને ધારે નહીં. તેઓ લાંબો કાળ સતત ઘોર દુઃખાગ્નિના દાવાનળમાં અતિ ઉદ્વેગપૂર્વક શેકાતો અનંતી વખત બળ્યા કરે છે.

૫૫૭ થી ૫૬૦. અતિ દુર્ગંધી વિષ્ટા, પ્રવાહી, ક્ષાર, પિત્ત, ઊલટી, બળખા, કફ આદિથી પરિપૂર્ણ ચરબી, ઓર, પરુ, અશુચિ, મળમૂત્ર, રુધિરના કાદવવાળા કઢ કઢ કરતા કઢાતો, ચલાયમાન કરાતો, ઢળાતો, રઝોડાતો, સર્વ અંગોને એકઠા કરીને સંકોચાયેલ ગર્ભવાસમાં અનેક યોનિમાં રહેતો હતો. નિયંત્રિત કરેલા અંગોવાળો, દરેક યોનિવાળા ગર્ભવાસમાં ફરી ફરી ભ્રમણ કરતો હતો. હવે મારે સંતાપ, ઉદ્વેગ, જન્મ, જરા, મરણ, ગર્ભવાસાદિ સંસારના દુઃખો અને સંસારની વિચિત્રતાથી ભય પામેલાએ આ **સમગ્ર ભયનાશક ભાવ સ્તવના પ્રભાવને જાણીને તેમાં દઢપણે ઉદ્યમ અને પ્રવૃત્તિ કરવી.**

૫૬૧. આ પ્રમાણે વિદ્યાધર, કિન્નર, મનુષ્ય, દેવાદિ એ ત્રિભુવનમાં ઉત્કૃષ્ટ જિનેશ્વરની દ્રવ્ય અને ભાવસ્તવે સ્તુતિ કરી છે.

૫૬૨ થી ૫૬૯. ગૌતમ ! ધર્મતીર્થંકર અરિહંતો, જેવી વિસ્તૃત ઋદ્ધિ પામેલા છે, એવી સમૃદ્ધિ અસ્વાધીન છતાં એ જગતબંધુ ક્ષણવાર તેમાં લોભાયા નથી. તેમનું પરમૈશ્વર્યરૂપ, શોભામય લાવણ્ય, વર્ણ, બળ, શરીર પ્રમાણ, સામર્થ્ય, યશ, કીર્તિ, જે રીતે દેવલોકથી અવતર્યા, જે રીતે બીજા ભવોમાં ઉગ્રતપથી દેવલોક પામ્યા.

જે રીતે એક તેઓએ આદિ વીશ સ્થાનકો આરાધી તીર્થંકર નામકર્મ બાંધ્યુ, સમ્યક્ત્વ પામ્યા. અન્ય ભવોમાં શ્રમણત્વ આરાધ્યુ, ત્રિશલા રાણી ચૌદ મહાસ્વપ્નો પામી, ગર્ભાવાસથી અશુભ અશુચિ પદાર્થ દૂર કરી સુગંધી ગંધને સ્થાપી. ઈન્દ્ર મહારાજાએ મોટી ભક્તિથી અંગૂઠાના પર્વમાં અમૃતાહાર સ્થાપ્યો.

જન્મ થયો ત્યાં સુધી ઈન્દ્રાદિ સ્તવતા હતા, દિક્કુમારીઓએ જન્મ સંબંધી કૃત્યો કર્યા, બત્રીસ દેવેન્દ્રોએ ગૌરવીય ભક્તિથી, આનંદ સહ, સર્વ ઋદ્ધિથી સર્વ પ્રકારે સ્વકર્તવ્યો કર્યા. મેરુ ઉપર જન્માભિષેક કર્યો, ત્યારે રોમાંચિત થઈ માનતા કે આપણો જન્મ કૃતાર્થ થયો.

૫૭૦ થી ૫૭૯. ક્ષણવાર હાથ અફળાતા, સુંદર સ્વરે ગાતા, ગંભીર દુંદુભી શબ્દ કરતા, ક્ષીરસમુદ્રના રવવત્ જય-જય મંગલ શબ્દો મૂળમાંથી નીકળતા હતા. જે રીતે અંજલી કરતા હતા.

ક્ષીર સમુદ્રના જળથી, ઘણા સુગંધી પદાર્થોથી વાસિત, સુવર્ણ-મણિ-રત્નના ઊંચા કળશોથી જન્માભિષેક દેવો કરતા હતા. જિનેશ્વરે પર્વત ચલાયમાન કર્યો. આઠ વર્ષના છતાં ભગવંતે ઈન્દ્ર વ્યાકરણ બનાવ્યું. કુમારપણું-લગ્ન થયા, લોકાંતિક દેવે પ્રતિબોધ કર્યા. સર્વે દેવોએ દીક્ષા મહોત્સવ કર્યો.

ભગવંતે ઘોર પરીષહો સહ્યા. ઘોર તપસ્યા અને ધ્યાનયોગના અગ્નિ વડે ચારે ઘનઘાતી કર્મોને બાળી નાંખ્યા, જે રીતે લોકને પ્રકાશિત કરનાર કેવળજ્ઞાન ઉપાર્જન કર્યું. ફરી પણ જે રીતે દેવો અને અસુરોએ કેવલજ્ઞાનનો મહિમા કરીને ધર્મ, નીતિ, તપ, ચરિત્ર વિષયો સંશયો પૂછ્યા.

દેવોએ રચિત સિંહાસને બિરાજમાન થઈને જે રીતે ભગવંતે ધર્મકથન કર્યું, ચારે દેવનીકાયે એકઠા થઈને શ્રેષ્ઠ સમવસરણ બનાવ્યું. જે રીતે દેવો તેમની ઋદ્ધિ અને જગતની ઋદ્ધિ બંનેની સરખામણી કરતા હતા. સમગ્ર ભુવનમાં એક ગુરુ, મહાયશવાળા અરિહંત ભગવંત જ્યાં જ્યાં જે રીતે વિચર્યા. જે રીતે આઠ મહાપ્રતિહાર્યોના સુંદર ચિહ્નો જે તીર્થમાં હોય છે. ભવ્ય જીવોના અનાદિ કાળના ચીકણા મિથ્યાત્વના સમગ્ર કર્મોને નિર્દલન કરે છે.

જે રીતે પ્રતિબોધ કરીને માર્ગમાં સ્થાપન કરી ગણધરોને દીક્ષિત કરે છે, તેમજ મહાબુદ્ધિવાળા તેઓ સૂત્ર ગુંથે છે. જિનેન્દ્ર અનંતગમ પર્યાય-સમગ્ર અર્થ ગણધરોને કહે છે.

૫૮૦ થી ૫૮૫. જે રીતે જગતના નાથ સિદ્ધિ પામે છે. જે રીતે સર્વે સુરેન્દ્રો તેમનો નિર્વાણ મહોત્સવ કરે છે. ભગવંતની ગેરહાજરીમાં શોક પામેલા તે દેવો પોતાના ગાત્રને અશ્રુજળના સરસર શબ્દ કરતા પ્રવાહથી ધોતા હતા. વળી કરુણ સ્વરે વિલાપ કરતા હતા કે હે સ્વામી ! અમને અનાથ કર્યા.

જે રીતે સુરભિગંધ યુક્ત ગોશીર્ષ ચંદનવૃક્ષના કાષ્ઠોથી સર્વે દેવેન્દ્રોએ વિધિપૂર્વક ભગવંતના દેહનો અગ્નિસંસ્કાર કર્યો. પછી શોક પામેલા શૂન્ય દશે દિશના માર્ગને જોતા હતા. જે રીતે ક્ષીરસમુદ્રમાં જિન અસ્થિને પ્રક્ષાલન કરીને દેવલોકે જઈને શ્રેષ્ઠ ચંદનરસથી તે અસ્થિઓનું વિલેપન કરીને અશોકવૃક્ષ, પારિજાતના વૃક્ષના પુષ્પો તથા શતપત્રાદિ કમળો વડે તેની પૂજા કરીને પોત-પોતાના ભવનમાં સ્તુતિ કરતા હતા. ઈત્યાદિ સર્વ વૃતાંત મહાવિસ્તારથી. અંતગડદશાથી જાણવો.

૫૮૬ થી ૫૮૯. અહીં અત્યારે જે ચાલુ અધિકાર છે તેને છોડીને જો આ કહેવામાં આવે તો વિષયાંતર, અસંબદ્ધતા, ગ્રન્થનો વિસ્તાર લાંબો થઈ જાય. પ્રસ્તાવ ન હોવા છતાં આટલું નિરૂપણ કર્યું તેમાં અતિ મોટું કારણ ઉપદેશેલું છે. જે અહીં કહેવાયું છે. તે ભવ્ય સત્વોના ઉપકારને માટે કહેવાયું છે.

સારા વસાણાથી મિશ્રિત મોદકનું જેમ જેમ ભક્ષણ કરાય તેમ તેમ લોકોમાં અતિ મોટી માનસિક પ્રીતિ ઉત્પન્ન થાય છે. તે રીતે અહીં પ્રસંગ ન હોવા છતાં ભક્તિના ભારથી નિર્ભર તેમજ નિજગુણ ગ્રહણ કરવામાં ખેંચાયેલા ચિત્તવાળા ભવ્યાત્માને મોટો હર્ષ ઉત્પન્ન થાય છે.

૫૯૦. આ પંચમંગલ મહાશ્રુતસ્કંધ નવકારનું વ્યાખ્યાન મહાવિસ્તારથી, અનંતગમ અને પર્યાયો સહિત સૂત્રથી ભિન્ન એવા નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ દ્વારા અનંત જ્ઞાન-દર્શનધર તીર્થંકરોએ જે રીતે વ્યાખ્યા કરી હતી તે રીતે સંક્ષેપથી કરાતુ હતુ. પરંતુ કાળની પરિહાની થવાના દોષથી તે નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ વિચ્છેદ પામી. આવો સમય-કાળ વહી રહેલો હતો ત્યારે મહાઋદ્ધિ, લબ્ધિસંપન્ન, પદાનુસારી લબ્ધિધર વજસ્વામી નામક બાર અંગરૂપ

શ્રુતના ધારક ઉત્પન્ન થયા. તેમણે પંચમંગલ મહાશ્રુતસ્કંધનો આ ઉદ્ધાર મૂળ સૂત્રની મધ્યે લખ્યો.

ગણધર ભગવંતોએ મૂળ સૂત્રને સૂત્રપણે, ધર્મતીર્થંકર અરહંત ભગવંતોએ અર્થપણે જણાવ્યો. ત્રણ લોકથી પૂજિત વીર જિનેન્દ્રે આને પ્રરૂપ્યું એવો વૃદ્ધ આચાર્યનો સંપ્રદાય છે.

૫૯૧. અહીં જ્યાં જ્યાં પદો–પદોની સાથે જોડાયેલા હોય અને સળંગ સૂત્રાલાપક પ્રાપ્ત ન થાય ત્યાં શ્રુતધરોએ લહીયાઓને ખોટું લખ્યું છે, એવો દોષ ન આપવો. પરંતુ જે કોઈ અચિંત્ય ચિંતામણી અને કલ્પવૃક્ષ સમાન મહાનિશીથ શ્રુતસ્કંધની પહેલાંની લખેલ પ્રત હતી તેમાં જે ઉધઈ આદિ જીવાતોથી ખવાઈને ટૂકડાવાળી પ્રત બની ગઈ. ઘણા પત્રો સડી ગયા તો પણ અત્યંત અતિશયવાળા મોટા અર્થથી ભરપૂર આ મહાનિશીથ શ્રુતસ્કંધ છે. તે સમગ્ર પ્રવચનના પરમ સારભૂત, શ્રેષ્ઠ મહત્ત્વપૂર્ણ, મહા અર્થગર્ભિત છે.

એમ જાણીને પ્રવચનના વાત્સલ્યથી અનેક ભવ્યજીવોને ઉપકારક થશે તેમ માનીને તથા પોતાના આત્મહિતાર્થે હરિભદ્રસૂરિએ જે આદર્શમા દેખ્યુ, તે સર્વે પોતાની મતિથી શુદ્ધિ કરીને લખ્યું છે. બીજા પણ આચાર્યો સિદ્ધસેન દીવાકર, વૃદ્ધવાદી, યક્ષસેન, દેવગુપ્ત, યશોવર્ધન, ક્ષમાશ્રમણના શિષ્ય રવિગુપ્ત, નેમિચંદ્ર, જિનદાસગણિ, ક્ષમક, સત્યર્ષિ આદિ યુગપ્રધાન શ્રુતધરોએ તેમને બહુમાન્ય કરેલ છે.

૫૯૨. ગૌતમ ! પૂર્વે કહી ગયા તેમ વિનય ઉપધાન સહ **પંચમંગલ મહાશ્રુતસ્કંધ નવકારને** પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી વડે સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, પદાક્ષરોથી શુદ્ધ રીતે ભણી. તેને હૃદયમાં સ્થિર પરિચિત કરી, મહાવિસ્તારથી સૂત્ર અને અર્થો જાણ્યા પછી શું ભણવું ?

ગૌતમ! પછી **'ઈરિયાવહિય'** સૂત્ર ભણવું જોઈએ.

ગૌતમ ! આપણો આ આત્મા જ્યારે જ્યારે જવા–આવવાની ક્રિયાના પરિણામમાં પરિણત થયો હોય, અનેક જીવો, પ્રાણો, ભૂતો અને સત્ત્વોને અનુપ્રયોગથી કે પ્રમાદથી સંઘટ્ટન, ઉપદ્રવ, કિલામણા કરીને પછી તેનું આલોચન, પ્રતિક્રમણ કરવામાં ન આવે અને સમગ્ર કર્મના ક્ષય માટે ચૈત્યવંદન, સ્વાધ્યાય, ધ્યાન આદિ કોઈપણ અનુષ્ઠાન કરવામાં આવે તે સમયે એકાગ્ર ચિત્તવાળી સમાધિ થાય કે ન પણ થાય કેમ કે ગમનાગમનાદિ અનેક અન્ય વ્યાપારના પરિણામમાં આસક્ત થયેલા ચિત્તથી કેટલાંક પ્રાણીઓ તે પૂર્વના પરિણામને ન છોડતા અને દુર્ધ્યાનના પરિણામમાં કેટલોક કાળ વર્તે છે. ત્યારે તેના ફળમાં વિસંવાદ થાય છે.

જ્યારે વળી કોઈક પ્રકારે અજ્ઞાન, મોહ, પ્રમાદાદિના દોષથી અણધાર્યા એકેન્દ્રિ–યાદિ જીવોના સંઘટ્ટન કે પરિતાપનાદિ થઈ ગયા હોય અને પછી અરેરે ! આ અમારાથી ખોટું કાર્ય બની ગયું. એમ કેવા સજ્જડ રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વ અને અજ્ઞાનમાં અંધ બની ગયા છીએ. પરલોકમાં આ કાર્યના કેવા કડવા ફળ ભોગવવા પડશે એનો પણ વિચાર આવતો નથી. ખરેખર અમે ક્રૂરકર્મ અને નિર્દય વર્તન કરનારા છીએ.

આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતા અને અતિ સંવેગ પામેલા આત્માઓ સાચી રીતે પ્રગટપણે ઈરિયાવહિય સૂત્રથી દોષોની આલોચના કરીને, નિંદા કરીને, ગુરુસાક્ષીએ ગર્હા કરીને, પ્રાયશ્ચિત્તનું સેવન કરીને શલ્ય રહિત થાય છે. ચિત્તની સ્થિરતાવાળો અશુભકર્મના ક્ષય માટે જે કાંઈ આત્મહિત માટે ઉપયોગવાળો થાય, ત્યારે તેને પરમ એકાગ્ર ચિત્તવાળી સમાધિ પ્રાપ્ત થાય. તેનાથી સર્વ જગતના જીવ, પ્રાણી, ભૂત, સત્ત્વોને જે ઇષ્ટફળ હોય તેવી ઇષ્ટફળની પ્રાપ્તિ થાય.

તે કારણે હે ગૌતમ ! **ઈરિયાવહિય પ્રતિક્રમ્યા વિના ચૈત્યવંદન, સ્વાધ્યાયાદિ કોઈપણ અનુષ્ઠાન ન કરવું જોઈએ.** જો યથાર્થ ફળની અભિલાષા રાખતા હો તો આ કારણે ગૌતમ ! એમ કહેવાય છે કે પંચમંગલ મહાશ્રુતસ્કંધ – નવકાર સૂત્ર, અર્થ, તદુભય સહિત સ્થિર–પરિચિત કરીને ઈરિયાવહી ભણવી.

૫૯૩. ભગવન્ ! કઈ વિધિથી ઈરિયાવહિય સૂત્ર ભણવું જોઈએ ?

ગૌતમ ! પંચમંગલ મહાશ્રુતસ્કંધની વિધિ પ્રમાણે ભણવું જોઈએ.

૫૯૪. ઈરિયાવહિય ભણીને પછી કયુ સૂત્ર ભણવુ ?

ગૌતમ ! શક્રસ્તવ વગેરે ચૈત્યવંદન ભણવુ જોઈએ. પરંતુ શક્રસ્તવ એક અઢ્ઢમ અને પછી **૩૨**-આયંબિલ કરવા જોઈએ.

અરહંત સ્તવ અર્થાત્ અરિહંત ચેઈઆણં. એક ઉપવાસ અને તેના ઉપર પાંચ આયંબિલ કરીને, ચતુર્વિંશતિ સ્તવ લોગસ્સ એક છઢ્ઢ, એક ઉપવાસની ઉપર પચ્ચીસ આયંબિલ કરીને, શ્રુતસ્તવ, પુક્ખરવરદીવઢ્ઢે સૂત્ર એક ઉપવાસ ઉપર પાંચ આયંબિલ કરીને વિધિપૂર્વક ભણવું જોઈએ.

એ પ્રમાણે સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, પદચ્છેદ, પદ, અક્ષરથી વિશુદ્ધ, એક પદના અક્ષર બીજામાં ભળી ન જાય તેમ તેવા બીજા ગુણો સહિત કહેલા સૂત્રોનું અધ્યયન કરવું.

આ કહેલી વિધિથી સમગ્ર સૂત્રોનું-અર્થોનું અધ્યયન કરવું. જ્યાં જ્યાં કોઈ સંદેહ થાય ત્યાં ત્યાં તે સૂત્રને ફરી ફરી વિચારવા, વિચારીને નિઃશંકપણે અવધારી નિસંદેહ કરવા.

૫૯૫. આ પ્રમાણે સૂત્ર, અર્થ, ઉભય સહિત ચૈત્યવંદન આદિ વિધાન ભણીને પછી શુભતિથિ, કરણ, મુહૂર્ત, નક્ષત્ર, યોગ, લગ્ન તેમજ ચંદ્રબળનો યોગ થયો હોય ત્યારે યથાશક્તિ જગતગુરુ તીર્થંકર ભગવંતને પૂજવા યોગ્ય ઉપકરણો એકઠા કરીને સાધુ ભગવંતોને પ્રતિલાભીને ભક્તિપૂર્ણ હૃદયી, રોમાંચિત બની, પુલકિત થયેલા શરીરવાળો, હર્ષિત થયેલ મુખારવિંદવાળો, શ્રદ્ધા-સંવેગ-વિવેક-પરમ વૈરાગ્યથી તેમજ જેણે ગાઢ રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વરૂપ મલકલંકને નિર્મૂળપણે વિનાશ કર્યા છે તેવી સુવિશુદ્ધ-અતિનિર્મળ, વિમળ, શુભ, વિશેષ શુભ એવા પ્રકારે ઉલ્લાસ પામતા, ભુવનગુરુ, જિનેશ્વરની પ્રતિમા વિશે સ્થાપન કરેલો નેત્ર અને માનસવાળો, એકાગ્ર ચિત્તવાળો ખરેખર હું ધન્ય છું, પુણ્યશાળી છું.

જિનેશ્વરોને વંદન કરવાથી મેં મારો જન્મ સફળ કર્યો છે, એમ માનતા કપાળની ઉપર બે હાથ જોડી, અંજલી રચી, સજીવ વનસ્પતિ બીજ આદિથી રહિત ભૂમિ વિશે બંને જાનુઓ સ્થાપન કરીને સારી રીતે સ્પષ્ટપણે સુંદર રીતે જાણેલા, સમજેલા જેણે યથાર્થ સૂત્ર-અર્થ-તદુભય-નિઃશંકિત કર્યા છે તેવો, પદે પદોના અર્થની ભાવના ભાવતો, દઢ ચારિત્રી, શાસ્ત્રોનો જાણકાર, અપ્રમાદાતિશયાદિ અનેક ગુણસંપત્તિવાળા ગુરુની સાથે સાધુ, સાધ્વી, સાધર્મિક સમગ્ર બંધુવર્ગ કુટુંબ પરિવાર સહિત પ્રથમ તેણે ચૈત્યોને જુહારવા જોઈએ.

ત્યારપછી યથાશક્તિ, સાધર્મિક બંધુને પ્રણામ કરવાપૂર્વક અતિ કિંમતી, કોમળ, સ્વચ્છ વસ્ત્રોની પહેરામણી કરીને તેમનો મહાઆદર કરવો. તેમનું સુંદર સન્માન કરવું.

આ સમયે જેમણે શાસ્ત્રના સાર સારી રીતે જાણેલા છે. એવા ગુરુમહારાજે વિસ્તારથી આક્ષેપથી, નિક્ષેપણી ધર્મકથા કહી સંસારનો નિર્વેદ, ઉન્માદ, શ્રદ્ધા-સંવેગવર્ધક ધર્મોપદેશ કહેવો.

૫૯૬, ૫૯૭. ત્યારપછી પરમ શ્રદ્ધા સંવેગ તત્પર બનેલો જાણીને જીવન પર્યન્તના કેટલાક અભિગ્રહ આપવા જેવા કે હે દેવાનુપ્રિય ! તે ખરેખર આવો સુંદર મનુષ્ય ભવ મેળવ્યો. તેને સફળ કર્યો ત્યારે આજથી જાવજ્જીવ હંમેશા **ત્રણે કાળ ત્વરા રહિત, શાંત અને એકાગ્ર ચિત્તે ચૈત્યોના દર્શન-વંદન કરવા.** અશુચિ અશાશ્વત ક્ષણભંગુર એવા મનુષ્યત્વનો આ જ સાર છે.

**રોજ સવારે ચૈત્ય અને સાધુને વંદન ન કરું - દર્શન ન કરું ત્યાં સુધી મુખમાં પાણી ન નાંખવુ, બપોરે ચૈત્યાલયમાં દર્શન ન કરું ત્યાં સુધી મધ્યાહ્ન ભોજન ન કરું, સાંજે પણ ચૈત્યદર્શન કર્યા સિવાય સંધ્યાકાળનું ઉલ્લંઘન ન કરવું.**

આવા પ્રકારના અભિગ્રહના નિયમો જીવનપર્યન્ત કરાવવા. પછી હે ગૌતમ ! આગળ કહીશું તે વર્ધમાન.

વિદ્યાથી મંત્રીને ગુરુએ તેના મસ્તક ઉપર સાત મુષ્ટી ગંધચૂર્ણ નાખવી અને એવા આશીર્વચનો કહેવા કે – આ સંસાર સમુદ્રનો નિસ્તાર કરીને પાર પામનારો થા.

વર્ધમાન વિદ્યા – **ॐ नमो भगवओ अरहओ सिज्झउ मे भगवती महाविज्ञा वीरे महावीरे जयवीरे, सेणवीरे वद्धमाणवीरे जये विजये जयंते अपराजिए स्वाहा।**

ઉપવાસ કરીને વિધિપૂર્વક સાધના કરવી જોઈએ. આ વિદ્યા વડે દરેક ધર્મારાધનામાં તું પાર પામનારો થા. વડી દીક્ષામાં, ગણીપદની અનુજ્ઞામાં સાત વખત આ વિદ્યાનો જાપ કરવો અને નિત્થારાગ પારગા હોહ એમ કહેવું. અંતિમ સાધના અનશન અંગીકાર કરે ત્યારે મંત્રીને વાસક્ષેપ કરવામાં આવે તો આત્મા આરાધક બને છે. આ વિદ્યાના પ્રભાવથી વિઘ્નના સમૂહો ઉપશાંત થાય છે. શૂરવીર પુરુષ સંગ્રામમાં પ્રવેશ કરે તો કોઈથી પરાભવ પામતો નથી. કલ્પની સમાપ્તિમાં મંગલ અને ક્ષેમ કરનાર થાય છે.

૫૯૮. તેમજ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ એ ચારે પ્રકારના શ્રમણસંઘના વિઘ્નો ઉપશાંત થાય છે અને ધર્મકાર્યમાં સફળતા મેળવે છે. વળી તે મહાનુભવને એમ કહેવું કે ખરેખર તું ધન્ય છો, પુણ્યવંત છો, એમ બોલતા વાસક્ષેપ મંત્રીને લેવો.

ત્યારપછી જગતગુરુ જિનેન્દ્રની આગળના સ્થાનમાં ગંધયુક્ત, ન કરમાયેલી શ્વેત માળા ગ્રહણ કરીને ગુરુ મહારાજ પોતાના હસ્તથી બંને ખભા ઉપર આરોપણ કરતા કરતા નિઃસંદેહપણે આ પ્રમાણે તેને કહે કે –

અરે મહાનુભવ ! જન્માંતરમાં ઉપાર્જિત મહાપુણ્ય સમૂહવાળા ! તેં તારો મેળવેલ, સુંદર રીતે ઉપાર્જિત માનવજન્મ સફળ કર્યો. **તારા નરક અને તિર્યંચગતિના દ્વારો બંધ થઈ ગયા. હવે તેને અપયશ, અપકીર્તિ, નીચ ગૌત્રકર્મનો બંધ નહીં થાય. ભવાંતરમાં પંચ નમસ્કારના પ્રભાવથી જ્યાં જ્યાં ઉત્પન્ન થઈશ ત્યાં ત્યાં ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, ઉત્તમ પુરુષ, આરોગ્ય, સંપત્તિ પ્રાપ્ત થશે. આ બધું તને મળશે જ.**

**વળી પંચ નમસ્કારના પ્રભાવથી તને દાસપણું, દારિદ્ર, દુર્ભાગ્ય, હીનકુળમાં જન્મ, વિકલેન્દ્રિયપણું નહીં મળે.** વધુ શું કહેવુ?

હે ગૌતમ ! આ કહેલી વિધિથી જે કોઈ પંચ નમસ્કારાદિ શ્રુતજ્ઞાન ભણીને તેના અર્થાનુસાર પ્રયત્ન કરનારો થાય. સર્વ આવશ્યક આદિ નિત્ય અનુષ્ઠાનો તથા અઢાર હજાર શીલાંગોને વિશે રમણના કરનારો થાય,

કદાચ તે સરાગપણે સંયમ ક્રિયાનું સેવન કરે તે કારણે નિર્વાણ ન પામે તો પણ ગ્રૈવેયક, અનુત્તર આદિ ઉત્તમ દેવલોકમાં દીર્ઘકાળ આનંદ કરીને અહીં મનુષ્યલોકમાં ઉત્તમ કુળમાં જન્મ પામીને ઉત્કૃષ્ટ સુંદર લાવણ્યયુક્ત સર્વાંગ સુંદર દેહ પામીને સર્વ કળામાં નિષ્ણાતપણુ મેળવીને લોકોના મને આનંદ પામનારો થાય છે.

સુરેન્દ્ર સમાન ઋદ્ધિ પામીને, એકાંત દયા અને અનુકંપામાં તત્પર, કામભોગોથી કંટાળેલો યથાર્થ ધર્માચરણથી કર્મરજ ખંખેરીને સિદ્ધિ પામે છે.

૫૯૯. ભગવન્ ! જેવી રીતે પંચમંગલ ઉપધાન તપ કરીને વિધિપૂર્વક ગ્રહણ કર્યું, તેવી રીતે સામાયિકાદિ સમગ્ર શ્રુતજ્ઞાન ભણવું જોઈએ ?

ગૌતમ ! હા, તે જ પ્રમાણે વિનય અને ઉપધાન તપ પૂર્વક વિધિથી અધ્યયન કરવું જોઈએ. ખાસ કરીને તે શ્રુતજ્ઞાન ભણવાની અભિલાષાવાળાએ સર્વ પ્રયત્નથી આઠ પ્રકારના કાલાદિ આચારોનું રક્ષણ કરવું જોઈએ. અન્યથા શ્રુતજ્ઞાનની મહાઆશાતના થાય. બીજી એ વાત પણ ધ્યાનમાં રાખવી કે બાર અંગના શ્રુતજ્ઞાન માટે પહેલા અને છેલ્લા પ્રહરે ભણવા–ભણાવવાનો રોજ પ્રયત્ન કરવો અને **પંચમંગલ નવકાર ભણવા માટે આઠે પ્રહર કહ્યા છે.**

બીજું એ પણ ધ્યાનમાં રાખવું કે **પંચમંગલ નવકાર એ સામાયિકમાં હોય કે સામાયિકમાં ન હોય તો પણ ભણી**

**શકાય. પરંતુ સામાયિકાદિ સૂત્રો આરંભ, પરિગ્રહનો ત્યાગ કરીને અને જાવજ્જીવ સામાયિક કરીને જ ભણાય.** આરંભ–પરિગ્રહના ત્યાગ કર્યા સિવાય કે જાવજ્જીવ સામાયિક–સર્વ વિરતિ ગ્રહણ કર્યા સિવાય ભણી શકાતા નથી. તથા પંચમંગલના આલાવા, શક્રસ્તવ આદિ અને બારે અંગોરૂપ શ્રુતજ્ઞાનના ઉદ્દેશા, અધ્યયનોના સમુદ્દેશ–અનુજ્ઞાવિધિ સમયે આયંબિલ કરવું.

**૬૦૦.** ભગવન્ ! આ પંચમંગલ મહાશ્રુતસ્કંધ ભણવા માટે વિનયોપધાનની મોટી નિયંત્રણા કહેલી છે. બાળકો આવી મહાન નિયંત્રણા કેવી રીતે કરી શકે ?

ગૌતમ ! જે કોઈ આ કહેલી નિયંત્રણાની ઈચ્છા ન કરે, સવિનયથી અને ઉપધાન કર્યા વગર આ પંચમંગલ આદિ શ્રુતજ્ઞાન ભણે કે ભણાવે અથવા ઉપધાનપૂર્વક ન ભણતા–ભણાવનારને સારો માને તેને નવકાર આપે કે તેવા સામાયિકાદિ શ્રુતજ્ઞાન ભણાવે તે પ્રિયધર્મવાળો કે દૃઢ ધર્મવાળો ન ગણાય. શ્રુતની ભક્તિવાળો ન ગણાય.

તે સૂત્રની, અર્થની, સૂત્રાર્થ તદુભયની હીલના કરનારો ગણાય. ગુરુની હીલના કરનારો ગણાય. જે સૂત્ર, અર્થ, ઉભય તથા ગુરુની અવહેલના કરનારો થાય તે અતીત, અનાગત અને વર્તમાન તીર્થંકરોની આશાતના કરનારો થાય

જેણે શ્રુતજ્ઞાન, અરિહંત, સિદ્ધ, સાધુની આશાતના કરી તે દીર્ઘકાળ અનંતા સંસાર સમુદ્રમાં અટવાયા કરે છે, તેવા પ્રકારની ગુપ્ત પ્રગટ, શીત–ઉષ્ણ, મિશ્ર અને અનેક ૮૪ લાખ પ્રમાણવાળી યોનિમાં વારંવાર ઉત્પન્ન થયા કરે છે.

વળી ગાઢ અંધકાર, દુર્ગંધવાળા વિષ્ઠા પ્રવાહી, ખાર, પેશાબ, પિત્ત, બળખા, અશુચિ પદાર્થોથી પરિપૂર્ણ ચરબી, ઓર, પરુ, ઉબટી, મલ, રુધિરના ચીકણા કાદવવાળા, જોવા ન ગમે તેવા બિભત્સ ઘોર ગર્ભાવાસમાં પારાવાર વેદના અનુભવવી પડે છે. યાવત્ લાંબા કાળ સુધી નિયંત્રણા, વેદના ગર્ભાવાસમાં ભોગવવી પડે છે.

જેઓ શાસ્ત્રાદિમાં કહેલી વિધિથી આ સૂત્રાદિ ભણે છે, થોડા પણ અતિચાર લગાડતા નથી, યથોક્ત વિધાને જ પંચમંગલ આદિ શ્રુતજ્ઞાનનું વિનયોપધાન કરે છે તે હે ગૌતમ ! તે સૂત્રની હીલના કરતો નથી. અર્થની આશાતના કરતો નથી. સૂત્રાર્થ ઉભયની હીલના કરતો નથી.

ત્રણેય કાળમાં થનારા તીર્થંકરની આશાતના કરતો નથી. ત્રિલોકની ચોટીએ વાસ કરનારા કર્મરજ રૂપ મેલને જેમણે દૂર કરેલ છે, એવા સિદ્ધોની જેઓ આશાતના કરતા નથી. આચાર્ય–ઉપાધ્યાય–સાધુની આશાતના કરતા નથી. અતિ પ્રિયધર્મ વાળા, દૃઢ ધર્મવાળા તેમજ એકાંત ભક્તિવાળા થાય છે.

સૂત્રાર્થમાં અતિ રંજિત માનસવાળો તે શ્રદ્ધા અને સંવેગને પામનારો થાય છે. એવો પુણ્યશાળી આત્મા આ ભવરૂપી કેદખાનામાં વારંવાર ગર્ભવાસાદિ નિયંત્રણાના દુઃખો ભોગવનારા થતા નથી.

**૬૦૧.** પણ હે ગૌતમ ! જેણે હજુ પાપ–પુણ્યનો અર્થ જાણ્યો ન હોય, તેવો બાળક તે 'પંચમંગલ' માટે એકાંતે અયોગ્ય છે. તેને પંચમંગલ મહાશ્રુતસ્કંધનો એક પણ આલાવો ન આપવો, કેમકે અનાદિ ભવાંતરોમાં ઉપાર્જિત કર્મરાશિને બાળક માટે આલાવો પામીને બાળક સમ્યક્ પ્રકારે ન આરાધે તો તેની લઘુતા થાય.

તે બાળકને પહેલાં ધર્મકથા દ્વારા ભક્તિ ઉત્પન્ન કરવી. પછી પ્રિયધર્મ, દૃઢધર્મ, ભક્તિયુક્ત બનેલો જાણીને જેટલા પચ્ચક્ખાણ નિર્વાહ કરવા સમર્થ થાય, તેટલા પચ્ચક્ખાણ તેને કરાવવા. રાત્રિભોજનના દ્વિવિધ, ત્રિવિધ, ચતુર્વિધ એમ યથાશક્તિ પ્રત્યાખ્યાન કરાવવા.

**૬૦૨.** ગૌતમ ! **પિસ્તાળીશ નવકારશી, ૨૪–પોરીસી, ૧૨–પુરિમઙ્ઢ, ૧૦ અવઙ્ઢ કે ચાર એકાસણા કરવાથી એક ઉપવાસ ગણતરીમાં લઈ શકાય. બે આયંબિલ કે એક શુદ્ધ નિર્મળ નિર્દોષ આયંબિલથી પણ ઉપવાસ ગણાય.**

ગૌતમ ! **વ્યાપાર રહિતપણે રૌદ્રધ્યાન, આર્તધ્યાન, વિકથા રહિત સ્વાધ્યાય કરવામાં એકાગ્ર ચિત્તવાળો હોય તો માત્ર એક આયંબિલ કરે તો પણ માસક્ષમણ કરતા ચડી જાય છે.** તેથી કરીને વિસામા સહિત જેવા પ્રમાણમાં તપ–ઉપધાન કરે તેટલા પ્રમાણમાં તેની ગણતરીનો સરવાળો કરીને પંચ–મંગલ ભણવાને યોગ્ય થાય, ત્યારે તેને પંચ–

મંગલનો આલાવો ભણાવવો, નહીંતર ન ભણાવવો.

**૬૦૩.** ભગવન્ ! આમ કરવાથી ઘણો લાંબો સમય વીતી જાય અને કદાચ વચ્ચે જ મૃત્યુ પામી જાય તો નવકાર રહિત તે અંતિમ આરાધના કેવી રીતે સાધી શકે ? ગૌતમ ! જે સમયે સૂત્રોપચાર નિમિત્તે અશઠભાવથી યથાશક્તિ જે કંઈ પણ તપની શરૂઆત કરીને જે સમયે તેણે તે સૂત્ર–અર્થ–તદુભયનું અધ્યયન શરુ કર્યું, એમ સમજવું. કેમ કે તે આરાધક આત્મા તે પંચ નમસ્કારના સૂત્ર, અર્થ, તદુભયને અવિધિથી ગ્રહણ કરતો નથી. પરંતુ તે તેવી રીતે વિધિથી તપસ્યા કરી ગ્રહણ કરે છે – જેથી ભવાંતરમાં નાશ ન પામે, તેવા શુભાધ્યવસાયથી આરાધક થાય.

**૬૦૪.** ગૌતમ ! કોઈ બીજા પાસે ભણતા હો અને શ્રુતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી કાનથી સાંભળીને વગર આપેલું સૂત્ર ગ્રહણ કરીને પંચમંગલ સૂત્ર ભણીને કોઈકે તૈયાર કર્યું હોય તેને પણ શું ઉપધાન તપ કરવું જોઈએ ખરું ?

ગૌતમ ! હા, તેણે પણ તપ કરી આપવું જોઈએ.

ભગવન્ ! કયા કારણે તપ કરવું જોઈએ ? ગૌતમ ! સુલભ બોધિના લાભ માટે. આ રીતે તપ–વિધાન ન કરે તે જ્ઞાનકુશીલ.

**૬૦૫.** ભગવન્ ! જે કોઈને અતિ મહાન જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હોય, રાત–દિવસ ગોખવા છતાં વર્ષે માત્ર અર્ધ શ્લોક જ સ્થિર પરિચિત થાય, તેણે શું કરવું ? તેમણે જાવજ્જીવના અભિગ્રહ ગ્રહણ કરવા કે સ્વાધ્યાય કરનારનું વૈયાવચ્ચ તથા રોજ **અઢાર હજાર પ્રમાણ** પંચમંગલના સૂત્ર, અર્થ, તદુભયનું સ્મરણ કરતો એકાગ્ર મનથી ગોખે.

ભગવન્ ! કયા કારણે એમ કહો છો ? ગૌતમ ! જે ભિક્ષુ જાવજ્જીવ સુધીના અભિગ્રહ સહિત ચારે કાળ યથાશક્તિ વાચનાદિરૂપ સ્વાધ્યાય ન કરે તે જ્ઞાનકુશીલ છે.

**૬૦૬.** જે કોઈ યાવજ્જીવ સુધીના અભિગ્રહપૂર્વક અપૂર્વ જ્ઞાનનો બોધ કરે, તેની અશક્તિમાં પૂર્વે ગૃહીત જ્ઞાનનું પરાવર્તન કરે, **તેની પણ અશક્તિમાં ૨૫૦૦ નવકારમંત્રનું પરાવર્તન કરે.** તે પણ આરાધક છે. પોતાના જ્ઞાનાવરણીય કર્મો ખપાવીને તીર્થંકર કે ગણધર થઈને આરાધકપણુ પામી સિદ્ધિ પામે છે.

**૬૦૭** થી **૬૧૦.** ભગવન્ ! કયા કારણે કહેલ છે કે ચારે કાળમાં સ્વાધ્યાય કરવો જોઈએ ?

ગૌતમ ! મન, વચન, કાયાથી ગુપ્ત થયેલો આત્મા દરેક સમયે જ્ઞાનાવરણીય કર્મ ખપાવે છે. **સ્વાધ્યાય–ધ્યાનમાં વર્તતો હોય તે દરેક ક્ષણે વૈરાગ્ય પામનારો થાય છે.**

સ્વાધ્યાય કરનારને ઉર્ધ્વલોક, અધોલોક, જ્યોતિષ લોક, વૈમાનિક લોક, સિદ્ધિ, સર્વલોક, અલોક પ્રત્યક્ષ છે. અભ્યંતર અને બાહ્ય એવા બાર પ્રકારના તપને વિશે **સમ્યગ્ દૃષ્ટિ આત્માને સ્વાધ્યાય સમાન તપ થયો નથી અને થવાનો નથી.**

**૬૧૧** થી **૬૧૫.** એક, બે, ત્રણ માસક્ષમણ કરે, અરે ! સંવત્સરી સુધી ભૂખ્યો રહે કે સતત ઉપવાસ કરે, પણ **સ્વાધ્યાય ધ્યાન રહિત હોય તે એક ઉપવાસનું પણ ફળ ન પામે.**

ઉદ્‌ગમ, ઉત્પાદન, એષણાથી શુદ્ધ એવા જ આહારને હંમેશા ગ્રહણ કરનાર જો મન, વચન, કાયાના ત્રણે યોગમાં એકાગ્ર ઉપયોગ રાખનાર હોય અને દરેક સમયે સ્વાધ્યાય કરતો હોય તો એકાગ્ર માનસવાળાને વરસ દિવસ સુધી ઉપવાસો કરનારની સાથે સરખામણી કરી શકાતી નથી. કેમ કે એકાગ્રતાથી સ્વાધ્યાય કરનારને અનંત નિર્જરા થાય છે.

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, સહનશીલતા, ઇંદ્રિયોને દમનાર, નિર્જરાની અપેક્ષા રાખનાર એવો મુનિ એકાગ્ર મનથી નિશ્ચલપણે જે સ્વાધ્યાય કરે છે. જે કોઈ પ્રશસ્ત એવા શ્રુતજ્ઞાનને સમજાવે છે, જે કોઈ શુભભાવ વાળો તેને શ્રવણ કરે છે, તે બંને, ગૌતમ! તત્કાળ આશ્રવદ્વારો બંધ કરે છે.

**૬૧૬** થી **૬૧૯.** દુઃખી એવા એક જીવને પ્રતિબોધ પમાડીને જે મોક્ષમાર્ગમાં સ્થાપન કરે છે, તે દેવતા અને

અસુરો સહિત આ જગતમાં અમારી પડ્હો વગાડનારા થાય છે. જેમ બીજી ધાતુની પ્રધાનતા યુક્ત સુવર્ણક્રિયા વગર કંચનભાવને પામતુ નથી, તેમ સર્વે જીવો જિનોપદેશ વિના પ્રતિબોધ પામતા નથી.

રાગ–દ્વેષ અને મોહથી રહિત થઈને જે શાસ્ત્રને જાણનારા ધર્મકથા કરે છે, તે પણ વિશ્રાંતિ લીધા વિના હંમેશાં ધર્મોપદેશ આપે છે, તેઓ સર્વ પાપોથી મુક્ત થાય છે. **જો યથાર્થ પ્રકારે સૂત્ર અને અર્થની વ્યાખ્યા શ્રોતાને વક્તા કહે તો કહેનાર વક્તાને એકાંતે નિર્જરા થાય અને શ્રોતાને નિર્જરા થાય કે ન થાય.**

**૬૨૦.** ગૌતમ! એ કારણે એમ કહેવાય છે કે – જાવજ્જીવ અભિગ્રહ સહિત ચારે કાળ સ્વાધ્યાય કરવો. તેમજ ગૌતમ! જે ભિક્ષુ, વિધિપૂર્વક સુપ્રશસ્ત જ્ઞાન ભણીને પછી જ્ઞાનમદ કરે તે પણ જ્ઞાનકુશીલ કહેવાય. એમ જ્ઞાનકુશીલની અનેક પ્રકારે પ્રજ્ઞાપના કરાય છે.

**૬૨૧, ૬૨૨.** ભગવન્ ! દર્શન કુશીલ કેટલા ભેદ હોય છે ? ગૌતમ ! બે ભેદે **૧.** આગમથી, **૨.** નોઆગમથી.

તેમાં આગમથી સમ્યગ દર્શનમાં શંકા કરે, અન્યમતની અભિલાષા કરે, સાધુ–સાધ્વીના મેલા વસ્ત્રો અને શરીર જોઈને દુર્ગંધ કરે, ઘૃણા કરે, ધર્મકરણનું ફળ મળશે કે નહીં તેમ શંકા કરે. સમ્યક્ત્વાદિ ગુણવંતની પ્રશંસા ન કરે. ધર્મની શ્રદ્ધા ચાલી જાય, સાધુપણું છોડવાની અભિલાષાવાળાને સ્થિર ન કરે. સાધર્મિકોનું વાત્સલ્ય ન કરવું. છતી શક્તિએ શાસન પ્રભાવના, ભક્તિ ન કરવી એ આઠ સ્થાને દર્શન કુશીલ જાણવા.

નોઆગમથી દર્શનકુશીલ અનેક પ્રકારે સમજવા. તે આ પ્રમાણે – ચક્ષુકુશીલ, ઘ્રાણકુશીલ, શ્રવણકુશીલ, જિહ્વાકુશીલ, શરીરકુશીલ.

તેમાં ચક્ષુકુશીલ ત્રણ પ્રકારે જાણવા – પ્રશસ્ત ચક્ષુકુશીલ, પ્રશસ્તાપ્રશસ્ત ચક્ષુકુશીલ, અપ્રશસ્ત ચક્ષુકુશીલ.

તેમાં જે કોઈ પ્રશસ્ત એવા ઋષભાદિના બિંબ આગળ દૃષ્ટિ સ્થિર કરીને રહેલો હોય તેને જ જોતો, બીજા કોઈ પ્રશસ્ત પદાર્થને મનથી વિચારતો હોય તે પ્રશસ્ત ચક્ષુકુશીલ તથા પ્રશસ્તાપ્રશસ્ત ચક્ષુકુશીલ એટલે હૃદય અને નેત્રોથી ભગવંતની પ્રતિમાના દર્શન કરતા કરતા બીજા કોઈપણ પદાર્થ તરફ નજર કરે. વળી પ્રશસ્તાપ્રશસ્ત દ્રવ્યો જેવા કે કાગડા, બગલા, ઢંક, તિતિર, મોર વગેરે કે મનોહર લાવણ્યયુક્ત સુંદર સ્ત્રીને જોઈને તેના તરફ દૃષ્ટિ કરે તે પણ પ્રશસ્તાપ્રશસ્ત ચક્ષુકુશીલ કહેવાય.

અપ્રશસ્ત ચક્ષુકુશીલ – ૬૩ પ્રકારે અપ્રશસ્ત સરાગદૃષ્ટિ કહી છે –

ભગવન્ ! તે પ્રશસ્ત ૬૩–ચક્ષુભેદો કયા છે ? ગૌતમ ! તે આ પ્રમાણે– **૧.** સભ્રુકટાક્ષ, **૨.** તારા, **૩.** મંદા, **૪.** મદલસા, **૫.** વંકા, **૬.** વિવંકા, **૭.** કુશીલા, **૮.** અર્ધઈક્ષિતા, **૯.** કાણઈક્ષિતા, **૧૦.** ભ્રામિતા, **૧૧.** ઉદભ્રામિતા, **૧૨.** ચલિતા, **૧૩.** વલિતા, **૧૪.** ચલવલિતા, **૧૫.** અર્ધમિલિતા, **૧૬.** મિલમિલમિલા, **૧૭.** માનુષ્યા, **૧૮.** પશવા, **૧૯.** યક્ષિકા, **૨૦.** સરીસૃપા,

**૨૧.** અશાંતા, **૨૨.** અપ્રશાંતા, **૨૩.** અસ્થિરા, **૨૪.** બહુવિકાશા, **૨૫.** સાનુરાગા, **૨૬.** રાગ ઉદારણી, **૨૭.** રાગજા, **૨૮.** ઉત્પાદની, **૨૯.** મદની, **૩૦.** મોહણી, **૩૧.** વ્યામોહની. **૩૨.** ભય ઉદીરણી, **૩૩.** ભયજનની, **૩૪.** ભયંકરી, **૩૫.** હૃદયભેદની, **૩૬.** સંશયહરણી, **૩૭.** ચમત્કાર ઉત્પાદની, **૩૮.** નિબદ્ધા, **૩૯.** અનિબદ્ધા, **૪૦.** ગતા,

**૪૧.** આગતા, **૪૨.** ગતાગતા, **૪૩.** પ્રત્યાગતા, **૪૪.** નિર્ધારણી, **૪૫.** અભિલષણી, **૪૬.** અરતિકરા, **૪૭.** રતિકરા, **૪૮.** દીના, **૪૯.** દયામણી, **૫૦.** શુરા, **૫૧.** ધીરા, **૫૨.** હણણી, **૫૩.** મારણી, **૫૪.** તાપણી, **૫૫.** સંતાપણી, **૫૬.** ક્રુધ્ધા, **૫૭.** મહાઘોરા, **૫૮.** ચંડી, **૫૯.** રૂદ્રા, **૬૦.** હાહાભૂતશરણા,

**૬૧.** રુક્ષા, **૬૨.** સ્નિગ્ધા, **૬૩.** રુક્ષાસ્નિગ્ધા. આ પ્રમાણે કુશીલદૃષ્ટિઓ અહીં જણાવી છે. તે નામના અનુસારે વ્યાખ્યા સમજી લેવી.

સ્ત્રીઓના ચરણ, અંગૂઠા, તેનો અગ્રભાગ, નખ, હાથ, જે સારી રીતે આલેખેલો હોય, લાલ રંગ કે અલતાથી

ગાત્રો અને નખ રંગેલા હોય, મણિના કિરણો એકઠા થવાથી મેઘધનુષ્ય હોય તેવા નખને, કાચબા જેવા ઉન્નત ચરણને, સરખા ગોઠવાયેલ ગોળાકાર ગૂઢ જાનુને, જંઘાને, વિશાળ કટિતટના સ્થાનને, જઘન, નિતંબ, નાભિ, સ્તન, ગુપ્તસ્થાન પાસેના સ્થાનો, કંઠ, ભૂજાલષ્ટિ, અધર, હોઠ, દંતપંક્તિ, કાન, નાક, નેત્રયુગલ, ભ્રમર, મુખ, કપાળ, મસ્તક, કેશ, સેંથો, વાંકી કેશલટ, પીઠ, તિલક, કુંડલ, ગાલ, ખંજન, શ્યામવર્ણી, તમાલપત્ર સમાન કેશકલાપ, કંદોરો, નૂપુર, બાહુરક્ષક મણિરત્ન જડિત કડા, કંકણ, મુદ્રિકાદિ મનોહર અને ઝળહળતા આભૂષણો, રેશમી ઝીણા વસ્ત્રો, સુતરાઉ વેશભૂષા આદિથી સજાવટ કરીને કામાગ્નિને પ્રદીપ્ત કરનારી નારકી અને તિર્યંચગતિમાં અનંત દુઃખ અપાવનારી આ સ્ત્રીઓના અંગો, ઉપાંગો, આભૂષણો આદિ અભિલાષાપૂર્વક સરાગ દૃષ્ટિથી દેખવું તે ચક્ષુકુશીલ કહેવાય.

૬૨૩, ૬૨૪. ઘ્રાણકુશીલ તેને કહેવાય, જેઓ સારી સુગંધ લેવા જાય અને દુર્ગંધ આવતી હોય તો નાક મચકોડે – દુર્ગંધ કહે.

શ્રવણકુશીલ બે ભેદે – પ્રશસ્ત અને અપ્રશસ્ત.

તેમાં જે ભિક્ષુ અપ્રશસ્ત એવા કામરાગને ઉત્પન્ન કરનાર, ઉદ્દીપન કરનાર, ઉજ્જ્વલન કરનાર, ગંધર્વ, નાટક, ધનુર્વેદ, હસ્તશિક્ષા, કામશાસ્ત્ર, રતિશાસ્ત્ર આદિ શ્રવણ કરીને તેની આલોચના ન કરે યાવત્ તેનું પ્રાયશ્ચિત્ત આચરી ન આપે તે અપ્રશસ્ત શ્રવણકુશીલ જાણવો.

તથા જિહ્વા કુશીલ અનેક પ્રકારે જાણવા. તે આ પ્રમાણે – કડવા, તીખા, તૂરા, મધુર, ખાટા, ખારા રસોનો સ્વાદ ન કરવો. ... તથા ...

ન દેખેલા, ન સાંભળેલા, આલોક–પરલોક–ઉભયલોક વિરુદ્ધ દોષવાળા મકાર–જકારવાળા અપશબ્દોને ઉચ્ચારવા, અપયશ થાય તેવા ખોટા આળ આપવા, અછતા કલંક ચડાવવા, શાસ્ત્ર જાણ્યા વિના ધર્મદેશનાની પ્રવૃત્તિ કરવી તે જિહ્વા કુશીલ જાણવા.

ભગવન્ ! ભાષા બોલવાથી પણ શું કુશીલપણું થઈ જાય છે ? ગૌતમ ! હા, તેમ થાય છે.

ભગવન્! તો શું ધર્મદેશના ન કરવી ? ગૌતમ! સાવદ્ય–નિરવદ્ય વચનોનો તફાવત જે જાણતો નથી તેને બોલવાનો પણ અધિકાર નથી. તો પછી ધર્મદેશના કરવાનો તો અવકાશ જ ક્યાં છે ?

૬૨૫. શરીર કુશીલ બે ભેદે જાણવા – ચેષ્ટાકુશીલ, વિભૂષા કુશીલ.

તેમાં જે ભિક્ષુ આ કૃતિ સમૂહના આવાસ રૂપ પક્ષીઓ અને શ્વાનોના માટે ભોજનરૂપ, સડવું–પડવું–નાશ પામવું એવા સ્વભાવવાળું અશુચિ, અશાશ્વત, સંસાર એવા શરીરને હંમેશા આહારાદિથી પોષે, પંપાળે, તેવી શરીર ચેષ્ટા કરે, પરંતુ સેંકડો ભવોમાં દુર્લભ એવા જ્ઞાન–દર્શનાદિ સહિત એવા શરીર વડે અત્યંત ઘોર વીર ઉગ્ર કષ્ટકારી ઘોર તપ સંયમના અનુષ્ઠાનો ન આચરે તે ચેષ્ટા કુશીલ.

જે વિભૂષા કુશીલ છે, તે પણ અનેક પ્રકારે છે –

જેમ કે– શરીરને અભ્યંગન કરવું, ચોળાવવું, લેપો કરાવવા, અંગમર્દન કરાવવું, સ્નાન–વિલેપન કરવા, મેલ ઘસીને દૂર કરવો, તંબોલ ખાવું, ધૂપ દેવડાવવો, સુગંધી વસ્તુથી શરીર કે વસ્ત્રો વાસિત કરવા, દાંત ઘસવા, લીસા કરવા, ચહેરો સુશોભિત બનાવવો, પુષ્પો કે તેની માળા પહેરવી, વાળ ઓળવા, પગરખાં, પાવડી વાપરવા, અભિમાનથી ગતિ કરવી–બોલવું–હસવું–બેસવું–ઉઠવું–પડવું–ખેંચવું–શરીરની વિભૂષા દેખાય તેમ કપડાં પહેરવા, દાંડો લેવો, આ બધા શરીર વિભૂષા કુશીલ સાધુ સમજવા.

આ કુશીલ સાધુઓ પ્રવચનની ઉડાહણા – ઉપઘાત કરાવનાર, જેનું ભાવિ પરિણામ દુષ્ટ છે તેવા અશુભ લક્ષણો વાળો, ન જોવાલાયક, મહાપાપકર્મી, વિભૂષા કુશીલ સાધુ હોય છે. આ પ્રમાણે દર્શનકુશીલ પ્રકરણ પૂર્ણ થયું.

૬૨૬. મૂલગુણ અને ઉત્તરગુણમાં ચારિત્રકુશીલ અનેક ભેદે જાણવા. તેમાં પાંચ મહાવ્રત અને રાત્રિભોજન

છઠ્ઠું એમ મૂલગુણો કહ્યા. તે છમાં જે પ્રમાદ કરે, તેમાં પ્રાણાતિપાત એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિરૂપ એકેન્દ્રિય જીવો, બે-ત્રણ-ચાર-પાંચ ઇન્દ્રિયવાળા જીવોનો સંઘટ્ટો કરવો, પરિતાપ ઉપજાવવો, કિલામણા કરવી.

મૃષાવાદ બે ભેદે – સૂક્ષ્મ અને બાદર, તેમાં **'પયલા ઉલ્લા મરુએ'** કોઈ સાધુ દિવસે ઊંઘતો હતો. બીજાએ કહ્યું, દિવસે કેમ ઊંઘે છે ? પેલો કહે, હું ઊંઘતો નથી. ફરી તેને નિંદ્રા આવી, ફરી બીજા સાધુએ પૂછ્યું, ફરી પહેલો કહે કે ના ઊંઘતો નથી. આ સૂક્ષ્મ મૃષાવાદ.

કોઈ સાધુએ ભોજન સમયે કહ્યું – ભોજન કરો. તેણે જવાબ આપ્યો કે મારે પચ્ચક્ખાણ છે, એમ બોલી તુરંત ખાવા લાગ્યો.

બીજા સાધુએ પૂછ્યું, હમણા પચ્ચક્ખાણ છે તેમ કહી, ફરી ભોજન કરે છે ? ત્યારે તે કહે કે શું મેં પ્રાણાતિપાતાદિ પાંચ મહાવ્રતનું વિરતિ પચ્ચક્ખાણ કર્યું નથી ? આ રીતે છળપ્રયોગથી સૂક્ષ્મ મૃષાવાદ.

સૂક્ષ્મ મૃષાવાદ અને કન્યાલીક આદિ બાદર મૃષાવાદ.

વણ આપેલ ગ્રહણ કરવું, તેના બે ભેદ – સૂક્ષ્મ અને બાદર. તેમાં તૃણ, ઢેફાં, રાખની કુંડી આદિ લેવા તે સૂક્ષ્મ અદત્તાદાન. અણઘડેલ કે ઘડેલ સુવર્ણાદિ લેવા રૂપ બાદર અદત્તાદાન જાણવું.

તથા મૈથુન-દિવ્ય અને ઔદારિક. તે પણ મન, વચન, કાયાથી કરણ કરાવણ, અનુમોદન એમ ભાંગાથી અઢાર ભેદે જાણવું તેમજ કરકર્મ સચિત-અચિત ભેદોવાળું ઇત્યાદિ જાણવું.

માંડલીમાં પરિગ્રહ બે ભેદે – સૂક્ષ્મ અને બાદર. વસ્ત્રપાત્રનું મમત્વભાવથી રક્ષણ કરવું. બીજાને વાપરવા ન આપવા તે સૂક્ષ્મ પરિગ્રહ. હિરણ્યાદિ ગ્રહણ કરવા કે ધારણ કરી રાખવા. માલિકી રાખવી, તે બાદર પરિગ્રહ જાણવો.

**રાત્રિ ભોજન ૧. દિવસે લઈ રાત્રે ખાવું, ૨. દિવસે લઈ બીજા દિવસે ખાવું, ૩. રાત્રે લઈ દિવસે ખાવું. ૪. રાત્રે લઈ રાત્રે ખાવું**, ઇત્યાદિ.

**૬૨૭ થી ૬૩૨.** ઉત્તરગુણોને વિશે પીંડની જે વિશુદ્ધ સમિતિ, ભાવના, બે પ્રકારે તપ, પ્રતિમા ધારણ કરવી, અભિગ્રહો ગ્રહણ કરવા, આ બધા ઉત્તરગુણો જાણવા.

તેમાં પીંડ વિશુદ્ધિ **૧૬**-ઉદ્ગમ દોષો, **૧૬**-ઉત્પાદન દોષો, **૧૦**-એષણા દોષો અને સંયોજનાદિ **૫**-દોષો.

તેમાં ઉત્પાદન દોષો આ છે – આધાકર્મ, ઔદ્દેશિક, પૂતિકર્મ, મિશ્રજાત, સ્થાપના, પ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્યક, પરાવર્તિત, ભ્યાહન, ઉદ્ભિન્ન, માલોપહ્રત, આદીધ, અતિસૃષ્ટ, અધ્યવપૂરક.

**૬૩૩ થી ૬૩૫.** ઉત્પાદનના **૧૬** દોષો આ છે – ધાત્રી, દૂતિ, નિમિત્ત, આજીવક, વનીયક, ચિકિત્સા, ક્રોધ, માન, માયા, લોભ, સંસ્તવ, વિદ્યા, મંત્ર, ચૂર્ણ, યોગ, મૂળકર્મ એ સોળ.

**૬૩૬, ૬૩૭.** એષણાના દશ દોષો આ છે – શંકિત, મ્રક્ષિત, નિક્ષિપ્ત, વિહિત, સંહ્રત, દાયક, ઉન્મિશ્ર, અનપરિણત, લિપ્ત, છર્દિત.

**૬૩૮.** તેમાં ઉદ્ગમ દોષો ગૃહસ્થથી ઉત્પન્ન થાય, ઉત્પાદન દોષો સાધુથી ઉત્પન્ન થાય. એષણા દોષો બંનેથી ઉત્પન્ન થાય.

માંડલીના દોષો આ પાંચ છે – સંયોજના, પ્રમાણાધિક, અંગાર, ધૂમ, કારણાભાવ. એ રીતે ગ્રાસૈષણાના પાંચ દોષો થયા.

તેમાં સંયોજના દોષ બે ભેદે – ઉપકરણ સંબંધી અને ભોજન-પાન સંબંધી. તે બંનેના પણ અભ્યંતર અને બાહ્ય બે ભેદો છે.

**૬૩૯.** પ્રમાણ – બત્રીશ કવલ આહાર કુક્ષિપૂરક ગણાય છે. ભાવતા ભોજનાદિ રાગથી વપરાય તો ઈંગાલ દોષ. અણગમતા દ્વેષથી વપરાય છે તેને ધૂમ્ર દોષ કહેવાય છે.

૬૪૦ થી ૬૪૪. કારણાભાવ દોષમાં – ૧. ક્ષુધા વેદના સહન ન થાય, ૨. અશક્ત શરીરે વૈયાવચ્ચ ન બની શકે. ૩. આંખનું તેજ ઘટતા ઈર્યાસમિતિમાં ક્ષતિ આવે. ૪. સંયમ પાલન માટે, ૫.પ્રાણ ટકાવવા, ૬.ધર્મધ્યાન માટે. આ કારણે ભોજન કરવાનું કલ્પે.

ભૂખ સમાન કોઈ વેદના નથી માટે તેની શાંતિ અર્થે ભોજન કરવું. ભૂખથી દુર્બળ શરીરી વૈયાવચ્ચ કરવા સમર્થ ન થાય, માટે ભોજન કરવું. પ્રેક્ષાદિ સંયમ ન સાચવી શકાય, સ્વાધ્યાયાદિની શક્તિ ઘટતી જાય, ધર્મધ્યાન ન કરી શકે. માટે સાધુએ આટલા કારણે ભોજન કરવું પડે.

૬૪૪. હવે પાંચ સમિતિઓ કહે છે – ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમત્ત નિક્ષેપણા સમિતિ અને ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ સિંઘાણ જલ્લ પારિષ્ઠાપનિકા સમિતિ.

ત્રણ ગુપ્તિ – મન ગુપ્તિ, વચન ગુપ્તિ, કાય ગુપ્તિ.

બાર ભાવના – **અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચિ, સંસાર, આશ્રવ, સંવર, નિર્જરા, લોકવિસ્તાર, સુકથિત ધર્મ અને બોધિદુર્લભ એમ બાર પ્રકારે ભાવના જાણવી.**

આ કે આવા સ્થાને પ્રમાદ કરે તે ચારિત્ર કુશીલ.

૬૪૫. તપ કુશીલ બે ભેદે – બાહ્ય તપકુશીલ, અભ્યંતર તપકુશીલ.

જે કોઈ મુનિ વિચિત્ર એવું વિશિષ્ટ લાંબા સમયનું ઉપવાસાદિ તપ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસ પરિત્યાગ, કાર્ય કલેશ, અંગોપાંગ સંકોચવા રૂપ સંલીનતા. આ છ તપમાં છતી શક્તિએ ઉદ્યમ કરતા નથી, તે બાહ્ય તપ કુશીલ કહેવાય.

તથા જે કોઈ વિવિધ પ્રાયશ્ચિત્ત લેવા, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ એ છ ભેદે અભ્યંતર તપમાં ઉદ્યમ કરતા નથી તે આભ્યંતર તપકુશીલ કહેવાય.

૬૪૬, ૬૪૭. બાર ભેદે ભિક્ષુ પ્રતિમાઓ આ છે –

એક માસિકી, બે માસિકી, ત્રણ માસિકી, ચાર માસિકી, પાંચ માસિકી, છ માસિકી, સાત માસિકી એમ સાત પ્રતિમા. આઠમી સાત અહોરાત્રિકી, નવમી સાત અહોરાત્રિકી, દશમી સાત અહોરાત્રિકી, અગિયારમી એક અહોરાત્રિકી અને બારમી એકરાત્રિકી. એ બાર ભિક્ષુપ્રતિમા જાણવી.

૬૪૮. અભિગ્રહો – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

તેમાં દ્રવ્ય અભિગ્રહમાં બાફેલા અળદ વગેરે દ્રવ્ય ગ્રહણ કરવા.

ક્ષેત્રથી ગામમાં કે ગામ બહાર ગ્રહણ કરવું.

કાળથી પહેલી વગેરે પોરીસીમાં ગ્રહણ કરવું.

ભાવથી ક્રોધાદિ કષાયવાળો આપે તો ગ્રહણ કરીશ.

આ પ્રમાણે ઉત્તરગુણો સંક્ષેપથી કહ્યા. તેમ કહેતા ચારિત્રાચાર પણ સંક્ષેપથી પૂર્ણ થયો. તપાચાર પણ સંક્ષેપથી તેમાં આવી ગયો. તેમજ વીર્યાચાર તે કહેવાય જે આ પાંચ આચારોમાં ન્યૂન આચાર ન સેવે.

આ પાંચે આચારોમાં જે કોઈ અતિચારોમાં જાણી જોઈને અજાણ્યાથી, દર્પથી, પ્રમાદથી, કલ્પથી કે જયણાથી જે પ્રમાણે પાપ સેવ્યું હોય તે પ્રમાણે ગુરુ પાસે આલોવીને માર્ગ જાણનાર ગીતાર્થ ગુરુ જે પ્રાયશ્ચિત્ત આપે તે બરાબર આચરે. આ પ્રકારે **૧૮૦૦૦** શીલાંગોમાં જે પદમાં પ્રમાદ સેવ્યો હોય, તેને તે તે પ્રમાદકુશીલ સમજવો.

૬૪૯. તે પ્રમાણે ઓસન્ના વિશે જાણવું. જ્ઞાનાદિના પાસત્થા, સ્વચ્છંદ, ઉત્સૂત્રગામી, શબલોને અહીં લખતા નથી.

અહીં ક્યાંક–ક્યાંક જે બીજી વાચના હોય તો તે સારી રીતે શાસ્ત્રસાર જાણેલા ગીતાર્થવર્યો સંબંધ જોડી દેવો.

કેમ કે મૂળપ્રત ઘણી વિનષ્ટ થઈ છે.

આગળ જ્યાં જ્યાં સંબંધ જોડવાની જરૂર પડી ત્યાં ત્યાં શ્રુતધરોએ એકઠા મળીને અંગોપાંગ સહિત બાર અંગરૂપ શ્રુતસમુદ્રમાંથી અન્ય અન્ય અંગ, ઉપાંગ, શ્રુત, સ્કંધ, અધ્યયન, ઉદ્દેશામાંથી યોગ્ય સંબંધો એકઠા કરીને જે કંઈ સંબંધ ધરાવતા હતા તે અહીં લખેલા છે. પણ પોતે કહેલું અહીં કાંઈ ગોઠવેલ નથી.

**૬૫૦ થી ૬૫૩**. અતિશય મોટા એવા આ પાંચ પાપો જે વર્જતા નથી. તેઓ હે ગૌતમ ! જેમ સુમતિ નામક શ્રાવક કુશીલ આદિ સાથે સંલાપ આદિ પાપ કરીને ભવમાં ભમ્યો, તેમ ભમશે.

ભવસ્થિતિ, કાયસ્થિતિવાળા સંસારમાં ઘોર દુઃખોમાં સબડતા બોધિ, અહિંસાદિ લક્ષણયુક્ત દશવિધ ધર્મ પામી શકતો નથી.

ઋષિના આશ્રમમાં તેમજ ભિલ્લના ઘરમાં રહેલા પોપટ જેમ સંસર્ગ ગુણદોષથી એકને મધુર બોલતા આવડ્યું, બીજાને અપશબ્દ બોલતા આવડ્યું. હે ગૌતમ ! જેવી રીતે આ બંને પોપટને સંસર્ગ દોષનું પરિણામ આવ્યું. તે જ પ્રમાણે આત્મહિતની ઇચ્છાવાળાએ આ પક્ષની હકીકત જાણીને સર્વ ઉપાયથી કુશીલ સંસર્ગનો ત્યાગ કરવો.

## મહાનિશીથ સૂત્ર, અધ્યયન–૩ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# અધ્યયન–૪ ' કુશીલ સંસર્ગ'

૬૫૪. ભગવન્ ! તે સુમતિએ કુશીલ સંસર્ગ કેવી રીતે કર્યો હતો કે જેથી આવા ભયંકર દુઃખ પરિણામી ભવ–સ્થિતિ અને કાયસ્થિતિવાળા અપાર ભવસમુદ્રમાં દુઃખથી સંતપ્ત થઈને ભ્રમણ કરશે ? સર્વજ્ઞોક્ત અહિંસા લક્ષણ–વાળા ક્ષમા આદિ દશ પ્રકારના ધર્મને અને સમ્યક્ત્વને નહીં પામે ? ગૌતમ ! તે આ છે–

ભરતક્ષેત્રમાં મગધ દેશમાં કુશસ્થળ નગર હતું. તેમાં પુણ્ય–પાપ સમજનાર, જીવાજીવાદિ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જેણે સારી રીતે જાણેલ છે એવા મોટી ઋદ્ધિવાળા સુમતિ અને નાગિલ નામે બે ભાઈઓ શ્રાવકધર્મ પાળતા હતા. કોઈ સમયે અંતરાય કર્મના ઉદયથી તેમનો વૈભવ વિલય પામ્યો. પણ સત્ત્વ અને પરાક્રમ તો પહેલાના જ હતા. અચલિત સત્વ પરાક્રમી, અત્યંત પરલોકભીરુ, કુડ–કપટ–જૂઠથી વિરમેલા, ભગવંત ઉપદિષ્ટ ચારે પ્રકારે દાનાદિ ધર્મ સેવતા હતા. કોઈની ખટપટ નિંદા ન કરતા, નમ્રતા સેવતા, સરળ સ્વભાવી, ગુણરૂપ રત્નોના નિવાસસ્થાન રૂપ, ક્ષમાના દરિયા, સજ્જનની મૈત્રીસેવનાર, ઘણા દિવસો સુધી જેના ગુણો વર્ણવી શકાય તેવા ગુણભંડારસમ શ્રાવકો હતા

તેમના અશુભકર્મના ઉદય થયો, હવે તેમની સંપત્તિ અષ્ટાહ્નિકા મહોત્સવાદિ, ઈષ્ટદેવતાના ઈચ્છિત પૂજાસત્કાર, સાધર્મિક સન્માન, બંધુવર્ગના વ્યવહારાદિ માટે અસમર્થ થઈ.

૬૫૫ થી ૬૬૦. કોઈ સમયે ઘેર પરોણા આવે તેને સત્કારી શકાતા નથી. સ્નેહીવર્ગોના મનોરથો પૂરી શકાતા નથી, મિત્ર સ્વજન કુટુંબ બાંધવ સ્ત્રી–પુત્રો ભત્રીજાઓ સંબંધ ઘટાડી દૂર ખસી ગયા ત્યારે વિષાદ પામેલા તે શ્રાવકોએ ચિંતવ્યું કે – પુરુષ પાસે જો વૈભવ હોય છે તો તે લોકો તેની આજ્ઞા સ્વીકારે છે. બાકી જળરહિત મેઘને વીજળી પણ દૂરથી ત્યાગે છે. એમ વિચારી તેઓ પરસ્પર કહેવા લાગ્યા. પહેલાં સુમતિએ નાગીલભાઈને કહ્યું કે મન અને ધનરહિત ભાગ્યહીન પુરુષે એવા દેશમાં ચાલ્યા જેવું કે જ્યાં પોતાના સંબંધી કે આવાસો ન દેખાય. બીજાએ પણ કહ્યું કે જેની પાસે ધન હોય તેની પાસે લોકો આવે છે. જેની પાસે અર્થ હોય તેને ઘણા બંધુઓ હોય છે.

૬૬૧. આ પ્રમાણે તેઓ પરસ્પર એકમતવાળા થયા અને તેમણે દેશત્યાગ કરવાનો નિર્ણય કર્યો કે આપણે કોઈ અજાણ્યા દેશમાં ચાલ્યા જઈએ. ત્યાં ગયા છતાં પણ લાંબા કાળથી ચિંતવેલા મનોરથો પૂર્ણ ન થાય તો અને દૈવ અનુકૂળ થાય તો પ્રવ્રજ્યા અંગીકાર કરીએ. પછી કુશસ્થળ નગર છોડી વિદેશગમન નક્કી કર્યું.

૬૬૨. દેશાંતર પ્રયાણ કરતા તે બંનેએ માર્ગમાં પાંચ સાધુ અને છઠ્ઠો શ્રાવક જોયા. ત્યારે નાગીલે સુમતિને કહ્યું કે હે સુમતિ ! જો જો આ સાધુનો સાર્થ કેવો છે, તો આપણે તેમની સાથે જઈએ. તેણે કહ્યું, ભલે તમે થાઓ. પછી તેના સાર્થમાં સાથે ચાલ્યા. માત્ર એક મુકામે જવા પ્રયાણ કર્યું. ત્યાં નાગીલે સુમતિને કહ્યું – હરિવંશના તિલકભૂત મરકત રત્ન સમાન શ્યામ કાંતિવાળા સુગ્રાહ્ય નામવાળા બાવીસમાં તીર્થંકર શ્રી અરિષ્ઠનેમિના ચરણકમળમાં મેં આ પ્રમાણે સાંભળીને અવધારેલ કે આવા પ્રકારના અણગાર રૂપને ધારણ કરનારા કુશીલ ગણાય છે.

જે કુશીલ છે તેમને દૃષ્ટિથી પણ જોવા ન કલ્પે. આ સાધુઓ તેવા છે, તેમના સાથે થોડો પણ ગમન સંસર્ગ ન કલ્પે. માટે તેમને ચાલ્યા જવા દો. આપણે કોઈ નાના સાર્થ સાથે જઈશું. કેમ કે **તીર્થંકર વચનનું ઉલ્લંઘન ન કરવું જોઈએ.** દેવો અને અસુરોવાળા આ જગતને પણ તીર્થંકરવાણી ઉલ્લંઘવા લાયક નથી. બીજું એ કે – જ્યાં સુધી તેમની સાથે ચાલીએ ત્યાં સુધી તેમના દર્શન તો ઠીક આલાપ–સંલાપાદિ પણ નિયમા કરવા પડે. તો શું આપણે તીર્થંકરની વાણી ઉલ્લંઘીને જવું. એમ વિચારી સુમતિનો હાથ પકડી નાગીલ ત્યાંથી નીકળી ગયો.

૬૬૩ થી ૬૬૯. નેત્રથી નીહાળેલ, શુદ્ધ અને નિર્જીવભૂમિ ઉપર બેઠો. ત્યારપછી સુમતિએ કહ્યું કે જ્ઞાન આપનાર ગુરુ, માતા–પિતા, વડીલબંધુ તેમજ બહેન અથવા જ્યાં સામો પ્રત્યુત્તર આપી શકાતો ન હોય ત્યાં હે દેવ ! મારે શું કહેવું ? તેઓની આજ્ઞા થાય તે પ્રમાણપૂર્વક તહત્તિ એમ કહીને સ્વીકારવાની જ હોય! મારા માટે ઈષ્ટ છે કે

અનિષ્ટ છે તેનો તેમાં વિચારવાનો અવકાશ નથી.

પણ આજે તો આ વિષયમાં આર્યને આનો ઉત્તર આપવો જ પડશે અને તે પણ આકરા કઠોર કર્કશ અનિષ્ટ દુષ્ટ નિષ્ઠુર શબ્દોથી જ અથવા તો મોટા ભાઈ પાસે મારી જીભ કેમ ઉપડે કે જેના ખોળે હું વસ્ત્ર રહિત, અશુચિથી ખરડાયેલ અંગવાળો અનેક વખત રમેલો છું અથવા તે પોતે આવું અણઘટતું બોલતા શરમાતા નથી ? કે આ કુશીલો છે, તે સાધુને નજરે પણ ન જોવા જોઈએ. જેટલામાં તે આ વિચારે છે, તેટલામાં ઇંગિતાકાર જાણવામાં કુશળ મોટાભાઈ નાગીલે તેનો હૃદયગત ભાવ જાણી ગયા કે આ સુમતિ ખોટો કષાયવાળો થાય છે. તો હવે તેને શો પ્રત્યુત્તર આપવો ?

૬૭૦ થી ૬૭૬. કારણ વિના, પ્રસંગ વિના ક્રોધાયમાન થયેલો ભલે હાલ એમ જ રહે, અત્યારે કદાચ કહીશ તો પણ માનશે નહીં. તો હાલ તેને સમજાવવો કે કાલક્ષેપ કરવો ? કાળ પસાર થતા તેના કષાય શાંત થશે પછી મારી વાત સ્વીકારશે. અથવા તો હાલ તેના સંશયને દૂર કરું. વિશેષ સમજ વિના આ ભદ્રિકને કંઈ સમજાશે નહીં. એમ વિચારીને નાગીલે સુમતિને કહ્યું – હે બંધુ ! હું તને દોષ આપતો નથી. હું આ વિષયમાં મારો જ દોષ માનુ છું. હિતબુદ્ધિથી સગા ભાઈને કહીએ તો પણ કોપાયમાન થાય છે. આઠ કર્મની જાળમાં સપડાયેલા જીવોનો અહીં જ દોષ છે કે ચારે ગતિથી બહાર કાઢનાર હિતોપદેશ તેને અસર ન કરે. સજ્જડ રાગ, દ્વેષ, કદાગ્રહ, અજ્ઞાન, મિથ્યાત્વ દોષથી ખવાઈ ગયેલા મન વાળાઓને હિતોપદેશરૂપ અમૃત પણ કાલકૂટ વિષ લાગે છે.

૬૭૭. એમ સાંભળી સુમતિએ કહ્યું કે તમે જ સત્યવાદી છો અને આમ બોલી શકો છો, પણ સાધુના અવર્ણવાદ બોલવા તે બિલકુલ યોગ્ય ન ગણાય. તે મહાનુભાવોનો બીજો આચાર કેમ જોતા નથી ? છઠ્ઠ, અઠ્ઠમ, ચાર–પાંચ ઉપવાસાદિ તપ કરીને આહાર લેતા, આતાપના લેતા, વિરાસન આદિ વિવિધ અભિગ્રહોને ધારણ કરનારા, કષ્ટવાળા તપો કરવા ઇત્યાદિ ધર્માનુષ્ઠાન આચરી જેમણે માંસ અને લોહી સૂકવી નાખેલ છે. આવા ગુણયુક્ત મહાનુભાવ સાધુઓને તમારા સરખા મહાભાષા સમિતિવાળા મોટા શ્રાવક થઈને, આ સાધુઓ કુશીલ છે એમ સંકલ્પ કરવો યુક્ત નથી.

ત્યારે નાગીલે કહ્યું કે હે વત્સ ! તેના ધર્માનુષ્ઠાનથી તું સંતોષ ન પામ, આજે હું અવિશ્વાસથી લૂંટાયો છું તેમ ન માન. અનિચ્છાએ આવી પડેલ પરાધીનતાથી ભોગવવાના દુઃખોથી અકામ નિર્જરાથી પણ કર્મક્ષય થાય છે તો પછી બાલતપથી કર્મક્ષય કેમ ન થાય ? આ સર્વેને બાલતપસ્વી જાણ. શું તને તેમનું ઉત્સૂત્રમાર્ગ સેવન અલ્પ પણ દેખાતું નથી ? હે સુમતિ ! મને આ સાધુ ઉપર સૂક્ષ્મ પણ દ્વેષ નથી, પણ તીર્થંકર ભગવંત પાસેથી અવધારેલું છે કે કુશીલને ન દેખવા.

ત્યારે સુમતિએ કહ્યું કે – જેવો તું નિર્બુદ્ધિ છે તેવા જ તે તીર્થંકર હશે. જેથી તને આમ કહ્યું. પછી આમ બોલનાર સુમતિના મુખરૂપી છિદ્રને પોતાના હાથે બંધ કરીને નાગીલે તેને કહ્યું – હે ભદ્રમુખ ! જગતગુરુ તીર્થંકરની આશાતના ન કર. મને જે કહેવું હોય તે કહે, હું તને કોઈ પ્રત્યુત્તર આપીશ નહીં.

ત્યારે સુમતિએ કહ્યું આ જગતમાં આ સાધુ કુશીલ હોય તો સુશીલ સાધુ ક્યાંય મળશે નહીં. ત્યારે નાગીલે કહ્યું – હે ભદ્રમુખ ! અહીં વિશ્વ અલંઘનીય તીર્થંકરના વચનને આદરથી ગ્રહણ કર. આસ્તિકને તેમના વચનમાં કોઈ વિસંવાદ થતો નથી. બાલતપસીની ચેષ્ટામાં આદર ન કરવો કેમ કે તેઓ કુશીલ જ દેખાય છે.

તેમની પ્રવ્રજ્યાને વિશે ગંધ પણ દેખાતી નથી. કેમ કે જો આ **સાધુ પાસે બીજી મુહપત્તિ દેખાય છે, તેથી તે અધિક પરિગ્રહ કુશીલ છે. ભગવંતે અધિક, પરિગ્રહ માટે સાધુને આજ્ઞા આપી નથી**. હીન સત્ત્વવાળો પણ એવો અધ્ય–વસાય ન કરે કે કદાચ મારી આ મુહપત્તિ ફાટીને વિનાશ પામશે તો મને બીજી ક્યાંથી મળશે ? હીન સત્ત્વ એમ વિચારતો નથી કે – અધિક ઉપધિ ધારણ કરવાથી મારા પરિગ્રહના વ્રતભંગ થશે અથવા સંયમમાં રંગાયેલ આત્મા

સંયમોપયોગી ધર્મોપકરણરૂપ મુહપત્તિ જેવા સાધનમાં સીદાય ખરા? નક્કી તે વિષાદ ન જ પામે. ખરેખર તેવો આત્મા પોતાને હું હીન સત્ત્વવાળો છું, તેમ જાહેર કરે છે. ઉન્માર્ગના આચરણની પ્રશંસા કરે છે. પ્રવચન મલિન કરે છે.

આ સાધુએ કાલે વસ્ત્રવિહિન સ્ત્રીશરીરને રાગથી જોઈને ચિંતવન કરીને આલોચના, પ્રતિક્રમણ કર્યા નથી. તે તને ખબર નથી ? આ સાધુના શરીરે ફોડલા થયા છે, તેથી તેને દેખતો નથી. હમણાં જ તેણે લોચ માટે અણઆપેલી રાખ હાથમાં લીધી તે પણ જોયું છે. ગઈકાલે સૂર્યોદય પહેલા સંઘાટકને કહ્યું – ચાલો વિહાર કરીએ, સૂર્યોદય થઈ ગયો છે. તેં તે ન સાંભળ્યું ?

આમાં જે મોટો નવદીક્ષિત છે તે ઉપયોગ વગર સૂઈ ગયો, વીજળી અગ્નિકાયથી સ્પર્શ કરાયો, તેં તેને જોયો છતાં કામળી ન લીધી. સવારે લીલા ઘાસનો કપડાથી સંઘટ્ટો કર્યો તથા બહાર ઉઘાડામાં પાણીનો પરિભોગ કર્યો. બીજની ઉપર પગ ચાંપીને ચાલ્યો, અવિધિથી ખારી જમીને ચાલીને મધુર જમીને સંક્રમ્યો. શું તેં આ બધું ન જોયું ?

માર્ગ ચાલ્યા પછી સાધુએ ૧૦૦ ડગલા જતા ઈરિયાવહિયં પ્રતિક્રમવી જોઈએ. તે રીતે ચાલવું, ચેષ્ટા કરવી, બોલવું, શયન કરવું જોઈએ કે જેથી છકાયના જીવોને સૂક્ષ્મ કે બાદર, પર્યાપ્તા–અપર્યાપ્તા, આવતા–જતા સર્વ જીવ, પ્રાણ, ભૂત, સત્ત્વોને સંઘટ્ટ, પરિતાપન, કિલામણા કે ઉપદ્રવ ન થાય. આ સાધુઓમાં આમાનું કોઈ દેખાતુ નથી. વળી મુહપત્તિનું પડિલેહણ કરતા એવા સાધુને મેં પ્રેરણા આપી કે વાયુકાયનો સંઘટ્ટો થાય તેમ ફડફડાટ અવાજ કરતા પડિલેહણ કરો છો, પડિલેહણનો હેતુ શો ?

ત્યારે તેં મને નિવાર્યો કે આપણે સાધુને કંઈ કહેવું કલ્પતુ નથી. શું તે વાત તું ભૂલી ગયો ? તેથી હે સુમતિ ? આણે એક પણ સંયમ સ્થાનક સમ્યક્ પ્રકારે રક્ષેલ નથી. જેનામાં આવો પ્રમાદ હોય, તે સાધુ કેમ કહેવાય ?

આવા નિર્ધ્વંસને સાધુ ન કહેવાય. તું જો આ શ્વાન સમ નિર્દય, છકાય જીવમર્દક છે, તો મને કેમ અનુરાગ થાય ? અથવા શ્વાન પણ સારો કે જેને અતિસૂક્ષ્મ નિયમ–વ્રત ભંગ થતો નથી. આ નિયમ ભંજકની તુલના કોના સાથે કરવી ? માટે હે સુમતિ ? આવા કૃત્રિમ આચરણથી સાધુ ન બની શકાય.

માટે હે વત્સ ! આવા કૃત્રિમ આચારીને જિનવચન સ્મરણ કરતો કોણ વંદન કરે ? વળી, તેમના સંસર્ગથી આપણને પણ ચરણ–કરણમાં શિથિલતા આવી જાય કે જેનાથી આપણે ભવ ઘોર ભવ પરંપરામાં રખડવાનું થાય.

ત્યારે સુમતિએ કહ્યું – તે કુશીલ હોય કે સુશીલ, હું તેમની પાસે પ્રવ્રજ્યા સ્વીકારીશ. વળી, તમે કહો છો તે ધર્મ કરવાને આજે કોણ સમર્થ છે ? માટે મને છોડી દો, મારે તેમની સાથે જવું છે. તેઓ ચાલ્યા જશે તો ફરી મેળાપ થવો મુશ્કેલ છે. ત્યારે નાગીલે કહ્યું, હે સુમતિ ! તેની સાથે જવામાં તારું કલ્યાણ નથી. હું તને હિતવચન કહું છું. જે બહુ ગુણકારી હોય તેનું સેવન કર. હું કંઈ તને બળાત્કારથી પકડી રાખતો નથી.

અનેક ઉપાયો છતાં તે ન રોકાયો અને મંદભાગ્ય એવા સુમતિએ પ્રવ્રજ્યા સ્વીકારી. પછી કોઈક સમયે વિહાર કરતા કરતા પાંચ માસ પછી મહાભયંકર બાર વર્ષનો દુષ્કાળ આવ્યો ત્યારે તે સાધુઓ તે કાળના દોષથી દોષની આલોચના પ્રતિક્રમણ કર્યા વિના મૃત્યુ પામીને ભૂત, યક્ષ, રાક્ષસ, પિશાચાદિ વાણવ્યંતર દેવોના વાહનપણે ઉત્પન્ન થયા, ત્યાંથી મ્લેચ્છ જાતિના માંસાહારી, ક્રૂર આચરણ કરનારા થયા. ત્યાંથી સાતમી નરકે ઉત્પન્ન થયા, ત્યાંથી ત્રીજી ચોવીશીમાં સમ્યક્ત્વ પામશે. પછી સમ્યક્ત્વ પ્રાપ્તિના ભવથી ત્રીજા ભવમાં ચાર જણા સિદ્ધિ પામશે. પણ જે સર્વથા મોટા પાંચમા હતા તે એક સિદ્ધિ નહીં પામે. કેમ કે તે એકાંત મિથ્યાદષ્ટિ અને અભવ્ય છે.

ભગવન્ ! સુમતિ ભવ્ય છે કે અભવ્ય ? ગૌતમ ! તે ભવ્ય છે. તો તે મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! પરમાધામી અસુર થશે.

૬૭૮. ભગવન્ ! ભવ્યજીવો પરમાધામી અસુરોમાં ઉપજે ? ગૌતમ ! જે કોઈ સજ્જડ રાગ, દ્વેષ, મોહ અને મિથ્યાત્વના ઉદયે સારી રીતે કહેવા છતાં ઉત્તમ હિતોપદેશની અવગણના કરે છે, બાર અંગો આદિ શ્રુતજ્ઞાનને

અપ્રમાણ કરે છે તથા શાસ્ત્રના સદ્‌ભાવો અને રહસ્યને જાણતા નથી. અનાચારને પ્રશંસે છે. તેની પ્રભાવના કરે છે. જેમ સુમતિએ તે સાધુની પ્રશંસા, પ્રભાવના કરી કે – તેઓ સુશીલ સાધુ નથી ઇત્યાદિ તથા કહ્યું કે **જેવા તમે નિર્બુદ્ધિ છો તેવા તે તીર્થંકર હશે. એમ બોલતા હે ગૌતમ! તે મોટું તપ કરવા છતાં પરમાધામી અસુરપણે ઉપજ્યો.**

ભગવન્ ! પરમાધામી દેવો ત્યાંથી મરીને ક્યાં ઉત્પન્ન થાય ? ભગવન્ ! તે સુમતિનો જીવ પરમાધામથી નીકળીને ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! મંદભાગી એવા તેણે અનાચારની પ્રશંસા તથા અભ્યુદય કરવા **સન્માર્ગના નાશને અભિનંદ્યો. તે કર્મના દોષથી અનંત સંસાર** ઉપાર્જ્યો.

તેના કેટલા ભવોની ઉત્પત્તિ કહેવી ? અનેક પુદ્‌ગલ પરાવર્ત કાળ સુધી ચારગતિ રૂપ સંસારમાંથી જેનો નીકળવાનો આરો નથી. તો પણ સંક્ષેપથી તેના કેટલાક ભવ કહું છું તે સાંભળ–

આ જ જંબૂદ્વીપને ચારે બાજુ ફરતો વર્તુળાકારનો લવણસમુદ્ર છે. તેમાં જે સ્થળે સિંધુ મહાનદી પ્રવેશ કરે છે તે પ્રદેશની દક્ષિણે ૫૫–યોજન પ્રમાણવાળી વેદિકાના મધ્યભાગે ૧૨॥ યોજન પ્રમાણ હાથીના કુંભસ્થળના આકારે સરખું પ્રતિસંતાપદાયક નામે સ્થળ છે. તે સ્થળ લવણસમુદ્રના જળથી ૭॥ યોજન પ્રમાણ ઊંચું છે. ત્યાં અત્યંત ઘોર ગાઢ અંધકારવાળી ઘડીયલા સંસ્થાનના આકારવાળી ૪૬ ગુફાઓ છે. તે ગુફાઓ બબ્બે–બબ્બેની વચ્ચે વચ્ચે જલચારી મનુષ્યો વાસ કરે છે. તેઓ વજ્રઋષભનારાચ સંઘયણવાળા, મહાબલ અને મહાપરાક્રમ વાળા ૧૨॥ વેંત પ્રમાણ કાયાવાળા, સંખ્યાત વર્ષાયુવાળા, જેમને મદ્ય–માંસ પ્રિય છે તેવા, સ્વભાવથી સ્ત્રીલોલૂપ, અતિ ખરાબ વર્ણવાળા, સુકુમાર, અનિષ્ટ, કઠણ, ખરબચડા દેહવાળા, ચંડાલના નેતા સમાન કહેલા ભયંકર મુખવાળા, સિંહ સમાન ઘોર દૃષ્ટિવાળા યમરાજ સમાન ભયાનક, કોઈને પીઠ ન બતાવનાર, વીજળી માફક નિષ્ઠુર પ્રહાર કરનાર, અભિમાનથી માંધાતા થયેલા, તેઓ અંડગોલિક મનુષ્યો તરીકે ઓળખાય છે.

તેમના શરીરમાં જે અંતરંગ ગોલિકા છે તેને ગ્રહણ કરીને ચમરી ગાયના શ્વેત પૂંછડાના વાળથી તે ગોલિકા ગૂંથે છે. ત્યારપછી તે બાંધેલી ગોલિકાને બંને કાન સાથે બાંધીને મહાકિંમતી, ઉત્તમ જાતિવંત રત્ન ગ્રહણ કરવા ઇચ્છતા સમુદ્રમાં પ્રવેશે છે. સમુદ્રમાના જળ હાથી, ભેંસ, ગોંધા, મગર, મોટા મત્સ્યો, તંતુ, સુંસુમારાદિ દુષ્ટ શ્વાપદો તેને કોઈ ઉપદ્રવ કરતા નથી. તે ગોલિકાના પ્રભાવથી ભય પામ્યા વિના સર્વ સમુદ્રજળમાં ભ્રમણ કરીને ઇચ્છાનુસાર ઉત્તમ જાતિવંત રત્નોનો સંગ્રહ કરીને અખંડ શરીરે બહાર નીકળી આવે છે. તેઓને જે અંતરંગ ગોલિકા હોય છે તેના સંબંધથી તે બિચારા હે ગૌતમ! અનુપમ, અતિઘોર, ભયંકર દુઃખ, પૂર્વભવમાં ઉપાર્જિત અતિરૌદ્ર કર્મને અધીન બનેલા તેઓ અનુભવે છે.

ભગવન્ ! કયા કારણથી ? ગૌતમ ! તેઓ જીવતાં હોય ત્યાં સુધી તેની ગોલિકા ગ્રહણ કરવા કોઈ સમર્થ નથી. જ્યારે તેમના દેહમાંથી ગોલિકા ગ્રહણ કરે છે ત્યારે ઘણા મોટા પ્રકારના મોટા સાહસથી નિયંત્રણા કરવી પડે છે. બખ્તર પહેરેલા, તલવાર, ભાલા, ચક્રો, હથિયાર સજેલા એવા ઘણા શૂરવીર પુરુષો બુદ્ધિના પ્રયોગથી તેમને જીવતા જ પકડે છે. જ્યારે તેમને પકડે છે ત્યારે જે પ્રકારના શારીરિક અને માનસિક દુઃખો થાય છે, તે સર્વે નારકના દુઃખો સાથે સરખાવી શકાય.

ભગવન્ ! તે અંતરંગ ગોલિકાને કોણ ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! તે લવણસમુદ્રમાં રત્નદ્વીપ નામે અંતર્દ્વીપ છે. પ્રતિસંતાપદાયક સ્થળથી તે દ્વીપ **૩૧૦૦** યોજન દૂર છે, તે રત્નદ્વીપવાસી મનુષ્યો તેને ગ્રહણ કરે છે.

ભગવન્ ! કેવી રીતે ગ્રહણ કરે ? ક્ષેત્રના સ્વભાવથી સિદ્ધ થયેલા પૂર્વ પુરુષોની પરંપરા પ્રમાણે પ્રાપ્ત કરેલા વિધાનથી તેમને પકડે છે. ભગવન્ ! તે વિધિ કેવા પ્રકારનો છે ?

ગૌતમ! તે રત્નદ્વીપમાં **૨૦**, **૧૯**, **૧૮**, **૧૦**, ૮, **૭** ધનુષ્ય પ્રમાણવાળા ઘંટીના આકારના શ્રેષ્ઠ વજ્રશીલાના સંપુટો હોય છે. તેને છૂટા પાડીને તે રત્નદ્વીપવાસી મનુષ્યો પૂર્વપુરુષોથી સિદ્ધ, ક્ષેત્ર સ્વભાવથી સિદ્ધ તૈયાર કરેલા

યોગથી ઘણા મત્સ્યો મધુ ભેગા મેળવીને અત્યંત રસવાળા કરીને પછી તેમાં પકાવેલા માંસના ટૂકડા તેમજ ઉત્તમ મદ્ય–મદિરા વગેરે પદાર્થો નાંખે છે. આવા તેમને ખાવાયોગ્ય મિશ્રણો તૈયાર કરીને વિશાળ લાંબા મોટા વૃક્ષોના કાષ્ઠોથી બનાવેલા યાનમાં બેસીને અતિ સ્વાદિષ્ટ પુરાણ મદિરા, માંસ, મત્સ્ય, મદ્ય વગેરેથી પરિપૂર્ણ ઘણા તુંબડા લઈને પ્રતિસંતાપદાયક નામના સ્થળ પાસે આવે છે. જ્યારે ગુફાવાસી અંડગોલિક મનુષ્યોને એક તુંબડું આપીને તેમજ અભ્યર્થનાપૂર્વક પહેલાં કાષ્ઠ યાનને અતિશય વેગપૂર્વક ચલાવીને રત્નદ્વીપ તરફ દોડી જાય છે.

અંડગોલિક મનુષ્યો તે તુંબડામાંથી મદ્ય–માંસ વગેરેનું મિશ્રણ ભક્ષણ કરે છે અને અતિશય સ્વાદિષ્ટ લાગવાથી ફરી મેળવવા માટે તેઓની પાછળ છૂટાછવાયા થઈને દોડે છે. ત્યારે હે ગૌતમ! જેટલામાં હજુ ઘણા નજીક ન આવી પહોંચે તેટલામાં સુંદર સ્વાદવાળા મદ્ય અને ગંધવાળા દ્રવ્યોથી સંસ્કારિત પુરાણા મદિરાનુ એક તુંબડું માર્ગમાં મૂકીને ફરી પણ અતિ ત્વરિત ગતિએ રત્નદ્વીપ તરફ ચાલ્યા જાય છે. વળી અંડગોલિક મનુષ્યો તે અતિશય સ્વાદિષ્ટ મદ્ય અને ગંધવાળા દ્રવ્યોથી સંસ્કારિત તૈયાર કરેલા જૂની મદિરા–માંસ વગેરે મેળવવા માટે અતિ દક્ષતાથી તેની પીઠ પાછળ દોડે છે. ફરી પણ તેમને આપવા મદ્યથી ભરેલ તુંબડું મૂકે છે.

એ પ્રમાણે હે ગૌતમ ! મદ્ય, મદિરાના લોલુપી બનેલા તેમને તુંબડાના મદ્ય–મદિરા વગેરેથી લોભાવતા લોભાવતા ત્યાં સુધી દોરી લગાવવામાં આવે છે કે જ્યાં આગળ વર્ણવેલા ઘંટી આકારવાળા વજ્રશીલાના સંપુટો રહેલા છે. જેટલામાં ખાદ્યના લોભથી તેઓ તેટલી ભૂમિ સુધી આવે છે. તેટલામાં જે નજીકમાં વજ્રશીલા સંપુટનો ઉપરનો ભાગ જે બગાસું ખાતા પુરુષના આકાર સરખો છૂટો પ્રથમથી ગોઠવેલ હોય છે. ત્યાં જ મદ્ય–મદિરાથી ભરેલા બાકી રહેલા ઘણા તુંબડાઓ તેમને દેખતા જ ત્યાં મૂકીને પોત–પોતાના સ્થાનમાં ચાલ્યા જાય છે. પેલા મદ્ય–મદિરા ખાવાના લોલુપી જેટલામાં ઘંટી પાસે પહોંચે અને તેના ઉપર પ્રવેશ કરે તે સમયે હે ગૌતમ! જે પૂર્વે પકાવેલા માંસના કટકાઓ ત્યાં મૂકેલા હોય તેમજ જે મદ્ય–મદિરાથી ભરેલા ભોજનો ત્યાં ગોઠવી રાખેલા હોય વળી મદ્યથી લીપેલા શિલાઓના પડ હોય તો તે દેખીને તેઓને ઘણો જ સંતોષ, આનંદ, મોટી તુષ્ટિ, મહાપ્રમોદ થાય છે.

એ પ્રમાણે મદ્ય–મદિરા પકાવેલ માંસ ખાતા ખાતા સાત, આઠ, પંદર દિવસો પસાર થાય છે. તેટલામાં રત્નદ્વીપ નિવાસી મનુષ્યો એકઠા મળીને કેટલાક બખ્તર, કેટલાક બીજા આયુધો ધારણ કરેલા હોય, તેઓ પેલી વજ્રશીલાને વીંટાઈને સાત–આઠ પંક્તિઓ ઘેરી વળે છે.

રત્નદ્વીપવાસી બીજા કેટલાક તે શીલા પડને ઘંટુલાના ઉપર એકઠું થાય તેમ ગોઠવે છે. જ્યારે બે પડ એકઠા કરવામાં આવે છે ત્યારે હે ગૌતમ ! એક ચપટી વગાડીને તેના ત્રીજા ભાગના કાળમાં તેની અંદર સપડાયેલામાંથી એક કે બે માંડ માંડ બહાર છટકી જાય છે. પછી તે રત્નદ્વીપવાસી વૃક્ષ સહિત મંદિર અને મહેલો ત્યાં બનાવે છે.

તે જ સમયે તેઓના શરીરનો વિનાશકાળ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે હે ગૌતમ! તે વજ્રશીલાના ઘંટીના બે પડ વચ્ચે ભિંસાઈને પીસાતા–પીસાતા જ્યાં સુધી સર્વ હાડકાં દબાઈને બરાબર ન પીસાય તેમજ ચૂર્ણ ન થાય ત્યાં સુધી તે અંડગોલિક મનુષ્યોમાં પ્રાણો છૂટા પડતા નથી. તેઓના અસ્થિઓ વજ્રરત્નની જેમ દુઃખે કરીને દબાવી શકાય તેવા મજબૂત હોય છે. ત્યાં આગળ તેઓને વજ્રશીલાના બે પડ વચ્ચે ગોઠવી કાળા બળદો જોડી અતિ પ્રયત્નથી રેંટ, ઘંટી, કઠણ રેતી–ચૂનાની ચકરીની જેમ ગોળ ભમાડાય છે.

એક વર્ષ સુધી પીસવાનો પ્રયત્ન ચાલુ હોવા છતાં તેના મજબૂત અસ્થિના કટકા થતા નથી. તે સમયે તેવા પ્રકારનું અત્યંત ઘોર દારુણ શારીરિક અને માનસિક મહાદુઃખની વેદનાનો આકરો અનુભવ કરતા હોવા છતાં પ્રાણો પણ ચાલ્યા ગયા છતાં તેમના અસ્થિ ભાંગતા નથી. બે વિભાગ થતા નથી, દબાતા નથી, ઘસાતા નથી, પણ સંધિસ્થાનો સર્વે વિખૂટા પડીને જર્જરીભૂત થાય છે. પછી બીજા સામાન્ય પથ્થરની ઘંટીની માફક બહાર સરી પડતા લોટની જેમ કંઈક ઓગળી આદિ અગ્રાવયવના અસ્થિખંડ જોઈને તે રત્નદ્વીપવાસી લોકો આનંદ પામીને શીલાના

પડો ઊંચા ઊંચકીને તેની અંડગોલિકા ગ્રહણ કરીને તેમાં જે નિરસભાગ હોય તે અનેક ધનસમૂહ ગ્રહણ કરીને વેચી નાંખે છે. હે ગૌતમ ! આ વિધાનથી તે રત્નદ્વીપ નિવાસી મનુષ્યો અંતરંગ ગોલિકઓ ગ્રહણ કરેલ છે.

ભગવન્ ! તે બિચારા તેવા પ્રકારનું અત્યંત ઘોર દારુણ તીક્ષ્ણ દુસ્સહ દુઃખસમૂહને સહેતા આહાર-જળ વિના એક વર્ષ સુધી કેવી રીતે પ્રાણને ધારણ કરી રાખતા હશે? હે ગૌતમ! પોતે કરેલા કર્મના અનુભવથી. એનો વિશેષાધિકાર જાણવાની ઇચ્છાવાળાને પ્રશ્ન વ્યાકરણ સૂત્રના વિશેષાધિકાર જાણી લેવું.

૬૭૯. ભગવન્ ! ત્યાંથી મરીને સુમતિનો જીવ ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! ત્યાં જ પ્રતિસંતાપદાયક નામના સ્થળમાં એ જ ક્રમથી સાત ભવ સુધી અંડગોલિક મનુષ્યપણે ઉત્પન્ન થશે. ત્યારપછી દુષ્ટ શ્વાનના ભવમાં, ત્યારપછી કાળા શ્વાનમાં, પછી વ્યંતરમાં, પછી લીંબડાની વનસ્પતિમાં, પછી મનુષ્યની સ્ત્રીમાં, પછી છઠ્ઠી નારકીમાં, પછી કુષ્ઠી મનુષ્યમાં, પછી વ્યંતર, પછી મહાકાયવાળો યૂથાધિપતિ હાથી, ત્યાં મૈથુનમાં અતિ આસક્ત હોવાથી અનંતકાય વનસ્પતિમાં ત્યાં અનંતો કાળ જન્મ-મરણના દુઃખ અનુભવીને મનુષ્ય થશે. પછી મનુષ્યપણામાં મહાનિમિત્તિયો, પછી સાતમી નારકીમાં, પછી સ્વયંભૂરમણ સમુદ્રમાં મોટો મત્સ્ય થશે. અનેક જીવોનો મત્સ્યાહાર કરીને મરીને સાતમી નરકે જશે.

ત્યારપછી આખલો, પછી મનુષ્યમાં, પછી વૃક્ષ ઉપર કોકીલા, પછી જળો, પછી મહામત્સ્ય, પછી તંદુલ મત્સ્ય, પછી સાતમીએ, પછી ગધેડો, પછી કૂતરો, પછી કૃમિજીવ, પછી દેડકો, પછી અગ્નિકાયમાં, પછી કુંથુઓ, પછી મધમાખીમાં, પછી ચકલો, પછી ઉધઈ, પછી વનસ્પતિમાં, તેમાં અનંતકાળ પસાર કરીને મનુષ્યમાં સ્ત્રીરત્ન, પછી છઠ્ઠી નરકે, પછી ઉંટ, પછી વેષામંકિત નામના પટ્ટણમાં ઉપાધ્યાયના ગૃહ નજીક લીંબડાના પત્રપણે વનસ્પતિમાં, પછી મનુષ્યમાં ઠીંગણી કુબ્જા સ્ત્રી, પછી નપુંસક મનુષ્ય, પછી દુઃખી મનુષ્ય, પછી ભીખ માંગનારમાં,

પછી પૃથ્વીકાયાદિ કાયોમાં ભવસ્થિતિ અને કાયસ્થિતિ દરેકમાં ભોગવનાર, પછી મનુષ્ય, પછી અજ્ઞાન તપસ્યા કરનાર, પછી વ્યંતરમાં, પછી પુરોહિત, પછી પણ સાતમીએ, પછી તંદુલ મત્સ્ય, પછી સાતમી નરકમાં, પછી બળદ, પછી મનુષ્યમાં મહાસમ્યગ્ દૃષ્ટિ અવિરતિ ચક્રવર્તી, પછી પહેલી નારકીમાં, પછી પણ શ્રીમંત શેઠ, પછી શ્રમણ અણગારપણામાં, ત્યાંથી અનુત્તર દેવલોકમાં પછી પણ ચક્રવર્તી મહાસંઘયણવાળા થઈને કામભોગથી વૈરાગ્ય પામીને તીર્થંકર ભગવંતે ઉપદેશેલા સંપૂર્ણ સંયમની સાધના કરીને નિર્વાણ પામશે.

૬૮૦. તેમજ જે ભિક્ષુ કે ભિક્ષુણી પર-પાખંડીઓની પ્રશંસા કરે કે નિહ્નવોની પ્રશંસા કરે તેમને અનુકૂળ હોય તેવા વચનો બોલે, નિહ્નવો પ્રશંસા કરે તેમને અનુકૂળ હોય તેવા વચનો બોલો, નિહ્નવોના ગ્રંથો, શાસ્ત્રો, પદો કે અક્ષરોને પ્રરૂપે, જેઓ નિહ્નવોના ગ્રંથો, શાસ્ત્રો, પદો કે અક્ષરોને પ્રરૂપે, જેઓ નિહ્નવોના પ્રરૂપેલા કાયક્લેશાદિ તપ કરે, સંયમ કરે, તેના જ્ઞાનનો અભ્યાસ કરે, વિશેષથી જાણે શ્રવણ કરે. પાંડિત્ય કરે, તેની તરફેણ કરી વિદ્વાનોની પર્ષદામાં તેની કે તેના શાસ્ત્રોની પ્રશંસા કરે તે પણ સુમતિની જેમ પરમાધામી અસુરોમાં ઉત્પન્ન થાય છે.

૬૮૧. ભગવન્ ! તે સુમતિના જીવે તે સમયે શ્રમણત્વ અંગીકાર કર્યું તો પણ આવા નરક, તિર્યંચ, મનુષ્ય, અસુરાદિ ગતિમાં જુદા જુદા ભવોમાં આટલો કાળ સંસારમાં કેમ ભમ્યો ? ગૌતમ ! **જે આગમને બાધા પહોંચાડે તેવા લિંગ, વેશાદિ ગ્રહણ કરવામાં આવે તે કેવળ દંભ જ છે અને અતિ લાંબા સંસારના કારણભૂત ગણાય છે.** તેની કેટલી લાંબી મર્યાદા છે, તે જણાવી શકાતી નથી. તે જ કારણે સંયમ દુષ્કર મનાયેલું છે.

વળી, બીજી એ વાત લક્ષમાં રાખવી કે શ્રમણપણામાં પહેલાં સંયમ સ્થાનમાં કુશીલ સંસર્ગીનો ત્યાગ કરવાનો છે. જો તેનો ત્યાગ ન કરે તો સંયમ જ ટકતુ નથી. તો સુંદર મતિવાળા સાધુએ તે જ આચરવું, તેની જ પ્રશંસા કરવી, તેની જ ઉન્નતિ કરવી, તેની જ સલાહ આપવી. તે જ આચરવું કે જે ભગવંતે કહેલા આગમમાં હોય. આ પ્રમાણે સૂત્રનું અતિક્રમણ કરીને જેમ સુમતિ લાંબા સંસારમાં રખડ્યો, તેમજ બીજા પણ સુંદર વિદુર, સુદર્શન, શેખર, નિલભદ્ર,

સંભોમય, ખગ્ગધારી, સ્તેનશ્રમણ, દુર્દાન્ત દેવ, રક્ષિતમુનિ વગેરે થઈ ગયા તેની કેટલી સંખ્યા કહેવી? માટે આ વિષયનો પરમાર્થ જાણીને કુશીલ સંસર્ગ સર્વથા વર્જવો.

૬૮૨. ભગવન્ ! શું તે પાંચે સાધુઓને કુશીલરૂપે નાગીલ શ્રાવકે ગણાવ્યા તે પોતાની સ્વેચ્છાથી કે આગમ–શાસ્ત્રની યુક્તિથી ? ગૌતમ ! બિચારા શ્રાવકને તેમ કહેવાનું સામર્થ્ય શું હોય ? જે કોઈ પોતાની સ્વચ્છંદ મતિથી મહાનુભવ સુસાધુના અવર્ણવાદ બોલે તે, શ્રાવક જ્યારે હરિવંશના કુલતિલક મરકત રત્ન સમાન શ્યામ કાંતિવાળા બાવીશમાં ધર્મ તીર્થંકર અરિષ્ટનેમિ નામે હતા. તેમની પાસે વંદન નિમિત્તે ગયેલા હતા. તે હકીકત આચારાંગ સૂત્રમાં અનંતગમ પર્યવના જ્ઞાતા કેવલી ભગવંતે પ્રરૂપેલી હતી. તેને યથાર્થ ધારણરૂપે હૃદયમાં અવધારણ કરેલી. ત્યાં છત્રીશ આચારોની પ્રજ્ઞાપના કરેલી છે. તે આચારોમાંથી જે કોઈ સાધુ કે સાધ્વી કોઈપણ આચારનું ઉલ્લંઘન કરે તે ગૃહસ્થ સાથે સરખામણી કરવા લાયક ગણાય. **જો આગમથી વિરુદ્ધ વર્તન કરે, આચરે કે પ્રરૂપે તો અનંત સંસારી થાય.**

તેથી હે ગૌતમ ! જેણે **એક મુખવસ્ત્રિકાનો અધિક પરિગ્રહ કર્યો તો તેના પાંચમાં મહાવ્રતનો ભંગ થયો.** જેણે **સ્ત્રીના અંગોપાંગ દેખ્યા,** ચિંતવ્યા પછી **તેને આલોચ્યા નહીં. તો તેણે બ્રહ્મચર્યનીગુપ્તિની વિરાધના કરી.** તે વિરાધનાથી જેમ એક ભાગમાં બળેલા વસ્ત્રને બળેલું વસ્ત્ર કહેવાય તેમ અહીં ચોથા મહાવ્રતનો ભંગ કહેવાય. જેણે **પોતાના હાથે અણ દીધેલી રાખ લઈ લીધી. તેના ત્રીજા મહાવ્રતનો ભંગ થયો.** જેણે **સૂર્યોદય થયા પહેલાં સૂર્યોદય થયો એમ કહ્યું તેના બીજા મહાવ્રતનો ભંગ થયો.** જે સાધુએ સજીવ જળથી સંક્રમણ કર્યું, બીજકાય ચાંપ્યા, વસ્ત્રથી વનસ્પતિકાય સંઘટ્ટો થયો, વીજળીનો સ્પર્શ થયો, અજયણાથી ફડફડાટ અવાજ કરતા મુહપત્તિથી વાયુકાયની વિરાધના કરી. તે બધાને પહેલું મહાવ્રત ભાંગ્યુ. એમ તેના પાંચે મહાવ્રતનો ભંગ થયો. તેથી હે ગૌતમ ! આગમ યુક્તિથી આ સાધુઓને કુશીલ જણાવેલા છે, કારણ કે **ઉત્તર ગુણોનો ભંગ પણ ઈષ્ટ નથી તો પછી મૂલગુણોનો ભંગ તો સર્વથા અનિષ્ટ જ ગણાય.**

હે ભગવન્ ! તો શું આ દ્દષ્ટાંત વિચારીને જ મહાવ્રતો ગ્રહણ કરવા ? ગૌતમ! આ વાત યથાર્થ છે.

ભગવન્ ! કયા કારણે ? ગૌતમ ! સુશ્રમણ કે સુશ્રાવક આ બે જ ભેદો કહેલા છે. ત્રીજો ભેદ કહેતો નથી. અથવા ભગવંતે શાસ્ત્રોમાં જે પ્રમાણે ઉપદેશેલ છે, તે પ્રમાણે સુશ્રમણપણાનું પાલન કરવું.

તે જ પ્રમાણે સુશ્રાવકપણું યથાર્થ રીતે પાલન કરવું જોઈએ. પરંતુ શ્રમણે પોતાના શ્રમણપણામાં અતિચાર ન લાગવા દેવા જોઈએ કે શ્રાવકે શ્રાવકપણાના વ્રતોમાં અતિચાર ન લગાડવા જોઈએ.

નિરતિચાર વ્રતો પ્રશંસ્ય છે. તેવા નિરતિચાર વ્રતોનું સેવન કરવુ. જે આ શ્રમણધર્મ સર્વવિરતિ સ્વરૂપ હોવાથી નિર્વિકાર છૂટછાટ વગરનો સુવિચાર અને પૂર્ણ વિચાર યુક્ત છે. જે પ્રમાણે મહાવ્રતો પાલન કરવાના શાસ્ત્રમાં જણાવેલા છે, તેમ યથાર્થ પાલન કરવા જોઈએ. જ્યારે શ્રાવક માટે તો હજારો પ્રકારના વિધાનો છે, તે વ્રત પાળે અને તેમાં અતિચાર ન લાગે તે પ્રમાણે શ્રાવકો અણુવ્રત ગ્રહણ કરે.

૬૮૩. ભગવન્ ! નાગીલ શ્રાવક ક્યાં ઉત્પન્ન થયો ?

હે ગૌતમ ! તે સિદ્ધિગતિમાં ગયો.

ભગવન્ ! કેવી રીતે ? ગૌતમ ! તેને નાગીલ શ્રાવકે તે કુશીલ સાધુ પાસેથી છૂટા પડીને ઘણા શ્રાવકો અને વૃક્ષોથી વ્યાપ્ત ઘોરથી ભયંકર અટવીમાં સર્વ પાપ કલિમલના કલંક રહિત ચરમ હિતકારી સેંકડો ભવોમાં પણ અતિદુર્લભ તીર્થંકર ભગવાનનું વચન છે એમ જાણીને–

નિર્જીવ પ્રદેશમાં જેમાં શરીરની સારસંભાળ કે ટાપટીપ ન કરવા પડે તેવું નિરતિચાર પાદપોપગમન અનશન અંગીકાર કરેલું હતું.

હવે કોઈ સમયે તે જ પ્રદેશમાં વિચરતા અરિષ્ટનેમિ તીર્થંકર ભગવંત, અચલિત સત્ત્વવાળા આ ભવ્યાત્માની

પાસે તેના ઉપકાર માટે આવી પહોંચ્યા. ઉત્તમાર્થ – સમાધિમરણ સાધી આપનાર અતિશયવાળી દેશના કહી. જળવાળા મેઘ સમાન ગંભીર અને દેવદુંદુભિ સમાન સુંદર સ્વરવાળી તીર્થંકરની વાણી શ્રવણ કરે તો શુભ અધ્યવસાય કરતો અપૂર્વકરણથી ક્ષપક શ્રેણીમાં આરૂઢ થઈ અંતકૃત કેવલી થયો.

તે કારણથી એ પ્રમાણે કહેવાય છે કે હે ગૌતમ! તે સિદ્ધિ પામ્યો. માટે હે ગૌતમ ! કુશીલ સંસર્ગનો ત્યાગ કરનારને આટલું અંતર થાય છે.

**ચોથા અધ્યયનના અંતે મહાનિશીથ સૂત્રનું પુનઃ સંપાદન કરનાર પૂર્વકાલીન મહર્ષિનું વક્તવ્ય –**

આ ચોથા અધ્યયનમાં સિદ્ધાંત જ્ઞાતાઓ કેટલાક આલાપકોની સમ્યક્ શ્રદ્ધા કરતા નથી. તેઓ અશ્રદ્ધા કરતા હોવાથી અમેપણ સમ્યગ્ શ્રદ્ધા નથી કરતા એમ આચાર્ય હરિભદ્ર સૂરિજીનું કથન છે.

આખું ચોથું અધ્યયન એકલું નહીં, બીજા અધ્યયનો પણ આ ચોથા અધ્યયનના કેટલાક પરિમિત આલાપકોનું અશ્રદ્ધાન કરે છે. એવો ભાવ અહીં સમજવો.

કેમ કે સ્થાન, સમવાય, જીવાભિગમ, પ્રજ્ઞાપના વગેરે સૂત્રોમાં આ કોઈ હકીકત કહેલી નથી, કે પ્રતિસંતાપક સ્થળ છે. તેની ગુફામાં વાસ કરનાર મનુષ્યો છે. તેમાં પરમાધામી અસુરો ફરી ફરી સાત–આઠ વખત સુધી ઉત્પન્ન થાય છે. તેઓને દારૂણ વજ્રશીલાની ઘંટીના પડો વચ્ચે પીલાવું પડે છે. અતિશય પીલાતા અને વેદના અનુભવતા હોવા છતાં એક વર્ષ સુધી તેના પ્રાણોનો નાશ થતો નથી.

પરંતુ વૃદ્ધવાદ એવો છે કે આ આર્ષસૂત્ર છે. તેમાં વિકૃતિનો પ્રવેશ થયો નથી. આ શ્રુતસ્કંધમાં ઘણા જ અર્થો રહેલા છે. સુંદર અતિશય સહિત અર્થાત્ સાતિશય યુક્ત કહેલા આ ગણધરોના વચનો છે.

આમ હોવાથી અહીં લગીર પણ શંકા ન કરવી.

## મહાનિશીથ સૂત્ર, અધ્યયન-૪નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# અધ્યયન-૫ 'નવનીતસાર'

**૬૮૪, ૬૮૫.** આ પ્રમાણે કુશીલ સંસર્ગીનો સર્વોપાયથી ત્યાગ કરીને ઉન્માર્ગ પ્રવેશ કરેલા ગચ્છમાં જે વેશથી આજીવિકા કરનારા હોય અને તેવા ગચ્છમાં વાસ કરે તેને નિર્વિઘ્નપણે કલેશ વગર શ્રમણપણું, સંયમ, તપ તેમજ સુંદર ભાવની પ્રાપ્તિ ન થાય, એટલું જ નહીં પણ મોક્ષ તેનાથી ઘણો દૂર રહેલો છે.

**૬૮૬ થી ૬૯૧.** ગૌતમ ! એવા પ્રાણી છે જેઓ ઉન્માર્ગમાં પ્રવેશેલા ગચ્છમાં વાસ કરીને ભવ પરંપરામાં ભ્રમણ કરે છે. અર્ધપ્રહર, એક પ્રહર દિવસ, એક પક્ષ, એક માસ કે એક વર્ષ સુધી પણ સન્માર્ગમાં પ્રવેશ કરેલા ગચ્છમાં ગુરુકુળ વાસમાં રહેનાર સાધુ હે ગૌતમ ! લીલા લહેર કરતો કે આળસ કરતો નિરુત્સાહ વાળી બુદ્ધિ કે મનથી રહેતો હોય પરંતુ મહાનુભાવ એવા ઉત્તમ સાધુના પક્ષને દેખીને મંદ ઉત્સાહી સાધુ પણ સર્વ પરાક્રમ કરવા ઉત્સાહી થાય છે. વળી શંકા, ભય, લજ્જાદિથી તેનું વીર્ય ઉલ્લસિત થાય છે.

ગૌતમ! **જીવની વીર્યશક્તિ ઉલ્લસિત થતાં જન્માંતરમાં કરેલા પાપોને હૃદયના ભાવોથી બાળી નાંખે છે.** માટે નિપુણતાથી સન્માર્ગમાં પ્રવેશેલા ગચ્છને તપાસીને તેમાં સંયમુનિએ જીવન પર્યન્ત નિવાસ કરવો.

**૬૯૨.** ભગવન્ ! એવા કયા ગચ્છો છે, જેમાં વાસ કરાય ? એ રીતે ગચ્છની પૃચ્છા આદિ આ પ્રમાણે કહેલી જાણવી.

ગૌતમ ! જેમ શત્રુ અને મિત્રપક્ષ તરફ સમાન ભાવ વર્તતો હોય. અત્યંત સુનિર્મળ વિશુદ્ધ અંતઃકરણવાળા સાધુઓ હોય. આશાતના કરવામાં ભય રાખતા હોય. પોતાને અને બીજાના આત્માનો ઉપકાર કરવામાં ઉદ્યમી હોય. છ જીવનિકાયના જીવો ઉપર અત્યંત વાત્સલ્ય કરનારા હોય. સર્વ પ્રમાદના આલંબનથી મુક્ત હોય. અત્યંત પ્રમાદી વિશેષ પ્રકારે જાણેલા શાસ્ત્રોના સદ્‌ભાવવાળા, રૌદ્ર અને આર્તધ્યાન રહિત, સર્વથા બળ-વીર્ય-પુરુષકાર પરાક્રમને ગોપવનારા, એકાંતે સાધ્વીના પાત્રા-કપડાં વગેરે વહોરેલા હોય તેનો ભોગ ન કરનારા, એકાંત ધર્મનો અંતરાય કરવામાં બીક રાખનાર, તત્વ તરફ રુચી કરનાર, પરાક્રમ કરવાની રૂચિવાળા, એકાંતે સ્ત્રીકથા, ભોજનકથા, ચોરકથા, રાજકથા, દેશકથા, આચાર પરિભ્રષ્ટોની કથા ન કરનારા,

એ રીતે વિચિત્ર અપ્રમેય તેમજ સર્વ પ્રકારની વિકથા કરવાથી વિપ્રમુક્ત, એકાંતે યથાશક્તિ **૧૮૦૦૦** શીલાંગોના આરાધક, સમગ્ર રાતદિવસ દરેક સમયે કંટાળ્યા વિના શાસ્ત્રમાં કહેલા મોક્ષ માર્ગની પ્રરૂપણા કરનારા, ઘણા ગુણોથી યુક્ત, માર્ગમાં રહેલ, અસ્ખલિત, અખંડિત શીલગુણના ધારક હોવાથી મહા-યશવાળા, મહાસ્તવવાળા, મહાનુભાવ જ્ઞાન, દર્શન, ચારિત્રના ત્રણ યુક્ત એવા ત્રણને ધારણ કરનાર આચાર્ય હોય છે.

તેવા ગુણવાળા આચાર્યની નિશ્રામાં જ્ઞાનાદિક મોક્ષ-માર્ગની આરાધના કરનાર ગચ્છ કહેવાય.

**૬૯૩.** ભગવન્ ! શું તેમાં રહી આ ગુરુવાસ સેવે ખરો ?

ગૌતમ ! હા, કોઈક સાધુ નક્કી કરે તેમાં રહી ગુરુકુળ વાસ સેવે અને કોઈ એવા પણ હોય કે જેઓ તેવા ગચ્છમાં ન વસે.

ભગવન્ ! એમ શા કારણથી કહેવાય છે કે કોઈક વસે અને કોઈક ન વસે.

ગૌતમ ! એક આત્મા આજ્ઞાનો આરાધક છે અને બીજો આજ્ઞાનો વિરાધક છે. જે ગુરુ આજ્ઞામાં રહેલો છે, તે સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રનો આરાધક છે. જે સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રનો આરાધક છે તે હે ગૌતમ ! અતિ જાણકાર, મોક્ષમાર્ગમાં અતિ ઉદ્યમ કરનાર છે.

જે ગુરુ આજ્ઞાને અનુસરતો નથી. તે આજ્ઞાની વિરાધના કરે છે તે અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભવાળા ચારે કષાયો યુક્ત હોય તે સજ્જડ રાગ, દ્વેષ, મોહ અને મિથ્યાત્વના પૂંજવાળા હોય છે.

જેઓ ગાઢ રાગ–દ્વેષાદિ વાળા છે, તે ઉપમા ન આપી શકાય તેવા ઘોર સંસાર સમુદ્રમાં આમ–તેમ અટવાયા કરે છે. અનુત્તર ઘોર–સંસાર સમુદ્રમાં અટવાનારને ફરી જન્મ–ફરી જરા–ફરી મૃત્યુ, વળી પાછા જન્મ–વૃદ્ધાવસ્થા–મૃત્યુ કરીને પાછા ઘણા ભવોનું પરાવર્તન કરવું પડે છે. વળી તેમાં ૮૪ લાખ યોનિમાં વારંવાર ઉત્પન્ન થવું પડે છે.

વળી વારંવાર અતિ દુઃસહ ઘોર ગાઢ કાળા અંધકારવાળા, રૂધિરથી ખદબદતા, ચરબી, પરુ, ઊલટી, પિત્ત, કફના કાદવવાળા, દુર્ગંધયુક્ત અશુચિ વહેતા, ગર્ભની ચારે બાજુ વીંટળાયેલા, ઓર, ફેંફસા, વિષ્ઠા, પેશાબ આદિથી ભરપૂર, અનિષ્ટ, ઉદ્વેગ કરાવનાર, અતિઘોર, ચંડ, રૌદ્ર દુઃખોથી ભયંકર એવા ગર્ભની પરંપરાઓમાં પ્રવેશ કરવો તે ખરેખર દુઃખ છે, કલેશ છે, રોગ છે, આતંક છે, શોક–સંતાપ છે અને ઉદ્વેગ કરાવનાર છે...

... તે અશાંતિ કરાવનાર છે, તેથી યથાસ્થિતિ ઈષ્ટ મનોરથોની અપ્રાપ્તિ કરાવનાર છે. તેને કારણે તેને પાંચે પ્રકારના અંતરાય કર્મનો ઉદય થાય છે.

જ્યાં પાંચે પ્રકારે અંતરાય કર્મનો ઉદય થાય છે, એમાં સર્વ દુઃખના અગ્રભૂત એવું પ્રથમ દારિદ્ર ઉત્પન્ન થાય છે. દારિદ્ર હોય ત્યાં અપયશ, ખોટા આળ ચઢવા, અપકીર્તિ, કલંકાદિ અનેક દુઃખોનો ઢગલો એકઠો થાય છે.

તેવા દુઃખોનો યોગ થાય ત્યારે સર્વે લોકોથી લજ્જા પમાડનાર, નિંદનીય, ગર્હણીય, અવર્ણવાદ કરાવનાર, દુર્ગંધ કરાવનાર, સર્વથી પરાભવ પમાય તેવા જીવિતવાળો થાય છે ત્યારે સમ્યગ દર્શનાદિ ગુણો તેનાથી ઘણા દૂર થાય છે, મનુષ્ય જન્મ ફોગટ જાય છે અથવા ધર્મથી સર્વથા હારી જાય છે.

જેઓ સમ્યગ્ દર્શનાદિ ગુણોથી અતિશય મુક્ત થાય છે તે આશ્રવદ્વારોને રોકી કે બંધ કરી શકતો નથી. ઘણા મોટા પાપકર્મના નિવાસભૂત બને છે તે કર્મનો બંધક બને છે તેથી કેદખાનાના કેદી સમાન પરાધીન થાય છે. એટલે સર્વ અકલ્યાણ અમંગળની જાળમાં ફસાય છે ત્યાંથી છૂટવું અતિ મુશ્કેલ છે કેમ કે ઘણા કર્કશ, ગાઢ, બદ્ધ, સ્પૃષ્ટ, નિકાચીત સેવી કર્મની ગ્રંથિ એકદમ તોડી શકાતી નથી,

તેમજ તે કારણે એકેન્દ્રિયપણામાં, બેઈન્દ્રિય – તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય પંચેન્દ્રિયપણામાં, નારકી–તિર્યંચ–કુમનુષ્યપણામાં, અનેક પ્રકારે શારીરિક, માનસિક દુઃખો અનુભવવા પડે છે. અશાતા ભોગવવી પડે છે. આ કારણે હે ગૌતમ ! એમ કહેવાય છે કે કેટલાક આત્માઓ હોય છે કે જેઓ ગીતાર્થના ગચ્છમાં રહી ગુરુકુળ વાસ સેવે છે અને કેટલાક સેવતા નથી.

૬૯૪. ભગવન્ ! શું મિથ્યાત્વ આચરણવાળો કોઈ ગચ્છ હોય ખરો ? હે ગૌતમ ! જે કોઈ અજ્ઞાની વિરાધક ગચ્છ હોય તે નક્કી મિથ્યાત્વા આચરણયુક્ત હોય.

ભગવન્ ! ગચ્છ આરાધક થાય તેવી કઈ આજ્ઞા છે ? ગૌતમ ! સંખ્યાતીત સ્થાનોથી ગચ્છાજ્ઞા કહી છે, તેમાં રહી આરાધક થાય.

૬૯૫. ભગવન્ ! સંખ્યાતીત ગચ્છ મર્યાદાસ્થાનોમાં એવું કોઈ સ્થાન છે જે ઉત્સર્ગ કે અપવાદ કોઈ રીતે પ્રમાદ દોષથી વારંવાર મર્યાદા કે આજ્ઞા ઉલ્લંઘે તો પણ આરાધક થાય ? નિશ્ચયથી ન થાય.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? તીર્થંકરો તીર્થને કરનારા છે. તીર્થ–ચાર વર્ણવાળો તે શ્રમણસંઘ ગચ્છોમાં પ્રતિષ્ઠિત હોય છે. ગચ્છોમાં સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્ર–પ્રતિષ્ઠિત થયેલ છે.

આ સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્ર–પરમપૂજ્યોમાં પણ વધુ શરણ કરવા યોગ્ય છે. અતિશય સેવ્ય છે, વિશેષ સેવન યોગ્ય છે. આવા શરણ્ય, પૂજ્ય, સેવ્ય દર્શનાદિને જે કોઈ ગચ્છમાં કોઈ પણ સ્થાનમાં કોઈ પ્રકારે વિરાધે, તે ગચ્છ સમ્યગ્માર્ગ નાશક, ઉન્માર્ગ દેશક થાય છે. જ્યાં આ બંને થાય તે નિશ્ચે આજ્ઞા વિરાધક થાય છે.

આ કારણે હે ગૌતમ ! એમ કહેવાય છે કે – સંખ્યાતીત ગચ્છોમાં મર્યાદાનું સ્થાનાંતર થાય છે. ગચ્છમાં જે કોઈ પણ ગમે તે એક કે વધારે સ્થાન, મર્યાદા, આજ્ઞાનું ઉલ્લંઘન કરે તે એકાંતે આજ્ઞા વિરાધક થાય.

૬૯૬. ભગવન્ ! ગચ્છ મર્યાદા કેટલો કાળ પ્રરૂપેલી છે ? કેટલો કાળ ગચ્છ મર્યાદા ન ઉલ્લંઘવી ?

ગૌતમ ! જ્યાં સુધી મહાયશા, મહાસત્વી, મહાનુભાવ છેલ્લા. દુપ્પસહ અણગાર થશે ત્યાં સુધી ગચ્છ મર્યાદા સાચવવા આજ્ઞા કરેલી છે. એટલે પાંચમા આરાના અંત સુધી ગચ્છ મર્યાદાનું ઉલ્લંઘન ન કરવું.

૬૯૭. ભગવન્ ! આ ચિહ્નોથી મર્યાદાનું ઉલ્લંઘન કહ્યું છે ? ઘણી આશાતના કહી છે અને ગચ્છ ઉન્માર્ગમાં પ્રવેશ્યો એમ જાણવું ?

ગૌતમ ! જે વારંવાર ગચ્છ બદલાવતો હોય, એક ગચ્છમાં સ્થિરતાથી ન રહેતો હોય, પોતાની ઇચ્છા પ્રમાણે વર્તતો, ગુરુ આજ્ઞા મુજબ ન રહેતો હોય, શાસ્ત્રના રહસ્યો ન જાણતો, વેશથી આજીવિકા કરનાર, પાટ–પાટલા–પાટિયા આદિની મમતા કરનાર, પ્રાસુક બાહ્ય પ્રાણવાળા સચિત્ત જળનો ભોગ કરનાર, માંડલીના પાંચ દોષથી અજાણ, તે દોષો સેવનાર, સર્વ આવશ્યક ક્રિયા કાળનું ઉલ્લંઘન કરનાર, આવશ્યક પ્રતિક્રમણ ન કરીનાર, ઓછું કે અધિક આવશ્યક કરનાર, ગણના પ્રમાણથી ઓછા કે અધિક રજોહરણ પાત્ર, દંડ, મુહપત્તિ આદિ ઉપકરણ ધારણ કરનાર, ગુરુના ઉપકરણનો પરિભોગી, ઉત્તરગુણ વિરાધક, (તેમજ)

ગૃહસ્થની ઇચ્છાનુસાર પ્રવૃત્તિ કરનાર, તેના સન્માનમાં પ્રવર્તતો, પૃથ્વી–પ્રાણી–અગ્નિ–વાયુ–વનસ્પતિ, બીજ કાય, ત્રસકાય બે–ત્રણ–ચાર–પાંચ ઇન્દ્રિયવાળા જીવોને સકારણ કે નિષ્કારણ પ્રમાદ દોષથી સંઘટ્ટન વગેરેમાં દોષને ન જોતો, આરંભ, પરિગ્રહમાં પ્રવૃત્તિ કરી, ગુરુ પાસે આલોચના ન કરતો. વિકથાના સ્વભાવવાળો, કસમયે ગમે ત્યાં ફરતો, અવિધિથી સંગ્રહ કરેલ, પરીક્ષા વિના પ્રવ્રજ્યા આપે, વડી દીક્ષા આપે, (તથા)

દશ ભેદ વિનય સામાચારી ન શીખવે, ત્રણ ગારવ કરનાર, આઠ મદ–ચાર કષાય–મમત્વભાવ–અહંકાર–કંકાસ–કજીયા–લડાઈ–તોફાન–આર્ત અને રૌદ્ર ધ્યાન યુક્ત, વડીલને સ્થાપન ન કરનાર, ઘણા લાંબા સમયે લોચ કરનાર, વિદ્યા–મંત્ર–તંત્ર–યોગ–અંજન આદિ શીખીને તેમાં જ એકાંત પ્રયત્ન કરનાર, મૂળ સૂત્રના યોગો અને ગણિપદના યોગો ન વહન કરનાર, દુષ્કાળાદિના આલંબન ગ્રહણ કરીને અકલ્પ્ય ખરીદેલ, પકાવેલ આદિ પરિભોગ કરવાના સ્વભાવવાળા થોડા રોગનું કારણ આગળ કરી ચિકિત્સા કરાવવા તૈયાર થાય. તેવા કાર્યને આનંદથી વધાવે, જે કંઈ રોગાદિ થયા હોય તેને આશ્રીને દિવસે સૂનારા, કુશીલની સાથે બોલવા અને અનુકરણ કરવાના સ્વભાવવાળા, અગીતાર્થના મુખથી નીકળેલ અનેક દોષને પ્રવર્તાવનાર વચનને અને અનુષ્ઠાનને અનુસરવાના સ્વભાવવાળા તલવાર, ધનુષ, ખડ્ગ-ભાલા, બાણ, ચક્રાદિ હથિયાર લઈ ચાલવાના સ્વભાવવાળા સાધુવેશ છોડી અન્ય વેશ ધારણ કરી રખડનારા, આવી રીતે સાડા ત્રણ પદ કોટી સ્થાન સુધી હે ગૌતમ! ગચ્છને અસંસ્થિત કહેવો. તથા બીજા ઘણા પ્રકારના ચિહ્નવાળા ગચ્છને સંક્ષેપથી કહી શકાય છે.

૬૯૮. આવા પ્રકારે મોટા ગુણવાળા ગચ્છ જાણવા, તે આ પ્રમાણે – ગુરુ તો સર્વ જગતના જીવો, પ્રાણી, ભૂતો, સત્ત્વોને માટે વાત્સલ્ય ભાવ રાખનારા માતા જેવા હોય, પછી ગચ્છ માટેનું વાત્સલ્ય ક્યાં બાકી રહે ?

શિષ્યો અને સમુદાયના એકાંતે હિત કરતા, પ્રમાણવાળા, પથ્ય આલોક અને પરલોકના સુખને આપનારા એવા આગમોનું સારી હિતોપદેશને આપનાર હોય છે. દેવેન્દ્ર–નરેન્દ્રની સમૃદ્ધિની પ્રાપ્તિ કરતા પણ શ્રેષ્ઠ અને ઉત્તમ ગુરુ મહારાજનો ઉપદેશ છે.

ગુરુમહારાજ સંસારના દુઃખી આત્માની ભાવ અનુકંપા જન્મ–જરા–મરણાદિક દુઃખથી આ ભવ્ય જીવો અતિશય દુઃખ ભોગવી રહ્યા છે. તેઓ ક્યારે શાશ્વત શિવસુખ પામે એમ કરુણાપૂર્વક ગુરુ ઉપદેશ આપે. પણ વ્યસન કે સંકટથી પરાભવિત બનીને નહીં. જેમ કે – ગ્રહ વળગાડ હોય, ઉન્મત હોય, કોઈ બદલાની આશાથી કરે તો હે ગૌતમ ! ગુરુ શિષ્યોની નિશ્રાએ સંસારનો પાર પામતા નથી. તેમજ બીજાએ કરેલ સર્વ શુભાશુભ કર્મનો સંબંધ

કોઈને હોતો નથી.

૬૯૯, ૭૦૦. હે ગૌતમ ! અહીં આવા પ્રકારની સ્થિતિ હોવાથી જો દઢ ચારિત્રિ ગીતાર્થ મોટા ગુણોથી યુક્ત એવા ગુરુ હોય ને તેઓ વારંવાર આમ કહે કે –

સર્પના મુખમાં આંગળી નાંખીને તેનું માપ કહે, તો શિષ્ય તે પ્રમાણે કરે. તે જ કાર્યને જાણે છે.

૭૦૧, ૭૦૨. આગમ જ્ઞાતા કદાપિ શ્વેત કાગડો કહે તો પણ તે પ્રમાણે શ્રદ્ધા કરવી.

એમ કહેવામાં કંઈ કારણ હશે જે કોઈ પ્રસન્ન ગમનવાળો ભાવથી ગુરુએ કહેલ વચન ગ્રહણ કરે છે. તે પીવાના ઔષધની જેમ સુખાકારી થાય છે.

૭૦૩. પૂર્વકૃત પુણ્યના ઉદયવાળા ભવ્ય સત્ત્વો જ્ઞાનાદિ લક્ષ્મીના ભાજન બને છે. ભાવિમાં જેમનું કલ્યાણ થવાનું છે, તે દેવતાની જેમ ગુરુની પર્યુપાસના કરે છે.

૭૦૪ થી ૭૦૬. અનેક લાખ પ્રમાણ સુખોને આપનાર, સેંકડો દુઃખોથી મુક્ત કરાવતા આચાર્ય ભગવંતો છે, તેના પ્રગટ દૃષ્ટાંતરૂપે કેશી ગણધર અને પ્રદેશી રાજા છે.

પ્રદેશી રાજાએ નરકગમનની બધી તૈયારી કરેલી, પણ આચાર્યના પ્રભાવે દેવ વિમાન પામ્યો.

આચાર્ય ભગવંત ધર્મમતિવાળા, અતિશય સુંદર, મધુર, કારણ, કાર્ય, ઉપમા સહિત એવા વચનો વડે શિષ્યના હૃદયને પ્રસન્ન કરતા કરતા પ્રેરણા આપે છે.

૭૦૭, ૭૦૮. ૫૫, ૫૫, ૫૫, ૫૫૫ સંખ્યા પ્રમાણે આચાર્યો છે. તેમાંથી મોટા ગણવાળા ગુણ સમૂહયુક્ત એક નીવડે છે. જેઓ સર્વ પ્રકારના ઉત્તમ ભાંગા વડે તીર્થંકર સમાન ગુરુ મહારાજ હોય.

૭૦૯. તેઓ પણ હે ગૌતમ ! દેવતાના વચન સમાન છે. તે સૂર્ય સમાન બાકીના આચાર્યોની પણ ચોવીશે તીર્થંકરની આરાધના સમાન આરાધના કરવી જોઈએ.

૭૧૦. આ આચાર્યપદ વિશે દ્વાદશાંગનું શ્રુત ભણવાનું હોય છે. તો પણ આ વાત હું તમને સારરૂપે આ પ્રમાણે કહું છું–

૭૧૧, ૭૧૨. મુનિ, સંઘ, તીર્થ, ગણ, પ્રવચન, મોક્ષમાર્ગ આ સર્વે એકાર્થક શબ્દો છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર, ઘોર ઉગ્ર તપ આ સર્વે ગચ્છના પર્યાય નામો જાણવા.

જે ગચ્છમાં ગુરુઓ રાગ, દ્વેષ કે અશુભ આશયથી શિષ્યને સારણાદિ પ્રેરણા આપતા હોય, ધર્મકાળને ધ્રૂજાવતા હોય તે ગૌતમ ! ગચ્છ નથી.

૭૧૩ થી ૭૨૦. મહાનુભાવ એવા ગચ્છમાં ગુરુકુળ કરતા સાધુને ઘણી નિર્જરા થાય છે. તથા સારણા, વાયણા, ચોયણા આદિથી દોષની નિવૃત્તિ થાય છે. ગુરુના મનને અનુસરનાર, અતિ વિનીત, પરીષહ જિતનાર, ધૈર્ય રાખનાર, સ્તબ્ધ ન થનાર, લુબ્ધ ન થનાર, ગારવો ન કરનાર, વિકથા ન કરનાર, ક્ષમાધારી ઇન્દ્રિયદમી, સંતોષી, છકાય રક્ષક, વૈરાગ્ય માર્ગલીન, દશવિધ સામાચારી સેવનકર્તા, આવશ્યકોને આચરનાર, સંયમમાં ઉદ્યમી, સેંકડો વખત કઠોર, આકરા, કર્કશ, અનિષ્ટ, દુષ્ટ, નિષ્ઠુર વચનથી તિરસ્કારાય, અપમાનિત કરાય, તો પણ જેઓ રોષાયમાન ન થાય, જેઓ અપકીર્તિ અપયશ કે સકાર્ય કરનાર થતા નથી...

... નિરંતર સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન મનવાળા, ઘોર તપ અને ચરણથી શરીર શોષવી દેનાર, ક્રોધ–માન–માયા–લોભ ચાલી ગયેલા, રાગ–દ્વેષને દૂરથી ત્યાગ કરેલા, વિનયોપચાર કુશળ, ૧૬ ભેદે વચન શુદ્ધિપૂર્વક બોલવામાં કુશળ, નિરવદ્ય વચન બોલનાર, અતિશય ન બોલનાર, વારંવાર બોલબોલ ન કરનારા, ગુરુએ સકારણ કે અકારણ કઠોર, આકરા, કર્કશ, નિષ્ઠુર, અનિષ્ટ શબ્દો કહ્યા હોય ત્યારે તહત્તિ કરનાર ઇત્યાદિ ગુણવાન જેમાં હોય તે ગચ્છ છે.

૭૨૧ થી ૭૨૩. યાત્રાદિમાં મમત્વભાવનો સર્વથા ત્યાગ કરીને, પોતાના શરીર વિશે નિઃસ્પૃહ ભાવવાળી, સંયમ નિર્વાહ પૂરતા જ આહાર ગ્રહણ કરનારા, તે પણ ૪૨–દોષ રહિત, શરીર–રૂપ કે ઇન્દ્રિયના રસને પોષવા નહીં, ભોજન કરતા કરતા પણ પોતાને અનુકૂળ આહાર મળવા બદલ અભિમાન ન કરનાર, માત્ર સંયમ યોગ વહન, ઈર્યા સમિતિ પાલન, વૈયાવચ્ચ માટે આહાર કરનાર કે પડિલેહણાદિ સંયમ માટે આહાર ગ્રહણ કરે.

૭૨૪, ૭૨૫. અપૂર્વજ્ઞાન ગ્રહણ માટે અતિશય ઉદ્યમ કરનારા શિષ્યો જેમાં હોય. સૂત્ર–અર્થ–ઉભયને જે જાણે છે. તેમજ તે માટે નિત્ય ઉદ્યમ કરે છે.

જ્ઞાનાચાર–દર્શનાચાર–ચારિત્રાચાર ત્રણેના આઠ–આઠ, તપાચારના બાર, વીર્યાચારના ૩૬–આચાર, તેમાં બળ–વીર્ય છૂપાવ્યા વિના અગ્લાનિને ખૂબ એકાગ્ર મન, વચન, કાયાના યોગે ઉદ્યમ કરનાર થાય, એવા પ્રકારના શિષ્યો જેમાં હોય તે ગચ્છ કહેવાય.

૭૨૬. ગુરુ આકરા, કઠોર, નિષ્ઠુર વચને સેંકડો વાર ઠપકા આપે તો પણ શિષ્ય સામે ન બોલે તે ગચ્છ કહેવાય.

૭૨૭. તપ પ્રભાવથી અચિંત્ય ઉત્પન્ન લબ્ધિ તેમજ અતિશયવાળી ઋદ્ધિ મેળવેલી હોય તો પણ જે ગચ્છમાં ગુરુની અવહેલના શિષ્યો ન કરે તે ગચ્છ કહેવાય.

૭૨૮. એક વખત પાંખડીથી સાથે વાદ કરી, વિજય પામ્યો હોય, યશ સમૂહ ઉપાર્જ્યો હોય એવા શિષ્ય પણ જે ગચ્છમાં ગુરુની હીલના ન કરે તે ગચ્છ કહેવાય.

૭૨૯. જેમાં અસ્ખલિત, આડા–અવળા અક્ષરો બોલાતા ન હોય તેવા અક્ષરવાળા, પદો અને અક્ષરોથી વિશુદ્ધ, વિનય ઉપધાનપૂર્વક બાર અંગના સૂત્રો અને શ્રુતજ્ઞાન જેમાં મેળવાતા હોય તેને ગચ્છ કહેવાય.

૭૩૦. ગુરુના ચરણની ભક્તિ સમૂહથી તેમજ તેમની પ્રસન્નતાથી જેમણે આલાવા પ્રાપ્ત કર્યા છે એવા સુશિષ્યો એકાગ્ર મનથી જેમાં અધ્યયન કરતા હોય તે ગચ્છ કહેવાય.

૭૩૧. ગ્લાન, નવદીક્ષિત, બાળક આદિથી યુક્ત ગચ્છની દશભેદે, વિધિ સહ, ગુર્વાજ્ઞાથી વૈયાવચ્ચ થતી હોય તે ગચ્છ.

૭૩૨. જેમાં દશ ભેદે સામાચારી ખંડિત થતી નથી. જેમાં રહેલા ભવ્ય સત્ત્વોનો સમુદાય સિદ્ધિ કે બોધ પામે તે ગચ્છ.

૭૩૩. ઇચ્છાકાર, તિચ્છાકાર, તથાકાર, આવશ્યિકી, નૈષેધિકી, આપૃચ્છા, પ્રતિપૃચ્છા, છંદના, નિમંત્રણા, ઉપસંપદા આ દશવિધિ સામાચારી જે–જે સમયે કરવાની હોય તે–તે સમયે કરે તે ગચ્છ કહેવાય.

૭૩૪. જેમાં નાના સાધુ મોટાના વિનય કરે, એક દિવસ પણ દીક્ષાપર્યાયમાં મોટો હોય તેની અવગણના ન થાય તે ગચ્છ.

૭૩૫. ગમે તેવો ભયંકર દુષ્કાળ હોય, પ્રાણના ત્યાગનો પ્રસંગ આવે તો પણ સહસાત્કારે પણ સાધ્વીની વહોરી લાવેલ વસ્તુ ન વાપરે તે ગચ્છ કહેવાય.

૭૩૬. જેના દાંત પડી ગયા છે, તેવા વૃદ્ધ સ્થવિરો પણ સાધ્વી સાથે વાત કરતા નથી, તેમજ સ્ત્રીના અંગોપાંગનું નિરીક્ષણ જેમાં કરાતુ નથી તે ગચ્છ છે.

૭૩૭. જે ગચ્છમાં ઉપભોગ માટે સ્થાપિત વસ્તુ રખાતી નથી, તૈયાર કરાયેલ ભોજનાદિ, સામે લાવીને અપાતા આહારાદિ, પૂતિકર્મ દોષવાળા આહારથી ભયભીત, પાત્ર વારંવાર ધોવાના ભયથી દોષ લાગવાના ભયવાળા ઉપયોગવંત સાધુ હોય તે ગચ્છ.

૭૩૮. જેમાં પાંચે અંગો જેના કામપ્રદીપ્તકર છે, દુર્જય યૌવન ખીલેલું છે, મોટો અહંકાર છે, એવા કામદેવ

પીડિત મુનિ હોય તો પણ સામે તિલોત્તમા દેવાંગના આવીને ઊભી રહે તો પણ સામે નજર કરે નહીં તે ગચ્છ જાણ.

૭૩૯. ઘણી ઉપલબ્ધિવાળા, શીલભ્રષ્ટ શિષ્યને જે ગચ્છમાં ગુરુ વિધિથી વચન કહી શિક્ષા કરે તે ગચ્છ.

૭૪૦, ૭૪૧. નમ્ર, સ્થિર સ્વભાવી, હાસ્ય, ત્યાગી, ત્વરા રહિત ગતિવાળો, વિકથા ન કરતો, અઘટિત કાર્ય ન કરતો, આઠ ભેદે ગૌચરી ગવેષતો, તથા

જેમાં મુનિઓના વિવિધ પ્રકારે અભિગ્રહ પ્રાયશ્ચિત્ત દેખી દેવેન્દ્રોના ચિત્ત ચમત્કાર પામે તે ગચ્છ.

૭૪૨. જે ગચ્છમાં મોટા-નાની વંદન-વિધિ સચવાય, પ્રતિક્રમણાદિ મંડલી વિધાનને નિપુણ પણે જાણે, અસ્ખલિત શીલવાળા ગુરુ હોય, ઉગ્ર તપસી સાધુ હોય, તે ગચ્છ જાણ.

૭૪૩. જેમાં સુરેન્દ્રો પૂજિત, આઠ કર્મ રહિત, ઋષભાદિ તીર્થંકરની આજ્ઞાનું સ્ખલન ન કરાતું હોય તે ગચ્છ.

૭૪૪. ગૌતમ ! તીર્થની સ્થાપના કરનાર તીર્થંકર, વળી તેમનું શાસન, તેને હે ગૌતમ ! સંઘ જાણ. સંઘમાં રહેલ ગચ્છ, ગચ્છમાં રહેલ જ્ઞાન, દર્શન અને ચારિત્ર તે તીર્થ છે.

૭૪૫. સમ્યગ્ દર્શન વિના જ્ઞાન ન હોય, જ્ઞાનમાં દર્શન સર્વત્ર હોય, દર્શન જ્ઞાન હોય ત્યાં ચારિત્ર હોય કે ન પણ હોય.

૭૪૬. દર્શન કે ચારિત્ર રહિત જ્ઞાની સંસારમાં ભટકે છે. પણ ચારિત્રયુક્ત હોય તે નક્કી સિદ્ધિ પામે તેમાં સંદેહ નથી.

૭૪૭. જ્ઞાન પદાર્થને પ્રકાશિત કરી ઓળખાવનાર થાય,
તપ આત્માને કર્મથી શુદ્ધ કરે,
સંયમ એ મન-વચન-કાયની શુદ્ધ પ્રવૃત્તિ કરાવનાર થાય,
ત્રણમાંથી એકેની પણ ન્યૂનતા હોય તો મોક્ષ થતો નથી.

૭૪૮. એ જ્ઞાનાદિ ત્રિપુટીના પોતાના અંગ સ્વરૂપ હોય તો ક્ષમા આદિ દશવિધ યતિધર્મ છે. તેમાનાં એકૈક પદો જેમાં આચરાતા હોય તે ગચ્છ જાણવો.

૭૪૯. જેમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ તેમજ વિવિધ પ્રકારના ત્રસ જીવોને મરણ પ્રસંગે પણ જેઓ મનથી પીડા કરતા નથી, તે ગચ્છ જાણવો.

૭૫૦. જેમાં સચિત્ત જળનું એક બિંદુ માત્ર પણ તાપમાં ગમે તેવું ગળુ શોષાતુ હોય, તીવ્ર તૃષા લાગી હોય, મરણનો પ્રસંગ આવે, તો પણ મુનિ કાચું પાણી ન ઇચ્છે, તે ગચ્છ.

૭૫૧. જે ગચ્છમાં શૂળ રોગ, ઝાડા, ઊલટી કે અન્ય કોઈ વિચિત્ર મરણાંત રોગ પ્રસંગે પણ અગ્નિ સળગાવવા માટે કોઈને પ્રેરણા અપાતી નથી તે ગચ્છ કહેવાય.

૭૫૨. જે ગચ્છમાં જ્ઞાનધારક આચાર્યાદિ આર્યાઓને ૧૩ હાથ દૂરથી તજે છે, દરેક સ્ત્રીને મનથી પણ જેમાં તજે તે ગચ્છ કહેવાય.

૭૫૩, ૭૫૪. રતિક્રીડા, હાસ્યક્રીડા, કંદર્પ, નાથવાદ જ્યાં કરાતા નથી, દોડવું-ઉલ્લંઘવું-અપશબ્દો દૃષ્ટિવિષ સર્પ કે પ્રદીપ્ત અગ્નિ કે ઝેરની જેમ વર્જવામાં આવે તે ગચ્છ.

૭૫૫. જ્યાં વેશધારી કે અરિહંત પણ સ્ત્રીના હાથનો સ્પર્શ કરે તો તે નિશ્ચયથી મૂળગુણ બહાર જાણવા.

૭૫૬. ઉત્તમ કુળમાં જન્મેલ હોય, ગુણસંપન્ન, લબ્ધિ યુક્ત હોય, મૂળગુણમાં જેને સ્ખલના થતી હોય તેવાને પણ જેમાંથી કાઢી મૂકવામાં આવે તે ગચ્છ કહેવાય.

૭૫૭. જેમાં હીરણ્ય, ધન-ધાન્ય, કાંસુ આદિ ધાતુ, શયન-આસન આદિ ગૃહસ્થ ઉપભોગ્ય વસ્તુ ન વપરાય તે ગચ્છ કહેવાય.

૭૫૮. જેમાં કોઈ કારણે સમર્પણ કરેલ હોય એવું પારકું સુવર્ણ આવેલ હોય તો ક્ષણવારને માટે પણ ન સ્પર્શે તે ગચ્છ જાણ.

૭૫૯. ચપળ ચિત્ત આર્યાઓના દુર્ધર બ્રહ્મચર્યવ્રત પાલન કરવા માટે **સાત હજાર** પરિહાર સ્થાન જ્યાં છે તે ગચ્છ જાણવો.

૭૬૦. જેમાં ઉત્તર–પ્રત્યુત્તરોથી આર્યા, સાધુ સાથે અતિક્રોધ પામી પ્રલાપ કરતી હોય તેવા ગચ્છનું શું કામ?

૭૬૧. ગૌતમ! જ્યાં ઘણા પ્રકારના વિકલ્પોના કલ્લોલો અને ચંચળ મનવાળી આર્યાના વચનાનુસાર વર્તવામાં આવે તેને ગચ્છ કેમ કહેવાય ?

૭૬૨, ૭૬૩. જ્યાં એક અંગવાળો માત્ર એકલો સાધુ, સાધ્વી સાથે બહાર **૧૦૦** હાથ ઉપરાંત આગળ ચાલે, તો હે ગૌતમ ! તે ગચ્છમાં કઈ મર્યાદા ?

જ્યાં ધર્મોપદેશ સિવાય સાધ્વી સાથે આલાપ–સંલાપ–વાર્તાલાપાદિ વ્યવહાર હોય તે ગચ્છ કેવો ?

૭૬૪ થી ૭૬૬. ભગવન્ ! સાધુઓને અનિયત વિહાર કે નિયત વિહાર હોતા નથી, તો પછી કારણે જે નિત્યવાસ સેવે તેને શું સમજવું ?

ગૌતમ! મમત્વભાવ રહિત થઈ નિરહંકાર પણે જ્ઞાન, દર્શન, ચારિત્રમાં ઉદ્યમ કરનાર હોય, સમગ્ર આરંભથી સર્વથા મુક્ત બનેલો અને પોતાના દેહ ઉપર પણ મમત્વભાવ રહિત હોય, મુનિપણાના આચારોને આચરતો એક ક્ષેત્રમાં પણ ગીતાર્થ **૧૦૦** વર્ષ સુધી વાસ કરે તો તે આરાધક ગણેલો છે.

૭૬૭. ભોજન સમયે સાધુની માંડલીમાં પાત્ર સ્થાપન કરતી કોઈપણ સાધ્વી હોય, તો તે સ્ત્રી રાજ્ય છે, પણ ગચ્છ નથી.

૭૬૮. જે ગચ્છમાં રાત્રે **૧૦૦** હાથથી વધુ સાધ્વીને જવું હોય તો જઘન્ય ચાર અને ઉત્કૃષ્ટ દશ સાધ્વી ન હોય તો તેને ગચ્છ ન જાણવો.

૭૬૯, ૭૭૦. અપવાદથી કે કારણે ચારથી ઓછા સાધ્વી એક ગાઉ પણ જેમાં ચાલતા હોય તે ગચ્છ કેવો ? ગૌતમ! જે ગચ્છમાં આઠથી ઓછા સાધુ માર્ગમાં સાધ્વી સાથે અપવાદે પણ ચાલે તો ગચ્છમાં કઈ મર્યાદા ?

૭૭૧. જેમાં ૬૩ ભેદવાળા ચક્ષુરાગ્નિની ઉદીરણા થાય તે રીતે સાધુ, સાધ્વી પ્રતિ દૃષ્ટિ કરે તે ગચ્છમાં શી મર્યાદા હોય ?

૭૭૨. જેમાં સાધ્વીના વહોરેલા પાત્રા, દંડાદિ વિવિધ ઉપકરણોને સાધુઓ ભોગવે, તેને ગચ્છ કેમ કહેવાય ?

૭૭૩. અતિ દુર્લભ, બળ–બુદ્ધિપૂર્વક, શરીર પુષ્ટિ કરે એવું ઔષધ સાધ્વીએ મેળવેલ હોય અને સાધુ તેનો ઉપયોગ કરે તે ગચ્છમાં કઈ મર્યાદા રહે ?

૭૭૪. શશક–ભસકની બહેન સુકુમાલિકાની ગતિ સાંભળી શ્રેયાર્થી ધાર્મિક પુરુષે લગીર પણ મોહનીય કર્મનો વિશ્વાસ ન કરવો.

૭૭૫. **દઢ ચારિત્રી, ગુણસમૂહ એવા આચાર્ય અને ગચ્છના વડેરા સિવાય જે કોઈ સાધુ–સાધ્વીને આજ્ઞા ફરમાવે તે ગચ્છ નથી.**

૭૭૬. મેઘ ગર્જના, દોડતા અશ્વના ઉદરમાં ઉત્પન્ન વાયુ અને વીજળી જેમ જાણી શકાતા નથી. તેમ ગૂઢ હૃદયા આર્યાના ચંચળ અને ગૂઢ મનને જાણી શકાતુ નથી. તેમને અકૃત્ય કરતા ગચ્છ નાયક તરફથી નીવારવામાં ન આવે તો તે સ્ત્રી રાજ્ય છે, પણ ગચ્છ નથી.

૭૭૭. તપોલબ્ધિયુક્ત, ઇંદ્ર વડે અનુસરાતી, પ્રત્યક્ષા શ્રુતદેવી સમાન સાધ્વી પણ જે ગચ્છમાં કાર્ય કરતી હોય તે સ્ત્રી રાજ્ય છે, પણ ગચ્છ નથી.

૭૭૮. ગૌતમ ! પાંચ મહાવ્રત, ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિઓ, દશવિધ યતિધર્મ, તેમાંથી કોઈ પણ એકની સ્ખલના થાય તે ગચ્છ નથી.

૭૭૯, ૭૮૦. એક જ દિવસના દીક્ષિત દ્રમક સાધુ સન્મુખ ચિરદીક્ષિત આર્યા ચંદનાએ ઊભા થઈ તેમનું સન્માન-વિનય કર્યો અને આસને ન બેઠા, તે સર્વે આર્યાનો વિનય છે.

૧૦૦ વર્ષ પર્યાયવાળા દીક્ષિત સાધ્વી હોય અને સાધુ એક દિવસના દીક્ષિત હોય તો પણ ભક્તિપૂર્ણ હૃદયે વંદનરૂપ વિનયથી પૂજ્ય છે.

૭૮૧ થી ૭૮૪. જે સાધુ, સાધ્વી પ્રતિલાભિત પદાર્થોમાં ગૃદ્ધિ કરનારા છે, પોતે પ્રતિલાભેલા પદાર્થોમાં અસંતુષ્ટ છે. ભિક્ષાચર્યાથી ભગ્ન થયેલા એવા તેઓ અર્ણિકાપુત્ર આચાર્યનું દૃષ્ટાંત આગળ કરે છે.

દુષ્કાળમાં શિષ્યોને સુકાળ પ્રદેશમાં મોકલી આપેલા, પણ પોતે વૃદ્ધપણાને કારણે ભિક્ષાચર્યાર્થે સમર્થ ન હતા, તે વાત તે પાપીઓ નથી જાણતા અને આર્યાનો લાભ શોધે છે.

તે પાપીઓ તેમાંથી જે ગુણ ગ્રહણ કરવા યોગ્ય છે તેને ગ્રહણ કરતા નથી. જેમ કે દુષ્કાળમાં શિષ્યોનો વિહાર કરાવ્યો, શિષ્યોની મમતા છોડી, ત્યાં સ્થિરવાસ કર્યો તે ન વિચારી માત્ર સ્થિરવાસની વાત કરે છે.

**આ લોકમાં પડવાના આલંબનો અનેક છે.** પ્રમાદી અજયણાવાળા જીવો લોકમાં જેવું-જેવું દેખે તેમ કહે છે.

૭૮૫. જ્યાં મુનિઓને મોટા કષાયથી તિરસ્કારાય તો પણ જેમ સારી રીતે બેસેલો લંગડો પુરુષ ઉઠવાની ઈચ્છા ન કરે, તેમ તેના કષાયો ઊભા થતા નથી, તે ગચ્છ કહેવાય.

૭૮૬. ધર્માન્તરાયથી ભય પામેલ, સંસારના ગર્ભાવાસથી ડરેલા મુનિ અન્ય મુનિઓને કષાયની ઉદીરણા ન કરે, તે ગચ્છ.

૭૮૭. દાન, શીલ, તપ, ભાવરૂપ ચતુર્વિધ ધર્મના અંતરાયથી અને ભવથી ભય પામેલ એવા ઘણા ગીતાર્થ હોય ત્યાં વાસ કરવો.

૭૮૮. જેમાં ચારે ગતિના જીવોનો કર્મના વિપાકો ભોગવતા દેખીને અને જાણીને મુનિ અપરાધી ઉપર ન કોપે તે ગચ્છ.

૭૮૯, ૭૯૦. જે ગચ્છમાં પાંચ વધસ્થાનો – **ઘંટી, સાંબેલું, ચૂલો, પાણિયારું, સાવરણી** પૈકી એક પણ હોય તે ગચ્છને ત્રિવિધે વોસિરાવીને બીજા ગચ્છમાં ચાલ્યા જવું.

વધસ્થાન અને આરંભથી પ્રવૃત્ત એવા ઉજ્જવળ વેશવાળા ગચ્છમાં વાસ ન કરવો. ચારિત્ર ગુણોથી ઉજ્જવળ એવા ગચ્છમાં વાસ કરવો.

૭૯૧. દુર્જય આઠ કર્મરૂપી મલ્લને જીતનાર પ્રતિમલ્લ અને તીર્થંકર સમાન આચાર્યની આજ્ઞાનું જે ઉલ્લંઘન કરે છે તેઓ કાયર પુરુષ છે, પણ સત્પુરુષ નથી.

૭૯૨, ૭૯૩. ભ્રષ્ટાચાર કરનાર, ભ્રષ્ટાચારની ઉપેક્ષા કરનાર અને ઉન્માર્ગમાં રહેલા આચાર્ય, એ ત્રણે માર્ગ-નાશક છે.

જો આચાર્ય ખોટા માર્ગમાં રહેલા હોય, ઉન્માર્ગ પ્રરૂપક હોય તો નક્કી ભવ્ય જીવોનો સમૂહ તે ખોટા માર્ગને અનુસરનાર થાય, માટે ઉન્માર્ગી આચાર્યનો પડછાયો પણ ન લેવો.

૭૯૪ થી ૭૯૬. આ સંસારમાં દુઃખ ભોગવતા એક પ્રાણીને પ્રતિબોધ કરીને તેને માર્ગમાં સ્થાપે છે, તેણે દેવ અને અસુરના જગતમાં અમારી પડહની ઉદ્‌ઘોષણા કરાવી છે, એમ સમજવું.

ભૂત-વર્તમાન-ભાવિમાં એવા મહાપુરુષો પણ હતા, છે અને થશે કે જેમના ચરણ યુગલ જગતના જીવોને વંદન કરવા યોગ્ય છે. તેમજ પરહિત માટે એકાંત પ્રયત્નમાં જેનો કાળ પસાર થાય છે.

હે ગૌતમ ! એવા પણ મહાનુભાવ થયા છે અને થશે કે જેના નામ ગ્રહણ કરવાથી પણ નક્કી પ્રાયશ્ચિત્ત લાગે.

૭૯૭ થી ૭૯૯. આવી ગચ્છ વ્યવસ્થા દુપ્પસહસૂરિ સુધી ચાલવાની, પણ તેમાં વચ્ચેના કાળમાં જે કોઈ તેનું ખંડન કરશે તો હે ગૌતમ ! તે ગણીને નિશ્ચયથી અનંત સંસારી જાણવો.

સમગ્ર જગતના જીવોના મંગલ અને એક કલ્યાણ સ્વરૂપ ઉત્તમ નિરુપદ્રવ સિદ્ધિપદ વિચ્છેદ કરનારને જે પ્રાયશ્ચિત્ત લાગે, તે પ્રાયશ્ચિત્ત ગચ્છ વ્યવસ્થા ખંડન કરનારને લાગે.

માટે શત્રુ અને મિત્રમાં સમાન મનવાળા, પરહિતકરણ તત્પર, કલ્યાણની ઈચ્છાવાળાને અને પોતે આચાર્યની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું.

૮૦૦ થી ૮૦૩. ત્રણ ગારવમાં આસક્ત થયેલા એવા અનેક આચાર્યો ગચ્છ વ્યવસ્થાનું ઉલ્લંઘન કરીને હજુ આજે પણ બોધિ પામી શકતા નથી. બીજા પણ અનંત વખત ચારે ગતિ સ્વરૂપ ભવમાં અને સંસારમાં પરિભ્રમણ કરશે પણ બોધિ પ્રાપ્ત કરશે નહીં. લાંબા કાળ સુધી અતિશય દુઃખપૂર્ણ સંસારમાં રહેશે.

ગૌતમ ! **ચૌદ રાજ પ્રમાણ લોકમાં વાળની અણી જેટલો પણ એવો પ્રદેશ નથી કે જ્યાં એ જીવે અનંતા મરણો પ્રાપ્ત કર્યા ન હોય. જીવના ૮૪ લાખ ઉત્પત્તિ સ્થાનો છે તેમાં એવી એક પણ યોનિ નથી કે ગૌતમ ! જેમાં અનંતી વાર સર્વ જીવો ઉત્પન્ન થયા ન હોય.**

૮૦૪ થી ૮૦૬. **તપાવેલી લાલવર્ણી અગ્નિ સમાન સોયો નજીક નજીક શરીરમાં ખોસવામાં આવે અને જે પ્રકારનું વેદના દુઃખ થાય તેના કરતા ગર્ભમાં આઠગણું દુઃખ થાય. જ્યારે જન્મ થાય ત્યારે યોનિ યંત્રમાં પીલાવાથી જે દુઃખ થાય તે તેનાથી ક્રોડ કે ક્રોડાક્રોડ ગણુ પણ દુઃખ થાય.** જન્મ થતો હોય અને મરણ પામતો હોય તે સમયનું જે દુઃખ તે સમયે તો તેના દુઃખાનુભવમાં પોતાની જાતિ ભૂલી જાય છે.

૮૦૭ થી ૮૧૦. ગૌતમ ! જુદી જુદી યોનિમાં પરિભ્રમણ કરતા જો તે દુઃખવિપાકોનું સ્મરણ કરવામાં આવે તો જીવી ન શકાય.

અરે ! જન્મ, જરા, મરણ, દુર્ભાગ્ય, વ્યાધિની વાત બાજુ ઉપર રાખીએ. પણ કયો મહામતિવાળો ગર્ભાવાસથી લજ્જા ન પામે અને પ્રતિબોધિત ન થાય.

ઘણા રુધિર, પરુથી ગંદકીવાળા, અશુચિ દુર્ગંધવાળા, મલથી પૂર્ણ, જોવા પણ ન ગમે એવા દુરભિગંધવાળા ગર્ભમાં કોણ ધૃતિ પામી શકે ?

તો જેમાં એકાંત દુઃખ વિખરાઈ જવાનું છે, એકાંત સુખ પ્રાપ્ત થવાનું છે તેવી આજ્ઞાનો ભંગ ન કરવો. આજ્ઞાભંજકને સુખ ક્યાંથી હોય ?

૮૧૧. ભગવન્ ! ઉત્સર્ગે આઠ સાધુના અભાવમાં અથવા અપવાદથી ચાર સાધુઓ સાથે સાધ્વીનું ગમનાગમન નિષેધેલ છે.

તેમજ ઉત્સર્ગથી દશ સંયતિથી ઓછી, અપવાદથી ચાર સંયતિના અભાવે ૧૦૦ હાથ ઉપરાંત જવાનું. ભગવંતે નિષેધેલ છે. આ આજ્ઞા ઉલ્લંઘક સાધુ હોય કે સાધ્વી, તેને અનંતસંસારી કહેલાં છે.

તો પાંચમા આરાને અંતે એકલા અસહાય દુષ્પસહ અણગાર હશે. વિષ્ણુશ્રી સાધ્વી પણ અસહાય એકલા હશે. તો તેઓ કેવી રીતે આરાધક હશે ?

ગૌતમ ! દુષમકાળના અંતે તે ચારે ક્ષાયિક સમ્યક્ત્વ જ્ઞાન–દર્શન–ચારિત્ર યુક્ત હશે.

તેમાં જે મહાયશા મહાનુભવી દુપ્પસહ અણગાર હશે તેઓનો અત્યંત વિશુદ્ધ દર્શન–જ્ઞાન–ચારિત્રાદિ ગુણોથી યુક્ત જેણે સારી રીતે સદ્‌ગતિનો માર્ગ જોયેલ છે. તેવા આશાતના ભીરુ, અત્યંત પરમશ્રદ્ધા, સંવેગ, વૈરાગ્ય, સમ્યક્ માર્ગમાં રહેલા, વાદળા રહિત નિર્મળ આકાશમાં શરદ પૂર્ણિમાના વિમલ ચંદ્ર કિરણ સમાન ઉજ્જવલ ઉત્તમ

યશવાળા, વિશેષ વિશેષ વંદન લાયક, પૂજ્યોમાં પરમપૂજ્ય હશે.

તથા તે સાધ્વી પણ સમ્યક્ત્વ જ્ઞાન ચારિત્રમાં પતાકા સમાન, મહાયશા, મહાસત્વી, મહાનુભાગ એવા ગુણયુક્ત હોવાથી સારી રીતે જેનું નામ–સ્મરણ કરી શકાય તેવા વિષ્ણુશ્રી સાધ્વી થશે.

વળી જિનદત્ત અને ફલ્ગુશ્રી એ નામે શ્રાવક –શ્રાવિકા થશે. ઘણા દિવસ સુધી વર્ણવી શકાય તેવા ગુણવાળુ તે યુગલ થશે. તેઓ સર્વેનું **૧૬**–વર્ષનું ઉત્કૃષ્ટ આયુ હશે.

આઠ વર્ષનો ચારિત્ર પર્યાય પાળી, પાપની આલોચના કરીને, નિઃશલ્ય થઈને નમસ્કાર સ્મરણમાં પરાયણ બની એક ઉપવાસ ભક્ત ભોજન પ્રત્યાખ્યાન કરી સૌધર્મ કલ્પે ઉપપાત થશે. પછી મનુષ્ય લોકમાં આગમન થશે, તો પણ તેઓ ગચ્છ વ્યવસ્થા તોડશે નહીં.

૮૧૨, ૮૧૩. ભગવન્ ! કયા કારણે એમ કહેવાય છે કે તો પણ ગચ્છ વ્યવસ્થા ઉલ્લંઘશે નહીં ?

ગૌતમ ! અહીં નજીકના કાળમાં મહાયશા, મહાસત્વી, મહાનુભાવ શય્યંભવ નામે મહાતપસ્વી, મહામતિ બાર અંગરૂપ શ્રુતજ્ઞાનના ધારક અણગાર થશે.

તેઓ પક્ષપાત રહિતપણે અલ્પાયુવાળા ભવ્ય સત્વોને જ્ઞાનાતિશય વડે **૧૧** અંગો, **૧૪** પૂર્વોના પરમસાર અને નવનીત સરખું અતિ પ્રકર્ષગુણ યુક્ત સિદ્ધિના માર્ગ સમાન દશવૈકાલિક નામે શ્રુતસ્કંધની નિર્યુહણા કરશે.

ભગવન્! કોના નિમિત્તે ?

ગૌતમ ! મનકના નિમિત્તે. એમ માનીને કે આ મનક પરંપરાએ અલ્પકાળમાં મોટા ઘોર દુઃખ સમુદ્ર સમાન આ ચારે ગતિ સ્વરૂપ સંસાર–સાગરથી કેવી રીતે પાર પામે ? તે–તે પણ સર્વજ્ઞના ઉપદેશ વિના તો ન જ બની શકે. સર્વજ્ઞનો ઉપદેશ અપાર અને દુરવગાહ્ય છે. અનંતગમ પર્યાયોથી યુક્ત છે. અલ્પકાળમાં આ સર્વજ્ઞોક્ત સર્વ શાસ્ત્રોમાં અવગાહી ન શકાય.

તેથી હે ગૌતમ ! અતિશય જ્ઞાની શય્યંભવ એમ ચિંતવશે કે જ્ઞાનસમુદ્રનો છેડો નથી. કાળ અલ્પ છે, વિઘ્નો અનેક છે, માટે જે સારભૂત હોય તે જેમ ખારા જળમાંથી હંસ મીઠું જળ ગ્રહણ કરાવે, તેમ ગ્રહણ કરી લેવું.

૮૧૪. તેમણે આ ભવ્યાત્મા મનકને તત્ત્વનું પરિજ્ઞાન થાય એમ જાણીને પૂર્વોમાંથી દશવૈકાલિક શ્રુતસ્કંધની નિર્યૂહણા કરી.

તે સમયે જ્યારે બાર અંગો અને તેના અર્થો વિચ્છેદ પામશે ત્યારે દુષ્ષમ કાળના છેડા સુધી – દુપ્પસહ અણગાર સુધી દશવૈકાલિક સૂત્ર અને અર્થથી ભણાશે.

ગૌતમ! આ દુપ્પસહ અણગાર પણ તે દશવૈકાલિકના અર્થાનુસાર પ્રવર્તશે, પણ સ્વમતિ કલ્પનાથી સ્વચ્છંદ આચારમાં નહીં પ્રવર્તે.

તે દશવૈકાલિક શ્રુતસ્કંધમાં તે કાળે બાર અંગો રૂપ શ્રુતસ્કંધની પ્રતિષ્ઠા થશે. ગૌતમ ! આ કારણે એમ કહેવાય છે કે ગમે તે રીતે ગચ્છ વ્યવસ્થા મર્યાદાનું ઉલ્લંઘન ન કરવું.

૮૧૫. ભગવન્ ! અત્યંત વિશુદ્ધ પરિણામવાળા ગણનાયકની પણ કોઈ તેવા દુઃશીલ શિષ્ય સ્વચ્છંદતાથી, ગારવના કારણે કે જાતિમદ આદિથી જો આજ્ઞા ન માને કે ઉલ્લંઘે તો શું તે આરાધક થાય ખરો ?

ગૌતમ ! શત્રુ અને મિત્રમાં સમભાવી, ગુરુ ગુણોમાં વર્તતા નિરંતર સૂત્ર અનુસાર વિશુદ્ધાશયથી વિચરતા હોય તેવા ગણીની આજ્ઞાને ઉલ્લંઘનાર **૪૯૯** સાધુની જેમ અનારાધક થાય.

૮૧૬. ભગવન્ ! તે **૪૯૯** સાધુઓ જેઓએ તેવા ગુણયુક્ત મહાનુભાવ ગુરુ મહારાજની આજ્ઞા ઉલ્લંઘીને આરાધક ન બન્યા તે કોણ હતા ?

ગૌતમ! ઋષભદેવ પરમાત્માની પૂર્વે થયેલ ત્રેવીશ ચોવીશી અને તે ચોવીશીના ચોવીશમાં તીર્થંકર નિર્માણ

પામ્યા પછી કેટલોક કાળ ગુણથી ઉત્પન્ન થયેલ કર્મરૂપી પર્વતનો ચૂરો કરનાર મહાયશા, મહાસત્વી, મહાનુભાવ, સવારમાં નામ ગ્રહણ કરવા યોગ્ય વઈર નામે ગચ્છાધિપતિ થયા. સાધ્વી સિવાય તેમને **૫૦૦** શિષ્યોના પરિવારવાળો ગચ્છ હતો. સાધ્વી સહિત ગણોની **૨૦૦૦**ની સંખ્યા હતી.

ગૌતમ ! તે સાધ્વીઓ અત્યંત પરલોક ભીરુ હતા. અત્યંત નિર્મળ અંતઃકરણવાળા, ક્ષમાધારી, વિનયવતી, ઇન્દ્રિયદમી, મમત્વરહિત, અતિ અભ્યાસુ, સ્વશરીરથી પણ અધિક છ કાયના જીવો ઉપર વાત્સલ્ય કરનારી, ભગવંતે શાસ્ત્રમાં કહેલા એવા અતિશય ઘોર વીર તપશ્ચરણનું સેવન કરી શોષવેલા શરીરવાળી, તીર્થંકરે પ્રરૂપિત કર્યા મુજબ અદીન મનથી, માયા, મદ, અહંકાર, મમત્વ, રતિ, હાસ્ય, ક્રીડા, કંદર્પ, નાથવાદ રહિત, સ્વામીભાવ આદિ દોષોથી મુક્ત તે સાધ્વી એ આચાર્ય પાસે શ્રામણ્યનું અનુપાલન કરતી હતી.

ગૌતમ ! તે સાધુઓ તેવા મનોહર ન હતા. કોઈક સમયે તે સાધુઓ આચાર્યને કહેવા લાગ્યા કે ભગવન્ ! જો આપ આજ્ઞા આપો તો અમે તીર્થયાત્રા કરીને ચંદ્રપ્રભુ સ્વામીના ધર્મચક્રને વંદન કરીને આવીએ.

ત્યારે હે ગૌતમ ! અદીન મનથી, અત્વરાથી, ગંભીર–મધુર વાણીથી તે આચાર્યએ તેમને ઉત્તર આપ્યો કે – શિષ્યોને સ્વકીય ઇચ્છા એવા સુંદર શબ્દોનો પ્રયોગ કરીને **સુવિહિતોને તીર્થયાત્રા માટે જવુ કલ્પતુ નથી.** તો જ્યારે પાછા ફરવાનું થશે ત્યારે હું તમને યાત્રા અને ચંદ્રપ્રભુ સ્વામીને વંદન કરાવીશ. બીજી વાત એ કે **યાત્રા માટે અસંયમ કરવાનું મન થાય છે, આ કારણે તીર્થયાત્રાનો નિષેધ કરાયેલ છે.**

ત્યારે શિષ્યોએ પૂછ્યું કે તીર્થયાત્રા જતા સાધુને અસંયમ કેવી રીતે થાય ? ત્યારે ફરી પણ ઇચ્છકારેણ એમ બીજી વખત બોલાવીને ઘણા લોકો વચ્ચે વ્યાકુળ બનીને આક્રોશથી ઉત્તર આપ્યો.

પરંતુ ત્યારે આચાર્યએ ચિંતવ્યુ કે મારું વચન ઉલ્લંઘીને પણ નક્કી આ શિષ્યો જશે જ. તે કારણે જ મીઠાં–મીઠાં વચનો બોલે છે. હવે કોઈ દિવસે મનથી બહુ વિચાર કરીને આચાર્યે કહ્યું કે તમો થોડો પણ સૂત્ર–અર્થ જાણો છો ખરા ? જો જાણતા હો તો જેવો અસંયમ તીર્થયાત્રામાં થાય છે, તેવો અસંયમ સ્વયં જાણી શકાય છે. આ વિષયમાં વધુ કહીને શું ?

બીજું, તમોએ સંસારનું સ્વરૂપ, જીવાદિ પદાર્થો, તેનું યથાયોગ્ય તત્વ જાણેલુ છે. હવે કોઈ વખત ઘણા ઉપાયોથી સમજાવ્યા. યાત્રા જતા નીવાર્યા. તો પણ તેઓ આચાર્યને છોડીને ક્રોધરૂપી યમ સાથે તીર્થયાત્રા કરવા નીકળી પડ્યા.

તેઓ જતાં જતાં ક્યાંક આહાર ગવેષણાનો દોષ, ક્યાંક લીલી વનસ્પતિકાયનો સંઘટ્ટો, ક્યાંક બીજ ચાંપતા, ક્યાંક કીડી આદિ વિકલેન્દ્રિય જીવો અને ત્રસકાયના સંઘટ્ટન, પરિતાપન, ઉપદ્રવથી થતો અસંયમ કરતા હતા. બેઠા બેઠા પણ પ્રતિક્રમણ કરતા ન હતા. કંઈક મોટા પાત્ર નાના પાત્ર ઉપકરણાદિ બંને કાળ વિધિપૂર્વક પ્રેક્ષણ–પ્રમાર્જન કરી શકતા ન હતા. પડિલેહણ વાયુકાયના જીવોની વિરાધના થાય તેમ વસ્ત્રો ઝાટકતા હતા ઇત્યાદિ ગૌતમ ! તેનું કેટલું વર્ણન કરવું.

**૧૮૦૦૦** શીલાંગો, **૧૭** ભેદે સંયમ, **૧૨** ભેદે તપ, ક્ષમા આદિ દશવિધ શ્રમણધર્મ વગેરેના એક એક પદને અનેક વખત લાંબા કાળ સુધી ભણીને ગોખીને બંને અંગોરૂપ મહાશ્રુતસ્કંધ જેમણે સ્થિર પરિચિત કરેલા છે, અનેક ભાંગા અને સેંકડો જોડાણો દુઃખે કરીને જેઓ શીખેલા છે. નિરતિચાર ચારિત્રધર્મ પાળેલ છે.

આ સર્વે જે પ્રમાણે કહેલું છે, તે પ્રમાણે નિરતિચાર પાળતા હતા, એ બધું સંભારી તે ગચ્છાધિપતિએ વિચાર્યું કે મારા પરોક્ષમાં તે દુષ્ટ શીલવાળા શિષ્યો અજ્ઞાનપણાના કારણે અતિશય અસંયમ સેવશે, તે સર્વ અસંયમ મને લાગુ પડશે. કેમ કે હું તેમનો ગુરુ છું. માટે હું તેમની પાછળ જઈને તેમને પ્રેરણા આપું કે જેથી આ અસંયમના વિષયમાં હું પ્રાયશ્ચિત્ત અધિકારી ન બનું.

એમ વિકલ્પ કરીને તે આચાર્ય તેની પાછળ જેટલામાં ગયા તેટલામાં તો તેઓને અસંયમથી અને ખરાબ રીતે અવિધિથી જતાં જોયા. ત્યારે હે ગૌતમ ! અતિશય સુંદર–મધુર શબ્દોના આલાપપૂર્વક ગચ્છાધિપતિએ કહ્યું કે અરે ! ઉત્તમ કુળ અને નિર્મળ વંશના આભૂષણ સમાન અમુક અમુક મહાસત્વવાળા સાધુઓ ! તમે ઉન્માર્ગ પામી રહેલા છો. પંચમહાવ્રતધારી દેહવાળા મહાભાગ્યશાળી સાધુ–સાધ્વી માટે **૨૭૦૦૦** સ્થંડીલ સ્થાનો સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલા છે. શ્રુતના ઉપયોગવાળાએ તેની વિશુદ્ધિ તપાસવી જોઈએ. તમે શૂન્યાશૂન્ય ચિત્તે અનુપયોગથી કેમ ચાલી રહ્યા છો ? તમારી ઈચ્છાથી તમે ઉપયોગ રાખો.

શું તમે આ સૂત્ર અને અર્થ ભૂલી ગયા છો ? સર્વ પરમ તત્ત્વોના પરમસારભૂત એવા પ્રકારે આ સૂત્ર છે. એક સાધુ એક–બે ઇન્દ્રિયવાળા પ્રાણીને પોતાના હાથ કે પગથી કે બીજા પાસે અથવા સળી વગેરે અધિકરણથી કોઈ પણ પદાર્થભૂત ઉપકરણથી સંઘટ્ટો કરે–કરાવે–અનુમોદે તેનાથી બાંધેલ કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે યંત્રમાં શેરડી પીલાય તેમ તે કર્મનો ક્ષય થાય.

જો ગાઢ પરિણામથી કર્મ બાંધેલ હોય તો પાપકર્મ બાર વર્ષ સુધી ભોગવે. અગાઢપણે પમાડે તો **૧૦૦૦** વર્ષ સુધી વેદના ભોગવે ત્યારે તે કર્મ ખપે. ગાઢ પરિતાપનથી **૧૦,૦૦૦** વર્ષ સુધી એ પ્રમાણે આગાઢ કીલામણાથી દશલાખ વર્ષે તે પાપકર્મ ખપાવે અને ઉપદ્રવ કરે તો કરોડ વર્ષ દુઃખ ભોગવીને પાપકર્મ ક્ષય કરી શકાય. એ જ પ્રમાણે ત્રણ ઇન્દ્રિયવાળા જીવને વિશે પણ સમજી લેવું. તમે આટલું સમજનારા છો માટે તેમાં મુંઝાવ નહીં.

ગૌતમ ! એ રીતે સૂત્રાનુસાર આચાર્યએ સારણા કરવા છતાં મહાપાપકર્મી, ચાલવાની વ્યાકુળતામાં એકી સાથે બધા ઉતાવળ કરતા, તેઓ સર્વ પાપકર્મથી મુક્ત કરનાર એવા આચાર્યના વચનને બહુમાન્ય કરતા નથી.

ત્યારે હે ગૌતમ ! તે આચાર્ય સમજી ગયા કે નક્કી આ મારા શિષ્યો ઉન્માર્ગે પ્રયાણ કરી રહેલા છે. સર્વ પ્રકારે પાપમતિવાળા આ દુષ્ટ શિષ્યો છે, તો મારે પાછળ શા માટે ખુશામતના શબ્દો બોલતા બોલતા તેમનું અનુસરણ કરવું ? અથવા આ જળ વગરની સુક્કી નદીના પ્રવાહમાં વહેવા જેવું છે. આ સર્વે ભલે દેશ દ્વારોથી જતા રહે. હું હવે મારા આત્મહિતની સાધના કરીશ.

આગમોક્ત તપ અને સંયમના અનુષ્ઠાન વડે પોતાના પરાક્રમથી જ આ ભવસમુદ્ર તરી શકાશે. તીર્થંકર ભગવંતોની આ જ આજ્ઞા છે કે–

**૮૧૭. આત્મહિત કરવું અને જો શક્ય હોય તો પરહિત પણ કરવું. આત્મહિત અને પરહિત બે કરવાનો વખત આવે તો પહેલાં આત્મહિત જ સાધવું જોઈએ.**

૮૧૮. બીજું, આ શિષ્યો કદાચ તપ અને સંયમની ક્રિયાઓ આચરશે તો તેનાથી તેમનું જ શ્રેય કરશે અને જો નહીં આચરશે તો તેમને જ અનુત્તર દુર્ગતિમાં ગમન કરવું પડશે. છતાં પણ મને ગચ્છ સમર્પણ થયેલો છે તો મારે તેમને સાચો માર્ગ જ કહેવો જોઈએ.

વળી, તીર્થંકર ભગવંતે આચાર્યના ૩૬ ગુણો નિરૂપેલા છે. તેમાંથી હું એકેનું અતિક્રમણ કરીશ નહીં. મારા પ્રાણના ભોગે પણ હું આરાધક થઈશ.

આગમમાં કહ્યું છે કે આલોક કે પરલોક વિરુદ્ધ કાર્ય ન આચરવું, ન આચરાવવું કે આચરનારને અનુમોદવા નહીં. આવા ગુણયુક્ત તીર્થંકરનું કહેલું પણ તેઓ કરતા નથી તો હું તેમનો વેશ ખૂંચવી લઉં.

શાસ્ત્રમાં કહ્યું છે કે જે કોઈ સાધુ કે સાધ્વી **વચન માત્રથી પણ ખોટું વર્તન, અયોગ્ય આચરણ કરે, તો ભૂલ સુધારવા સારણા, વારણા, ચોયણા, પડિચોયણા કરવા છતાં જ વડીલના વચનને અવગણીને પ્રમાદ કરે, કહ્યા પ્રમાણે ન વર્તે, તહત્તી કહી આજ્ઞા ન સ્વીકારે, ઇચ્છા પ્રયોગપૂર્વક અપકાર્યમાંથી પાછો ન ખસે તેમનો વેશ લઈ લેવો.** એ પ્રમાણે આગમોક્ત ન્યાયે તે આચાર્યએ જેટલામાં એક શિષ્યનો વેશ ખેંચી લીધો, તેટલામાં બાકીના શિષ્યો નાસી ગયા.

પછી હે ગૌતમ ! તે આચાર્ય ધીમે–ધીમે તેમની પાછળ જવા લાગ્યા. પણ ઉતાવળથી નહીં. ઉતાવળા ચાલે તો ખારીમાંથી મધુર ભૂમિમાં, મધુરમાંથી ખારી ભૂમિમાં સંક્રમણ કરવું પડે. કાળીમાંથી પીળી ભૂમિમાં અને પીળીમાંથી કાળી ભૂમિમાં, જળમાંથી સ્થળમાં અને સ્થળમાંથી જળમાં સંક્રમણ કરવું પડે. તે કારણે વિધિપૂર્વક પગ પ્રમાર્જી ચાલવું જોઈએ. પગની પ્રમાર્જના ન કરે તો ૧૨ વર્ષનું પ્રાયશ્ચિત્ત પામે. તે કારણે આચાર્ય ઉતાવળા ચાલતા ન હતા

કોઈ સમયે સૂત્રોક્ત વિધિથી સ્થાનનું સંક્રમણ કરતા હતા ત્યારે હે ગૌતમ ! તે આચાર્ય પાસે ઘણા દિવસથી ક્ષુધાથી લેવાઈ ગયેલા શરીરવાળો, પ્રગટ દાઢાથી ભયંકર યમરાજ સમાન ભય પમાડતો, પ્રલયકાળની જેમ ઘોર રૂપ વાળો કેસરી સિંહ આવી પહોંચ્યો.

તે ગચ્છાધિપતિએ વિચાર્યું કે જો ઉતાવળો ચાલું તો આ સિંહના પંજાથી ચૂકી જઈ બચી શકું. પણ ઉતાવળે ચાલતા અસંયમ થાય. ભગવંતની આજ્ઞાની વિરાધના થાય. **શરીરનો નાશ થાય તે સારુ પણ અસંયમમાં પ્રવર્તવુ નહીં સારુ.** એમ ચિંતવી, જેનો વેશ ખૂંચવી લીધેલા તે શિષ્યને વેશ આપીને નિષ્પ્રતિકર્મ શરીરવાળા તે ગચ્છાધિપતિ પાદપોપગમન અનશન સ્વીકારીને ત્યાં ઊભા રહ્યા. પેલો શિષ્ય પણ તેમજ રહ્યો.

હવે તે સમયે અત્યંત વિશુદ્ધ અંતઃકરણવાળા પંચમંગલનું સ્મરણ કરતા શુભ અધ્યવસાયપણાના યોગે તે બંનેને સિંહે મારી નાખ્યા. તે બંને અંતકૃતઃ કેવલી થયા. આઠ કર્મથી રહિત સિદ્ધ થયા.

પેલા ૪૯૯ સાધુ, તે કર્મના દોષથી જેવા દુઃખો અનુભવતા હતા, અનુભવશે તેમજ અનંત સંસારસાગરમાં પરિભ્રમણ કરશે તે સર્વ વૃતાન્ત અનંતકાળે પણ કહેવા કોણ સમર્થ છે ?

એ રીતે હે ગૌતમ ! તે ૪૯૯ સાધુ કે જેમણે ગુરુ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું અને આરાધના ન કરી તે અનંત સંસારી થયા.

૮૧૯. ભગવન્ ! શું તીર્થંકરની આજ્ઞા ઉલ્લંઘવી કે આચાર્યની આજ્ઞા ? ગૌતમ ! આચાર્યો ચાર ભેદે છે – નામાચાર્ય, સ્થાપનાચાર્ય, દ્રવ્યાચાર્ય અને ભાવાચાર્ય. તેમાં જે ભાવાચાર્ય છે તે તીર્થંકર સમાન છે. તેની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું.

૮૨૦. ભગવન્ ! તે ભાવાચાર્ય ક્યારથી કહેવાય ? ગૌતમ ! આજે દીક્ષિત થયો હોય છતાં પણ આગમવિધિથી પદે–પદને અનુસરીને વર્તાવ કરે તે ભાવાચાર્ય કહેવાય. પણ ૧૦૦ વર્ષના દીક્ષિત હોવા છતાં વચન માત્રથી પણ આગમને બાધા કરે. તેમને નામ–સ્થાપનમાં મૂકવા.

ભગવન્ ! આચાર્યોને કેટલું પ્રાયશ્ચિત્ત આવે ? **જે પ્રાયશ્ચિત્ત એક સાધુને આવે તે પ્રાયશ્ચિત્ત આચાર્ય, ગચ્છનાયક, પ્રવર્તીનીને ૧૭ ગણુ આવે. જો શીલનું ખંડન થાય તો ત્રણ લાખ ગણુ.** કેમ કે તે અતિદુષ્કર છે. માટે આચાર્યો, ગચ્છ–નાયકો, પ્રવર્તીની એ પોતાનું પચ્ચક્ખાણ બરાબર રક્ષવું, અસ્ખલિત શીલવાળા થવું.

ભગવન્ ! કોઈ ગુરુ અણધાર્યા ઓચિંતા કારણે કોઈ તેવા સ્થાનમાં ભૂલ કરે, સ્ખલના પામે તેને આરાધક ગણવા કે કેમ ?

ગૌતમ ! મોટા ગુણોમાં વર્તતા હોય તેવા ગુરુ અસ્ખલિત, અપ્રમાદી, અનાળસી, સર્વથા આલંબન રહિત, શત્રુ–મિત્રમાં સમાન ભાવવાળા, સન્માર્ગના પક્ષપાતી, ધર્મોપદેશદાતા, સધર્મયુક્ત હોય તેથી તેઓ ઉન્માર્ગ દેશના કે અભિમાનમાં રક્ત ન બને. ગુરુઓએ સર્વથા સર્વ પ્રકારે અપ્રમત્ત બનવું જોઈએ. જો કોઈ પ્રમાદી બને તો તે અત્યંત ખરાબભાવી અને અસુંદર લક્ષણવાળા સમજવા. તે ન જોવા લાયક મહાપાપી જાણવા.

જો તે સમ્યક્ત્વના બીજવાળા હોય તો તે પોતાના દુશ્ચરિત્રને જેમ બન્યુ હોય તે પ્રમાણે પોતાના કે બીજાના શિષ્ય સમુદાયને કહે કે – હું ખરેખર દુરંત–પંત લક્ષણવાળો, ન જોવાલાયક, મહાપાપકર્મ કરનાર છું. હું સમ્યક્ માર્ગ નાશક થયો છું. એમ પોતાને નિંદીને, ગર્હીને, આલોચના કરીને, જેમ શાસ્ત્રમાં કહ્યું છું, તેમ પ્રાયશ્ચિત્ત સેવીને આપે તો

કંઈક આરાધક થાય. જો શલ્ય રહિત, માયા–કપટ રહિત હોય તો આત્મા સન્માર્ગથી ન ચૂકે, કદાચ સન્માર્ગથી ભ્રષ્ટ થાય તો આરાધક ન થાય.

૮૨૧. ભગવન્ ! કેવા ગુણવાળા ગુરુને ગચ્છભાર સોંપાય ?

ગૌતમ ! જે સુવ્રતી, સુંદર શીલવાન, દઢવ્રતી, દઢ ચારિત્રી, આનંદિત શરીરી, પૂજ્ય, રાગ–દ્વેષ રહિત, મહામિથ્યાત્વ મલ કલંક રહિત, ઉપશાંત, જગત સ્થિતિના જ્ઞાતા, મહાવૈરાગ્યલીન, સ્ત્રીકથા–ભોજનકથા–ચોરકથા–રાજકથા–દેશકથાના વિરોધી અત્યંત અનુકંપાના સ્વભાવવાળા, પરલોક બગાડનાર, પાપકર્મોથી ડરનારા, કુશીલ વિરોધી, શાસ્ત્ર રહસ્ય જ્ઞાતા, ગૃહિત શાસ્ત્રમાં સારવાળા, અહોરાત્ર પ્રત્યેક સમયે ક્ષમાદિ અહિંસા લક્ષણવાળા, દશવિધ શ્રમણધર્મમાં રત, બાર પ્રકારના તપમાં ઉદ્યમવાળા, બાર પ્રકારના તપમાં ઉદ્યમ વાળા, નિરંતર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં ઉપયોગવાળા અને...

પોતાની શક્તિ મુજબ ૧૮૦૦૦ શીલાંગોને આરાધનારા, ૧૭ પ્રકારના સંયમને ન વિરાધતા, ઉત્સર્ગમાર્ગની રૂચિવાળા, તત્ત્વ રૂચિવાળા હોય, શત્રુ અને મિત્ર પ્રત્યે સમાન ભાવવાળા હોય, ઈન્દ્રલોક–પરલોક આદિ સાત પંકારના ભયસ્થાનથી મુક્ત હોય. આઠ પ્રકારના મદસ્થાનોનો જેણે સંપૂર્ણ ત્યાગ કર્યો હોય, નવ બ્રહ્મચર્યની ગુપ્તિની વિરાધનાના ભયવાળા હોય તથા...

જે બહુશ્રુતજ્ઞાન ધારક હોય, આર્યકુળમાં જન્મેલા હોય, ગમે તેવા પ્રસંગમાં અદીન ભાવવાળા હોય, અક્રોધી, અનાળસી, અપ્રમાદી, સંયતી વર્ગની અવર–જવરના વિરોધી, નિરંતર સતત ધર્મોપદેશ દાતા, સતત ઓઘ સામાચારીના પ્રરૂપક, સાધુપણાની મર્યાદામાં વર્તનારા, અસામાચારીના ભયવાળા, આલોચના યોગ્ય પ્રાયશ્ચિત્ત દાનમાં સમર્થ હોય.

જેઓ વંદન–પ્રતિક્રમણ–સ્વાધ્યાય–વ્યાખ્યાન–યોગના ઉદ્દેશ–યોગા સમુદ્દેશાદિ મંડલીના અને પ્રવ્રજ્યા વિધિની વિરાધનાના જ્ઞાતા હોય. જેઓ દીક્ષા, વડી દીક્ષા, યોગના ઉદ્દેશાદિની વિરાધનાના જ્ઞાતા હોય.

જેઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને તે સિવાયના ભાવાંતરોના જ્ઞાતા હોય, જેઓ આ દ્રવ્યાદિના આલંબનના બહાનાથી મુક્ત હોય. જેઓ બાળસાધુ–વૃદ્ધ સાધુ, બીમાર, નવદીક્ષિત, સાધર્મિક સાધુ–સાધ્વી સમુદાયાદિ સંયમ પ્રવર્તાવવામાં કુશળ હોય.

જેઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરે ગુણોના પ્રરૂપક હોય. જેઓ આ જ્ઞાનાદિ ગુણોના પાલનકર્તા હોય, પ્રભાવક હોય.

જેઓ દઢ સમ્યક્ત્વી, સતત પ્રયત્ન કરવા છતાં પણ ખેદ ન પામનારા, ધીરજવાળા, ગંભીર, અતિશય સૌમ્ય લેશ્યાવાળા, સૂર્યની જેમ તપના તેજથી કોઈથી પરાભવ ન પામે તેવા હોય, પોતાના શરીરનો નાશ થાય તો પણ છકાયના જીવોનો સમારંભ ન કરનારા, જેઓ તપ–શીલ–દાન–ભાવરૂપ ચતુર્વિધ ધર્મના અંતરાય કરવામાં ભય રાખનારા, સર્વ પ્રકારે આશાતનાથી ડરનારા, ત્રણે ગારવો અને આર્ત તથા રૌદ્ર ધ્યાન થકી વિપ્રમુક્ત થયેલા, સર્વ આવશ્યક ક્રિયામાં ઉદ્યમી અને જે વિશેષ પ્રકારની લબ્ધિવાળા છે.

જેઓને અણધાર્યો અકસ્માત તેવો પ્રસંગ આવી પડે, કોઈની પ્રેરણા થાય, કોઈ આમંત્રણ કરે તો પણ અકાર્ય આચરણ ન કરે, જે બહુ નિદ્રા કે બહુ ભોજન કરનારા ન હોય, સર્વ આવશ્યક, સ્વાધ્યાય, ધ્યાન, પ્રતિમા, અભિગ્રહ, ઘોર પરીષહ–ઉપસર્ગમાં પરિશ્રમને જીતનાર હોય,

જે ઉત્તમ પાત્રને સંગ્રહ કરવાના સ્વભાવવાળા હોય, અપાત્રને પરઠવવાની વિધિ જાણતા હોય, અખંડિત દેહવાળા, પરમત અને સ્વમતના શાસ્ત્રોના સારા જાણકાર હોય, જેઓ ક્રોધ–માન–માયા–લોભ, મમત્વ બુદ્ધિ, અતિ હાસ્ય, કથા કરવી, ક્રીડા, કંદર્પ, સ્વામીભાવથી સર્વથા મુક્ત, ધર્મકથા કરનાર તથા...

સંસારવાસ વિષયાભિલાસ વગેરેમાં વૈરાગ્ય ઉત્પન્ન કરનાર, ભવ્યાત્માને પ્રતિબોધ કરનાર, ગચ્છનો ભાર સ્થાપન કરવા યોગ્ય હોય તેઓ ગણના સ્વામી થાય.

ગણને ધારણ કરવામાં તીર્થસ્વરૂપ, તીર્થ કરનારા, અરહંત, કેવલી, જિન, તીર્થ પ્રભાવક, વંદનીય, પૂજનીય, નમસણીય છે, દર્શનીય છે, પરમ પવિત્ર, પરમ કલ્યાણ સ્વરૂપ, પરમ મંગલરૂપ છે. સિદ્ધિ–મુક્તિ–મોક્ષ–શિવના કારણ છે. રક્ષણ કરનાર છે, સન્માર્ગ બતાવનાર છે. સુગતિ આપનાર છે, રક્ષણીય છે, સિદ્ધ–મુક્ત થનાર છે, દેવ છે, દેવોના પણ દેવ છે.

ગૌતમ! આવા ગુણવાળા હોય તેના વિશે ગણની સ્થાપના કરવી, ગણ સ્થાપના કરાવવી, ગણ નિક્ષેપ કરણની અનુમોદના કરવી. અન્યથા હે ગૌતમ! આજ્ઞાનો ભંગ થાય છે.

૮૨૨. ભગવન્ ! કેટલો કાળ આ આજ્ઞા પ્રવેદન કરેલી છે ? ગૌતમ ! જ્યાં સુધી મહાયશા, મહાસત્વી, મહાનુભાગ શ્રીપ્રભુ નામે અણગાર થશે, ત્યાં સુધી આજ્ઞા પ્રવર્તશે.

ભગવન્ ! શ્રીપ્રભ અણગાર કેટલા સમય પછી જશે ? ગૌતમ ! દુરંત, પ્રાંત, તુચ્છ લક્ષણવાળો ન જોવાલાયક, રૌદ્ર, ક્રોધી, પ્રચંડ, આકરો, ઉગ્ર અને ભારે દંડ કરનાર, મર્યાદા હીન, નિષ્કુરણ, નિર્દય, ક્રૂર, મહાક્રૂર, પાપમતિક, અનાર્ય મિથ્યા દૃષ્ટિ એવો કલ્કિનામે રાજા થશે.

પાપી એવો તે રાજા ભિક્ષાભ્રમણ કરવાની ઇચ્છાવાળો શ્રીસંઘને કદર્થના પમાડશે, હેરાન કરશે. જ્યારે તે કલ્કિ રાજા કદર્થના કરશે...

ત્યારે હે ગૌતમ ! જે કોઈ ત્યાં શીલયુક્ત મહાનુભાવ, અચલિત સત્ત્વવાળા, તપસ્વી, અણગાર હશે, તેઓનું વ્રજપાણી–ઐરાવણ હાથી વાહનવાળા સૌધર્મેન્દ્ર સાન્નિધ્ય કરશે.

એ રીતે હે ગૌતમ ! દેવેન્દ્રોથી વંદિત પ્રત્યક્ષ દેખેલા પ્રમાણવાળો શ્રી શ્રમણસંઘ પ્રાણ અર્પણ કરવા તૈયાર થાય છે, પણ પાખંડ ધર્મ કરવા તૈયાર થતો નથી.

જેટલામાં હે ગૌતમ ! એકબીજાને જેને સહારો નથી, ક્ષમાદિ દશવિધ એક જ પ્રકારનો ધર્મ છે. એકલા જ દેવાધિદેવ અરિહંત ભગવંત, એક જ જિનાલય, એ જ માત્ર એક વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, મહાયશા, મહાસત્વી, મહાનુભાગ જેને છે એવા દૃઢ–શીલ–વ્રત નિયમોને ધારણ કરનાર તપોધન સાધુ હતા.

વળી તે સાધુ ચંદ્ર સમાન સૌમ્ય, શીતલ લેશ્યાવાળા, સૂર્યવત્ ઝળહળતી તપ–તેજ રાશિ સમાન, પૃથ્વીની જેમ પરીષહ–ઉપસર્ગો સહન કરવામાં સમર્થ, મેરુ પર્વત માફક અડોલ, ક્ષમાદિ દશવિધ ધર્મને વિશે રહેલા, તે મુનિવર સારા શ્રમણોના સમુદાયથી પરીવરેલા હતા, - × - ગ્રહનક્ષત્રથી પરીવરેલ હોય તેવા ગ્રહપતિ ચંદ્ર જેમ અધિક શોભા પામે છે. તેમ આ શ્રીપ્રભ નામે અણગાર ગણ સમુદાય વચ્ચે અધિક શોભા પામતા હતા.

આ શ્રીપ્રભ અણગારના આટલા કાળમાં આજ્ઞા પ્રવેદન કર્યું.

૮૨૩, ૮૨૪. ભગવન્ ! ત્યારપછીના કાળમાં શું બન્યું ?

ગૌતમ ! પછી પડતા કાળમાં સમયમાં જે કોઈ આત્મા છકાય જીવના સમારંભનો ત્યાગ કરનાર હોય, તે ધન્ય, પૂજ્ય, વંદનીય, નમસ્કરણીય, સુંદર જીવન જીવનાર ગણાય છે.

ભગવન્ ! સામાન્ય પૃચ્છામાં આ પ્રમાણે યાવત્ શું કહેવું ? ગૌતમ ! અપેક્ષાએ કોઈક આત્મા યોગ્ય છે અને અપેક્ષાએ કોઈક પ્રવ્રજ્યા માટે યોગ્ય નથી.

ભગવન્ ! કયા કારણે એમ કહેવાય છે ? ગૌતમ ! સામાન્યથી જેમને પ્રતિષેધેલ હોય અને સામાન્યથી જેમને પ્રતિષેધેલ ન હોય, આ કારણે એમ કહેવાય છે કે એક યોગ્ય છે અને એક યોગ્ય નથી.

ભગવન્ ! તો એવા કયા કેટલા છે કે જેમને સામાન્યથી પ્રતિષેધેલા છે ? કયા કેટલા છે કે જેમને સામાન્યથી

પ્રતિષેધેલા નથી ? ગૌતમ ! એક એવા છે કે જે વિરુદ્ધ છે અને એક વિરુદ્ધ નથી. જે વિરુદ્ધ હોય તેનો પ્રતિષેધ કરાય છે, જે વિરુદ્ધ નથી તેનો પ્રતિષેધ કરાતો નથી.

ભગવન્ ! કયા વિરુદ્ધ કે અવિરુદ્ધ છે? ગૌતમ ! જેઓ જે દેશમાં દુગંછા કરવા યોગ્ય હોય, જે જે દેશમાં દુગંછિત હોય, જે દેશમાં પ્રતિષેધેલ હોય, તે તે દેશોમાં વિરુદ્ધ છે. જે કોઈ જે દેશોમાં દુગંછનીય નથી તે તે દેશમાં પ્રતિષેધ્ય નથી. તે તે દેશમાં વિરુદ્ધ નથી. ગૌતમ ! ત્યાં જે જે દેશમાં વિરુદ્ધ ગણાતા હોય તો તેને પ્રવ્રજ્યા ન આપવી. જે કોઈ જે જે દેશમાં વિરુદ્ધ ન ગણાતા હોય તો ત્યાં તેને પ્રવ્રજ્યા આપી શકાય.

ભગવન્ ! કયા દેશમાં કોણ વિરુદ્ધ અને કોણ વિરુદ્ધ ન ગણાય ? ગૌતમ ! જે કોઈ પુરુષ અથવા સ્ત્રી રાગથી કે દ્વેષથી, પશ્ચાત્તાપથી, ક્રોધથી કે લોભથી, શ્રમણને–શ્રાવકને, માતાને પિતાને, ભાઈને, બહેનને, ભાણેજને, પુત્રને, પૌત્રને, પુત્રીને, ભત્રીજાને, પુત્રવધૂને, જમાઈને, પત્નીને, ભાગીદારને, ગોત્રીયને, સજાતિને, વિજાતિને, સ્વજનને, ઋદ્ધિવાળા કે વગરનાને, સ્વદેશી કે પરદેશીને, આર્યને કે મ્લેચ્છને મારી નાંખે કે મરાવી નાંખે, ઉપદ્રવ કરે કે ઉપદ્રવ કરાવે તે પ્રવ્રજ્યા માટે અયોગ્ય છે. પાપી છે, નિંદિત છે, ગર્હણીય છે, દુર્ગંધનીય છે. તે દીક્ષા માટે પ્રતિષેધાયેલ છે, આપત્તિ છે, વિઘ્ન છે, અપયશ કરાવનાર છે. અપકીર્તિ અપાવનાર છે, ઉન્માર્ગ પામેલો છે, અનાચારી છે,

રાજ્યમાં પણ જે દુષ્ટ હોય, એવા જ બીજા કોઈ વ્યસનથી પરાભવિત થયેલો હોય, અતિ સંક્લિષ્ટ પરિણામ વાળો હોય, અતિક્ષુધાલુ હોય, દેવાદાર હોય, જાતિ–કુળ–શીલ અને સ્વભાવ જેના ન જાણેલા હોય, ઘણા વ્યાધિ વેદનાથી વ્યાપેલા શરીરવાળા તેમજ રસમાં લોલૂપી હોય. ઘણી નિદ્રા કરનાર હોય. વળી, કથા કરનારાદિ હોય, ઘણા હલકા વર્ગનો હોય. મિથ્યાદષ્ટિ કે શાસન વિરોધી કુળમાં જન્મેલ હોય...

ઉક્ત કોઈપણને પ્રવ્રજ્યા આપે તો તે પ્રવચન મર્યાદા ઉલ્લંઘનાર, પ્રવચન વિચ્છેદક, તીર્થ વિચ્છેદક, સંઘ વિચ્છેદક છે. તે વ્યસનથી પરાભવિત થયેલ સમાન, પરલોકના નુકસાનને ન દેખનારો, અનાચાર પ્રવર્તક, અકાર્ય કરનાર, મહાપાપી છે. ગૌતમ! તેને ખરેખર ચંડ, રૌદ્ર, ક્રૂર, મિથ્યાદષ્ટિ સમજવો.

૮૨૫. ભગવન્ ! કયા કારણે એમ કહેવાય છે ? ગૌતમ ! આચારમાં મોક્ષમાર્ગ છે, અનાચારમાં મોક્ષમાર્ગ નથી. તે કારણે એમ કહેવાય છે.

ભગવન્ ! આચારો કયા છે ? અનાચારો કયા છે ?

ગૌતમ ! જિનાજ્ઞાનુસાર વર્તવું તે આચાર છે, પ્રતિપક્ષભૂત આજ્ઞાનુસાર ન વર્તવું તે અનાચાર છે. તેમાં જે આજ્ઞાની વિરુદ્ધ હોય તે એકાંતે સર્વે પ્રકારે સર્વથા વર્જ્ય છે. જેઓ આજ્ઞાના પ્રતિપક્ષભૂત નથી. તેઓ એકાંતે સર્વથા સર્વ પ્રકારે આચરવા યોગ્ય છે. તથા હે ગૌતમ ! જો કોઈ એવા જણાય કે શ્રમણપણાની વિરાધના કરશે તો તેનો સર્વથા ત્યાગ કરવો.

૮૨૬. ભગવન્ ! તેની પરીક્ષા કેવી રીતે કરવી ? ગૌતમ ! જે કોઈ પુરુષ કે સ્ત્રી શ્રમણત્વ સ્વીકારની અભિલાષાવાળા આ દીક્ષાના કષ્ટથી કંપવા કે થરથરવા લાગે, વમન કરે, સ્વ કે પર સમુદાયની આશાતના કરે, અવર્ણવાદ બોલે, સંબંધ કરે, તેવા તરફ ચાલાવ માંડે, અવલોકન કરે, વેશ ખેંચી લેવા હાજર થાય, કોઈ અશુભ ઉત્પાત કે ખરાબ નિમિત્ત અપશુકન થાય તેવાને ગીતાર્થ આચાર્ય, ગચ્છાધિપતિ કે બીજા કોઈ નાયક નિપુણતાથી નિરૂપણ કરીને સમજાવે કે આવા આવા નિમિત્તો જેના માટે થાય, તો તેને પ્રવ્રજ્યા આપી ન શકાય.

જો કદાચ પ્રવ્રજ્યા આપે તો મોટો વિપરીત આચરણ કરનાર બને છે, સર્વથા નિર્ધર્મ, ચારિત્રને દૂષિત કરનાર થાય. તે સર્વ પ્રકારે એકાંતે અકાર્યાર્થે ઉદ્યત થયેલા ગણાય. તે ગમે તેમ શ્રુત કે વિજ્ઞાનનું અભિમાન કરનારો, રૂપ બદલનારો થાય.

૮૨૭ થી ૮૩૦. ભગવન્ ! તે બહુરૂપો કોન કહેવાય ? જે શિથિલ આચારી હોય તેવો ઓસન્ન કે કઠણ આચાર

પાળતો ઉદ્યત વિહારી બની તેવો નાટક કરે. ધર્મરહિત કે ચારિત્રમાં દૂષણ લગાડનાર હોય તેવો નાટક ભૂમિમાં વિવિધ વેશ ધારણ કરે તેના જેવો ચારણ કે નાટકીયો થાય. રામ–લક્ષ્મણ કે રાવણ થાય, વિકરાળ કાન આગળ દાંત નીકળેલો – વૃદ્ધાવસ્થા યુક્ત ગાત્રવાળો, નિસ્તેજ, ફીક્કા નેત્રવાળો, પુર્યચથી ભરેલો વિદુષક હોય તેને વેશ બદલતો, ક્ષણવારમાં તિર્યંચ જાતિક વાનર થાય. એ રીતે વિદુષક માફક બહુરૂપી થાય.

એ રીતે હે ગૌતમ ! કદાચ ભૂલચૂક કે સ્ખલનાથી કોઈક અસતિને દીક્ષા અપાઈ ગઈ. પછી તેને દૂર સુધીના માર્ગની વચ્ચે આંતરો રાખવો. નજીક સાથે ન ચાલવું, પાસે ન રાખવી. તેની સાથે આદરથી વાતચીત ન કરવી, પાત્રાદિ ન પડીલેહરાવવા, શાસ્ત્રોના ઉદ્દેશાદિ ન કરાવવા, કે તેની સાથે ગુપ્ત રહસ્ય મંત્રણા ન કરવી.

ગૌતમ ! ઉક્ત દોષથી રહિતને પ્રવ્રજ્યા આપવી. તેમજ હે ગૌતમ ! મ્લેચ્છ દેશમાં જન્મેલા અનાર્યને દીક્ષા ન આપવી. એ પ્રમાણે વેશ્યાપુત્રને, ગણિકાને, નેત્ર રહિતને, હાથ–પગ કપાયેલા હોય તેને, છેદાયેલા કાન–નાકવાળાને, કોઢીયાને, શરીરમાંથી પરુ ઝરતું હોય કે સડતુ હોય, પગે લંગડો કે ચાલી ન શકતો હોય, મૂંગો–બહેરો કે ઉત્કટ કષાયીને, ઘણા પાખંડીનો સુસર્ગ કરનારાને, સજ્જડ રાગ–દ્વેષ–મોહ–મિથ્યાત્વ વાળાને, પુત્ર–ત્યાગીને, જિનાલય કે દેવ–દેવીના સ્થાનની આવકને ભોગવનારાને, કુંભાર, નર–નારી, મલ્લ, ચારણ, શ્રુત ભણવામાં જડ બુદ્ધિ, પગ–હાથ કામ ન આપતા હોય, સ્થૂળ શરીરી હોય તેને પ્રવ્રજ્યા ન આપવી.

નામ વગરના, બળહીન, જાતિ હીન, નિંદીત, કુળહીન, બુદ્ધિહીન, પ્રજ્ઞાહીન, ગામનો મુખી, તેમનો પુત્ર કે તેવા અધમ જાતિવાળા, જેના કુળ અને સ્વભાવ જાણેલા હોય તેવાને દીક્ષા ન આપવી. આ કે આ સિવાયના બીજા પદોમાં સ્ખલના થાય, ઉતાવળ થાય તો દેશોને પૂર્વક્રોડ વર્ષોના તપથી તે દોષની શુદ્ધિ થાય કે ન પણ થાય.

૮૩૧, ૮૩૨. શાસ્ત્રોક્ત રીતે ગચ્છની વ્યવસ્થા યથાર્થ પાળીને, કર્મરૂપ રજના મેલ અને કલેશથી મુક્ત થયેલા અનંત આત્માઓ મુક્તિપદને પામ્યા છે. દેવો, અસુરો, જગતના મનુષ્યો થકી નમન કરાયેલા, આ ભુવનમાં જેમને અપૂર્વ યશ ગવાયો છે, કેવલી–તીર્થંકરાદિએ કહેલા ગુણમાં રહેલા આત્મ–પરાક્રમ કરનારા ગચ્છાધિપતિઓ અનેક મોક્ષ પામે છે અને પામશે.

૮૩૩. ભગવન્ ! જે કોઈ ન જાણેલા શાસ્ત્રના સદ્‌ભાવવાળા હોય તે વિધિથી કે અવિધિથી કોઈ ગચ્છના આચારો કે માંડલી ધર્મના મૂળ કે છત્રીશ પ્રકારના ભેદવાળા જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–વીર્યના આચારોને મનથી, વચનથી કે કાયાથી કોઈપણ પ્રકારે કોઈપણ આચાર સ્થાનમાં કોઈ ગચ્છાધિપતિ કે આચાર્ય કે જેમના અંતઃકરણમાં વિશુદ્ધ પરિણામ હોવા છતાં વારંવાર ચૂકી જાય, સ્ખલના પામે કે પ્રરૂપણ કરે તો તે આરાધક કે અનારાધક ગણાય ?

ગૌતમ ! અનારાધક ગણાય.

ભગવન્ ! કયા કારણથી એમ કહેવાય છે ?

ગૌતમ ! જે બાર અંગરૂપ શ્રુતજ્ઞાન મહાપ્રમાણ અને અંત વગરનું છે. જેની આદિ નથી કે નાશ નથી. સદ્‌ભૂત પદાર્થોની સિદ્ધિ કરી આપનાર, અનાદિથી સારી રીતે સિદ્ધ થયેલ છે, દેવેન્દ્રોને પણ વંદનીય છે, એવા અતુલ બલ, વીર્ય, અસાધારણ સત્વ, પરાક્રમ, મહાપુરુષાર્થ, ક્રાંતિ, તેજ, લાવણ્ય, રૂપ, સૌભાગ્ય, અતિશય કળાના સમૂહથી સમૃદ્ધિથી શોભિત, અનંતજ્ઞાની, સ્વયં પ્રતિબોધિત જિનવરો, અનાદિ અનંત સિદ્ધો, વર્તમાનમાં સિદ્ધ થતા, નજીકના કાળમાં સિદ્ધ પામનારા એવા અનંત જેમના નામ સવારમાં ગ્રહણ કરવા યોગ્ય છે. તથા.

મહા સત્ત્વવાળા, મહાનુભાગ, ત્રણે ભુવનમાં એક તિલક સમાન, જગતમાં શ્રેષ્ઠ, જગતબંધુ, જગત ગુરુ, સર્વજ્ઞ, સર્વ જાણનારા, સર્વ દેખનારા, શ્રેષ્ઠ, ઉત્તમ, ધર્મનીય પ્રવર્તક અરિહંત ભગવંતો, ભૂત–ભાવિ–આદિ સમગ્ર ગુણો, પર્યાયો, સર્વ વસ્તુનો સદ્‌ભાવ જેણે જાણેલો છે. કોઈની પણ સહાય ન લેનારા, સર્વશ્રેષ્ઠ, એકલા, જેમનો એક જ માર્ગ છે એવા તીર્થંકર ભગવંતો તેમણે સૂત્રથી, અર્થથી, ગ્રંથથી, યથાર્થપણે તેની પ્રરૂપણા કરેલી છે. યથાસ્થિતિ

અનુસેવન કરેલ છે. કહેવા-વાચના આપવા-પ્રરૂપણા કરવા-બોલવા કે કથન કરવા લાયક વાચના આપવા-એવા આ બાર અંગો અને ગણિપીટક છે.

તે બાર અંગો અને તેના અર્થો તીર્થંકરો કે જે દેવેન્દ્રને પણ વંદનીય છે. સમગ્ર જાતિના સર્વે દ્રવ્યો અને પર્યાયો સહિત ગતિ, આગતિ, ઈતિહાસ, બુદ્ધિ જીવાદિ તત્ત્વો, વસ્તુના સ્વભાવોના સંપૂર્ણ જ્ઞાતા છે. તેમને પણ અલંઘનીય છે. અતિક્રમણીય નથી, આશાતના ન કરવા લાયક છે.

વળી, આ બાર અંગરૂપ શ્રુતજ્ઞાન એ સર્વે જગતના જીવો, પ્રાણો, ભૂતો અને સત્ત્વોને એકાંતે હીતકારી, સુખકારી, કર્મનાશ કરવામાં સમર્થ અને મોક્ષના કારણરૂપ છે. ભવોભવ સાથે અનુસરણ કરનાર છે, સંસારને પાર પમાડનાર છે. પ્રશસ્ત મહાઅર્થથી ભરપૂર છે. તેમાં ફળ સ્વરૂપ વગેરે કહેલા હોવાથી મહાગુણયુક્ત, મહાપ્રભાવશાળી છે. મહાપુરુષોએ અનુસરેલ છે. પરમ મહર્ષિઓએ તીર્થંકરોએ ઉપદેશેલી છે.

જે દ્વાદશાંગી દુઃખનો ક્ષય કરવા માટે, જ્ઞાનાવરણીય આદિ કર્મનો ક્ષય કરવા માટે, રાગ–દ્વેષાદિના બંધનોથી મુક્ત થવા માટે, સંસાર–સમુદ્રથી પાર ઉતરવા માટે સમર્થ છે. એમ હોવાથી તે દ્વાદશાંગીને અંગીકાર કરીને વિચરીશ. એ સિવાય બીજાનું મારે પ્રયોજન નથી. તેથી હે ગૌતમ! જે કોઈએ શાસ્ત્રનો સદ્ભાવ ન જાણેલો હોય, શાસ્ત્રનો સાર જાણેલો ન હોય, તે ગચ્છાધિપતિ કે આચાર્ય જેના પરિણામ અંદરથી વિશુદ્ધ હોય તો પણ ગચ્છના આચારો, માંડલીના ધર્મો, છત્રીશ પ્રકારના જ્ઞાનાદિ આચારો યાવત્ આવશ્યકાદિ કરણીય કે પ્રવચનના સારને વારંવાર ચૂકે, સ્ખલના પામે અથવા આ બાર અંગરૂપ શ્રુતજ્ઞાનને વિપરીત રૂપ પ્રચારે.

જે કોઈ આ બાર અંગરૂપ શ્રુતજ્ઞાનની અંદર ગૂંથેલા અને અંદર રહેલા એક પદ કે અક્ષરને વિપરીત રૂપે પ્રચારે કે આચરે તે ઉન્માર્ગ દેખાડનારો સમજવો. જે ઉન્માર્ગ દેખાડે તે અનારાધક થાય. આ કારણે કહેવાય છે કે તે અનારાધક છે.

૮૩૪. ભગવન્ ! એવો કોઈ આત્મા થશે કે જે આ પરમગુરુનું અલંઘનીય પરમ શરણ્ય, સ્ફૂટ, અતિપ્રગટ, પરમ કલ્યાણરૂપ, સમગ્ર આઠ કર્મ અને દુઃખનો અંત કરનાર જે પ્રવચન દ્વાદશાંગી રૂપ શ્રુતજ્ઞાનને અતિક્રમે અથવા લંઘન કરે, મંડિત કરે, વિરોધ, આશાતના કરે, મન–વચન–કાયાથી અતિક્રમણ આદિ કરી અનારાધક થાય ?

ગૌતમ ! અનંતો કાળ વર્તતા હવે દશ અચ્છેરા થશે. **તેવામાં અસંખ્યાતા અભવ્યો, અસંખ્યાતા મિથ્યાદષ્ટિ, અસંખ્યાતા આશાતના કરનાર, દ્રવ્યલિંગમાં રહીને સ્વચ્છંદતાથી પોતાની મતિ કલ્પના અનુસાર દંભથી સત્કાર કરાવશે, સત્કારની અભિલાષા રાખશે, કલ્યાણ ન સમજેલા જિનેશ્વરનું પ્રવચન તો સ્વીકારશે, પણ તે સ્વીકારીને જિહ્વારસની કે વિષયની લોલૂપતાથી દુર્દમ ઇન્દ્રિયોના દોષથી હંમેશા યથાર્થ માર્ગનો નાશ કરે છે અને ઉન્માર્ગનો ફેલાવો કરે છે. તે કાળે તે સર્વે તીર્થંકરના પ્રવચનની આશાતના સુધીના પાપો કરે છે.**

૮૩૫. ભગવન્ ! અનંતાકાળે કયા દશ અચ્છેરા થશે ? હે ગૌતમ ! તે કાળે આ દશ અચ્છેરા થશે

**૧.** તીર્થંકરને ઉપસર્ગ, **૨.** ગર્ભ પરિવર્તન, **૩.** સ્ત્રી તીર્થંકર, **૪.** તીર્થંકરની દેશનામાં અભવ્ય, દીક્ષા ન લેનાર સમુદાયની પર્ષદા એકઠી થવી. **૫.** તીર્થંકરના સમવસરણમાં ચંદ્ર–સૂર્યનું મૂળ વિમાને આવવું. **૬.** પરસ્પર વાસુદેવનું મળવું, **૭.** હરિવંશ કુલોત્પત્તિ, **૮.** ચમરનો ઉત્પાત, **૯.** એક સમયે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા **૧૦૮** સિદ્ધ. **૧૦.** અસંયતોની પૂજા–સત્કાર.

૮૩૬. ભગવન્ ! જે કોઈ ક્યારેક પ્રમાદ દોષથી પ્રવચનની આશાતના કરે તે શું આચાર્યપદ પામી શકે ખરા ?

ગૌતમ ! જે કોઈ કોઈ પ્રકારે કદાચિત પ્રમાદ દોષથી વારંવાર ક્રોધ, માન, માયા, લોભ કે રાગ–દ્વેષથી ભય–હાસ્યથી, મોહ કે અજ્ઞાનદોષથી પ્રવચનના બીજા કોઈ સ્થાનની આશાતના કરે કે ઉલ્લંઘન કરે, અનાચાર, અસામાચારીના પ્રરૂપણા કરે, તેની અનુમોદના કરે, પ્રવચનની આશાતના કરે તે બોધિ પણ ન પામે, પછી

આચાર્યપદની વાત જ ક્યાં રહી ?

ભગવન્ ! શું અભવી કે મિથ્યાદષ્ટિ આચાર્યપદ પામે ? ગૌતમ ! પામે. આ વિષયમાં અંગારમર્દક આદિના દૃષ્ટાંતો છે.

ભગવન્ ! શું મિથ્યાદષ્ટિને તેવા પદ પર સ્થાપી શકાય ? ગૌતમ ! સ્થાપન થાય છે.

ભગવન્ ! આ નક્કી મિથ્યાદષ્ટિ છે, એમ કયા ચિહ્નોથી જાણી શકાય ? હે ગૌતમ ! સર્વ સંગથી વિમુક્ત બનવા પૂર્વક જેણે સર્વ સામાયિક ઉચ્ચરેલું હોય અને સચિત્ત–પ્રાણ સહિત એવા પદાર્થો અને પાણીનો પરિભોગ કરે, અણગાર ધર્મને અંગીકાર કરીને વારંવાર મદિરા કરે તેઉકાયનું સેવન કરે, સેવરાવે કે સેવન કરનારને અનુમોદે તથા બ્રહ્મચર્યની કહેલ નવ ગુપ્તિઓને કોઈ સાધુ કે સાધ્વી તેમાંથી એકનું પણ ખંડન કરે, વિરાધે, ત્રિવિધે ખંડન કે વિરાધના કરાવે અથવા તેમ કરનારને અનુમોદે. તે મિથ્યાદષ્ટિ છે, તેને આભિગ્રહિક મિથ્યાદષ્ટિ સમજવો.

૮૩૭. ભગવન્ ! જે કોઈ આચાર્ય જે ગચ્છનાયક વારંવાર કોઈક પ્રકારે કદાચિત તેવા પ્રકારનું કારણ પામીને આ નિર્ગ્રન્થ પ્રવચનને વિપરીત રૂપે પ્રરૂપે તો તેવા કાર્યથી તેનું કેવું ફળ મળે ? ગૌતમ ! જે સાવદ્યાચાર્યએ મેળવ્યું તેવું અશુભ ફળ મેળવે.

ભગવન્! તે સાવદ્યાચાર્ય કોણ હતા ? તેણે શું અશુભ ફળ મેળવ્યું ?

ગૌતમ ! આ ઋષભાદિ તીર્થંકરની ચોવીશી પૂર્વે અનંતો કાળ ગયા પહેલાં કોઈક બીજી ચોવીશીમાં જેવી હું સાત હાથ પ્રમાણ કાયાવાળો છું તેવી કાયાવાળા જગતમાં આશ્ચર્યભૂત, દેવેન્દ્રોના સમૂહથી વંદાયેલા, શ્રેષ્ઠતર, ધર્મશ્રી નામે છેલ્લા તીર્થંકર હતા.

તેમના તીર્થમાં સાત આશ્ચર્યો થયેલા, કોઈ સમયે તે તીર્થંકર નિર્વાણ પામ્યા, ત્યારપછી કાળક્રમે અસંયતોનો સત્કાર કરાવવારૂપ આશ્ચર્ય વહેવાનો પ્રારંભ થયો. તે સમયે ત્યાં લોકોની અનુવૃત્તિથી તેમજ મિથ્યાત્વથી અવિરત થયેલ અસંયતોની પૂજામાં અનુરાગ થયેલ ઘણા સમૂહને જાણીને તે કાળે તે સમયે ન જાણેલા શાસ્ત્રના સદ્‌ભાવવાળા, ત્રણ ગારવરૂપ મદિરામાં મુંઝાયેલા, નામ માત્રના આચાર્ય અને ગચ્છનાયકે શ્રાવકો પાસેથી ધન મેળવીને દ્રવ્ય એકઠું કરી કરીને હજાર સ્તંભોવાળુ ઊંચું એવું દરેકે મમત્વભાવથી પોતપોતાના નામનું ચૈત્યાલય કરાવીને તેઓ દુરંત પ્રાંત લક્ષણવાળા અધમાધમી ત્યાં જ રહેવા સાથે રક્ષણ કરવા લાગ્યા.

તેઓમાં બળ–વીર્ય–પરાક્રમ, પુરુષાર્થ હોવા છતાં તે પુરુષકાર પરાક્રમ, બળ–વીર્યને છૂપાવીને ઉગ્ર અભિગ્રહો કરવા કે અનિયત વિહાર કરવાનો ત્યાગ કરીને નિત્યવાસનો આશ્રવ કરીને, સંયમાદિમાં શિથિલ થઈને રહેલા હતા. પાછળથી આલોક અને પરલોકના નુકસાનની ચિંતાનો ત્યાગ કરીને, લાંબા કાળનો સંચાર અંગિકાર કરીને તે જ મઠ અને દેવ કુલોમાં અત્યંત પરિગ્રહ, બુદ્ધિ, મૂર્છા, મમત્વકરણ, અહંકાર વગેરે કરીને સંયમમાર્ગમાં પાછા પડેલા પરાભવિત થયા પછી પોતે માળા આદિથી દેવાર્ચન કરવા ઉદ્યમશીલ બનવા લાગ્યા. જે વળી શાસ્ત્રના સારભૂત શ્રેષ્ઠ એવું સર્વજ્ઞનું વચન છે. તેને અતિશય દૂરથી જ તજ્યું. તે આ પ્રમાણે–

સર્વે જીવો, સર્વે પ્રાણો, સર્વે ભૂતો અને સર્વે સત્ત્વોને ન હણવા, તેમને વેદના ન આપવી, પરિતાપ ન પમાડવા, ગ્રહણ ન કરવા, વિરાધના ન કરવી, તલામણા ન કરવી, ઉપદ્રવ ન કરવા. સૂક્ષ્મ–બાદર, ત્રસ–સ્થાવર, પર્યાપ્તા–અપર્યાપ્તા એકેન્દ્રિય કે બેઇન્દ્રિયાદિ સર્વે જીવોને ત્રિવિધ–ત્રિવિધે મન, વચન, કાયાથી મારે મારવા નહીં, મરાવવા નહીં, મારતાને સારા જાણવા નહીં. આવી પોતે સ્વીકારેલી પ્રતિજ્ઞા પણ ભૂલી ગયા. વળી હે ગૌતમ! મૈથુન એકાંતે કે નિશ્ચયથી કે દૃઢપણે તેમજ જળ અને અગ્નિનો સમારંભ સર્વથા સર્વ પ્રકારે મુનિ સ્વયં વર્જે. આવા પ્રકારે ધર્મ ધ્રુવ, શાશ્વત, નિત્ય છે. એમ લોકોના દુઃખને જાણનાર સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલ છે.

૮૩૮. ભગવન્ ! જે કોઈ સાધુ–સાધ્વી અથવા નિર્ગ્રન્થ દ્રવ્ય સ્તવ કરે તેને શું કહેવાય ?

ગૌતમ ! તે **અસંયત, અયતિ, દેવદ્રવ્યનો ભોગી, દેવનો પૂજારી, ઉન્માર્ગનો પ્રતિષ્ઠાયક, શીલને દૂરથી તજનાર, કુશીલ, સ્વચ્છંદાચારી એવા શબ્દોથી બોલાવાય.**

૮૩૯. એમ હે ગૌતમ ! આમ અનાચાર પ્રવર્તક આચાર્યો, ગચ્છનાયકો ઘણા થયા. તેમાં મરકતરત્ન સમ કાંતિવાળા કુવલયપ્રભ નામે મહાતપસ્વી અણગાર હતા. તેમને જીવાદિ પદાર્થો સંબંધે ઘણુ જ સૂત્ર અને અર્થાદિ જ્ઞાન હતું. આ સંસાર સમુદ્રમાં તે-તે યોનિમાં રખડવાના ભયવાળા હતા. ત્યારે એવું અસંયમ વર્તતુ હોવા છતાં અનાચાર ચાલતો હોવા છતાં કુવલયપ્રભ જિનાજ્ઞા ઉલ્લંઘતા ન હતા.

હવે કોઈ સમયે બળ-વીર્ય-પુરુષકાર પરાક્રમ છૂપાવ્યા નથી એવા તે સુશિષ્ય પરિવાર સહિત સર્વરૂપે પ્રરૂપેલા. આગમસૂત્રને અનુસરનાર, રાગ-દ્વેષ-મોહ-મિથ્યાત્વ-મમત્વાદિથી રહિત, સર્વ પદાર્થોમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નિર્મમત્વી થયેલા, વધુ તેમના કેટલા ગુણો વર્ણવવા ?

ગામ, ખાણ, નગર, ખેડ, કર્બટ, મંડપ, દ્રોણ મુખાદિ સ્થાન વિશેષોમાં અનેક ભવ્યાત્માઓને સંસારરૂપ કેદખાના માંથી છોડાવનાર એવી સુંદર ધર્મકથાનો ઉપદેશ આપવા વિચરતા હતા.

હવે કોઈક સમયે તે મહાનુભાવ વિહાર કરતા કરતા ત્યાં આવ્યા કે જ્યાં પહેલાં નિત્ય એક સ્થાને વાસ કરનારા રહેતા હતા.

આ મહાતપસ્વી છે, એમ ધારીને વંદન-આસનદાન આદિ સમુચિત વિનય કરીને તેમનું સન્માન કર્યું. એ પ્રમાણે તેઓ સુખપૂર્વક ત્યાં બેઠા. બેસીને ધર્મકથાદિ વિનોદ કરાવતા ત્યાંથી જવા માટે પ્રયત્ન કરવા લાગ્યા ત્યારે તે મહાનુભાગ કુવલયપ્રભ આચાર્યને તેઓએ દુરંતપ્રાંત અધમ-લક્ષણવાળા, વેશથી આજીવિકા કરનારા, ભ્રષ્ટાચાર સેવનાર, ઉન્માર્ગ પ્રવર્તાવનાર, આભિગ્રહી મિથ્યાદષ્ટિએ કહ્યું કે –

ભગવન્ ! જો આપ અહીં એક ચાતુર્માસ રહેવાનો નિર્ણય કરો તો તમારી આજ્ઞાથી અહીં આટલા જિનચૈત્યો નક્કી કરાવવા તો અમારા ઉપર કૃપા કરીને આપ અહીં જ રહો.

હે ગૌતમ ! ત્યારે તે મહાનુભાગ કુવલયપ્રભે કહ્યું કે – અરે ! પ્રિયવચન બોલનારાઓ ! જો કે જિનાલય છે, છતાં પણ એ પાપરૂપ છે. હું વચનમાત્રથી પણ તેનું આચરણ કરીશ નહીં. આ રીતે શાસ્ત્રના સારભૂત ઉત્તમ તત્ત્વને યથાવસ્થિત અવિપરીત નિઃશંકપણે કહેતા તે મિથ્યાદષ્ટિ સાધુવેશધારી પાખંડીઓની વચ્ચે યથાર્થ પ્રરૂપણાથી તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જ્યું અને એક ભવ બાકી રહે તેવો સંસાર સમુદ્ર શોષવી નાંખ્યો.

ત્યાં આગળ જેનું નામ ન બોલાય તેવો દિષ્ટ નામનો સંઘ એકઠો થયેલ. તેણે તથા ઘણા પાપમતિવાળા વેશધારીએ પરસ્પર એકઠાં મળીને હે ગૌતમ ! તે મહાતપસ્વી મહાનુભાવનું જે કુવલયપ્રભ નામ હતું, તેનો વિલાપ કર્યો. એટલું જ નહીં પણ સાથે મળી તાળી આપીને 'સાવદ્યાચાર્ય' એવું નામ સ્થાપન કર્યું. તે જ નામ પ્રસિદ્ધ થયું.

હે ગૌતમ ! તેવા અપ્રશસ્ત નામથી બોલાવવા છતાં તેઓ લગીરે કોપ ન પામ્યા.

૮૪૦. કોઈ સમયે દુરાચારી સદ્ધર્મથી પરાંગમુખ થયેલ સાધુ ધર્મ અને શ્રાવકધર્મથી ભ્રષ્ટ થયેલ માત્ર વેષ ધારણ કરનાર અમે પ્રવ્રજ્યા અંગીકાર કરી છે, એમ પ્રલાપ કરનારા એવા તેઓનો કેટલોક કાળ ગયા પછી તેઓ પરસ્પર આગમ સંબંધ વિચારવા લાગ્યા કે શ્રાવકોની ગેરહાજરીમાં સંયત સાધુઓ જ દેવકુલ મઠ ઉપાશ્રયનો સાર સંભાળ રાખે અને જિનમંદિરો ખંડિત થયા હોય, પક્ષ ગયા હોય, તો તેનો જિર્ણોદ્ધાર કરાવે, સમારાવે, આ કાર્ય કરતાં-કરતાં જે કંઈ આરંભ-સમારંભ થાય તેમાં સાધુ હોય તો પણ દોષ લાગતો નથી.

વળી, કેટલાક એમ કહેતા હતા કે સંયમ જ મોક્ષ પમાડનાર છે. બીજા વળી એમ કહેતા કે – જિન પ્રાસાદ જિન ચૈત્યોની પૂજા સત્કાર બલિ વિધાનાદિ કરવાથી તીર્થની પ્રભાવના થાય છે. તે જ મોક્ષગમનનો ઉપાય છે. આ પ્રમાણે યથાર્થ પરમાર્થ ન સમજેલા પાપકર્મીઓ જે જેને ઠીક લાગે તે મુખથી પ્રલાપ કરતા હતા.

તે સમયે બે પક્ષમાં વિવાદ જાગ્યો. તેઓમાં કોઈ તેવા આગમજ્ઞ કુશલ પુરુષ નથી કે જેઓ આ વિષયમાં યુક્ત કે સંયુક્ત શું છે તેનો વિચાર કરી શકે કે પ્રમાણપૂર્વક વિવાદને સમાવી શકે. તથા તેમાંથી એક એમ કહે છે કે આ વિષયના જાણકાર અમુક આચાર્ય અમુક સ્થાને રહેલા છે, બીજો વળી બીજાનું નામ સૂચવે. એમ વિવાદ ચાલતા ચાલતા એકે કહ્યું કે અહીં બહુ પ્રલાપ કરવાથી શું? આપણે બધાને આ વિષયમાં સાવદ્યાચાર્ય જે નિર્ણય આપે તે પ્રમાણભૂત ગણાય. બીજા સામા પક્ષવાળાએ પણ તે વાત સ્વીકારી.

ગૌતમ ! સાવદ્યાચાર્યને બોલાવ્યા એટલે તેઓ દૂર દેશથી સતત અપ્રતિબદ્ધ વિહાર કરતા કરતા સાત મહિનામાં આવી પહોંચ્યા. દરમિયાન એક આર્યાને તેના દર્શન થયા, કષ્ટકારી ઉગ્રતપ અને ચારિત્ર વડે શોષાયેલા શરીરવાળા, જેના શરીરમાં માત્ર ચામડી અને હાડકા બાકી રહેલા છે. તપના તેજથી અત્યંત દીપતા એવા તે સાવદ્યાચાર્યને જોઈને અત્યંત વિસ્મય પામેલી તે ક્ષણે વિતર્કો કરવા લાગી કે–

શું આ મહાનુભાવ અરિહંત છે કે મૂર્તિમાન ધર્મ છે ! વધુ શું વિચારવુ ?

દેવેન્દ્રોને પણ વંદનીય છે. તેમના ચરણ યુગલ મારે વંદન કરવા યોગ્ય છે. એમ ચિંતવી ભક્તિપૂર્ણ હૃદયવાળી તેમને ફરતી પ્રદક્ષિણા આપીને મસ્તકથી પગનો સંઘટ્ટો થઈ જાય તેમ અણધારી સહસા તે સાવદ્યાચાર્યને પ્રણામ કરતી અને પગને સંઘટ્ટો થતો દેખ્યો.

કોઈ સમયે ગુરુ ઉપદેશાનુસાર યથાક્રમ અને યથાસ્થિત સૂત્ર અને અર્થની પ્રરૂપણા કરે છે. એ પ્રમાણે તેમની સદ્દહણા કરે છે. એક દિવસ હે ગૌતમ! એમ કહ્યું કે અગિયાર અંગો, ચૌદ પૂર્વો, બાર અંગરૂપ શ્રુતજ્ઞાનનો સાર હોય, નવનીત હોય, સમગ્ર પાપનો પરિહાર અને આઠ કર્મને સમજાવનાર એવું આ મહાનિશીથ શ્રુતસ્કંધનું પાંચમું અધ્યયન છે. આ અધ્યયનના વિવેચન વેળા આ ગાથા આવી–

૮૪૧. જે ગચ્છમાં કારણે, વસ્ત્રના આંતરા સહિત હાથથી સ્ત્રીના હાથનો સ્પર્શ કરવામાં પણ અરહંત પોતે પણ તે ઉર સ્પર્શ કરે તો તે ગચ્છ મૂલગુણ રહિત સમજવો.

૮૪૨. ત્યારે તેમણે વિચાર્યું કે જો અહીં હું યથાર્થ પ્રરૂપણા કરીશ તો તે સમયે વંદના કરતી તે આર્યાએ પોતાના મસ્તક વડે મારા ચરણાગ્રનો સ્પર્શ કર્યો હતો. તે સર્વે આ ચૈત્યવાસીએ મને જોવો હતો. તો જે રીતે મારું સાવદ્યાચાર્ય નામ પડ્યું. તે પ્રમાણે બીજું પણ તેવું અવહેલના કરનાર નામ ઠોકી બેસાડશે. જેથી સર્વલોકમાં હું અપૂજ્ય થઈશ.

તો હવે સૂત્ર અને અર્થ અન્યથા પ્રરૂપું. પરંતુ એમ કરવામાં મહા આશાતના થશે તો હવે મારે શું કરવું ? આ ગાથાની પ્રરૂપણા કરવી કે ન કરવી ? અથવા તો જુદા–જુદા રૂપે કરવી ? અથવા તો અરેરે ! આ યુક્ત નથી. એમ બંને પ્રકારે અત્યંત ગર્હણીય છે.

આત્મહિતમાં રહેલાએ વિરુદ્ધ પ્રરૂપણા કરવી એ યોગ્ય ન ગણાય કેમ કે શાસ્ત્રનો અભિપ્રાય છે કે – જે સાધુ બાર અંગરૂપ શ્રુતવચનને વારંવાર ચૂકી જાય, સાલના પામે, પ્રમાદ કરે, શંકાદિના ભયથી એક પણ પદ, અક્ષર, બિંદુ, માત્રાને અન્યથા રૂપે વિરુદ્ધ પ્રરૂપણા કરે. સંદેહવાળી સૂત્ર અને અર્થની વ્યાખ્યા કરે. અવિધિથી અયોગ્યને વાચના આપે, તે સાધુ અનંત સંસારી થાય.

હવે મારે શું કરવું? જે થવાનું હોય તે થાઓ. ગુરુના ઉપદેશાનુસાર યથાર્થ સૂત્રાર્થને જણાવું. એમ વિચારી ગૌતમ! સમગ્ર અવયવ વિશુદ્ધ એવી ગાથાનું યથાર્થ વ્યાખ્યાન કર્યું. આ અવસરે હે ગૌતમ! દુરંત, પ્રાંત, અધમ લક્ષણ વાળા તે વેશધારીઓએ સાવદ્યાચાર્યનો પ્રશ્ન કર્યો કે જો એમ છે તો તમે પણ મૂળગુણથી રહિત છો કેમ કે તમે તે દિવસ યાદ કરો કે પેલી આર્યાએ વંદન કરતા તેના મસ્તકથી તમારા પગનો સ્પર્શ કર્યો હતો.

તે સમયે આ લોકના અપયશથી ભય પામેલા, અતિ અભિમાન પામેલા તે સાવદ્યાચાર્ય નામ ઠોકી બેસાડ્યું

તેમ અત્યારે પણ તેવું કંઈક નામ પાડશે તો હું સર્વ લોકમાં અપૂજ્ય થઈશ. તો હવે અહીં મારે શું સમાધાન આપવું? એમ વિચારતા તેમને તીર્થંકર વચન યાદ આવ્યું કે જે કોઈ આચાર્યાદિ શ્રુતધારક હોય તેણે જે કંઈપણ સર્વજ્ઞ અનંતજ્ઞાની ભગવંતોએ પાપ અને અપવાદ સ્થાનકોને પ્રતિષેધ્યા હોય તે સર્વ શ્રુતાનુસાર જાણીને સર્વ પ્રકારે ન આચરે કે ન તેને અનુમોદે.

ક્રોધ-માન-માયા-લોભથી, હાસ્ય-ગારવ-દર્પ-પ્રમાદ વડે વારંવાર ચૂકી જતા કે સ્ખલના થતા દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં હોય, સૂતો કે જાગતો હોય, ત્રિવિધ ત્રિવિધે આ સૂત્ર કે અર્થના એક પદના વિરાધક જે કોઈ થાય, તે સાધુ વારંવાર નિંદનીય, ગર્હણીય, ખીંસ્ય, દુર્ગંછીય, સર્વલોકથી પરાભવ પામનાર, અનેક વ્યાધિ વેદનાથી વ્યાપ્ત શરીરી, ઉત્કૃષ્ટ સ્થિતિક અનંત સંસાર સાગરમાં પરિભ્રમણ કરનારા થાય છે. તેમાં પરિભ્રમતા ક્ષણવાર પણ ક્યાંય શાંતિ ન પામે.

તો પ્રમાદાધીન થયેલ, પાપી, અધમાધમ, હીનસત્ત્વી, કાપુરુષ સમાન મને આ મોટી આપત્તિ થઈ છે, જેથી હું યુક્તિવાળુ સમાધાન આપવા સમર્થ નથી. પરલોકમાં પણ અનંતભવ પરંપરામાં ભમતા અનંતીવારે ઘોર ભયંકર દુઃખ ભોગવીશ. હું મંદ ભાગ્ય થયો છું.

એમ વિચારતા તેમને તે દુરાચારી પાપકર્મી શ્રોતાએ બરાબર જાણી લીધા કે આ ખોટો અભિમાન છે. તેમ જાણીને તે શ્રોતાએ કહ્યું કે જ્યાં સુધી સંશય છેદો નહીં, ત્યાં સુધી વ્યાખ્યાન ન ઉઠાડશો. સમર્થ પ્રૌઢ યુક્તિ સહિત સમાધાન આપો.

ત્યારે તેણે વિચાર્યું કે હવે તેમનું સમાધાન આપવું જ પડશે, તો હું કેમ આપું ? એમ વિચારતા હતા ત્યાં ફરી તે દુરાચારી બોલ્યા કે આમ ચિંતા સાગરમાં કેમ ડૂબ્યા છો ? જલદી સમાધાન આપો.

જે સમાધાન કે જે આસ્તિકતામાં વાંધા વગરની યુક્તિવાળું હોય. પછી લાંબો સમય હૃદયમાં પરિતાપ અનુભવીને સાવદ્યાચાર્ય વિચાર્યું અને કહ્યું કે આ જ જગતગુરુએ કહ્યું છે.

૮૪૩. કાચા ઘડામાં નાખેલ જળ જે રીતે જળ અને ઘડાનો વિનાશ કરે છે, તેમ અપાત્રમાં આપેલા સૂત્ર અને અર્થ, તેનો અને સૂત્રાર્થનો નાશ કરે છે અર્થાત્ અલ્પતુચ્છાધાર નાશ પામે છે.

૮૪૪. ત્યારે ફરી તે દુરાચારી બોલ્યા કે આવા આડા-અવળા સંબંધ વગરના દુર્ભાષિત વચનોનો કેમ પ્રલાપ કરો છો ? જો યોગ્ય સમાધાન આપવા શક્તિમાન ન હો તો ઊભા થાવ, જલદી આસન છોડીને નીકળી જાવ. જ્યાં તમોને પ્રમાણભૂત ગણી સર્વસંઘે તમોને શાસ્ત્રનો સદ્ભાવ કહેવા ફરમાવેલું છે. હવે દેવ ઉપર શો દોષ નાંખવો ?

પછી ફરી પણ ઘણા લાંબા કાળ સુધી ચિંતા અને પશ્ચાત્તાપ બાદ કોઈ સમાધાન ન મળવાથી લાંબો સંસાર અંગિકાર કરીને સાવદ્યાચાર્યએ કહ્યું કે – આગમ ઉત્સર્ગ અને અપવાદથી મુક્ત છે. તમે આ જાણતા નથી કે એકાંત એ મિથ્યાત્વ છે. જિનાજ્ઞા અનેકાંતવાળી છે.

હે ગૌતમ! જેમ ગ્રીષ્મના તાપથી સંતાપ પામેલા મોરના કુળોને વર્ષાકાળના નવીન મેઘની જળધારા શાંત પમાડે તેમ તે દુષ્ટ શ્રોતાઓએ તેને બહુમાનપૂર્વક માન્ય કરી સ્વીકાર્યું.

ત્યારપછી હે ગૌતમ ! એક જ વચન ઉચ્ચારવાના દોષથી અનંત સંસારીપણાનું કર્મ બાંધી, તેનું પ્રતિક્રમણ કર્યા વિના, પાપના મહાસંઘ એકઠા કરી, તે ઉત્સૂત્ર વચનનો પશ્ચાત્તાપ કર્યા વિનાના મરી તે સાવદ્યાચાર્ય વ્યંતર દેવ થયા.

ત્યાંથી સ્વયં પરદેશ ગયેલા પતિવાળી પ્રતિવાસુદેવના પુરોહિતની પુત્રીના ગર્ભમાં ઉત્પન્ન થયો. કોઈ સમયે તેની માતા-પુરોહિત પત્નીએ જાણ્યું કે પતિ પરદેશ છે, પુત્રી ગર્ભવતી થઈ છે. એ જાણીને હાહાહા મારી દુરાચારી પુત્રીએ મારા સર્વકુળ ઉપર મશીનો કૂચડો ફેરવ્યો. આબરૂ ગઈ. તેથી પુરોહિતને આ વાત કહી. પછી અતિશય સંતાપ

કરી, પુરોહિતે દૃઢ થઈ તે પુત્રીને દેશમાંથી કાઢી મૂકી. કેમ કે આ મહા અસાધ્ય, અનિવાર્ય, અપયશ ફેલાવનારો મોટો દોષ હતો.

પિતાએ કાઢી મૂક્યા પછી ક્યાંય સ્થાન ન મેળવતી થોડા કાળ પછી ઠંડી ગરમી વાયરાથી પરેશાન થયેલ, દુષ્કાળના દોષથી, ક્ષુધાથી દુર્બળ કંઠવાળી તેણે ઘી, તેલ આદિ રસના વેપારીને ઘેર દાસીપણુ કર્યું. ત્યાં ઘણી મદિરાપાન કરનારા પાસે એઠી મદિરા મેળવીને એકઠી કરે, વારંવાર એઠું ખાય છે. કોઈક સમયે નિરંતર એંઠા ભોજન કરતી અને ત્યાં ઘણી મદિરાદિ પીવાલાયક પદાર્થો દેખીને મદિરાપાન તથા માંસનુ ભોજન કરીને રહેલી હતી.

ત્યારે તેને એવો દોહદ થયો કે હું બહુ મદ્યપાન કરું પછી નટ, નાટકીય, છત્રધારી, આરણ, ભટ્ટ, ભૂમિ ખોદનાર, નોકર, ચોર વગેરે હલકી જાતિ વાળાઓએ સારી રીતે ત્યાગ કરેલ એવી ખરી, મસ્તક, પૂંછ, કાન, હાડકાં, મૃતકાદિ શરીર અવયવો, વાછરડાના તોડેલ અંગો જે ખાવા યોગ્ય ન હોય, તેવા હલકા એંઠા માંસ, મદિરાનું ભોજન કરવા લાગી.

ત્યારપછી તે એંઠા માટીના કોડિયામાં જે કંઈ નાભિના મધ્યભાગમાં વિશેષ પ્રકારે પક્વ થયેલ માંસ હોય તેનું ભોજન કરવા લાગી. એ પ્રમાણે કેટલાક દિવસો જતા મદ્ય અને માંસ ઉપર અતિ ગૃદ્ધિવાળી બની.

પછી વેપારીના ઘરના ભોજન, વસ્ત્રો કે બીજા પદાર્થોની ચોરી કરીને, બીજા સ્થાને વેંચીને, માંસ સહિત મદ્યનો ભોગવટો કરવા લાગી. તે રસના વેપારીએ આ હકીકત જાણી, રાજાને ફરિયાદ કરી. રાજાએ વધનો હૂકમ આપ્યો. પણ કુલધર્માનુસાર કોઈ ગર્ભવતી સ્ત્રી ગુનેગાર ઠરે તો બાળક નો જન્મ ન આપે ત્યાં સુધી તેનો વધ ન થાય.

વધ માટે નિયુક્ત કોટવાળ આદિ તેને પોતાને ઘેર લઈ જઈને પ્રસૂતિની રાહ જોવા લાગ્યા. તેની રક્ષા કરવા લાગ્યા. કોઈ સમયે હરિકેશ જાતિવાળા હિંસક લોકો તેને પોતાને ત્યાં લઈ ગયા. કાળક્રમે સાવદ્યાચાર્યનો જીવન બાળકરૂપે જન્મ્યો. તુરંત બાળકનો ત્યાગ કર્યો. મરણના ભયથી તે સ્ત્રી ત્યાંથી નાસી ગઈ.

હે ગૌતમ! તુરંત તે ચાંડાળોના જાણવામાં આવ્યું કે તે પાપીણી નાસી ગઈ. વધ કરનારે રાજાને જણાવ્યું કે હે દેવ ! કેળના ગર્ભ સમાન કોમળ બાળકને ત્યાગી તે દુરાચારિણી નાસી ગઈ.

રાજાએ કહ્યું કે ભાગી ગઈ, તો જવા દો. પણ બાળકની બરાબર સંભાળ રાખજો, સર્વથા તેવા પ્રયત્ન કરજો કે બાળક મૃત્યુ ન પામે. એના ખર્ચ માટે ૫૦૦૦ દ્રવ્ય ગ્રહણ કરો. પછી રાજાના હૂકમથી પુત્રની જેમ તે કુલટાના પુત્રનું પાલન–પોષણ કર્યું. કોઈક સમયે કાળક્રમે તે પાપકર્મી ફાંસી દેનારનો અધિપતિ મૃત્યુ પામ્યો.

ત્યારે રાજાએ તે બાળકને તેનો વારસદાર બનાવ્યો. ૫૦૦ ચાંડાલનો અધિપતિ બનાવ્યો. ત્યાં તે તેવા ન કરવા યોગ્ય પાપો કરીને હે ગૌતમ ! અપ્રતિષ્ઠાન નામક સાતમી નરકે ગયો.

આ રીતે સાવદ્યાચાર્યનો જીવન સાતમી નારકીના તેવા ઘોર પ્રચંડ રૌદ્ર અતિ ભયંકર દુઃખો ૩૩–સાગરોપમના લાંબા કાળ સુધી મહાકલેશપૂર્વક અનુભવીને ત્યાંથી નીકળી અહીં અંતર્દ્વીપમાં એક ઉરૂગ જાતિમાં ઉત્પન્ન થયો, ત્યાંથી મરીને તિર્યંચયોનિમાં પાડો થયો. ત્યાં નરકના દુઃખ જેવા સમાન દુઃખો ૨૬ વર્ષ સુધી ભોગવીને પછી હે ગૌતમ! મૃત્યુ પામીને મનુષ્યમાં ઉત્પન્ન થયો.

ત્યાંથી નીકળીને સાવદ્યાચાર્યનો જીવ વસુદેવ પણે ઉત્પન્ન થયો. ત્યાં યથાયોગ્ય આયુષ્ય પરિપૂર્ણ કરીને અનેક સંગ્રામ આરંભ–સમારંભ અને મહાપરિગ્રહ દોષથી મરીને સાતમી નરકે ગયો. ત્યાંથી નીકળી ઘણા લાંબા કાળે ગજકર્ણ નામની મનુષ્ય જાતિમાં ઉત્પન્ન થયો. ત્યાં પણ માંસાહારના દોષથી ક્રૂર અધ્યવસાયની મતિવાળો મરીને ફરી સાતમી નારકીના અપ્રતિષ્ઠાન નામે નરકાવાસમાં ગયો. ત્યાંથી નીકળી ફરી પણ તિર્યંચમાં પાડાપણે ઉત્પન્ન થયો. ત્યાં નરકની ઉપમાવાળુ પારાવાર દુઃખ અનુભવીને મર્યો. પછી બાળ વિધવા, કુલટા, બ્રાહ્મણપુત્રીની કુક્ષિમાં

ઉત્પન્ન થયો.

તે સાવદ્યાચાર્યનો જીવ કુલટાના ગર્ભમાં રહેલો હતો ત્યારે ગુપ્ત રીતે ગર્ભને પાડી નાંખવા, સડાવવા માટે ક્ષારો, ઔષધો, યોગોના પ્રયોગ કરવાના દોષથી અનેક વ્યાધિ અને વેદનાથી વ્યાપ્ત શરીરવાળો, દુષ્ટ વ્યાધિથી સબળતો, પરુ ઝરાવતો, સલ સલ કરતા કૃમિના સમૂહવાળા કીડાથી ખવાતો ખવાતો નરકની ઉપમાવાળા ઘોર દુઃખના નિવાસભૂત ગર્ભાવાસથી તે બહાર નીકળ્યો.

હે ગૌતમ ! ત્યારપછી સર્વ લોકો વડે નિંદાતો, ગર્હાતો, દુર્ગંછા કરાતો, તિરસ્કારનો સર્વ લોકથી પરાભવ પામતો, ખાન–પાન–ભોગોપભોગથી રહિત ગર્ભાવાસથી માંડીને સાત વર્ષ, બે માસ, ચાર દિવસ સુધી યાવજ્જીવ જીવીને વિચિત્ર શારીરિક, માનસિક ઘોર દુઃખથી પરેશાની ભોગવતો ભોગવતો મરીને પણ વ્યંતર દેવ થયો.

ત્યાંથી ચ્યવીને મનુષ્યમાં ઉત્પન્ન થયો. ફરી વધ કરનારાઓનો અધિપતિ, વળી તે પાપકર્મના દોષથી સાતમીએ ગયો. ત્યાંથી નીકળી તિર્યંચગતિમાં કુંભારને ત્યાં બળદપણે ઉત્પન્ન થયો. તેને ત્યાં ચક્રી, ગાડા, હળ, અરઘટ્ટ વગેરેમાં જોડાઈને રાત–દિવસ ઘોસરીમાં ગરદન ઘસાઈને ચાંદા પડી ગયા. વળી અંદરથી કોહવાઈ ગયો. ખાંધમાં કૃમિ ઉત્પન્ન થઈ.

જ્યારે તેની ખાંધ ઘોંસરું ધારણ કરવા માટે સમર્થ નથી એમ જાણ્યું ત્યારે તેનો સ્વામી કુંભાર તેની પીઠ ઉપર ભાર વહન કરાવવા લાગ્યો. વખત જતા જેવી રીતે ખાંધ સડી ગઈ તેવી રીતે પીઠ પણ ઘસાઈને કોહવાઈ ગઈ. તેમાં કીડાઓ ઉત્પન્ન થયા. પીઠ પણ આખી સડી ગઈ. તેની ઉપરનું ચામડું નીકળી ગયું. અંદરનું માંસ દેખાવા લાગ્યું.

ત્યારપછી હવે આ કંઈ કામ કરી શકે તેમ નથી, નકામો છે એમ જાણીને છૂટો મૂકી દીધો.

હે ગૌતમ ! તે સાવદ્યાચાર્યનો જીવન સળસળતા કીડાઓથી ખવાતો બળદ છૂટો રખડતો મૂકી દીધો.

ત્યારપછી અતિશય સડી ગયેલા ચર્મવાળા, ઘણા કાગડા, કૂતરા, કૃમિઓના કુળોથી અંદર અને બહારથી ખવાતો, બચકા ભરાતો, ૨૯ વર્ષ સુધી આયુષ્ય પાલન કરીને મરીને અનેક વ્યાધિ અને વેદનાથી વ્યાપ્ત શરીરવાળો, મનુષ્યગતિમાં મહાધનાઢ્ય કોઈ મોટાના ઘેર જન્મ્યો.

ત્યાં પણ વમન કરવાનું, ખારા, કડવાં, ભખા, કષાયેલા સ્વાદવાળા ત્રિફળા ગુગ્ગલ વગેરે ઔષધોના કાઢા પીવા પડતા હતા. હંમેશાં તેની સાફસૂફી કરવી પડે.

અસાધ્ય, ઉપશમ ન થાય તેવા ઘોર ભયંકર દુઃખોથી જાણે અગ્નિમાં શેકાતો હોય તેવા આકાર દુઃખો તે સાવદ્યાચાર્યનો જીવ ભોગવતો ભોગવતો, મળેલ મનુષ્યભવ નિષ્ફળ કર્યો.

એ પ્રમાણે હે ગૌતમ ! સાવદ્યાચાર્યનો જીવ ચૌદ રાજલોક જન્મ–મરણાદિકના નિરંતર દુઃખ સહન કરીને ઘણા લાંબા અનંતકાળ પછી અવરવિદેહમાં મનુષ્યપણે ઉત્પન્ન થયો.

ત્યાં ભાગ્યયોગે લોકની અનુવૃત્તિથી ભયંકર ભગવંતને વંદન કરવા ગયો. પ્રતિબોધ પામ્યો, દીક્ષા અંગિકાર કરી. અહીં તેવીસમાં શ્રી પાર્શ્વનાથ તીર્થંકરના શાસનકાળમાં તે જીવ સિદ્ધિગતિને પામ્યો.

હે ગૌતમ ! સાવદ્યાચાર્યે આ પ્રમાણે દુઃખ મેળવ્યું.

ભગવન્ ! આવા પ્રકારનું દુસ્સહ, ઘોર, ભયંકર, મહાદુઃખ આવી પડ્યું. તેને ભોગવવું પડ્યું. આટલા લાંબાકાળ સુધી આ સર્વે દુઃખો કયા નિમિત્તે ભોગવવા પડ્યા ?

હે ગૌતમ ! તે કાળે અને તે સમયે તેણે જે એમ કહ્યું કે "ઉત્સર્ગ અને અપવાદ સહિત તમામ કહેલું છે. એકાંતે પ્રરૂપણા ન કરાય, પણ અનેકાંતથી પ્રરૂપણા કરાય.

**પરંતુ અપકાયનો પરિભોગ, તેઉકાયનો સમારંભ, મૈથુન સેવન આ ત્રણે બીજા કોઈ સ્થાને એકાંતે કે નિશ્ચયથી અને દઢપણે કે સર્વથા સર્વ પ્રકારે આત્મહિતના અર્થીઓ માટે નિષેધેલા છે.**

અહીં સૂત્રનું ઉલ્લંઘન કરવામાં આવે તો સમ્યગ્ માર્ગનો વિનાશ, ઉન્માર્ગનો પ્રકર્ષ થયા છે. તેનાથી આજ્ઞાભંગનો દોષ અને તેનાથી અનંત સંસારી થાય છે.

ભગવન્ ! શું સાવદ્યાચાર્યએ મૈથુન સેવન કરેલું ?

હે ગૌતમ ! સેવ્યુ અને ન સેવ્યુ એટલે સેવ્યુ નથી તેમ પણ નહીં અને સેવ્યુ છે તેમ પણ નહીં.

ભગવન્ ! બંને પ્રકારે કેમ કહો છો ? ગૌતમ ! જે આર્યાએ તે કાળે મસ્તકથી પગનો સ્પર્શ કર્યો કે સ્પર્શ થયો તે સમયે તેણે પગ ખેંચીને સંકોચી ન લીધો. આ કારણથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે મૈથુન સેવ્યુ અને ન સેવ્યુ.

ભગવન્ ! આટલા માત્ર કારણમાં આવું ઘોર દુઃખે કરી મુક્ત કરી શકાય તેવું **બદ્ધ–સ્પૃષ્ટ નિકાચિત** કર્મબંધ થાય છે ? ગૌતમ ! એમ જ છે, એમાં ફેરફાર થતો નથી.

ભગવન્ ! તેણે તીર્થંકર નામકર્મ એકઠું કરેલું હતું. એક જ ભવ બાકી રાખેલો હતો અને ભવસમુદ્ર તરી ગયા હતા. તો પછી અનંતકાળ સુધીના સંસારમાં કેમ રખડવુ પડ્યુ ?

હે ગૌતમ ! પોતાના પ્રમાદ દોષના કારણે.

એ જાણીને હે ગૌતમ ! **ભવવિરહ ઇચ્છતા શાસ્ત્રોનો સદ્‌ભાવ જેણે સારી રીતે જાણ્યો છે એવા ગચ્છાધિપતિએ સર્વથા સર્વ સંયમ સ્થાનોમાં અત્યંત અપ્રમત્ત બનવું.** આ પ્રમાણે ભગવંતની પાસે સાંભળેલ તમને હું કહું છું.

## મહાનિશીથ સૂત્ર, અધ્યયન-૫ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# અધ્યયન-૬ 'ગીતાર્થ વિહાર'

૮૪૫. ભગવન્ ! જે રાત–દિવસ સિદ્ધાંત સૂત્રો ભણે, શ્રવણ કરે, વ્યાખ્યાન કરે, સતત ચિંતન કરે તે શું અનાચાર આચરે ? ગૌતમ ! સિદ્ધાંતમાં રહેલ એક પણ અક્ષર જાણે છે, તે મરણાંતે પણ અનાચાર ન સેવે.

૮૪૬. ભગવન્ ! તો દશપૂર્વી મહાપ્રજ્ઞાવાળા નંદિષેણે પ્રવ્રજ્યા છોડી ગણિકાના ઘેર પ્રવેશ કેમ કર્યો ?

હે ગૌતમ ! સાંભળ.

૮૪૭ થી ૮૫૨. તેને ભોગફળ સ્ખલનાનું કારણ થયું, તે હકીકત પ્રસિદ્ધ છે.

છતાં તે ભવના ભયથી કંપતો હતો, ત્યારે પછી જલદી દીક્ષા અંગિકાર કરી. કદાચ પાતાળ ઉન્મુખ થાય. સ્વર્ગ નીમ્નમુખ થાય તો પણ કેવલીએ કહેલું વચન કદાપિ ફેરફારને વિઘટિત થતું નથી.

બીજું તેણે સંયમના રક્ષણ માટે ઘણા ઉપાયો કર્યા. શાસ્ત્રાનુસારે વિચાર કરીને ગુરુના ચરણકમળમાં લિંગ–વેશ અર્પણ કરીને કોઈ ન ઓળખે તેવા દેશમાં ગયો. તે વચનનું સ્મરણ કરતો પોતાના ચારિત્ર મોહનીય કર્મોદયથી સર્વવિરતિ –મહાવ્રતોનો ભંગ તેમજ બદ્ધ, સ્પૃષ્ટ, નિકાચિત એવું કર્મનું ફળ ભોગવતો હતો.

ભગવન્ ! શાસ્ત્રમાં નિરૂપિત એવા કયા ઉપાયો વિચાર્યા કે આવું સુંદર શ્રમણપણુ છોડીને તે હજુ પ્રાણ ધારણ કરે છે ?

ગૌતમ ! કેવલી પ્રરૂપિત આ ઉપાયોને સૂચવનાર સૂત્રનું સ્મરણ કરશે કે વિષયોથી પરાભવ પામેલો મુનિ આ સૂત્રને યાદ કરે તે આ પ્રમાણે–

૮૫૩ થી ૮૫૫. જ્યારે વિષયો ઉદયમાં આવે ત્યારે તે સાધુ અતિશય દુષ્કર, ઘોર એવા પ્રકારનું આઠગણુ તપ શરૂ કરે.

કોઈ રીતે વિષયો રોકવા સમર્થ ન બની શકે તો પર્વત ઉપરથી ભૃગુપાત કરે. કાંટાળા આસને બેસે, વિષનું પાન કરે, ઉદ્‌બંધન કરીને ફાંસો ખાઈને મરી જવું બહેતર. પરંતુ મહાવ્રતો કે ચારિત્રની લીધીલી પ્રતિજ્ઞાનો ભંગ ન કરે.

વિરાધના કરવી યોગ્ય નથી. કદાચ આ કહેલ ઉપાયો કરવા સમર્થ ન થાય તો ગુરુને વેશ સમર્પી એવા વિદેશમાં ચાલ્યો જાય કે જ્યાંના સમાચાર પરિચિત ક્ષેત્રોમાં ન આવે.

અણુવ્રતોનું યથાશક્તિ પાલન કરવું કે જેથી ભાવિમાં નિર્ધ્વંસતા ન પામે.

૮૫૬ થી ૮૬૪. ગૌતમ ! નંદિષેણે જ્યારે પર્વત ઉપરથી પડવાનું આરંભ્યુ ત્યાં આકાશમાં એવી વાણી સાંભળવા આવી કે પર્વત ઉપરથી પડ્યા છતા તારું મૃત્યુ થવાનુ નથી.

જેટલામાં દિશામુખો તરફ નજર કરી તો એક ચારણ મુનિને જોયો. તેમણે કહ્યું તારું અકાલે મૃત્યુ નથી. પછી વિષમ ઝેર ખાવા ગયો ત્યારે પણ વિષયોની પીડાને ન સહી શકતો જ્યારે ખૂબ પીડા પામવા લાગ્યો, ત્યારે તેને ચિંતા થઈ કે હવે મારે જીવવાનું શું પ્રયોજન છે ?

મોગરાના પુષ્પો અને ચંદ્ર સરખા નિર્મળ ઉજ્જવળ વર્ણવાળા આ પ્રભુના શાસનને ખરેખર પાપમતિવાળો હું ઉડ્ડાહણા કરાવીશ તો અનાર્ય એવો હું ક્યાં જઈશ ?

અથવા તો ચંદ્ર લાંછન વાળો છે, મોગરાના પુષ્પની પ્રભા અલ્પ–કાળમાં કરમાવાની છે. જ્યારે જિનશાસન તો કલિકાલની કલુષતાના મળ અને કલંકથી સર્વથા રહિત લાંબા કાળ સુધી જેની પ્રભા ટકનારી છે માટે સમગ્ર દારિદ્ર, દુઃખ અને કલેશોનો ક્ષય કરનાર એવા પ્રકારના આ જૈન પ્રવચનની અપભ્રાજના કરાવીશ તો ક્યાં જઈને મારા આત્માની શુદ્ધિ કરીશ ?

દુઃખે ગમન કરી શકાય, મોટી ઊંચી શિલાઓ હોય, જેની મોટી ખીણો હોય તેવા પર્વતે ચઢીને જેટલામાં

વિષયાધીન બનીને હું કંઈક પણ શાસનની ઉડ્ડાહણા ન કરું તે પહેલાં પડતું મૂકીને મારા શરીરના ટૂકડેટૂકડા કરી નાંખું. એ પ્રમાણે ફરી પણ છેદાયેલા શિખરોવાળા મહાપર્વતના શિખરે ચઢીને આગાર રાખ્યા વિના પ્રત્યાખ્યાન કરવા લાગ્યા.

ત્યારે ફરી પણ આકાશમાં આ પ્રમાણે શબ્દો સાંભળ્યા "અકાલે તારું મૃત્યુ થવાનું નથી. આ તારો છેલ્લો ભવ અને છેલ્લું શરીર છે. માટે બદ્ધ–સ્પૃષ્ટ ભોગફળ ભોગવી સંયમ સ્વીકાર."

૮૬૫ થી ૮૭૦. આ પ્રમાણે ચારણ મુનિએ જ્યારે બે વખત આત્મહત્યા કરતા રોક્યા ત્યારે ગુરુચરણે વેશ અર્પણ કરીને નિવેદન કર્યું કે, સૂત્ર અને અર્થોનું સ્મરણ કરતો–કરતો દેશાંતરમાં ગયો હતો.

ત્યાં આહાર ગ્રહણ કરવાને વેશ્યાને ઘેર જઈ ચડ્યો. જ્યારે ધર્મલાભ કહ્યો, ત્યારે તેણીએ મારા પાસે અર્થલાભની માંગણી કરી, ત્યારે મારી તેવી લબ્ધિ સિદ્ધ થઈ હોવાથી મેં તે વખતે કહ્યું કે ભલે તમે થાઓ.

તે વખતે ૧૨॥ કરોડ પ્રમાણ દ્રવ્ય સુવર્ણની વૃષ્ટિ કરાવી, તેના મંદિરમાંથી બહાર નીકળી ગયો.

ઊંચા, વિશાળ, ગોળ સ્તનવાળી ગણિકા દઢ આલિંગન આપીને કહેવા લાગી કે અરે ! ક્ષુલ્લક ! અવિધિથી આ દ્રવ્ય આપીને પાછો ક્યાં જાય છે ?

ભવિતવ્યતાથી નંદિષેણે પણ પ્રસંગાનુરૂપ વિચારીને કહ્યું કે – તને જે વિધિ ઈષ્ટ હોય તેને તારે તે દ્રવ્ય આપવું.

૮૭૧ થી ૮૭૪. તે સમયે તેણે એવો અભિગ્રહ કર્યો અને તેના મંદિરમાં પ્રવેશ કર્યો કે દરરોજ મારે દશ–દશને પ્રતિબોધ પમાડવો અને એકપણ ઓછો રહે અને **દીક્ષા અંગિકાર ન કરે ત્યાં સુધી મારે ભોજન–પાન વિધિ ન કરવી. મારી પ્રતિજ્ઞા પૂરી ન થાય ત્યાં સુધી મારે સ્થંડિલ–માત્રુ ન કરવું. બીજું, પ્રવ્રજ્યા લેવા તૈયાર થયેલાને મારે પ્રવ્રજ્યા ન આપવી કેમ કે ગુરુનો જેવો વેશ કે આચરણ. હોય તેવો જ શિષ્યનો વેશ આચરણ. થાય.**

ગણિકાએ સુવર્ણનિધિ ક્ષય ન થાય તેવી વ્યવસ્થા કરીને લુંચિત મસ્તકવાળા, જર્જરીત દેહવાળા નંદિષેણને તેવી રીતે આરાધ્યો કે જેથી કરીને તેના સ્નેહપાશમાં બંધાઈ ગયો.

૮૭૫ થી ૮૭૭. વાતચીતથી પ્રણય ઉત્પન્ન થાય, પ્રણયથી રતિ થાય, રતિથી વિશ્વાસ ઉત્પન્ન થાય, વિશ્વાસથી સ્નેહ, એમ પાંચ પ્રકારે પ્રેમ વર્તે છે.

આ પ્રમાણે નંદિષેણ પ્રેમપાશથી બંધાયેલો હોવા છતાં શાસ્ત્રમાં કહેલ એવું શ્રાવકપણું પાળતો અને **દરરોજ દશ કે તેથી અધિકને પ્રતિબોધ કરીને સંવિજ્ઞ ગુરુ પાસે દીક્ષા લેવાને મોકલતો હતો.**

૮૭૭ થી ૮૮૧. હવે નંદિષેણ પોતે દુર્મુખ સોનીથી પ્રતિબોધ પામ્યો. તે કેવી રીતે ?

તેણે નંદિષેણને કહ્યું કે લોકોને ધર્મોપદેશ સંભળાવો છો અને આત્મકાર્યમાં તમે જાતે મુંઝાવ છો. ખરેખર આ ધર્મ શું વેચવાનું કરિયાણુ છે ? કેમ કે તમે તો તેમ વર્તતા નથી.

દુર્મુખનું આવું સુભાષિત વચન સાંભળીને થરથર કાંપતો પોતાના આત્માને લાંબા કાળ સુધી નિંદવા લાગ્યો. અરેરે ! શીલભ્રષ્ટ એવામાં આ શું કર્યું ?

અજ્ઞાન નિદ્રામાં, કર્મના કાદવપૂર્ણ ખાબોચિયામાં, અશુચિ વિષ્ઠામાં જેમ કૃમિઓ ખરડાય તેમ ખરડાયો. અધન્ય એવા મને ધિક્કાર થાઓ. મારી અનુચિત ચેષ્ટા જુઓ. જાત્ય કંચન સમાન મારા ઉત્તમ આત્માને મેં અશુચિ સમાન બનાવ્યો.

૮૮૨ થી ૮૮૪. જેટલામાં ક્ષણભંગુર એવા આ મારા દેહનો વિનાશ ન થાય તેટલામાં તીર્થંકર ભગવંતના ચરણ કમળમાં જઈને હું મારા અપરાધનું પ્રાયશ્ચિત્ત કરું.

હે ગૌતમ! આમ પશ્ચાત્તાપ કરતો તે અહીં આવશે અને ઘોર પ્રાયશ્ચિત્તનું સેવન પામશે.

ઘોર અને વીર તપનું સેવન કરીને અશુભકર્મ ખપાવીને તે નંદીષેણ શુક્લ ધ્યાનની શ્રેણીએ આરોહી કેવલી થઈ મોક્ષે જશે.

૮૮૫. હે ગૌતમ ! આ દષ્ટાંતથી સંયમ ટકાવવા માટે શાસ્ત્રાનુસારી ઘણા ઉપાયો વિચાર્યા. નંદિષેણે ગુરુને જે રીતે વેશ અર્પણ કર્યો, વગેરે ઉપાયો વિચારવા.

૮૮૬ થી ૮૮૯. સિદ્ધાંતમાં જે પ્રમાણે ઉત્સર્ગો કહેલા છે, તે બરાબર સમજો.

ગૌતમ ! તપ કરવા છતાં પણ ભોગાવલી કર્મનો તેને મહાઉદય હતો. તોપણ વિષયની ઉદીરણા થતા તેણે આઠગણુ ઘોર તપ કર્યું.

તોપણ તેના વિષયોનો ઉદય અટકતો નથી, ત્યારે વિષભક્ષણ કર્યું. પર્વત ઉપરથી ભૃગુપાત કર્યો. અનશન કરવાની અભિલાષા કરી, તેમ કરતા ચારણમુનિએ રોક્યા ત્યારે ગુરુને રજોહરણ અર્પણ કરી અજાણ્યા દેશમાં ગયો.

હે ગૌતમ ! શ્રુતમાં કહેલા આ ઉપાયો જાણવા જોઈએ.

૮૯૦ થી ૮૯૪. જ્યાં સુધી ગુરુને રજોહરણ અને પ્રવ્રજ્યા પાછા અર્પણ ન કરાય ત્યાં સુધી ચારિત્ર વિરુદ્ધ કોઈ અપકાર્ય આચરવું ન જોઈએ. જિનેશ્વરોએ ઉપદેશેલ આ વેશ–રજોહરણ ગુરુને છોડીને બીજા સ્થાને તજવું ન જોઈએ. અંજલિપૂર્વક ગુરુને રજોહરણ અર્પણ કરવું જોઈએ.

જો ગુરુ સમર્થ હોય અને તેને સમજાવી શકે તો સમજાવીને માર્ગે લાવે. જો બીજા કોઈ તેને સમજાવી શકે તેમ હોય તો તેને સમજાવવા માટે કહે. ગુરુ પણ કદાચ બીજાની વાણીથી ઉપશાંત થતો હોય તો વાંધો ન લેવો.

જે ભવ્ય છે, પરમાર્થ જાણેલો છે. જગતની સ્થિતિનો જાણકાર છે, હે ગૌતમ ! જે આ પદનો તિરસ્કાર કરે છે, તે જેમ આસડે માયા, પ્રપંચ અને દંભથી ચાર ગતિમાં ભ્રમણ કર્યું, તેમ તે પણ ચારે ગતિમાં ભ્રમણ કરશે.

૮૯૫ થી ૯૦૦. ભગવન્ ! માયા, પ્રપંચ કરવાના સ્વભાવવાળો તે આસડ કોણ હતો ? તે અમો જાણતા નથી. તેમજ કયા નિમિત્તે ઘણા દુઃખથી પરેશાન પામેલો અહીં ભટક્યો?

હે ગૌતમ ! કોઈ બીજા કાંચન સમાન કાંતિવાળા તીર્થંકરના તીર્થમાં ભૂતીક્ષ નામે આચાર્યને આસડ નામે શિષ્ય હતો.

મહાવ્રતો અંગિકાર કરીને તેણે સૂત્ર અને અર્થનું અધ્યયન કર્યું ત્યારે વિષયની પીડા ઉત્પન્ન થઈ ન હતી પણ કુતૂહલથી ચિંતવવા લાગ્યો કે સિદ્ધાંતમાં આવો વિધિ બતાવેલ છે. તો તે પ્રમાણે ગુરુ વર્ગને ખૂબ રંજન કરું, આઠગણુ તપ કરું, ભૃગુપાત કરવા અનશન કરવું, ઝેર ખાવું વગેરે હું કરીશ.

જેથી મને દેવતા નિવારણ કરશે અને કહેશે કે તું લાંબા આયુવાળો છે, તારું મૃત્યુ થવાનું નથી. તારી ઈચ્છા પ્રમાણે ભોગો ભોગવ. વેશ–રજોહરણ ગુરુ મહારાજને પાછું અર્પણ કર. બીજાના અજાણ્યા દેશમાં ચાલ્યો જા, ભોગફળ ભોગવીને પછી ઘોર વીર તપનું સેવન કરજે.

૯૦૧ થી ૯૦૫. અથવા ખરેખર હું મૂર્ખ છું. મારો પોતાનો માયા શલ્યથી ઘવાયો છું. શ્રમણોને પોતાના મનમાં આવી ધારણા કરવી યુક્ત ન ગણાય. પછી પણ તેનું પ્રાયશ્ચિત્ત આલોવીને આત્માને હલકો બનાવી દઈશ અને મહાવ્રત ધારણ કરીશ.

અથવા આલોવીને પાછો માયાવી કહેવાઈશ, તો દશ વર્ષ સુધી માસક્ષમણ અને પારણે આયંબિલ, વીશ વર્ષ સુધી બબ્બે માસ લાગલગાટ ઉપવાસ અને પારણે આયંબિલ, ૨૫ વર્ષ ચાંદ્રાયણ તપ, પૂરા આઠ વર્ષ સુધી છટ્ઠ, અટ્ઠમ અને ચાર ઉપવાસ આવા પ્રકારે મહાઘોર પ્રાયશ્ચિત્ત મારી પોતાની ઈચ્છાથી અહીં કરીશ, આ પ્રાયશ્ચિત્ત અહીં ગુરુ મહારાજના ચરણમાં રહીને કરીશ.

૯૦૬ થી ૯૦૯. મારા માટે આ પ્રાયશ્ચિત્ત શું અધિક ન ગણાય ? અથવા તીર્થંકરોએ આ વિધિ શા માટે કલ્પેલ હશે ? હું એનો અભ્યાસ કરું છું અને જેમણે મને પ્રાયશ્ચિત્તમાં જોડ્યો. તે સર્વ હકીકત સર્વજ્ઞ ભગવંતો જાણે, હું પ્રાયશ્ચિત્ત સેવીશ.

જે કંઈ પણ અહીં દુષ્ટ ચિંતવન કર્યું. તે મોટું પાપ મિથ્યા થાઓ. આ પ્રમાણે કષ્ટકારી ઘોર પ્રાયશ્ચિત્ત સ્વમતિથી કર્યું. તમે કરીને શલ્યવાળો તે મૃત્યુ પામી વ્યંતર દેવ થયો.

ગૌતમ ! જો તેણે ગુરુ સમક્ષ વિધિપૂર્વક આલોચના કરી હોત તો અને તેટલું પ્રાયશ્ચિત્ત સેવ્યું હોત તો નવ ગ્રૈવેયકે ઉપરી વિમાનમાં જાત.

અમારા 'આગમસુત્તાણિ' ભાગ–૩૯, 'મહાનિસીહ'માં ભૂલથી અનુક્રમ ૯૧૦ ને બદલે ૧૦૦૦ છપાયું છે.તેથી તે ક્રમાંક બધે ચાલુ રાખ્યો છે.

૧૦૦૦ થી ૧૦૦૩. વ્યંતર દેવથી ચ્યવીને હે ગૌતમ ! તે આસડ તિર્યંચ ગતિમાં રાજાને ઘેર ગધેડારૂપે જન્મશે.

ત્યાં નિરંતર ઘોડાની સાથે સંઘટ્ટનના દોષથી તેના વૃષણમાં વ્યાધિ ઉપજ્યો. તેમાં કૃમિઓ ઉત્પન્ન થયા. વૃષણ ભોગે કૃમિથી ખવાતો હે ગૌતમ ! આહાર ન મળવાથી, વેદના ભોગવતો, પૃથ્વી ચાટતો હતો.

એટલામાં દૂરથી સાધુએ પાછા વળતા હતા, તેને જોઈને પોતાને જાતિ સ્મરણ જ્ઞાન થયું, પૂર્વભવનું સ્મરણ કરીને પોતાના આત્માની નિંદા, ગર્હા કરવા લાગ્યો. પછી અનશન સ્વીકાર્યું.

૧૦૦૪ થી ૧૦૦૯. કાગડા–કૂતરાથી ખવાતો હે ગૌતમ ! શુદ્ધ ભાવે અરિહંતોને સ્મરતો, શરીર ત્યાગી, મૃત્યુ પામી, દેવેન્દ્રનો મહાઘોષ નામે સામાનિક દેવ થયો.

ત્યાં દિવ્ય ઋદ્ધિ સારી રીતે ભોગવીને ચવ્યો. ત્યાંથી વેશ્યાપણે ઉત્પન્ન થયો.

પહેલાં જ કપટ કરેલ તે પ્રગટ ન કરેલ હોવાથી ત્યાંથી મરીને ઘણા અધમ તુચ્છ, અંત–પ્રાંત કુળોમાં ભટક્યો. કાળક્રમે મથુરામાં શિવઇન્દ્રનો દિવ્યજન નામે પુત્ર થઈ બોધ પામી, શ્રમણપણું અંગિકાર કરીને નિર્વાણ પામ્યો. આવું કપટી આસડનું દષ્ટાંત છે.

જે કોઈપણ સર્વજ્ઞ ભગવંતે કહેલા વચનને મનથી પણ વિરાધે છે, વિષય–પીડા નહીં પણ કુતૂહલથી, વિષયાભિલાષા કરે છે, પછી સ્વેચ્છાએ ગુરુ નિવેદન કર્યા વિના પ્રાયશ્ચિત્તો સેવે જ છે, તે ભવ-પરંપરામાં ભ્રમણ કરનારો થાય છે.

૧૦૧૦. આ પ્રમાણે જાણનારે એક પણ સિદ્ધાંતના આલાપકની ઉન્માર્ગની પ્રરૂપણા ન કરવી.

૧૦૧૧. જો કોઈ શ્રુતજ્ઞાન કે તેનો અર્થ કે એકવચનને જાણીને માર્ગાનુસારે તેનું કથન કરે તો પાપ બાંધતો નથી. આટલું જાણીને મનથી પણ ઉન્માર્ગે પ્રવૃત્તિ ન કરવી.

આમ, ભગવંતના મુખે સાંભળેલું હું તમને કહું છું.

૧૦૧૨ થી ૧૦૧૫. ભગવન્ ! અકાર્ય કરીને કે અતિચાર સેવીને જો કોઈ પ્રાયશ્ચિત્તનું સેવન કરે તેના કરતા જે અકાર્ય ન કરે તે વધુ સુંદર ગણાય ?

ગૌતમ! અકાર્ય સેવીને પછી હું પ્રાયશ્ચિત્ત સેવીને શુદ્ધિ કરી લઈશ, એમ મનથી પણ તે વચન ધારણ કરી રાખવું યોગ્ય નથી. જે કોઈ આવા વચન સાંભળીને તેની શ્રદ્ધા કરે છે, તે પ્રમાણે વર્તે છે. તે સર્વ શીલભ્રષ્ટોનો

સાર્થવાહ સમજવો.

ગૌતમ ! તે પ્રાણના સંદેહના કારણભૂત એવું આકરું પ્રાયશ્ચિત્ત પણ કરે તો પણ જેમ પતંગીયો દીવાની શિખામાં પ્રવેશે, તે તેના મૃત્યુને માટે થાય. તેમ આજ્ઞાભંગરૂપ દીપશિખામાં પ્રવેશી તે અનેક મરણવાળો સંસાર ઉપાર્જે છે.

**૧૦૧૬ થી ૧૦૧૯.** ભગવન્ ! જે કોઈ પણ મનુષ્ય પોતાનામાં જે કોઈ બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ હોય તેને છૂપાવતો તપ સેવે તેને શું પ્રાયશ્ચિત્ત આવે ?

ગૌતમ ! અશઠ ભાવવાળા તેને આ પ્રાયશ્ચિત્ત હોઈ શકે. કેમ કે વૈરીનું સામર્થ્ય જાણીને પોતાની શક્તિ હોવા છતાં પણ તેની ઉપેક્ષા કરે છે, પોતાનું બળ, વીર્ય, સત્ત્વ, પુરુષકાર પરાક્રમ છૂપાવે છે. તે શઠ શીલવાળો નરાધમ બમણો પ્રાયશ્ચિત્તિ બને છે. નીચ ગોત્રમાં નારકડીમાં ઘોર ઉત્કૃષ્ટ સ્થિતિવાળું દુઃખ ભોગવતો તિર્યંચગતિમાં જાય અને ત્યારપછી ચારે ગતિમાં ભ્રમણ કરનાર થાય છે.

**૧૦૨૦ થી ૧૦૨૪.** ભગવન્ ! મોટું પાપકર્મ વેદીને ખપાવી શકાય છે. કેમ કે કર્મો ભોગવ્યા વિના છૂટકારો થતો નથી. તો ત્યાં પ્રાયશ્ચિત્ત કરવાથી શો લાભ ?

ગૌતમ ! અનેક ક્રોડો વર્ષથી એકઠા કરેલા પાપકર્મો સૂર્યથી જેમ હીમ ઓગળી જાય તેમ પ્રાયશ્ચિત્તરૂપી સૂર્યના સ્પર્શથી ઓગળી જાય છે.

ઘનઘોર અંધકારવાળી રાત્રિ હોય, પણ સૂર્યના ઉદયથી અંધકાર ચાલ્યો જાય, તે પ્રાયશ્ચિત્તરૂપી સૂર્યથી પાપરૂપી અંધકાર ચાલ્યા જાય છે પરંતુ પ્રાયશ્ચિત્ત કરનારને એટલો ખ્યાલ હોવો જોઈએ કે જે પ્રમાણે શાસ્ત્રમાં કહેલ હોય એ પ્રમાણે બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમને છૂપાવ્યા વિના અશઠભાવથી પાપશલ્યનો ઉદ્ધાર કરવો.

બીજું, સર્વથા આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરી તે પણ જે આ પ્રમાણે બોલતો નથી. તેણે શલ્યનો થોડો પણ કદાચ ઉદ્ધાર કર્યો હોય તો પણ તે લાંબો કાળ ચારે ગતિમાં ભ્રમણ કરે છે.

**૧૦૨૫ થી ૧૦૨૭.** ભગવન્ ! આલોચના કોની પાસે કરવી ?

પ્રાયશ્ચિત્ત કોણ આપી શકે ?

પ્રાયશ્ચિત્ત કોને આપી શકાય?

ગૌતમ ! સો યોજન દૂર જઈને પણ કેવળી પાસે શુદ્ધ ભાવથી આલોચના કરી શકાય. કેવળજ્ઞાનીના અભાવમાં ચાર જ્ઞાની પાસે, તેના અભાવમાં અવધિજ્ઞાની પાસે, તેના અભાવમાં મતિ–શ્રુત જ્ઞાની પાસે, જેના જ્ઞાન અતિશય વધુ નિર્મળ હોય, ચડિયાતા હોય તેમની પાસે આલોચના દેવાય.

**૧૦૨૮ થી ૧૦૩૦.** જે ગુરુ ઉત્સર્ગમાર્ગની પ્રરૂપણા કરતા હોય, ઉત્સર્ગમાર્ગે પ્રયાણ કરતા હોય, ઉત્સર્ગ માર્ગની રૂચિ કરતા હોય, ઉપશાંત સ્વભાવી હોય, ઈન્દ્રિયોનું દમન કરનારા હોય, સંયમી હોય, તપસ્વી હોય, સમિતિ ગુપ્તિની પ્રધાનતાવાળા હોય, દઢ ચારિત્રના પાલક હોય, અશઠ ભાવવાળા હોય, તેવા ગીતાર્થે ગુરૂની પાસે પોતાના અપરાધો નિવેદન કરવા, પ્રગટ કરવા અને પ્રાયશ્ચિત્ત સ્વીકારવું.

પોતે આલોચના કરવી કે બીજા પાસે કરાવવી.

તેમજ હંમેશાં ગુરુ મહારાજે કહેલ પ્રાયશ્ચિત્તનુસાર પ્રાયશ્ચિત્ત આચરે.

**૧૦૩૧ થી ૧૦૩૫.** ભગવન્ ! તેનું ચોક્કસ પ્રાયશ્ચિત્ત કેટલું હોય ? પ્રાયશ્ચિત્ત લાગવાના સ્થાનો કેટલા અને ક્યા–ક્યા ? તે કહો.

હે ગૌતમ ! સુંદર શીલવાળા શ્રમણોને સ્ખલના થવાથી આવેલા પ્રાયશ્ચિત્ત કરતા સંયતી સાધ્વીને તેના કરતા નવ ગણુ પ્રાયશ્ચિત્ત આવે છે.

હવે જો તે સાધ્વી શીલની વિરાધના કરે તો સો ગણું પ્રાયશ્ચિત્ત આવે કેમ કે સામાન્યથી તેની યોનિના મધ્યભાગે નવલાખ પંચેન્દ્રિય જીવો નિવાસ કરીને રહેલા હોય છે. તે સર્વને કેવલી ભગવંતો જુએ છે. તે જીવોને માત્ર કેવલજ્ઞાનથી જોઈ શકાય છે, અવધિજ્ઞાની દેખે પણ મનઃપર્યવજ્ઞાની દેખી ન શકે.

**૧૦૩૬.** તે સાધ્વી કે કોઈ પણ સ્ત્રી પુરુષના સંસર્ગમાં આવે તો ઘાણીમાં જેમ તલ પીલાય તેવી રીતે તે યોનિમાં રહેલા સર્વે જીવો રતિક્રીડામાં મદોન્મત્ત થાય ત્યારે યોનિમાં રહેલા પંચેન્દ્રિય જીવોનું મથન થાય છે, ભસ્મીભૂત થાય છે.

**૧૦૩૭** થી **૧૦૪૧.** સ્ત્રીઓ જ્યારે ચાલે છે, ત્યારે તે જીવોગાઢ પીડા પામે છે, પેશાબ કરે છે, ત્યારે બે કે ત્રણ જીવો મૃત્યુ પામે છે અને બાકીના પરિતાપ દુઃખ પામે છે.

ગૌતમ ! પ્રાયશ્ચિત્તના સંખ્યાતા સ્થાનકો છે. તેમાંથી એકપણ જો આલોચના કર્યા વિનાનું રહી જાય અને શલ્ય સહિત મૃત્યુ પામે તો, એક લાખ સ્ત્રીના પેટ ફાડીને કોઈ નિર્દય મનુષ્ય સાત–આઠ મહિનાના ગર્ભને બહાર કાઢે, તે તરફડતો ગર્ભ જે દુઃખ અનુભવે અને તેના નિમિત્તે તે પેટ ફાડનાર મનુષ્યને જેટલું પાપ લાગે તેના કરતા એક સ્ત્રીના સાથેના મૈથુન પ્રસંગમાં સાધુ નવગણુ પાપ બાંધે.

સાધ્વીની સાથે સાધુ એક વખત મૈથુન સેવે તો હજારગણુ, બીજી વખત સેવે તો ક્રોડ ગણુ અને ત્રીજી વખત મૈથુન સેવે તો બોધિ–સમ્યક્ત્વનો નાશ થાય છે.

**૧૦૪૨**, **૧૦૪૩.** જે સાધુ સ્ત્રીને દેખીને મદનાસક્ત થઈ સ્ત્રી સાથે રતિક્રીડા કરનાર થાય છે, તે બોધિલાભથી ભ્રષ્ટ બનીને બિચારો ક્યાંય ઉત્પન્ન થશે.

સંયત સાધુ કે સાધ્વી જે મૈથુન સેવન કરે છે. તે અબોધિ લાભ કર્મ ઉપાર્જે છે. તે થકી અપ્કાય અને અગ્નિ–કાયમાં ઉત્પન્ન થવાને લાયક કર્મ બાંધે છે.

**૧૦૪૪** થી **૧૦૪૯.** આ ત્રણમાં અપરાધ કરનારો હે ગૌતમ ! ઉન્માર્ગનો વ્યવહાર કરે છે અને સર્વથા માર્ગનો વિનાશ કરનાર થાય.

ભગવન્ ! આ દૃષ્ટાંતથી જે ગૃહસ્થો ઉત્કટ મદવાળા હોય છે અને રાત્રે કે દિવસે સ્ત્રીને તજતા નથી તેની શી ગતિ થશે ?

તેવાઓ પોતાના શરીરમાં પોતાના જ હાથે છેદીને તલ–તલ જેવડા નાના ટૂકડા કરીને અગ્નિમાં હોમ કરે તો પણ તેમની શુદ્ધિ ધર્મનું પાલન કરે તો મધ્યમગતિ પ્રાપ્ત કરે છે.

ભગવન્ ! જો સંતોષ રાખવામાં મધ્યમગતિ થાય તો પછી પોતાના શરીરનો હોમ કરનાર તેની શુદ્ધિ કેમ ન મેળવે ?

ગૌતમ ! પોતાની કે પારકી સ્ત્રી હોય કે સ્વપતિ કે અન્ય પુરુષ હોય તેની સાથે રતિક્રીડા કરનાર પાપબંધ કરનાર થાય છે. પરંતુ એ બંધક થતો નથી.

**૧૦૫૦**, **૧૦૫૧.** જો કોઈ આત્મા કહેલો શ્રાવક ધર્મ પાલન કરે છે અને પરસ્ત્રીનો જીવન પર્યન્ત ત્રિવિધે ત્યાગ કરે છે, તેના પ્રભાવે તે મધ્યમગતિ મેળવે છે.

અહીં એ વાત ખાસ ધ્યાનમાં રાખવી કે નિયમ રહિત હોય, પરદારાગમન કરનારો હોય, તેમને કર્મબંધ થાય છે. જેઓ તેની નિવૃત્તિ કરે છે, પચ્ચક્ખાણ કરે છે, તેમને મહાફળની પ્રાપ્તિ થાય છે.

**૧૦૫૨**, **૧૦૫૩.** પાપથી કરેલી નિવૃત્તિને જો કોઈ અલ્પ પ્રમાણમાં પણ વિરાધે, માત્ર મનથી જ વ્રત વિરાધે, તો જે પ્રકારે મેઘમાલા નામે આર્યા મૃત્યુ પામીને દુર્ગતિમાં ગઈ, તે પ્રમાણે મનથી અલ્પ પણ વ્રત વિરાધના કરનાર દુર્ગતિ પામે છે.

હે ભુવન બાંધવ ! મનથી પણ અલ્પ પ્રત્યાખ્યાનનું ખંડન કરીને મેઘમાલાએ જે કર્મ ઉપાર્જન કર્યું અને દુર્ગતિ પામી. તે હું નથી જાણતો. તો મને જણાવો..

**૧૦૫૪**. બારમાં વાસુપૂજ્ય તીર્થંકર ભગવંતના તીર્થમાં ભોળી કાજળ સમાન શરીરના કાળા વર્ણવાળી, દુર્બળ મનવાળી, મેઘમાલા નામે સાધ્વી હતી.

**૧૦૫૫** થી **૧૦૫૮**. ભિક્ષા ગ્રહણાર્થે બહાર નીકળી ત્યારે બીજી બાજુ એક સુંદર મકાન ઉપર એક સ્ત્રી બેઠેલી હતી. તે નજીકમાં બીજા મકાનમાં લંઘન કરીને જવાની અભિલાષા કરતી હતી. ત્યારે આ સાધ્વીએ મનથી તેને અભિનંદી, એટલામાં તે બંને સળગી ઊઠી.

તે સાધ્વીએ પોતાના નિયમનો સૂક્ષ્મ ભંગ થયો તેની નિંદા ન કરી. તે નિયમભંગના દોષથી બળીને પહેલી નરકે ગઈ.

આ રીતે સમજીને તમોને અક્ષય–અનંત–અનુપમ સુખની અભિલાષા હોય તો અતીતના નિયમ કે વ્રતની વિરાધના થવા ન દેશો.

**૧૦૫૯** થી **૧૦૬૧**. તપ, સંયમ કે વ્રતને વિશે નિયમ એ દંડનાયક કોટવાળ સરખો છે. તે નિયમને ખંડિત કરનારના વ્રત નથી કે સંયમ રહેતો નથી.

માછીમાર આખા જન્મમાં માછલા પકડીને જે પાપ બાંધે છે, તેના કરતા વ્રત ભંગની ઈચ્છા કરનારા આઠગણુ પાપ બાંધે છે.

પોતાની દેશના શક્તિ કે લબ્ધિથી જે બીજાને ઉપશાંત કરે અને દીક્ષા લે તે પોતાના વ્રતને ખંડિત ન કરતો તેટલા પુણ્યને ઉપાર્જન કરનારો થાય છે.

**૧૦૬૨**. જે ગૃહસ્થ સંયમ અને તપને વિશે પ્રવૃત્તિ કરનાર અને પાપની નિવૃત્તિ કરનારા હોય છે, જ્યાં સુધી તેઓ દીક્ષા અંગિકાર કરતા નથી, ત્યાં સુધી જે કંઈ પણ ધર્માનુષ્ઠાન કરે તેમાં તેને લાભ થાય છે.

**૧૦૬૩**, **૧૦૬૪**. સાધુ–સાધ્વીઓના વર્ગે અહીં સમજી લેવું જોઈએ કે હે ગૌતમ ! ઉચ્છ્વાસ નિઃશ્વાસ સિવાય બીજી કોઈ પણ ક્રિયા ગુરુની રજા સિવાય કરવાની હોતી નથી, તે પણ જાણચાથી જ કરવાની આજ્ઞા છે. અજાણચાથી તો શ્વાસોચ્છ્વાસ પણ સર્વથા લેવા–મૂકવાના નથી. અજયણાથી ઉચ્છ્વાસ લેનારને તપ કે ધર્મ ક્યાંથી હોય ?

**૧૦૬૫** થી **૧૦૬૯**. હે ભગવન્ ! જેટલું દેખ્યું કે જાણ્યું હોય, તેનું પાલન તેટલા જ પ્રમાણમાં કેવી રીતે કરી શકાય ?

જેઓએ હજુ પરમાર્થ જાણ્યો નથી, કૃત્ય અને અકૃત્યના જાણકાર થયા નથી. તેઓ પાલન કેવી રીતે કરી શકશે ?

ગૌતમ ! કેવલીઓ એકાંત હીતવચનને કહે છે, તેઓ પણ જીવોના હાથ પકડીને બળાત્કારે ધર્મ કરાવતા નથી. પરંતુ તીર્થંકરે કહેલા વચનને જે તહત્તિ કહેવાપૂર્વક જેઓ તે પ્રમાણે વર્તન કરે છે,

જેમણે હજુ પરમાર્થ જાણ્યો નથી. કૃત્યાકૃત્યનો વિવેક જાણ્યો નથી. તેઓ આંધળા પાછળ આંધળો ચાલ્યા કરે, ખાડો છે કે ટેકરો, પાણી છે કે જમીન ઈત્યાદિનું તેને ભાન ન હોય. તેમ અજ્ઞાનીને ધર્મની આરાધના થાય છે કે વિરાધના તેનું જાણપણુ હોતું નથી.

**તેથી કાં તો પોતે ગીતાર્થ વિહારી હોય અથવા ગીતાર્થની નિશ્રામાં રહીને વિહાર કરે. તેવી ઉત્તમ સાધુને માટે શાસ્ત્રકારે અનુજ્ઞા આપેલી છે,** આ બે સિવાય ત્રીજો વિકલ્પ શાસ્ત્રમાં નથી.

**૧૦૭૦** થી **૧૦૭૧**. સારી રીતે સંવેગ પામેલા હોય, આળસ રહિત હોય, દઢવ્રતી હોય, નિરંતર અસ્ખલિત

ચારિત્રી હોય, રાગ–દ્વેષ રહિત હોય, ચારે કષાયોને ઉપશમાવેલા હોય, ઈન્દ્રિયોને જીતનારા હોય એવા ગુણવાળા જે ગીતાર્થ હોય, તેમની સાથે વિહાર કરવો કેમ કે તેઓ છદ્મસ્થ હોવા છતાં શ્રુત. કેવલી છે.

**૧૦૭૨** થી **૧૦૭૬**. ગૌતમ ! **જ્યાં સૂક્ષ્મ પૃથ્વીકાયના એક જીવને પણ કીલામણા થાય. તો તેને સર્વ કેવલીએ અલ્પારંભ કહેલ છે.**

જ્યાં **નાના પૃથ્વીકાયના એક જીવનો પણ પ્રાણવિયોગ થાય તો તેને સર્વ કેવલીઓ મહારંભ કહે છે.**

**એક પૃથ્વીકાયના જીવને થોડો મસળવામાં આવે તો તેનાથી આશાતા વેદનીય કર્મબંધ થાય કે જે પાપશલ્ય ઘણી મુશ્કેલીથી છોડી શકાય.** તે જ પ્રમાણે અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય તથા મૈથુન સેવનના ચીકણા પાપકર્મ ઉપાર્જન કરે છે, માટે મૈથુન સંકલ્પ, પૃથ્વીકાયાદિ જીવ વિરાધના દુરંતફળ આપતા હોવાથી જાવજ્જીવ ત્રિવિધ ત્રિવિધે તજવા.

**૧૦૭૭** થી **૧૦૮૨**. માટે જેઓ પરમાર્થને જાણતા નથી, તેમજ જેઓ અજ્ઞાની છે, તેઓએ દુર્ગતિના પંથને આપનાર એવા પૃથ્વીકાયાદિની વિરાધના છોડીને ગીતાર્થ ગુરુની નિશ્રામાં રહી સંયમ સાધના કરવી.

ગીતાર્થના વચનથી હળાહળ ઝેરનું પાન કરવું, કોઈ પણ વિકલ્પ કર્યા વિના તેમના વચનાનુસાર તત્કાળ ઝેરનું પણ ભક્ષણ કરી લેવું.

પરમાર્થથી વિચાર કરતા તે વિષ નથી, ખરેખર તેમનું વચન અમૃતરસના આસ્વાદ સમાન છે. આ સંસારમાં તેમના વચનાનુસાર વગર વિચારે અનુસરનારો મરીને પણ અમૃત પામે છે.

અગીતાર્થના વચનથી અમૃતનું પણ પાન ન કરવું. કેમ કે પરમાર્થથી અગીતાર્થનું વચન એ હળાહળ કાળકૂટ વિષ છે. તેમના વચને અજરામર બની શકાતું નથી, પણ મૃત્યુ પામીને દુર્ગતિમાં જાય છે.

માર્ગમાં મુસાફરી કરનારને ચોરો વિઘ્નો કરનારા થાય છે. એમ મોક્ષમાર્ગની મુસાફરી કરનાર માટે અગીતાર્થ અને કુશીલનો સમાગમ એ વિઘ્ન કરનારો છે, માટે તેવાનો સંગ દૂરથી તજવો.

**૧૦૮૩**, **૧૦૮૪**. ધગધગતા અગ્નિને દેખીને તેમાં નિઃશંકપણે પ્રવેશવું અને બળી મરવું સારું, પણ કદાપિ કુશીલના સમાગમમાં જવું કે તેનું શરણ ન સ્વીકારવું. લાખ વર્ષ સુધી શૂળીમાં વિંધાઈને સુખેથી રહેવું સારુ, પણ અગીતાર્થ સાથે ક્ષણ પણ ન વસવું.

**૧૦૮૫** થી **૧૦૮૭**. મંત્ર–તંત્ર વગરનો હોય અને ભયંકર દૃષ્ટિવિષ સર્પ કરડતો હોય, તો તેનો આશ્રય ભલે કરજે. પણ અગીતાર્થ અને કુશીલ અધર્મીનો સહવાસ ન કરીશ.

હળાહળ ઝેર ખાઈ જજે કેમ કે તે એક જ વાર મારશે, પણ ભૂલથી પણ અગીતાર્થનો સંસર્ગ ન કરીશ, કેમ કે તેમના સંસર્ગથી લાખો મરણો ઉપાર્જન કરીશ.

ભોગ રૂપ ભયંકર સિંહ, વાઘ કે પિશાચ ગળી જાય તો નાશ પામવું પણ કુશીલ અગીતાર્થનો સંસર્ગ ન કરીશ.

**૧૦૮૮**, **૧૦૮૯**. સાત જન્મોના શત્રુને સગો ભાઈ માનજે. પણ વ્રત–નિયમોની વિડંબના કરાવનાર પિતા હોય તો પણ શત્રુ માનજે.

ભડભડતા અગ્નિમાં પ્રવેશવુ સારું છે, પણ સૂક્ષ્મ પણ નિયમની વિરાધના કરવી સારી નથી. સુવિશુદ્ધ નિયમયુક્ત કર્મવાળાનું મૃત્યુ સારું પણ નિયમ ભાંગીને જીવવુ સારુ નથી.

**૧૦૯૦**, **૧૦૯૧**. ગૌતમ ! અગીતાર્થપણાના દોષથી ઈશ્વરે જે પ્રાપ્ત કર્યું તે સાંભળીને તરત ગીતાર્થ બનવું.

ભગવન્ ! ઈશ્વર કોણ મુનિવર હતા તે હું જાણતો નથી. તેમજ અગીતાર્થપણાના દોષથી તેણે શું પ્રાપ્ત કર્યું તે મને કહો.

**૧૦૯૨** થી **૧૦૯૪**. ગૌતમ ! કોઈક બીજી ચોવીશીના પહેલાં તીર્થંકર ભગવંત જ્યારે નિર્વાણ પામ્યા, ત્યારે

મનોહર નિર્વાણ મહોત્સવ પ્રવર્તતો હતો અને સુંદર રૂપવાળા દેવ અને અસુરો નીચે ઊતરતા અને ઉપર ચડતા હતા. ત્યારે નિકટમાં રહેલા લોકો તે જોઈને વિચારવા લાગ્યા કે આજે મનુષ્ય લોકમાં આશ્ચર્ય જોઈએ છીએ. કોઈ વખત ક્યાંય આવી ઇંદ્રજાળો જોવામાં આવેલ નથી.

**૧૦૯૫** થી **૧૧૦૨**. આવી વિચારણા કરતા કરતા એક મનુષ્યને પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. એટલે ક્ષણવાર મૂર્ચ્છા પામ્યો. ફરી વાયુથી આશ્વાસન પામ્યો. ભાનમાં આવી થરથર ધ્રૂજવા લાગ્યો.

લાંબા કાળ સુધી પોતાના આત્માની નિંદા કરવા લાગ્યો. તુરંત જ મુનિપણું અંગિકાર કરવા ઉદ્યત થયો. ત્યારપછી તે મહાયશવાળો જેટલામાં લોચ કરવાનો શરૂ કરે છે. તેટલામાં દેવતાએ તેને વિનયથી રજોહરણ આપ્યું.

તેના કષ્ટકારી ઉગ્ર તપ અને ચારિત્રને જોઈને તથા લોકોને તેની પૂજા કરતા જોઈને ઈશ્વર જેટલામાં ત્યાં આવીને તેને પૂછવા લાગ્યા કે તમોને દીક્ષા કોણે આપી ? ક્યાં જન્મ્યા છો ? તમારું કુળ કયું છે ?

કોના ચરણકમળમાં અતિશય વાળું સૂત્ર અને અર્થનું તમે અધ્યયન કર્યું ? તે પ્રત્યેક બુદ્ધ તેને જેટલામાં સર્વ જાતિ, કુળ, દીક્ષા, સૂત્રાદિ જે પ્રમાણે પ્રાપ્ત કર્યા તે કહેતા હતા. તેટલામાં તે બધું સાંભળી તે નિર્ભાગી ઈશ્વર વિચારવા લાગ્યો – આ જુદો છે. આ અનાર્ય દંભથી ઠગે છે**, તો જેવું આ બોલે છે, તેવા જ જિનવર હશે.** આ વિષયમાં કંઈ વિચારવું નહીં**,** એમ લાંબો કાળ મૌનપણે ઊભો રહ્યો.

**૧૧૦૩**, **૧૧૦૪**. અથવા તો ના ના, એમ નથી, દેવો અને દાનવોથી પ્રણામ કરાયેલા ભગવંત મારા સંશયને છેદે તો મને ખાત્રી થાય.

તેટલામાં વળી ચિંતવ્યું કે જે થવાનું હોય તે થાઓ, મારે અહીં વિચારવાનું શું પ્રયોજન છે ? હું તો સર્વ દુઃખનાશક પ્રવ્રજ્યાને અહીં અભિનંદુ છું અર્થાત્ તે ગ્રહણ કરવા ઇચ્છું છું.

**૧૧૦૫** થી **૧૧૦૭**. તેટલામાં જિનેશ્વર પાસે જવા નીકળ્યો. પણ જિનેશ્વરને ન જોયા એટલે ગણધર પાસે જવા પ્રયાણ કર્યું.

જિનેશ્વરે કહેલા સૂત્ર અને અર્થની પ્રરૂપણા ગણધરો કરતા હોય છે. જ્યારે અહીં ગણધર શ્રી વ્યાખ્યાન કરતા હતા ત્યારે તેમાં આ આલાવો આવ્યો કે એક જ પૃથ્વીકાય જીવો સર્વત્ર ઉપદ્રવ પામે છે. તો તેનું રક્ષણ કરવા કોણ સમર્થ થઈ શકે છે ?

**૧૧૦૮** થી **૧૧૧૧**. આ વિષયમાં આ મહાયશવાળા પોતાની આત્માની લઘુતા કહે છે. આ સમગ્ર લોકમાં આ વાત સિદ્ધ કરવા યોગ્ય નથી. આવી વાત કેમ પ્રરૂપતા હશે ?

આ તેમનું વ્યાખ્યાન પ્રગટપણે અત્યંત કાનમાં કડકડ કરનારુ છે. નિષ્કારણ ગળાને શોષવે છે. તે સિવાય કોઈ લાભ નથી. આવું વર્તન કોણ કરી શકશે ? માટે આના બદલે કંઈક સામાન્ય કે મધ્યમ ઉપદેશ કરવો જોઈએ. જેથી આપણી આવતા લોકો કંટાળી ન જાય.

**૧૧૧૨** થી **૧૧૧૬**. અથવા હું ખરેખર મૂઢ, પાપકર્મી, નરાધમ છું. હું તેમ કરતો નથી, પણ બીજા લોકો તો તેમ વર્તે છે. વળી અનંતજ્ઞાની સર્વજ્ઞએ આ હકીકત પ્રરૂપેલી છે, જે કોઈ તેમના વચનથી વિપરીત વાત કરે તેનો અર્થ ટકી શકતો નથી, માટે હવે હું આનું ઘોર અતિદુષ્કર ઉત્તમ પ્રાયશ્ચિત્ત એકદમ તુરંત જલદી અતિ શીઘ્રતર સમયમાં કરીશ, કે જેટલામાં મારુ મૃત્યુ ન થાય.

આશાતનાથી મેં એવું પાપ કર્યું છે કે જેથી દેવતાઈ સો વર્ષનું એકત્રિત પુણ્ય પણ તેનાથી વિનાશ પામે છે. પછી સ્વમતિ કલ્પનાથી તેવું મહાઘોર પ્રાયશ્ચિત્ત કરીને પ્રત્યેકબુદ્ધની પાસે ફરીથી પણ ગયો.

**૧૧૧૭** થી **૧૧૨૩**. ત્યાં પણ સૂત્રની વ્યાખ્યા સાંભળતા તે જ અધિકાર ફરી આવ્યો કે પૃથ્વી આદિનો સમારંભ સાધુ ત્રિવિધ ત્રિવિધે વર્જે, અતિશય મૂઢ એવો તે ઈશ્વર સાધુ મૂર્ખ બનીને ચિંતવવા લાગ્યો કે આ જગતમાં

કોણ તે પૃથ્વીકાયાદિનો સમારંભ કરતો નથી ?

ખુદ પોતે જ પૃથ્વીકાય ઉપર બેઠેલા છે, અગ્નિથી પકાવેલ આહાર ખાય છે. તે સર્વે ધાન્યાદિ ઉત્પન્ન થાય છે. વળી પાણી વિના તો જીવી જ કેમ શકાય? તો ખરેખર આ પ્રત્યક્ષ જ વિપરીત દેખાય છે.

હું તેમની પાસે આવ્યો, પણ આ વાતમાં કોઈ શ્રદ્ધા કરવાના નથી. તો તેઓ ભલે અહીં રહે, આમના કરતા આ ગણધર ઉત્તમ છે. અથવા તો અહીં એ કોઈ પણ મારું કહેલ કરશે નહીં. આવો ધર્મ પણ કયા કારણે કહેતો હશે ? જો અતિ આકરો ધર્મ કહેશે તો હવે હું ફરી સાંભળીશ નહીં.

**૧૧૨૪** થી **૧૧૩૮**. અથવા તેમને બાજુ પર રાખો. હું જાતે જ સુખેથી બની શકે અને સર્વ લોકો કરી શકે એવો ધર્મ કહીશ.

આજે આકરો ધર્મ કરવાનો કાળ નથી એમ ચિંતવે છે. તેટલામાં તો તેના ઉપર ધડ ધડ કરતી વીજળી તૂટી પડી. હે ગૌતમ ! તે ત્યાં મૃત્યુ પામીને સાતમી નરકે ઉત્પન્ન થયો.

શાસન શ્રમણપણુ, શ્રુતજ્ઞાનના સંસર્ગના પ્રત્યનીક પણાના કારણે ઈશ્વર લાંબોકાળ નરકના દુઃખો અનુભવીને અહીં આવીને મહાસમુદ્રમાં મહામત્સ્ય થઈ ફરી સાતમી નરકમાં તેંત્રીશ સાગરોપમના દુઃસહ્ય કાળમાં ભયંકર દુઃખો ભોગવીને અહીં આવેલા ઈશ્વરનો જીવ તિર્યંચપક્ષીમાં કાગડો થયો.

ત્યાંથી મરી પહેલી નારકીમાં જઈ, આયુ પૂર્ણ કરી અહીં દુષ્ટ શ્વાનપણે ઉત્પન્ન થઈ ફરી પહેલી નારકીમાં ગયો, ત્યાંથી નીકળી સિંહપણે ઉત્પન્ન થઈ. મરીને ચોથી નરકે ગયો.

અહીં આવી, નરકે જઈ તે ઈશ્વરનો જીવ કુંભારપણે ઉપજ્યો. ત્યાં કુષ્ઠી થઈ અતિ દુઃખી થયો. કૃમિઓથી ફોલી ખવાતો ૫૦ વર્ષ સુધી પરાધીનપણે પારાવાર તેવું દુઃખ સહન કરી અકામ નિર્જરાથી દેવપણે ઉપજી. ત્યાંથી આવી અહીં રાજાપણુ પામ, સાતમી નરકે ગયો.

એ પ્રમાણે **ઈશ્વરનો જીવ સ્વકલ્પનાથી નારક અને તિર્યંચગતિમાં કુત્સિત મનુષ્યગતિમાં લાંબોકાળ ભમી, ઘોર દુઃખ ભોગવી, અત્યંત દુઃખી થઈ, અત્યારે ગોશાલક થયેલો છે અને તે જ આ ઈશ્વરનો જીવ છે.** માટે પરમાર્થ સમજવા પૂર્વક સારાસારથી પરિપૂર્ણ એવા શાસ્ત્રભાવને જાણીને જલદી ગીતાર્થ બનવું.

**૧૧૩૯, ૧૧૪૦**. સારાસારને જાણ્યા વિના અગીતાર્થપણાના દોષથી રજ્જુ આર્યાએ એક વચનમાત્રથી જે પાપને ઉપાર્જ્યુ, તે પાપથી તે બિચારાને નારકી, તિર્યંચ ગતિમાં તેમજ અધમ મનુષ્યપણામાં જે જે પ્રકારની નિયંત્રણાઓ થઈ. જેવી ગતિઓ ભોગવવી પડશે, તે સાંભળીને કોને ધૃતિ પ્રાપ્ત થાય?

**૧૧૪૧**. ભગવન્ ! તે રજ્જુઆર્યા કોણ હતી ? અગીતાર્થતાથી **તેણે વચનમાત્રથી કેવું પાપકર્મ ઉપાર્જન કર્યું કે જે વિપાકો સાંભળીને ધૃતિ ન મેળવી શકાય ?**

ગૌતમ ! આ જ ભરતક્ષેત્રના ભદ્ર નામે આચાર્ય હતા. તેમને મહાનુભવ એવા **૫૦૦** શિષ્યો અને **૧૨૦૦** સાધ્વીઓ હતા.

તે ગચ્છમાં ચોથા (આયંબિલ)રસયુક્ત ઓસામણ, ત્રણ ઉકાળાવાળુ અતિ ઉકાળેલ પાણી એવા ત્રણ પ્રકારના અચિત્ત જળ સિવાય ચોથા પ્રકારના જળનો વપરાશ ન હતો.

કોઈ સમયે રજ્જા આર્યાને પૂર્વકૃત અશુભ પાપ કર્મોદયથી કર્મોદયથી કુષ્ઠ વ્યાધિ થતા શરીર સડી ગયું, તેમાં કૃમિ ઉત્પન્ન થઈને તેણીને ફોલી ખાવા લાગી.

કોઈ સમયે તેને બીજી આર્યાઓ ગચ્છમાં પૂછવા લાગી કે – અરે રે દુષ્કરકારિકે ! આ તને એકદમ શું થયું ?

હે ગૌતમ ! ત્યારે તે મહાપાપકર્મી ભગ્ન લક્ષણ જન્મવાળી તે રજ્જાઆર્યાએ તે સંયતીઓને એવો ઉત્તર આપ્યો કે, 'આ અચિત્ત જળના પાનથી મારું આ શરીર વણસીને નાશ પામ્યું છે.'

આવું વચન બોલતાં સર્વે સંયતીના હૃદય એકદમ ક્ષોભ પામ્યા કે આપણે અચિત્ત જળનું પાન કરીને આની જેમ મૃત્યુ પામીશું ?

પરંતુ ગચ્છમાં એક સાધ્વીએ વિચાર્યું કે – કદાચ આ મારું શરીર એક પલકારા જેટલા અલ્પકાળમાં સડી જાવ કે સડીને ટૂકડે ટૂકડા થઈ જાય તો પણ સચિત્ત જળનું પાન આ જન્મમાં કદી પણ કરીશ નહીં. અચિત્ત જળનો ત્યાગ નહીં કરું, બીજું આ સાધ્વીનું શરીર અચિત્ત જળથી વણસી ગયું છે. એ હકીકત સર્વથા સત્ય નથી. કેમ કે પૂર્વકૃત અશુભ કર્મોદયથી જ આવું બને છે. એમ અતિ સુંદર વિચારણા કરવા લાગી.

જુઓ તો ખરા, અજ્ઞાન દોષથી અવરાયેલી અતિશય મૂઢહૃદયા લજ્જા રહિત બનીને આ મહાપાપ કર્મણી સાધ્વીએ સંસારના ઘોર દુઃખ આપનાર આવું દુષ્ટ વચન કેમ ઉચ્ચાર્યું ? કે મારા કર્ણવીવરમાં પણ પ્રવેશી શકાતું નથી, તો **ભવાંતરમાં કરેલ અશુભ કર્મોદયથી જે કંઈ દરિદ્રતા, દુર્ભાગ્ય, અપયશ, ખોટા કલંક લાગવા, કુષ્ઠાદિ વ્યાધિના કલેશોના દુઃખો શરીરમાં થવા, ઇત્યાદિમાં ફેરફાર નથી.** આગમમાં કહ્યું છે –

**૧૧૪૨.** જાતે ઉપાર્જન કરેલા દુઃખ કે સુખ કોણ આપી કે લઈ શકે છે ?

પોતે કરેલ કર્મો કોણ હરી શકે છે કે કોનું કર્મ હરી શકાય છે ? સ્વકૃત કર્મ અને ઉપાર્જિત સુખ-દુઃખ પોતે જ ભોગવવા પડે છે.

**૧૧૪૩.** એમ વિચારતા તે સાધ્વીજીને કેવળજ્ઞાન થયું. તે સમયે દેવોએ કેવળજ્ઞાન મહોત્સવ કર્યો. તે કેવલી સાધ્વીએ મનુષ્ય, દેવ, અસુરોના તથા સાધ્વીઓના સંશયરૂપ અંધકાર પડલને દૂર કર્યો.

ત્યારપછી ભક્તિથી ભરપૂર હૃદયવાળી રજ્જા આર્યાએ પ્રણામ કરીને પૂછ્યું – હે ભગવન્ ! કયા કારણે મને આટલો મોટો મહાવેદનાવાળો વ્યાધિ ઉત્પન્ન થયો ? હે ગૌતમ ! ત્યારે જળયુક્ત મેઘ અને દુદુંભી સમાન મનોહર ગંભીર સ્વરવાળા કેવલીએ કહ્યું કે – હે દુષ્કરકારિકે ! સાંભળ – કે તારા શરીરનું વિઘટન કેમ થયું ?

તારું શરીર રક્ત અને પિત્તના દોષથી દૂષિત હતું જ તેમાં સ્નિગ્ધ આહાર સાથે કરોળિયાના જંતુવાળો આહાર તેં ગળાડૂબ ખાધો.

બીજું – આ ગચ્છમાં સેંકડો સાધુ-સાધ્વી હોવા છતાં જેટલા સચિત્ત પાણીથી માત્ર આંખો ધોઈ શકાય તેટલા અલ્પ પણ સચિત્ત જળનો ગૃહસ્થના કારણે પણ સાધુ કદાપિ ભોગવટો કરી શકતો નથી. તેને બદલે તેં તો ગૌમૂત્ર ગ્રહણ કરવાને જતા-જતા જેના મુખ ઉપર નાસિકામાંથી ગળતા લીંટ લપેટાયા હતા. ગળાના ભાગે લાગેલા હતા. તે કારણે બણબણતી માખી ઊડતી હતી, એવા શ્રાવકપુત્રના મુખને સચિત્ત જળથી પ્રક્ષાલન કર્યું,

તેવા સચિત્ત જળના સંઘટ્ટો કરવાની વિરાધનાના કારણે દેવો અને અસુરોને પણ વંદનીય એવી ગચ્છમર્યાદા તોડી તે પ્રવચન દેવતા સહન કરી શકી નહીં.

સાધુ-સાધ્વીએ પ્રાણના સંશયમાં પણ કૂવા, તળાવ, વાવ, નદી આદિના જળને હાથથી સ્પર્શવું ન કલ્પે. વીતરાગ ભગવંતે સાધુ-સાધ્વી માટે સર્વથા અચિત્ત જળ હોય તે પણ સમગ્ર દોષ રહિત હોય, ઉકાળેલું હોય, તેનો જ પરિભોગ કરવો કલ્પે છે.

તેથી દેવતાએ વિચાર્યું કે આ દુરાચારીને એવી શિક્ષા કરું કે જેથી તેની જેમ બીજા કોઈ આવું આચરણ કે પ્રવૃત્તિ ન કરે. એમ ધારી અમુક અમુક ચૂર્ણનો યોગ જ્યારે તું ભોજન કરતી હતી, ત્યારે દેવતાએ તારા ભોજનમાં નાંખ્યો. તે દૈવપ્રયોગ આપણે જાણવા સમર્થ નથી.

આ કારણે તારું શરીર વિનાશ પામ્યું છે. અચિત્ત જળ પીવાથી વિનાશ પામ્યું નથી.

તે સમયે રજ્જાઆર્યાએ વિચાર્યું કે એ પ્રમાણે જ છે. કેવળી વચનમાં ફેરફાર ન હોય એમ વિચારી કેવળીને વિનંતી કરી કે ભગવન્ ! જો હું યથોક્ત પ્રાયશ્ચિત્ત સેવું તો મારું આ શરીર સાજું થાય.

ત્યારે કેવળીએ ઉત્તર આપ્યો કે જો કોઈ પ્રાયશ્ચિત્ત આપે તો સુધરી જાય. ત્યારે રજ્જાઆર્યાએ કહ્યું કે આપ જ મને પ્રાયશ્ચિત્ત આપો. તમારી સમાન બીજી કોણ મહાન આત્મા છે.

કેવલીએ કહ્યું – હે દુષ્કરકારિકે ! હું તને પ્રાયશ્ચિત્ત તો આપી શકું પણ તારા માટે એવું કોઈ પ્રાયશ્ચિત્ત જ નથી કે જેથી તારી શુદ્ધિ થાય.

રજ્જાએ પૂછ્યું – ભગવાન ! કયા કારણે મારી શુદ્ધિ નથી ?

કેવલીએ કહ્યું – તે સાધ્વી સમુદાય પાસે એવો બડબડાટ કર્યો કે અચિત્ત પાણીના ઉપયોગથી મારું શરીર સડીને નાશ પામ્યું. આ દુષ્ટ પાપના મોટા સમુદાયના એક પીંડ સમાન તારા વચનને સાંભળી આ સર્વે સાધ્વીના હૃદયો ખળભળી ઉઠ્યા. તે સર્વે વિચારવા લાગી કે આપણે હવે અચિત્ત જળનો ત્યાગ કરીએ.

પરંતુ તે સાધ્વીઓએ અશુભ અધ્યવસાયની આલોચના, નિંદા, ગુરુ સાક્ષીથી ગર્હણા કરી લીધી. તેઓને તો મેં પ્રાયશ્ચિત્ત આપી દીધું છે.

આ પ્રમાણે અચિત્ત જળના ત્યાગથી તથા તે વચન દોષથી અત્યંત કષ્ટદાયી વિરસ ભયંકર બદ્ધ સ્પૃષ્ટ નિકાચિત મોટા પાપનો રાશિ તે ઉપાર્જન કર્યો છે.

તે પાપ સમુદાયથી તું કોઢ, ભગંદર, જળોદર, વાયુ, ગુમડા, શ્વાસ રોકાવો, હરસ, મસા, કંઠમાળ આદિ અનેક વ્યાધિની વેદનાથી ભરપૂર એવા શરીરવાળી થઈશ. વળી દારિદ્ર, દુર્ભાગ્ય, અપયશ, ખોટા કલંક, સંતાપ, ઉદ્વેગ, કલેશાદિથી નિરંતર બળતી એવી અનંતા ભવો સુધી અતિ લાંબા કાળ પર્યન્ત જેવું દિવસે તેવું સતત લગાતાર રાત્રે દુઃખ ભોગવવું પડશે.

આ રીતે ગૌતમ ! તે રજ્જાઆર્યા અગીતાર્થપણાના દોષથી વચનમાત્રથી જ આવા મહા દુઃખદાયી પાપકર્મની ઉપાર્જિકા થઈ.

**૧૧૪૪** થી **૧૧૪૬**. અગીતાર્થપણાના દોષથી ભાવશુદ્ધિ પ્રાપ્ત ન થાય. ભાવવિશુદ્ધિ વિના મુનિ કલુષતાવાળા મનયુક્ત બને. હૃદયમાં ઘણા જ અલ્પ પ્રમાણમાં પણ જો કલુષતા–મલીનતા–શલ્ય–માયા રહેલ હોય તો અગીતાર્થપણાના દોષથી લક્ષ્મણા સાધ્વીવત્ દુઃખ અને ભવપરંપરા ઊભા થાય છે.

માટે ડાહ્યા પુરુષોએ સર્વ ભાવથી સર્વથા સમજીને ગીતાર્થ બનીને મનને અકલુષ બનાવવું જોઈએ.

**૧૧૪૭** થી **૧૧૫૬**. ભગવન્ ! લક્ષ્મણા આર્યા જે અગીતાર્થ અને કલુષતાવાળી હતી. તેમજ તે કારણે દુઃખ પરંપરા પામીને હું જાણતો નથી.

ગૌતમ ! પાંચ ભરત અને પાંચ ઐરવતમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીના સર્વકાળમાં એક એક ચોવીસ શાશ્વત અને અવચ્છિન્નપણે થઈ હતી થાય છે અને થશે. અનાદિ અનંત એવા આ સંસારમાં આ અતિધ્રુવ વસ્તુ છે. જગતની સ્થિતિ કાયમ ટકવાની છે.

ગૌતમ ! ચાલુ ચોવીસીના પૂર્વે ૮૦મી ચોવીસી હતી. ત્યારે ત્યાં જેવો અહીં હું છું તેવા સાત હાથ કાયાવાળા, દેવો અને દાનવોથી પ્રણામ કરાયેલા તેવા છેલ્લા તીર્થંકર હતા.

ત્યારે ત્યાં જંબૂદાડીમ નામે રાજા હતો. અનેક પુત્રવાળી સરિતા નામે ભાર્યા હતી. એકે પુત્રી ન હોવાથી રાજા સહિત પુત્રી મેળવવા માટે દેવો, કુળદેવતા, ચંદ્ર–સૂર્ય–ગ્રહોની બહુમાનતા તેણી કરતી હતી. કાળક્રમે કમળપત્ર જેવા નયનવાળી પુત્રી જન્મી. તેનું લક્ષ્મણાદેવી નામ સ્થાપન કર્યું.

કોઈ સમયે તે લક્ષ્મણાદેવી પુત્રી યૌવનવય પામી ત્યારે સ્વયંવર કર્યો. તેમાં નયનને આનંદ આપનાર, કલાના ગૃહ સમાન, ઉત્તમ વરની સાથે વિવાહ કર્યા.

પરણ્યા પછી તુરંત જ તેનો પતિ મૃત્યુ પામ્યો. એટલે તેણી એકદમ મૂર્ચ્છા પામી. બેભાન થઈ કંપની એવી તેણીને સ્વજન પરિવારે વીંઝણાના વાયરાથી મુશ્કેલીએ ભાનમાં લાવ્યા. ત્યારે તે આક્રંદન કરતી, છાતી અને માથું કૂટવા લાગી. પોતાને દશે દિશામાં મારતી, કૂટતી, પીટાતી, આળોટવા લાગી. બંધુવર્ગે તેને આશ્વાસન આપીને સમજાવી. ત્યારે કેટલાક દિવસે રૂદન બંધ કરીને શાંત થઈ.

**૧૧૫૬ થી ૧૧૬૩.** કોઈ સમયે ભવ્યજીવો રૂપી કમલવનને વિકસિત કરતા એવા કેવળજ્ઞાન રૂપી સૂર્ય સમાન તીર્થંકર ત્યાં આવ્યા અને ઉદ્યાનમાં સમોસર્યા.

અંતઃપુર, સેના, વાહનો તથા સર્વ ઋદ્ધિ સહિત રાજા તેમને ભક્તિથી વાંદવા ગયો. ધર્મ શ્રવણ કરીને ત્યાં અંતઃપુર પુત્રો અને પુત્રી સહિત દીક્ષા અંગિકાર કરી. શુભ પરિણામી, મૂર્ચ્છારહિત, ઉગ્ર કષ્ટકારી, ઘોર દુષ્કર તપ કરવા લાગ્યો.

કોઈ સમયે સર્વેને ગણિના યોગમાં પ્રવેશ કરાવ્યો. લક્ષ્મણા આર્યાને અસ્વાધ્યાયના કારણે અનુષ્ઠાન ક્રિયા કરવા ન મોકલી.

ઉપાશ્રયમાં એકાંતમાં બેઠલા લક્ષ્મણા સાધ્વીએ ક્રીડા કરતા પક્ષી યુગલને જોઈને ચિંતવ્યું કે આમનું જીવન સફળ છે. આ ચકલાને સ્પર્શતી ચકલી પોતાના પ્રિયતમને આલિંગીને પરમ આનંદસુખ આપે છે.

**૧૧૬૪ થી ૧૧૬૯.** તીર્થંકર ભગવંતે પુરુષ અને સ્ત્રીને રતિક્રીડા કરતા હોય તે જોવાનો અમને શા માટે સર્વથા નિષેધ કર્યો હશે ?

**તેઓ તો વેદના દુઃખ રહિત હોવાથી બીજાના સુખ-દુઃખો જાણી શકતા નથી.** અગ્નિ બાળવાના સ્વભાવવાળો હોવા છતાં પણ આંખથી દેખનારને બાળતો નથી.

અથવા ના, ના, ના, ભગવંતે કરેલી આજ્ઞા યથાર્થ જ છે. તેઓ વિપરીત આદેશ કરે જ નહીં. ક્રીડા કરતા પક્ષી યુગલને જોઈને મારું મન ક્ષોભાણુ છે. મને પુરુષાભિલાષ પ્રગટ્યો છે કે હું તેની સાથે મૈથુન સેવું.

પણ મેં આજે ચિંતવ્યું તે સ્વપ્નમાં પણ કરવું ન ઘટે. તેમજ આ જન્મમાં મેં મનથી પણ અત્યાર સુધી પુરુષને ઇચ્છ્યો નથી. કોઈ પ્રકારે સ્વપ્નમાં પણ અભિલાષા કરી નથી. તો ખરેખર હું દુરાચારિણી, પાપ સ્વભાવી, નિર્ભાગી છું. આવું આડું અવળું ખોટું વિચારીને મેં તીર્થંકરની આશાતના કરી છે.

**૧૧૭૦ થી ૧૧૭૩.** તીર્થંકરે પણ અત્યંત કષ્ટકારી, કડક, અતિદુર્ધર, ઉગ્ર, ઘોર મુશ્કેલીથી પળાતા એવા આકારા વ્રત ઉપદેશેલા છે. તો ત્રિવિધ ત્રિવિધે આ વ્રત પાળવા કોણ સમર્થ થઈ શકે ?

વચન અને કાયાથી સારી રીતે આચરાતું હોવા છતાં મનથી રક્ષણ કરવું શક્ય નથી. અથવા દુઃખની ચિંતા કરાય છે, આ તો સુખપૂર્વક કરાય છે. જે મનથી પણ કુશીલ થયો તે સર્વ કાર્યમાં કુશીલ ગણાય.

તો આ વિષયમાં શંકાના યોગે એકદમ મારી જે આ સ્ખલના થઈ તેનું મને પ્રાયશ્ચિત્ત આવે તો આલોચના કરી જલદી તેનું સેવન કરું.

**૧૧૭૪ થી ૧૧૭૭.** સમગ્ર સતીઓ, શીલવંતીઓમાં હું પ્રથમ મોટી સાધ્વી છું. રેખા સમાન હું સર્વેમાં અગ્રેસરી છું. એમ સ્વર્ગમાં પણ ઉદ્‌ઘોષણા થાય છે. મારા પગની ધૂળને સર્વે લોકો વંદે છે. કેમ કે તેની રજથી બધાની શુદ્ધિ થાય છે, તેવી મારી પ્રસિદ્ધિ છે.

હવે જો હું આલોચના આપીશ, મારો મનોદોષ ભગવંત પાસે પ્રગટ કરીશ તો મારા ભાઈઓ, માતા-પિતા આ વાત જાણી દુઃખી થશે. અથવા પ્રમાદથી કોઈ પ્રકારે મેં મનથી ચિંતવ્યું તેને મેં આલોચ્યું એટલું માત્ર જાણીને મારી સંબંધી વર્ગને કયું દુઃખ થવાનું છે ?

**૧૧૭૮ થી ૧૧૮૨.** જેટલામાં આમ ચિંતવીને આલોચના માટે તૈયાર થાય, તેટલામાં ઊભી થતા તેણીને

પગના તળિયામાં એક કાંટો ઢસ કરતાક ભાંગી ગયો.

તે સમયે નિઃસત્વા, નિરાશાવાળી બનીને તે સાધ્વી ચિંતવવા લાગી કે અરેરે ! આ જન્મમાં મારા પગમાં ક્યારેય કાંટો પેઠેલ ન હતો. તો હવે આ વિષયમાં શું અશુભ થવાનું હશે ? અથવા તો મેં પરમાર્થ જાણ્યો કે ચકલા-ચકલીના સંઘટ્ટની મેં અનુમોદના કરી. તે કારણે મારું શીલવ્રત વિરાધ્યું. મૂંગો, આંધળો, કુષ્ઠી, સડી ગયેલા શરીરવાળો, લજ્જાળુ હોય તો જ્યાં સુધી તે શીલખંડન ન કરે ત્યાં સુધી દેવો પણ તેની સ્તુતિ કરે છે. ઊભો કાંટો મારા પગમાં ખૂંચ્યો એ નિમિત્તે મારી ભૂલથી મને મહાન લાભ થશે.

**૧૧૮૩ થી ૧૧૮૮.** જે સ્ત્રી મનથી પણ શીલને ખંડે તે પાતાળમાં સાતે પેઢીની પરંપરામાં કે સાતે નારકીમાં જાય. આવી ભૂલ મેં કેમ કરી ?

હવે જ્યાં સુધી મારા ઉપર વજ્ર કે ધૂળવૃષ્ટિ ન પડે. મારા હૈયાના સો ટૂકડા થઈને ફૂટી ન જાય તો તે મહાઆશ્ચર્ય ગણાય.

બીજું, કદાચ જો હું આ માટે આલોચના કરીશ તો લોકો આમ ચિંતવશે કે અમુકની પુત્રીએ મનથી આવો અશુભ અધ્યવસાય કર્યો. તે કારણે હું તેવો પ્રયોગ કરી, બીજાએ આમ વિચાર્યું હોય તો કેટલું પ્રાયશ્ચિત્ત આવે ? એમ પારકાના બહાને આલોચના કરીશ. જેથી મેં આમ ચિંતવ્યું છે, તેમ બીજા કોઈ ન જાણે.

ભગવંતે આ દોષનું જે પ્રાયશ્ચિત્ત આપશે તે ઘોર અતિ નિષ્ઠુર હશે તો પણ તેમણે કહેલું સાંભળી તેટલું તપ કરીશ. જ્યાં સુધી ત્રિવિધ ત્રિવિધે શલ્યરહિત તેવું સુંદર શીલાદિ ન પળાય ત્યાં સુધી પાપોનો ક્ષય થતો નથી.

**૧૧૮૯ થી ૧૧૯૪.** હવે તે લક્ષ્મણા સાધ્વી પારકા બહાને આલોચના ગ્રહણ કરી તપસ્યા કરે છે. પ્રાયશ્ચિત્ત નિમિત્તે **૫૦** વર્ષ સુધી છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ કરીને દશ વર્ષ પસાર કર્યા. પારણે પોતાના માટે ન કરેલ, ન કરાવેલ હોય, કોઈ સાધુના સંકલ્પથી ભોજન તૈયાર કર્યા ન હોય, ભોજન બાદ ગૃહસ્થોને ઘેર મળે તેવી ભિક્ષામાંથી મળે તો પારણું કરે. બે વર્ષ સુધી આહારમાં માત્ર ભુંજેલા ચણા લે. **૧૬** વર્ષ સુધી માસક્ષમણ તપ કરે. **૨૦** વર્ષ આયંબિલ તપ કરે. કોઈ દિવસ આવશ્યક ક્રિયા ન છોડે. પ્રાયશ્ચિત્ત નિમિત્તે અદીન મનથી આ સર્વે તપ કર્યા.

હે ગૌતમ ! ત્યારે તેણી ચિંતવે છે કે પ્રાયશ્ચિત્તમાં મેં જે તપ કર્યું તેનાથી મારા હૃદયનું પાપશલ્ય શું નહીં ગયું હોય? કે જે મનથી તે સમયે વિચાર્યું હતું. બીજી રીતે પ્રાયશ્ચિત્ત તો મેં ગ્રહણ કર્યું છે, બીજી રીતે મેં કર્યું છે, તો શું આચરેલું ન ગણાય? એમ ચિંતવતા તેણી મૃત્યુ પામી.

**૧૧૯૪ થી ૧૧૯૮.** ઉગ્ર કષ્ટ પમાય તેવું ઘોર-દુષ્કર તપ કરીને તે લક્ષ્મણા સાધ્વી સ્વચ્છંદ પ્રાયશ્ચિત્તપણાના કારણે કલેશયુક્ત પરિણામના દોષથી વેશ્યાને ઘેર કુત્સિત કાર્ય કરનારી હલકી દાસીપણે ઉત્પન્ન થઈ, તેનું ખંડોષ્ઠા એવું નામ પાડ્યું.

ઘણું મીઠું-મીઠું બોલનારી, મદ્ય-માંસની ભારીને વહેનારી, સર્વે વેશ્યાનો વિનય કરનારી, તેમની વૃદ્ધાનો ચાર ગણો વિનય કરનારી હતી.

તેનું લાવણ્ય કાંતિથી યુક્ત હોવા છતાં તે મસ્તકે કેશ વગરની બોડી હતી.

કોઈ સમયે વૃદ્ધા વિચારે છે કે મારી આ બોડાનું જેવું લાવણ્ય, રૂપ, કાંતિ છે તેવું આ ભુવનમાં કોઈનું રૂપ નથી. તો તેના નાક-કાન-હોઠને કદરૂપા કરી નાંખું.

**૧૧૯૯ થી ૧૨૦૨.** જ્યારે આ યૌવનવંતી થશે ત્યારે મારી પુત્રીને કોઈ ઇચ્છશે નહીં અથવા પુત્રી સમાન તેને આમ કરવું યુક્ત નથી. આ ઘણી જ વિનિત છે, બીજે ચાલી જશે તો તેને તેવી કરી દઉં કે બીજા દેશમાં પણ તે ક્યાંય રહેવાનું સ્થાન ન પામે અને પાછી આવે. તેને એવું વશીકરણ આપું કે જેથી તેનો ગુપ્ત ભાગ સડી જાય, હાથ-પગની બેડી પહેરાવું, જેથી નિયંત્રણા કરેલી ભટક્યા કરે, વળી જૂના કપડાં પહેરાવું જેથી મનમાં સંતાપ કરતી શયન કરે.

**૧૨૦૩ થી ૧૨૦૮.** ત્યારપછી ખંડોષ્ઠાએ પણ સ્વપ્નમાં સડી ગયેલો ગુપ્ત ભાગ, બેડીમાં જકડાયેલી, કાન–નાક કપાયેલી તેવી પોતાને દેખી, સ્વપ્નનો પરમાર્થ વિચારી, કોઈ ન જાણે તેવી રીતે નાઠી.

કોઈ પ્રકારે ગામ, પુર, નગર, પટ્ટણમાં પરિભ્રમણ કરતી–કરતી છ માસ પછી સંખેડ નામક ખેટકમાં પહોંચી. ત્યાં કુબેર સમાન વૈભવવાળા રંડાપુત્ર સાથે જોડાઈ. પહેલાંની તેની પરણેતર ઈર્ષ્યાથી અતિ બળવા લાગી.

તેના રોષથી ફફડતી તેણીએ કેટલાક દિવસો પસાર કર્યા. કોઈ રાત્રે ખંડોષ્ઠા ભર નિદ્રામાં સૂતેલી, તેને જોઈને ચૂલા પાસે દોડી ગઈ. સળગતું કાષ્ઠ ત્યાંથી લાવી, ખંડોષ્ઠાના ગુપ્ત ભાગમાં એવી રીતે ઘૂસાડી દીધું કે તેનો ગુપ્ત ભાગ ફાટી ગયો. હૃદય સુધી તે સળગતુ લાકડું પહોંચી ગયું. ત્યાર પછી દુઃખપૂર્ણ સ્વરે આક્રંદ કરવા લાગી. ચલાયમાન પાષાણ સમાન આમતેમ ગબડતી સરકવા લાગી.

**૧૨૦૯ થી ૧૨૧૪.** વળી, પેલી પરણેલી પત્ની ચિંતવવા લાગી કે જીવન પર્યન્ત ઊભી ન થઈ શકે એવા પ્રકારના ડામો આપું કે સો ભવ સુધી મારા પ્રિયતમને ફરી યાદ ન કરે. ત્યારે તે કુંભારશાળામાંથી લોઢાની કોશ લાવીને લાલચોળ થાય તેવી તપાવી, તણખાં ઊડતા હોય તેવી બનાવીને તેની યોનિમાં જોરથી ઘૂસાડી. એ પ્રમાણે તે ભારે દુઃખથી આક્રાંત થઈ ત્યાં મૃત્યુ પામીને હે ગૌતમ! ચક્રવર્તીની સ્ત્રીરત્ન થઈ.

આ બાજુ રંડાપુત્રની પત્નીએ તેણીના કલેવરમાં જીવ ન હોવા છતાં પણ રોષથી છેદીને એવા અતિ નાના–નાના ટૂકડા કર્યા અને પછી કાગડા–કૂતરાને ખાવા દરેક દિશામાં ફેંક્યા. તેટલામાં બહાર ગયેલો રંડાપુત્ર પણ આવી પહોંચ્યો. તેણે ગુણદોષની તપાસ કરી, ઘણો વિકલ્પ કરવા લાગ્યો. સાધુ પાસે દીક્ષા લઈ, મોક્ષે ગયો.

**૧૨૧૫ થી ૧૨૧૯.** લક્ષ્મણા આર્યાનો જીવ ચક્રવર્તીનું સ્ત્રીરત્ન થઈને છઠ્ઠી નરકે ગયો. ત્યાં નારકીનું મહાઘોર અતિભયંકર દુઃખ ત્રિકોણ નરકાવાસમાં લાંબો કાળ ભોગવીને અહીં આવીને તિર્યંચ યોનિમાં કૂતરીપણે ઉત્પન્ન થયો. ત્યાં કામનો ઉન્માદ થતા મૈથુન સેવવા લાગી. ત્યાં કોઈ ભેંસે યોનિમાં લાત મારી, ઘા પડ્યો, યોનિ બહાર લબડી ગઈ તેમાં દશ વર્ષ સુધી કૃમિઓ ઉત્પન્ન થઈને ફોલી ખાવા લાગી. ત્યાં મૃત્યુ પામીને ૯૯ વખત કાચા ગર્ભમાં ઉત્પન્ન થઈ, ગર્ભની વેદનામાં શેકાણી.

**૧૨૨૦ થી ૧૨૨૬.** પછી તે જીવ આજન્મ દારિદ્રીને ઘેર જન્મ્યો. પણ બે માસ પછી તેની માતા મૃત્યુ પામી. ત્યારે તેના પિતાએ ઘેરઘેર ફેરવી સ્તનપાન કરાવીને મહાકલેશથી જીવાડ્યો. પછી ગોકુળમાં ગોપાળ તરીકે રખડ્યો. ત્યાં ગાયોના વાછરડા પોતાની માતાનું સ્તનપાન કરતા હોય, તેમને દોરડાથી ખીલે બાંધીને દોહતો હતો. તે સમયે જે અંતરાય કર્મ ઉપાર્જન કર્યું, તેના કારણે લક્ષ્મણાના જીવે કોડાકોડી ભવો સુધી સ્તનપાન પ્રાપ્ત ન કર્યું. દોરડાથી બંધાતો, રોકાતો, સાંકળોથી જકડાતો, દમન કરાતો, માતા આદિ સાથે વિયોગ પામતો ઘણા ભવો ભટક્યો. પછી મનુષ્ય યોનિમાં ડાકણ સ્ત્રીપણે ઉત્પન્ન થયો.

હે ગૌતમ ! ત્યાં શ્વાનપાલકે તેને ઘાયલ કરી, છોડીને ચાલી ગયા. ત્યાંથી મૃત્યુ પામી, અહીં મનુષ્યપણુ પામી, શરીરદોષથી આ મહાપૃથ્વીમાં પાંચ ઘરવાળા ગામ, નગર, શહેર કે પટ્ટણમાં એક પ્રહર, અર્ધ પ્રહર કે ઘડીભર પણ સુખ ન પામી.

**૧૨૨૬ થી ૧૨૩૨.** ગૌતમ! તે મનુષ્યમાં પણ નારકીના દુઃખ સમાન અનેક રડારોળ કરાવતા ઘોર દુઃખો અનુભવીને તે લક્ષ્મણાનો જીવ અતિ રૌદ્ર ધ્યાનમાં મરીને સાતમી નરક પૃથ્વીમાં ખાડાહડ નરકાવાસમાં ઉત્પન્ન થયો. ત્યાં તેવા મહાદુઃખો અનુભવીને ૩૩–સાગરોપમ આયુ પૂર્ણ કરી વંધ્યા ગાયપણે ઉત્પન્ન થઈ. પારકા ખળા અને ખેતરમાં પરાણે પેસીને તેનું નુકસાન કરતી, વાડો ભાંગી નાંખી, ચરતી હતી. ત્યારે ઘણા લોકો ભેગા થઈને તેને તેવા કાદવવાળા સ્થાનમાં તગડી ગયા. તે તેમાં ખૂંચી ગઈ. બહાર નીકળી ન શકી. તેને જળચર જીવોએ ફોલી ખાધી. કાગડા–ગીધાદિ ચાંચ મારવા લાગ્યા. ક્રોધથી વ્યાપેલો તે ગાયનો જીવ મરીને જળ અને ધાન્ય વિનાના મારવાડ

દેશમાં રણમાં દષ્ટિવિષ સર્પ થયો. ત્યાંથી મરીને પાંચમી નરકે ગઈ.

**૧૨૩૩ થી ૧૨૩૯.** એ પ્રમાણે લક્ષ્મણા સાધ્વીનો જીવ, ગૌતમ ! લાંબો કાળ આકરું દુઃખ ભોગવતો ચારગતિ રૂપ સંસારમાં નારકી, તિર્યંચ અને કુમનુષ્યપણામાં ભમીને ફરી અહીં શ્રેણિક રાજાનો જીવ આવતી ચોવીસીમાં પદ્મનાભ નામે પહેલાં તીર્થંકર થશે. તેમના તીર્થમાં કુબ્જિકાપણે ઉત્પન્ન થશે.

દુર્ભાગ્યની ખાણ સમાન, ગામમાં કે પોતાની માતાને પણ જોવાથી આનંદ ન આપનારી, સર્વ લોકોને ઉદ્વેગ કરાવનારી લાગતા, મેશ ગેરુના લેપનું શરીરે વિલેપન કરી ગધેડા ઉપર સવારી કરાવીને ભ્રમણ કરાવશે. તેના શરીરે બંને પડખે પક્ષીના પીંછા લગાડશે. ખોખરા અવાજવાળુ ડિંડિમ આગળ વગાડશે. એમ ગામમાં ફેરવીને બીજા સ્થળે જવા કાઢી મૂકશે. ફરી ગામમાં પ્રવેશ પામી શકશે નહીં.

ત્યારે અરણ્યમાં વાસ કરતી તે કંદ–ફળનો આહાર કરતી રહેશે. નાભિના મધ્યભાગે ઝેરી છછુંદરના ડંખથી ઘણી વેદનાથી પરેશાન થયેલી, સર્વ શરીરે ગુમડા, દરાજ, ખરજવું આદિ ચર્મરોગો ઉત્પન્ન થશે, તેને ખણતી ઘોર દુઃસહ દુઃખ અનુભવશે.

**૧૨૪૦, ૧૨૪૧.** તેણી વેદના ભોગવતી હશે ત્યારે પદ્મનાભ તીર્થંકર સમવસરશે. તેમના તે દર્શન કરશે એટલે તુરંત જ તેના તથા બીજા તે દેશમાં રહેલા ભવ્ય જીવોના શરીર પણ વ્યાધિ અને વેદનાથી વ્યાપ્ત હશે તે સર્વે સમુદાયોના રોગો ભગવંતના દર્શનથી વિનાશ પામશે. ત્યારે તે કુબ્જિકા ઘોર તપ કરી દુઃખનો અંત પામશે.

**૧૨૪૨.** ગૌતમ ! આ તે લક્ષ્મણા આર્યા, કે જે અગીતાર્થતા વડે અલ્પ કલુષતાયુક્ત ચિત્તથી દુઃખની પરંપરા પામી.

**૧૨૪૩, ૧૨૪૪.** ગૌતમ ! જેમ લક્ષ્મણા આર્યા દુઃખ પરંપરા પામી તેમ કલુષિત ચિત્તવાળા અનંત અગીતાર્થો દુઃખ પરંપરા પામ્યા. માટે આ સમજીને **સર્વભાવથી સર્વથા ગીતાર્થ થવું કે ગીતાર્થની આજ્ઞામાં રહેવું** તેમજ અત્યંત શુદ્ધ સુનિર્મળ, વિમળ, શલ્યરહિત નિષ્કલુષ મનવાળા થવું. એમ કહું છું.

**૧૨૪૫ થી ૧૨૫૦.** જેમના ચરણકમળમાં પ્રણામ કરતા દેવો અને અનુસરતા મસ્તકના સંઘટ્ટ થયા છે એવા હે જગતગુરુ ! જગનાથ, ધર્મતીર્થંકર, ભૂત–ભાવિને જાણનાર, જેમણે તપસ્યાથી સમગ્ર કર્માંશોને બાળી નાંખેલા છે એવા, કામદેવશત્રુ વિદારક, ચારે કષાયોના સમૂહનો અંત કરનાર, ગાઢ અંધકાર નાશક, લોકાલોકને કેવળજ્ઞાનથી પ્રકાશિત કર્તા, મોહશત્રુને મહાત કરનાર, રાગ–દ્વેષ–મોહરૂપ ચોરોને દૂરથી ત્યાગ કરનાર, ૧૦૦ ચંદ્રો કરતા પણ અધિક સૌમ્ય, સુખકર્તા, અતુલ બલ, પરાક્રમ અને પ્રભાવવાળા, ત્રિભુવનમાં અજોડ, મહાયશ વાળા, નિરૂપમ રૂપવાળા, અતુલ્ય, શાશ્વત સ્વરૂપ મોક્ષના દાતા, સર્વ લક્ષણોથી સંપૂર્ણ, ત્રિભુવન લક્ષ્મીથી વિભૂષિત હે ભગવન્ ! પરિપાટીથી જે કંઈ સર્વે કરવામાં આવે તો કાર્યની પ્રાપ્તિ થાય, પણ અકસ્માત અનવસરે ઘેટાના દૂધની જેમ વગર ક્રમે કાર્યની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

**૧૨૫૧ થી ૧૨૫૩.** પહેલાં જન્મમાં સમ્યગ્દર્શન, બીજા જન્મમાં અણુવ્રતો, ત્રીજા જન્મમાં સામાયિક ચારિત્ર, ચોથા જન્મમાં પૌષધ, પાંચમામાં દુર્ધર બ્રહ્મચર્યવ્રત, છટ્ઠામાં સચિત્તનો ત્યાગ, એ રીતે સાતમા, આઠમા, નવમા, દશમા જન્મમાં પોતાના માટે તૈયાર કરેલ–દાન આપવા માટે સંકલ્પ કરાયેલ આહારાદિનો ત્યાગ, અગિયારમાં જન્મમાં શ્રમણ સમાન ગુણોવાળો થાય. આ ક્રમ પ્રમાણે સંયત માટે કેમ કહેતા નથી ?

**૧૨૫૪ થી ૧૨૫૬.** આવી કઠણ વાતો સાંભળી અલ્પબુદ્ધિક બાળજન ઉદ્વેગ પામે, કેટલાંકની શ્રદ્ધા ફરી જાય, જેમ સિંહના શબ્દથી હાથીનું હામ ભાંગી જાય તેમ બાલજન કષ્ટકારી ધર્મ સાંભળી દશે દિશામાં નાસી જાય, એવું આકરું સંયમ દુષ્ટ ઇચ્છાવાળો અને ખરાબ આદતવાળા સુકુમાલ શરીરી સાંભળવા પણ ન ઇચ્છે, તો તે પ્રમાણે વર્તવા તે કેમ તૈયાર થાય ? ગૌતમ ! તીર્થંકર સિવાય આ જગતમાં બીજા કોઈ આવું દુષ્કરવર્તન કરનાર હોય તો કહો.

**૧૨૫૭** થી **૧૨૬૦.** જેઓ ગર્ભમાં હતા ત્યારે પણ દેવેન્દ્રએ અમૃતમય અંગૂઠો કર્યો હતો. ભક્તિથી ઈન્દ્ર મહારાજા આહાર પણ આપતા હતા. નિરંતર સ્તુતિ કરતા હતા. દેવલોકથી જ્યારે તેઓ ચ્યવ્યા અને જેમના ઘેર અવતર્યા તેમના ઘેર તેમના પુન્ય પ્રભાવથી નિરંતર સુવર્ણની વૃષ્ટિ વરસતી હતી.

જેમના ગર્ભમાં ઉત્પન્ન થયો હોય, તે દેશમાં દરેક પ્રકારે ઈતિ–ઉપદ્રવો, મરકી, રોગો, શત્રુઓ તેમના પુન્ય પ્રભાવથી ચાલ્યા જાય, જન્મતાની સાથે આકંપિત સમુદાયો મેરુ પર્વત ઉપર સર્વ ઋદ્ધિથી ભગવંતનો સ્નાત્ર મહોત્સવ કરીને પોતાના સ્થાનકે ગયા.

**૧૨૬૧** થી **૧૨૬૬.** અહો ! તેમનું અદ્‌ભૂત લાવણ્ય, કાંતિ, તેજ, રૂપ પણ અનુપમ છે. જિનેશ્વરના માત્ર પગના અંગૂઠાના રૂપનો વિચાર કરીએ તો સર્વ દેવલોકમાં સર્વ દેવોનું રૂપ એકઠું કરીને, તેને કરોડો વખત કરોડોથી ગુણીએ, તો પણ ભગવંતના અંગૂઠાનું રૂપ ઘણુ જ વધી જાય, લાલચોળ ધગધગતા અંગારા વચ્ચે કાળો કોલસો મૂક્યો હોય તેટલો રૂપમાં તફાવત છે.

દેવતાના શરણ્ય, ગણજ્ઞાન યુક્ત, કલાસમૂહના આશ્ચર્યભૂત, લોકોના મનને આનંદ કરાવનારા, સ્વજન અને બંધુ પરિવારવાળા, દેવો અને અસુરોથી પૂજાયેલા, સ્નેહીવર્ગની આશા પૂરનારા, ભુવનમાં ઉત્તમ સુખના સ્થાન સમાન, પૂર્વભવે તપ કરી ઉપાર્જિત ભોગલક્ષ્મી ઐશ્વર્ય રાજવૈભવ જે કંઈ દિવસોથી ભોગવતા હતા તે અવધિજ્ઞાનથી જાણ્યું કે ખરેખર આ લક્ષ્મી દેખતા જ નાશ પામવાના સ્વભાવવાળી છે.

અહો! આ લક્ષ્મી પાપવૃદ્ધિકર છે. તો અમારા સરખા જાણવા છતાં હજુ કેમ ચારિત્ર સ્વીકાર કરતા નથી ?

**૧૨૬૭** થી **૧૨૬૯.** જેટલામાં આવા પ્રકારે મનોપરિણામ થાય છે, તેટલામાં લોકાંતિક દેવો તે જાણીને ભગવંતને વિનંતીપૂર્વક કહે છે – ભગવન્ ! જગત્ જીવ હિતકર એવું ધર્મતીર્થ આપ પ્રવર્તાવો.

તે સમયે સર્વ પાપો વોસિરાવી, દેહ મમત્વ ત્યાગી, સર્વ જગતમાં સર્વોત્તમ એવા વૈભવનો તણખલા માફક ત્યાગ કરી, ઈન્દ્રોને પણ દુર્લભ એવા નિઃસંગ, ઉગ્ર, કષ્ટકારી, ઘોર, અતિદુષ્કર, સમગ્ર જગતમાં ઉત્કૃષ્ટ તપ અને મોક્ષના અસાધારણ કારણરૂપ ચારિત્રને સેવે.

**૧૨૭૦** થી **૧૨૭૪.** જેઓ વળી મસ્તક ફૂટી જાય તેવા મોટા અવાજ કરનારા આ જન્મના સુખાભિલાષી, દુર્લભ વસ્તુની ઈચ્છા કરનારા હોવા છતાં પણ મનોવાંછિત પદાર્થ સહેલાઈથી મેળવી શકતા નથી.

હે ગૌતમ ! જેટલું માત્ર મધનુ બિંદુ છે, તેટલું માત્ર સુખ મરણાંત કષ્ટ સહન કરે તો પણ મેળવી શકતા નથી. તેમનું અજ્ઞાન કેટલું ગણવું ?

અથવા હે ગૌતમ ! જેવા મનુષ્યો છે તે તું પ્રત્યક્ષ જો કે જેઓ તુચ્છ અલ્પ સુખનો અનુભવ કરે છે, જેને કોઈ પણ મનુષ્ય સાંભળવા પણ તૈયાર નથી.

કેટલાંક મનુષ્યો કીરમજી રંગ કરવા માટે મનુષ્યોના શરીર પુષ્ટ બનાવવાને તેના લોહી બળાત્કારે કાઢે છે, કોઈક ખેડૂતનો ધંધો કરાવે છે, કોઈક ગોવાળ કાર્ય કરાવે છે. દાસપણું, સેવકપણું આદિ, નોકરી, ખેતી કે પ્રાણત્યાગ થાય તેવા કલેશ, પરિશ્રમ, સાહસોવાળા કાર્યો, દારિદ્ર, અવૈભવપણુ ઈત્યાદિ તથા ઘેર–ઘેર ભટકવું થાય.

**૧૨૭૫** થી **૧૨૭૮.** બીજા ન દેખે તેમ પોતાને છૂપાવીને ઢિણીં ઢિણીં શબ્દો કરતા ચાલે, નગ્ન ઉઘાડા શરીર વાળો કલેશ અનુભવતો ચાલે જેથી પહેરવાના કપડાં મળે, તે પણ જૂના ફાટેલા મહામુસીબતે મેળવ્યા હોય. તે ફાટેલા વસ્ત્રો આજે સાંધીશ, કાલે સાંધીશ એમ કરીને તેવા જ ફાટેલા પહેરે અને વાપરે, તો પણ ગૌતમ ! સ્પષ્ટ સમજ કે ઉપરોક્ત પ્રકારોમાંથી કોઈકે લોક લોકાચાર અને સ્વજનનો ત્યાગ કરીને ભોગોપભોગ તેમજ દાનાદિ છોડીને ખરાબ ભોજન થાય છે.

**૧૨૭૯**, **૧૨૮૦.** દોડાદોડ કરીને, છૂપાવીને, બચાવીને, લાંબો કાળ રાતદિવસ ખીજાઈને, અલ્પપ્રમાણ ધન

એકઠું કર્યું, તેનો પણ અર્ધ ભાગ, ચોથો ભાગ, વીસમો ભાગ મોકલ્યો,

કોઈ પ્રકારે ક્યાંયથી લાંબાકાળે લાખ કે ક્રોડ પ્રમાણ ધન ભેગું કર્યું. જ્યાં એક ઈચ્છા પૂર્ણ થઈ કે તુરંત બીજી ઈચ્છા ઊભી થાય, પણ મનોરથો પૂર્ણ થતા નથી.

૧૨૮૧ થી ૧૨૮૩. ગૌતમ ! આવા દુર્લભ પદાર્થોની ઈચ્છા અને સુકુમારપણું ધર્મારંભ સમયે પ્રાપ્ત થાય છે, પણ કર્મારંભમાં તે આવીને વિઘ્ન કરતા નથી. કારણ કે એક કોઈકના મુખમાં કોળિયો ચાલુ છે, ત્યાં તો બીજો આવીને તેની પાસે શેરડીના ટૂકડાને ધરે છે. ભૂમિ ઉપર પગ પણ સ્થાપન કરતો નથી અને લાખો સ્ત્રીઓ સાથે ક્રીડા કરે છે. આવાને પણ બીજા અધિક સમૃદ્ધિવાળાને સાંભળીને એમ થાય કે તેની માલિકીના દેશોને હું સ્વાધીન કરી મારી આજ્ઞા મનાવું.

૧૨૮૪ થી ૧૨૮૯. સીધી આજ્ઞા ન માને તો શામ, ભેદ, દામ, દંડ વગેરે નીતિઓનો પ્રયોગ કરીને પણ આજ્ઞા મનાવવી તેની પાસેની સૈન્યાદિ સામગ્રીનું પ્રમાણ જાણવાને ગુપ્તચરો દ્વારા તપાસ કરાવે અથવા ગુપ્ત ચરિત્રથી પોતે પહેરેલાં કપડે એકલો જાય, મોટા પર્વતો, કીલ્લા, અરણ્યો, નદીઓ ઉલ્લંઘી લાંબા કાળે અનેક દુઃખ કલેશ સહન કરતો ત્યાં પહોંચે, ભૂખથી દુર્બળ કંઠવાળો, દુઃખે કરી ઘેર–ઘેર ભટકી ભિક્ષાની યાચના કરતો કોઈ પણ પ્રકારે તે રાજ્યોના છિદ્રો અને ગુપ્તતા જાણવા પ્રયત્ન કરે, છતાં જાણી ન શકે.

પછી જો કોઈ પ્રકારે જીવતો રહ્યો અને પુન્ય પાંગર્યું હોય તો પછી દેહ અને વેષનું પરાવર્તન કરીને તેવો તે ગૃહમાં પ્રવેશ કરે, તે સમયે તેને તમે કોણ છો ? એમ પૂછે ત્યારે તે ભોજનાદિમાં પોતાનું ચરિત્ર પ્રગટ કરે યુદ્ધ માટે સજ્જ થઈ સર્વ સેના વાહનાદિથી તે રાજાને હરાવે.

૧૨૮૯ થી ૧૨૯૨. કદાચ તે રાજાથી પરાભવ પામે તો ઘણા પ્રહાર વાગવાથી ગળતા લોહીથી ખરડાયેલા શરીરવાળો હાથી, ઘોડા અને આયુધોથી વ્યાપ્ત રણભૂમિમાં નીચા મુખવાળો નીચે ગબડી પડે, તો હે ગૌતમ ! ત્યારે ગમે તેવી દુર્લભ વસ્તુની ઈચ્છા, ખોટી ટેવો અને સુકુમાલપણુ ક્યાં ચાલ્યા ગયા ? જે માત્ર પોતાના હાથે પોતાનો અધોભાગ ધોઈને કદાપિ પણ ભૂમિ ઉપર પગ સ્થાપવા વિચારતો નથી. જે દુર્લભ પદાર્થોની અભિલાષાવાળો છે, તેવો મનુષ્ય પણ આવી અવસ્થા પામ્યો.

૧૨૯૩ થી ૧૨૯૭. જો તેને કહેશો કે મહાનુભવ ધર્મ કર તો પ્રત્યુત્તર મળશે કે તે કરવા હું સમર્થ નથી.

તો હે ગૌતમ ! અધન્ય નિર્ભાગી, પાપકર્મ એવા પ્રાણીઓને ધર્મસ્થાનોમાં પ્રવૃત્તિ કરવાની કદાપિ પણ બુદ્ધિ થતી નથી. તેવાઓને આ ધર્મ એક જન્મમાં થાય તેવો સહેલો કહેવો. જેમ ખાતા–પીતા અમને સર્વ થશે. તો જે જેને ઈચ્છે તે તેની અનુકૂળતા પ્રમાણે ધર્મ પ્રવેદન કરવો.

તો વ્રત–નિયમ કર્યા વિના પણ જીવો મોક્ષને ઈચ્છે છે, તેવા પ્રાણીને રોષ ન થાય, તે રીતે તેમને ધર્મ કથન કરવો પણ તેમને સીધું મોક્ષનું કથન ન કરવું, એવાનો મોક્ષ થાય નહીં અને મૃષાવાદ લાગે.

૧૨૯૭ થી ૧૩૦૨. તીર્થંકર ભગવંતોને પણ રાગ, દ્વેષ, મોહ, ભય, સ્વચ્છંદ વર્તન ભૂતકાળમાં હતું નહીં અને ભાવિમાં થશે નહીં.

હે ગૌતમ ! તીર્થંકરો કદાપિ મૃષાવાદ ન બોલે, કેમ કે તેમને કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે. આખું જગત સાક્ષાત દેખે છે. ભૂત–ભાવિ–વર્તમાન, પુન્ય–પાપ તેમજ ત્રણે લોકમાં જે કંઈ છે તે સર્વ તેમને પ્રગટ છે.

કદાચ પાતાળ ઉર્ધ્વમુખ થઈ સ્વર્ગમાં ચાલ્યું જાય, સ્વર્ગ અધોમુખ થઈ નીચે જાય તો પણ નક્કી તીર્થંકરનું વચન ફેરફાર ન પામે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, ઘોર અતિ દુષ્કર તપ, સદ્‌ગતિનો માર્ગ વગેરેને યથાસ્થિત પ્રગટપણે પ્રરૂપે છે. અન્યથા તે તીર્થંકર નથી.

**૧૩૦૩, ૧૩૦૪.** કદાચ તત્કાળ આ ભુવનનો પ્રલય થાય તો પણ તેઓ સર્વ જગતના જીવો, પ્રાણીઓ, ભૂતોનો એકત્વ હિત થાય તે પ્રમાણે અનુકંપાથી યથાર્થ ધર્મને કહે છે, જે ધર્મને સારી રીતે આચરવામાં આવે તો તેને દુર્ભાગતાનું દુઃખ, દારિદ્ર, રોગ, શોક અને દુર્ગતિનો ભય થતો નથી. સંતાપ અને ઉદ્વેગ પણ થતા નથી.

**૧૩૦૫, ૧૩૦૬.** ભગવન્ ! અમો એમ કહેવા માંગતા નથી કે અમારી સ્વેચ્છાથી વર્તન કરીએ. માત્ર એટલું પૂછીએ છીએ કે જે જેટલું શક્ય હોય તેટલું તે કરી શકે ? ગૌતમ ! તેમ કરવું યુક્ત નથી, તેમ ક્ષણવાર મનથી ચિંતવવું હિતાવહ નથી, જો એમ જાણે તો ધારવું કે તેનું બળ હણાયેલું છે.

**૧૩૦૭ થી ૧૩૧૦.** એક મનુષ્ય ઘેબર–ખાંડની જેમ રાબડી ખાવા સમર્થ થાય છે, બીજો માંસ સહિત મદિરા, ત્રીજો સ્ત્રી સાથે રમવા શક્તિમાન હોય, ચોથો એ પણ ન કરી શકે.

કોઈ બીજો તર્ક કરવા પૂર્વક પક્ષની સ્થાપના કરે, બીજો કલેશ કરવાના સ્વભાવવાળો આ વાદ–વિવાદ ન કરી શકે. એક બીજાનું કરેલ જોયા કરે, બીજો બડબડાટ કરે.

કોઈ ચોરી કરે, કોઈ જાર કર્મ કરે, કોઈક કાંઈક પણ કરી ન શકે. કેટલાક ભોજન કરવા કે પોતાની પથારી છોડવા સમર્થ ન થાય. માંચા ઉપર બેસી રહેવા સમર્થ થાય.

ગૌતમ ! ખરેખર 'મિચ્છામિ દુક્કડમ્' પણ આવા પ્રકારનું આપવાનું અમે કહેતા નથી, બીજું પણ તું કહે છે, તેનો તને જવાબ આપું.

**૧૩૧૧ થી ૧૩૧૩.** કોઈ મનુષ્ય આ જન્મમાં સમગ્ર ઉગ્ર સંયમ તપ કરવા સમર્થ ન થાય તો પણ સદ્‌ગતિ મેળવવાની અભિલાષાવાળો છે. પક્ષીના દૂધનો, એક કેશ ઉખડવાનો, રજોહરણની એક દશી ધારણ કરવી–તેવા નિયમવાળો છે, પણ આટલા નિયમ પણ જાવજ્જીવ પાળવા સમર્થ નથી. હે ગૌતમ ! તેને માટે તારી બુદ્ધિથી સિદ્ધિનું ક્ષેત્ર આના કરતા કોણ બીજું હશે ?

**૧૩૧૪ થી ૧૩૧૭.** ફરી તને આ પૂછેલાનો પ્રત્યુત્તર આપું છું કે ચાર જ્ઞાનના સ્વામી, દેવો–અસુરો અને જગતના જીવોથી પૂજાયેલા, નિશ્ચિત તે જ ભવે મુક્તિ પામનારા છે. આગળ બીજો ભવ નથી જ થવાનો તો પણ પોતાનું બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ છૂપાવ્યા વિના ઉગ્ર કષ્ટમય ઘોર દુષ્કર તપનું સેવન કરે છે.

**તો પછી ચારગતિ સ્વરૂપ સંસારના જન્મ મરણાદિ દુઃખથી ભયભીત બીજા જીવોએ તો તીર્થંકર કરેલ આજ્ઞા પ્રમાણે યથાવસ્થિત અનુષ્ઠાનો કરવા જ જોઈએ.**

**૧૩૧૮ થી ૧૩૨૩.** ગૌતમ ! પૂર્વે તેં જ કહેલું કે પરિપાટી ક્રમાનુસાર કહેલા અનુષ્ઠાનો કરવા જોઈએ.

ગૌતમ! દષ્ટાંત સાંભળ – મોટા સમુદ્રમાં બીજા અનેક મગર–મત્સ્યો આદિના અથડાવાથી ભય પામેલો કાચબો જળમાં બુડાબુડ કરતો, ક્યાંક બીજા જંતુથી બટકા ભરાતો, દુઃખાતો, ઊંચે ફેંકાતો, ધક્કા ખાતો, ગળી જવાતો, ત્રાસ પામતો, નાસતો, દોડતો, પલાયન થતો, દરેક દિશામાં ઉછળતો, પડતો, પછડાતો, કૂટાતો ત્યાં અનેક પરેશાની ભોગવતો સહેતો ક્ષણવાર પલકારા જેટલો કાળ પણ ક્યાંય મુશ્કેલીથી સ્થાન ન પામતો, દુઃખથી સંતાપ પામતો, ઘણા લાંબા કાળે, જળને અવગાહતો ઉપરના ભાગે પહોંચ્યો,

ઉપરના ભાગે પદ્મિનીનું ગાઢુ વન હતું. તેમાં લીલ ફૂગના ગાઢ પડથી કંઈપણ ઉપરના ભાગે દેખાતું ન હતું. પરંતુ આમતેમ ફરતા મહામુશ્કેલીથી જામેલ નીલફુગમાં છિદ્ર મેળવીને જોયું તો તે સમયે શરદપૂર્ણિમા હોવાથી નિર્મળ આકાશમાં ગ્રહ–નક્ષત્રોથી પરિવરેલ પૂનમનો ચંદ્ર જોવામાં આવ્યો.

**૧૩૨૪ થી ૧૩૨૮.** વળી વિકસીત, શોભાયમાન, નીલકમળ–શ્વેતકમળ આદિ તાજી વનસ્પતિ, મધુર શબ્દ બોલતા હંસો, કારંડ પક્ષીઓ, ચક્રવાકો આદિને સાંભળતો હતો. સાતમી વંશ પરંપરામાં પણ કદી ન જોયેલ એવા અદ્‌ભૂત તેજસ્વી ચંદ્ર મંગલને જોઈને ક્ષણવારમાં ચિંતવવા લાગ્યો કે શું આ સ્વર્ગ હશે ? તો હવે આનંદ આપનારા આ

દૃશ્યને મારા બંધુને બતાવું.

એમ વિચારી પાછો ઊંડા જળમાં પોતાના બંધુઓને બોલાવવા ગયો. ઘણા લાંબા કાળે તેમને શોધીને સાથે લાવીને પાછો આવ્યો. ગાઢ ઘોર અંધકારવાળી ભાદરવી કૃષ્ણ ચૌદશની રાત્રે પાછો આવ્યો. તેથી પૂર્વે જોયેલી સમૃદ્ધિ જ્યારે જોવા ન પામ્યો ત્યારે આમ-તેમ ઘણા કાળ સુધી ફર્યો. તો પણ શરદ પૂર્ણિમાની રાત્રિની શોભા જોવાને સમર્થ થઈ શકતો નથી.

**૧૩૨૮, ૧૩૨૯.** તે જ પ્રમાણે ચારે ગતિ સ્વરૂપ ભવસમુદ્રના જીવને મનુષ્યપણુ મેળવવુ દુર્લભ છે, તે મળી ગયા પછી અહિંસા લક્ષણવાળા ધર્મને પામીને જે પ્રમાદ કરે છે, તે અનેક લાખો ભવે પણ દુઃખેથી ફરી મેળવી શકાય તેવું મનુષ્યપણુ મેળવીને પણ જેમ કાચબો ફરી તે સમૃદ્ધિ જોવા ન પામ્યો, તેમ જીવ પણ સુંદર ધર્મની સમૃદ્ધિ પામવા સમર્થ થઈ શકતો નથી.

**૧૩૩૦ થી ૧૩૩૩.** બે-ત્રણ દિવસની બહારગામની મુસાફરી કરવાની હોય તો સર્વાદરથી માર્ગની જરૂરિયાતો, ખાવાનુ ભાતુ આદિ લઈને પછી પ્રયાણ કરે છે, તો પછી ૮૪-લાખ યોનિવાળા સંસારની ચાર ગતિની લાંબી મુસાફરીના પ્રવાસ માટે તપ, શીલ, સ્વરૂપ ધર્મનુ ભાથુ કેમ વિચારતા નથી ?

જેમ જેમ પ્રહર, દિવસ, માસ વર્ષ સ્વરૂપ સમય પસાર થાય છે, તેમ તેમ મહાદુઃખમય મરણ નજીક આવી રહેલ છે, તે સમજ. જેની કાળ-વેળાદિનું કોઈને જ્ઞાન થતું નથી, કદાચ થાય તો પણ કોઈ અજર-અમર થયો નથી અને થશે નહીં.

**૧૩૩૪.** પ્રમાદિત થયેલ આ પાપી જીવ સંસારના કાર્યમાં અપ્રમત્ત બની ઉદ્યમ કરે છે. તેને દુઃખો થવા છતાં તે કંટાળતો નથી અને ગૌતમ ! તેને સુખોથી પણ તૃપ્તિ થતી નથી.

**૧૩૩૫ થી ૧૩૩૮.** આ જીવે સેંકડો જાતિઓમાં ઉત્પન્ન થઈને જેટલા શરીરોનો ત્યાગ કર્યો છે, પણ તેમાં થોડા શરીરોથી પણ ત્રણે સમગ્ર ભુવનો પણ ભરાઈ જાય.

શરીરોમાં પણ જે નખ, દાંત, મસ્તક, ભ્રમર, આંખ, કાન વગેરે અવયવોનો ત્યાગ કર્યો છે તે દરેકના જુદા જુદા ઢગલા કરીએ તો તેના પણ મેરુ પર્વત જેટલા ઊંચા ઢગલા થાય.

સર્વે જે ગ્રહણ કરેલો આહાર છે તે સમગ્ર અનંતગુણ એકઠો કરાય તો હિમવંત મલય, મેરુ પર્વત કે દ્વીપ સમુદ્રો અને પૃથ્વીના ઢગલા કરતા પણ આહારના ઢગલા અધિક થાય.

ભારે દુઃખથી આ જીવે પાડેલ આંસુનુ સર્વ જળ એકઠું કરીએ તો કૂવા, તળાવ કે સમુદ્રમાં પણ ન સમાઈ શકે.

**૧૩૩૯ થી ૧૩૪૧.** માતાના સ્તનપાન કરી પીધેલા દૂધો પણ સમુદ્ર જળ કરતા અતિ વધી જાય.

અનંત સંસારમાં સ્ત્રીની યોનિ અનેક છે. તેમાં માત્ર એક કૂતરી સાત દિન પહેલા મૃત્યુ પામી હોય, તેની યોનિ સડી ગઈ હોય, તેના મધ્યભાગે માત્ર કૃમિપણે ઉત્પન્ન થયેલા જીવોના કલેવરોને એકઠા કરીને સાતમી નરકથી સિદ્ધિક્ષેત્ર સુધી ચૌદ રાજપ્રમાણ લોક જેવડો ઢગલો કરો તો યોનિમાં ઉત્પન્ન તે કૃમિ કલેવરના અનંત ઢગ થાય.

**૧૩૪૨ થી ૧૩૪૬.** આ જીવે અનંતકાળ સુધી કામભોગોને અહીં ભોગવેલા છે, છતાં હંમેશા વિષયસુખો અપૂર્ણ લાગે છે. લુખસ ખણજની પીડાવાળો શરીરને ખણતો દુઃખને સુખ માને છે. તેમ મોહમાં મુંઝાયેલ મનુષ્યો કામના દુઃખને સુખરૂપ માને છે. જન્મ-જરા-મરણથી થનારા દુઃખોને જાણે છે, અનુભવે છે. તે પણ દુર્ગતિમાં જતો જીવ વિષયમાં વિરક્ત બનતો નથી.

સૂર્ય-ચંદ્રાદિ સર્વે ગ્રહોથી ચડિયાતો, સર્વે દોષોને પ્રવર્તાવનાર દુરાત્મા આખા જગતને પરાભવ કરનારા કામાધીન બનેલાને પરેશાન કરનાર હોય તો દુરાત્મા મહાગ્રહ એવો કામગ્રહ છે. અજ્ઞાની જડાત્મા જાણે છે કે ભોગ ઋદ્ધિથી સંપત્તિ એ જ સર્વ ધર્મનું ફળ છે, તો પણ અતિશય મૂઢ હૃદયથી પાપો કરીને દુર્ગતિમાં જાય છે.

**૧૩૪૭** થી **૧૩૪૯.** જીવના શરીરમાં વાત, પિત્ત, કફ, ધાતુ જઠરાગ્નિ આદિના ક્ષોભથી ક્ષણવારમાં મૃત્યુ થાય છે. તો ધર્મમાં ઉદ્યમ કરો અને ખેદ ન પામો. આવો ધર્મનો સુંદર યોગ મળવો દુર્લભ છે. આ સંસારમાં જીવને પંચેન્દ્રિય પણુ, મનુષ્યપણુ, આર્યત્વ, ઉત્તમકુળમાં જન્મ, સાધુ સમાગમ, શાસ્ત્ર શ્રવણ, તીર્થંકર વચનમાં શ્રદ્ધા, આરોગ્ય, પ્રવ્રજ્યાદિની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. તે સર્વે પ્રાપ્ત થવા છતાં શુળ, સર્પ, ઝેર, વિશુચિકા, જળ, શસ્ત્ર, અગ્નિ, ચકરી આદિના કારણે મુહૂર્ત્ત માત્રમાં જીવ મૃત્યુ પામી બીજા દેહમાં સંક્રમણ કરે છે.

**૧૩૫૦** થી **૧૩૫૪.** જ્યાં સુધી આયુષ્ય થોડું પણ ભોગવવું બાકી છે, જ્યાં સુધી હજુ અલ્પ પણ વ્યવસાય કરી શકો છો, ત્યાં સુધીમાં આત્મહિત સાધી લો. નહીં તો પાછળથી પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ સાંધશે.

ઇંદ્ર ધનુષ, વીજળી, દેખતા જ ક્ષણમાં અદૃશ્ય થાય તેવા સંધ્યાના રાગો અને સ્વપ્ન સમાન આ દેહ છે, જે કાચા માટીના ઘડામાં ભરેલા જળની જેમ ક્ષણવારમાં પીગળી જાય છે. આટલું સમજીને જ્યાં સુધીમાં આવા ક્ષણભંગુર દેહથી છૂટકારો ન થાય ત્યાં સુધીમાં ઉગ્ર કષ્ટકારી ઘોર તપનું સેવન કરો. આયુક્રમ ક્યારે તૂટશે તેનો ભરોસો નથી.

ગૌતમ ! હજાર વર્ષ સુધી અતિ વિપુલ પ્રમાણમાં સંયમનું સેવન કરનારને પણ છેલ્લે કંડરિકની જેમ ક્લિષ્ટ ભાવ શુદ્ધ થતો નથી. કેટલાક મહાત્માઓ જે પ્રમાણે શીલ અને શ્રામણ્ય ગ્રહણ કર્યું હોય તે પ્રમાણે પુંડરિક મહર્ષિવત્ અલ્પકાળમાં કાર્યને સાધી લે.

**૧૩૫૫**, **૧૩૫૬.** જન્મ, જરા, મરણના દુઃખથી ઘેરાયેલા આ જીવને સંસારમાં સુખ નથી, માટે **મોક્ષ જ એકાંત ઉપદેશ–ગ્રહણ કરવા લાયક છે.** હે ગૌતમ ! સર્વ પ્રકારે અને સર્વ ભાવોથી મોક્ષ મેળવવા માટે મળેલો માનવભવ સાર્થક કરવો.

**મહાનિશીથ સૂત્ર, અધ્યયન-૬ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૭ 'પ્રાયશ્ચિત્ત સૂત્ર' [ચૂલિકા-૧ 'એકાંતનિર્જરા']

**૧૩૫૭ થી ૧૩૫૯.** ભગવન્ ! આ દૃષ્ટાંત પૂર્વે આપે કહેલ હતું. પરિપાટી મુજબ – તે પ્રાયશ્ચિત્ત આપ મને કેમ કહેતા નથી ?

હે ગૌતમ! જો તું તેનું અવલંબન કરે તો પ્રાયશ્ચિત્ત તે ખરેખર તારો પ્રગટ વિચારધર્મ છે અને સુંદર વિચાર કરેલો ગણાય.

ફરી ગૌતમે પૂછતા ભગવંતે કહ્યું – **જ્યાં સુધી દેહમાં આત્મામાં સંદેહ હોય ત્યાં સુધી નક્કી મિથ્યાત્વ હોય અને તેનું પ્રાયશ્ચિત્ત ન હોય.**

**૧૩૬૦, ૧૩૬૧.** જે આત્મા મિથ્યાત્વથી પરાભવિત હોય, તીર્થંકરના વચનને વિપરીતપણે બોલે, તેમનું વચન ઉલ્લંઘન કરે, તેમ કરનારને પ્રશંસે તો તેવો વિપરીત બોલનાર ઘોર ગાઢ અંધકાર અને અજ્ઞાનપૂર્ણ પાતાળ નરકમાં પ્રવેશનારો થાય છે.

પણ જે સુંદર રીતે એવી વિચારણા કરે છે કે – તીર્થંકર ભગવંતો આમ કહે છે અને પોતે તે પ્રમાણે વર્તે છે.

**૧૩૬૨, ૧૩૬૩.** ગૌતમ ! એવા પણ પ્રાણી હોય છે, જેઓ જેમ-તેમ પ્રવ્રજ્યા લઈને તેવી અવિધિથી ધર્મ સેવે છે કે જેથી સંસારથી મુક્ત ન થાય.

ભગવન્ ! તે વિધિ શો ? ગૌતમ ! તે આ પ્રમાણે–

**૧૩૬૩ થી ૧૩૬૫.** ચૈત્યવંદન, પ્રતિક્રમણ, જીવાદિ તત્ત્વોના સદ્‌ભાવની શ્રદ્ધા, પાંચ સમિતિ, પંચેન્દ્રિયનું દમન, ત્રણ ગુપ્તિ, ચારે કષાયનો નિગ્રહ, તે સર્વેમાં સાવધાની રાખવી.

સાધુપણાની સામાચારી તથા ક્રિયા કલાપ જાણીને વિશ્વસ્ત થઈ તે દોષોની આલોચના કરીને શલ્યરહિત થયેલો, ગર્ભાવાસાદિના દુઃખના કારણે અતિ સંવેગ પામેલો, જન્મ-જરા-મરણાદિના દુઃખથી ભયભીત, ચારગતિરૂપ સંસારના કર્મ બાળવાને નિરંતર હૃદયમાં આ પ્રમાણે ધ્યાન કરતો હોય છે.

**૧૩૬૬ થી ૧૩૬૮.** જરા, મરણ અને કામની પ્રચૂરતાવાળા રોગ, કલેશ આદિ બહુવિધ તરંગવાળા, આઠ કર્મો અને ચાર કષાયરૂપ જળચરો વડે ભરપૂર ઊંડાણવાળા ભવસમુદ્રમાં આ મનુષ્યપણામાં સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્રરૂપ ઉત્તમ નાવ પામીને જો ભ્રષ્ટ થયો તો દુઃખાંત રહિત હું અપાર સંસાર સમુદ્રમાં લાંબો કાળ આમ-તેમ કૂટાતો-અથડાતો ભમીશ તો એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે હું શત્રુ અને મિત્ર પ્રતિ સમાન પક્ષવાળો, નિઃસંગ, નિરંતર શુભધ્યાનમાં રહેનારો બનીશ. તેમજ ફરી ભવ ન કરવા પડે તેવા પ્રયત્ન કરીશ.

**૧૩૬૯ થી ૧૩૭૧.** આ પ્રમાણે લાંબા કાળથી ચિંતવેલા મનોરથો સન્મુખ થયેલો, તે રૂપ મહાસંપત્તિના હર્ષથી ઉલ્લસિત, ભક્તિ અનુગ્રહ વડે નિર્ભર બની નમસ્કાર કરતો, રોમાંચ ખડા થવાથી રોમેરોમ વ્યાપેલા આનંદ અંગવાળો, ૧૮૦૦૦ શીલાંગ ધારણ કરવા ઉત્સાહપૂર્વક ઊંચા કરેલ ખભાવાળો, ૩૬ પ્રકારે આચાર પાલન માટે ઉત્કંઠિત, નાશ કરેલ સમગ્ર મિથ્યાત્વવાળો, મદ-માન-ઈર્ષ્યા-ક્રોધાદિ દોષથી મુક્ત થયેલો. મમતા અને અભિમાન રહિત, પ્રવ્રજ્યા સ્વીકારી હે ગૌતમ ! આ રીતે વિચરે–

**૧૩૭૨, ૧૩૭૩.** પક્ષી માફક કોઈ પદાર્થ કે સ્થાનની મમતાથી રહિત, જ્ઞાન-દર્શન-ચારિત્રમાં ઉદ્યમી, ધન-સ્વજનાદિ સંગરહિત, ઘોર પરીષહ-ઉપસર્ગાદિને પ્રકર્ષપણે જીતતો, ઉગ્ર અભિગ્રહ પ્રતિમાદિને સ્વીકારતો, રાગદ્વેષને દૂરથી છોડતો, દુર્ધ્યાનરહિત, વિકથા અરસિક હોય.

**૧૩૭૪, ૧૩૭૫.** જો કોઈ બાવના ચંદનના રસથી શરીરાદિનું વિલેપન કરે અથવા કોઈ વાંસળાથી છોલે, કોઈ તેના ગુણની સ્તુતિ કરે કે અવગુણોની નિંદા કરે, બંને ઉપર સમાન ભાવ રાખનારો,

એ પ્રમાણે બળ, વીર્ય, પુરુષાર્થ–પરાક્રમને ન છૂપાવતો, તૃણ–મણિ કે ઢેફું–કંચન પ્રતિ સમાન મનવાળો, સ્ત્રી પુત્ર સ્વજન મિત્ર બાંધવ ધનધાન્ય સોનું રૂપું મણિ–રત્ન શ્રેષ્ઠ ભંડારનો ત્યાગ કરનાર, અત્યંત પરમ વૈરાગ્ય વાસનાને, ઉત્પન્ન કરેલા શુભ પરિણામના કારણે સુંદર ધર્મશ્રદ્ધાયુક્ત અક્લિષ્ટ નિષ્કલુષ અદીન મનવાળો, વ્રત–નિયમ–જ્ઞાન–ચારિત્ર–તપ આદિ સમગ્ર ભુવનમાં અદ્વિતીય, મંગલ સ્વરૂપ, અહિંસા લક્ષણ યુક્ત ક્ષમાદિ દશવિધ ધર્માનુષ્ઠાનમાં એકાંત સ્થિર લક્ષણવાળો.

સર્વ આવશ્યક, તે–તે કાલે કરવા યોગ્ય સ્વાધ્યાય અને ધ્યાનમાં ઉપયોગવાળો, અસંખ્યાતા અનેક સમગ્ર સંયમ સ્થાનકો વિશે અસ્ખલિત કરણવાળો, સમસ્ત પ્રકારે પ્રમાદ પરિહાર માટે યતનાવાન અને હવે પછી ભૂતકાળના અતિચારો નિંદતો, ભાવિમાં સંભવિત અતિચારોને સંવરતો, તે અતિચારોથી અટકેલો,

તેથી વર્તમાનમાં અકરણીયરૂપે પાપકર્મનો ત્યાગી, સર્વ દોષોથી રહિત, વળી સંસાર વૃદ્ધિના મૂલ એવા નિયાણાથી રહિત અર્થાત્ આલોક–પરલોકના બાહ્ય સુખોની અભિલાષાથી ધર્મ ન કરતો, માયામૃષાવાદનો ત્યાગી,

એવા સાધુ–સાધ્વી ઉક્ત ગુણોથી યુક્ત જો કોઈ પ્રકારે પ્રમાદદોષથી વારંવાર ક્યાંક કોઈક સ્થાને મન–વચન–કાયાથી કરણ વિશુદ્ધિથી સર્વભાવે સંયમ આચરતા કે અસંયમથી સ્ખલન પામે તો તેને વિશુદ્ધિ સ્થાન માત્ર પ્રાયશ્ચિત્ત છે.

ગૌતમ ! તે કારણે તેને પ્રાયશ્ચિત્ત વિશુદ્ધિનો ઉપદેશ દેવો પણ બીજા પ્રકારે નહીં. તેમાં જે–જે પ્રાયશ્ચિત્તના સ્થાનકોમાં જ્યાં જ્યાં જેટલું પ્રાયશ્ચિત્ત કહ્યું છે તેને જ નિશ્ચિત પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

ભગવન્ ! કયા કારણે તેને નિશ્ચિત પ્રાયશ્ચિત્ત કહે છે ?

ગૌતમ! આ પ્રાયશ્ચિત્ત સૂત્રો અનંતર અનંતર ક્રમવાળા છે. અનેક ભવ્ય આત્મા ચતુર્ગતિ સંસારના કેદખાનામાંથી બદ્ધ, સ્પૃષ્ટ, નિકાચિત, દુઃખે કરી મુક્ત કરી શકાય તેવા ઘોર પૂર્વભવમાં કરેલા કર્મોરૂપ બેડીનો ચૂરો કરીને જલદી મુક્ત થશે.

આ પ્રાયશ્ચિત્ત સૂત્ર અનેક ગુણસમુદ્રથી યુક્ત, દૃઢવ્રત અને ચારિત્રવંત હોય, એકાંતે યોગ્ય હોય તેવાને આગળ કહીશું તેવા પ્રદેશમાં ચાર કાન જ સાંભળે તેમ ભણાવવું, પ્રરૂપવું તથા જેની જેટલા પ્રાયશ્ચિત્તથી શ્રેષ્ઠ વિશુદ્ધિ થાય તેમ તેને રાગદ્વેષ રહિતપણે, ધર્મમાં અપૂર્વ રસ ઉત્પન્ન થાય તેવા વચનોથી ઉત્સાહરહિત કરવાપૂર્વક યથાસ્થિત અન્યૂનાધિક તેવું પ્રાયશ્ચિત્ત આપવું.

એ કારણે એમ કહ્યું છે કે હે ગૌતમ ! તેવું જ પ્રાયશ્ચિત્ત પ્રમાણિત અને ટંકશાળી થાય, તેને નિશ્ચિત પ્રાયશ્ચિત્ત કહે છે.

૧૩૭૬, ૧૩૭૭. ભગવન્ ! પ્રાયશ્ચિત્તો કેટલા પ્રકારે ઉપદેશેલા છે ? ગૌતમ ! દશ પ્રકારે. તે પારાંચિત સુધીમાં અનેક પ્રકારે છે.

ભગવન્ ! કેટલા કાળ સુધી આ પ્રાયશ્ચિત્ત સૂત્રના અનુષ્ઠાનનું વહન થશે?

ગૌતમ ! કલ્કી નામે રાજા મૃત્યુ પામશે. એક જિનાલયથી શોભિત પૃથ્વી હશે, શ્રીપ્રભ નામે અણગાર હશે ત્યાં સુધી વહન થશે.

ભગવન્ ! પછીના કાળમાં શું થશે ? ગૌતમ ! ત્યાર પછીના કાળમાં કોઈ પુણ્યભાગી નહીં થાય કે જેને આ શ્રુતસ્કંધ પ્રરૂપાય.

૧૩૭૮. ભગવન્ ! પ્રાયશ્ચિત્તના સ્થાનો કેટલા છે ? ગૌતમ! સંખ્યાતીત છે.

ભગવન્ ! તે સંખ્યાતીત પ્રાયશ્ચિત્ત સ્થાનોમાં પહેલું પ્રાયશ્ચિત્ત પદ કયું ? ગૌતમ ! પ્રતિદિન ક્રિયા સંબંધીનું જાણવુ.

તે પ્રતિદિન ક્રિયા કઈ કહેવાય ? ગૌતમ ! જે વખતોવખત રાતદિવસ પ્રાણોના વિનાશથી માંડી સંખ્યાતા આવશ્યક કાર્યોના અનુષ્ઠાન કરવા સુધીના આવશ્યકો કરવા.

ભગવન્ ! આવશ્યક એવું નામ કયા કારણથી કહેવાય છે ?

ગૌતમ ! સંપૂર્ણ સમગ્ર આઠે કર્મોનો ક્ષય કરનાર, ઉત્તમ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, અત્યંત ઘોર વીર ઉગ્ર કષ્ટકારી દુષ્કર તપ વગેરેની સાધના કરવા માટે પ્રરૂપાય. તીર્થંકરાદિને આશ્રીને પોતપોતાના વહેંચાયેલા, કહેલા નિયમિત કાળ સમયે સ્થાને સ્થાને રાતદિવસ પ્રત્યેક સમયે જન્મથી માંડીને જે આવશ્યક કરાય, સાધના કરાય, ઉપદેશાય, પ્રરૂપાય, નિરંતર સમજાવાય. આ કારણે ગૌતમ ! એમ કહેવાય કે આ અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાનો તે આવશ્યક છે.

ગૌતમ ! જે ભિક્ષુઓ તે અનુષ્ઠાનના કાળ સમય વેળાનું ઉલ્લંઘન કરે છે, અનુપયોગવાળો પ્રમાદી થાય છે, અવધિ કરવાથી બીજાઓને અશ્રદ્ધા ઉત્પન્ન કરાવનારો થાય છે, બળ અને વીર્ય હોવા છતાં કોઈપણ આવશ્યકમાં પ્રમાદ કરનારો થાય છે, શાતાગારવ કે ઇન્દ્રિય લંપટતાનું કંઈક અવલંબન પકડીને, મોડું કે જલદી કરીને કહેલા સમયે અનુષ્ઠાન કરતો નથી. તે સાધુ મહાપ્રાયશ્ચિત્તને પામે છે.

**૧૩૭૯.** ભગવન્ ! પ્રાયશ્ચિત્તનું બીજું પદ કયું ? ગૌતમ ! બીજું, ત્રીજું, ચોથું યાવત્ સંખ્યાતીત પ્રાયશ્ચિત્ત પદોને અહીં પહેલાં પ્રાયશ્ચિત્ત પદની અંતર્ગત સમજવા,

ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! સર્વે આવશ્યકના કાળનો સાવધાનીથી ઉપયોગ રાખનારા ભિક્ષુ આર્ત–રૌદ્ર ધ્યાન, રાગ–દ્વેષ, કષાય, ગારવ, મમત્વ વગેરે અનેક પ્રમાદવાળા આલંબનોને વિશે સર્વ ભાવો અને ભાવાંતરોથી અત્યંત મુક્ત થયેલો હોય.

માત્ર જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપો કર્મ, ધ્યાન, સ્વાધ્યાય, સુંદર ધર્મના કાર્યોમાં અત્યંતપણે સ્વ બળ, વીર્ય, પરાક્રમ ન છૂપાવતો અને સમ્યગ્ પ્રકારે તેમાં સર્વકરણથી તન્મય બની જાય, સુંદર ધર્મના આવશ્યકો વિશે રમણતાવાળો થાય, ત્યારે આશ્રવ દ્વારોને સારી રીતે બંધ કરનારો થાય.

જ્યારે ઉક્ત પ્રકારનો થાય ત્યારે પોતાના જીવ–વીર્યથી અનાદિભવમાં ફરતા ફરતા એકઠા કરેલા અનિષ્ટ દુષ્ટ આઠે કર્મોના સમૂહને એકાંતે નાશ કરવા કટિબદ્ધ થયેલ લક્ષણવાળો, ક્રમપૂર્વક યોગોનો રોધ કરીને બાળી નાંખેલ કર્મવાળો, જન્મ–જરા–મરણ સ્વરૂપ ચારે ગતિવાળા સંસાર પાશ બંધનથી વિમુક્ત થયેલો, સર્વ દુઃખથી મુક્ત થયેલો હોવાથી ત્રિલોકના શિખર સ્થાનરૂપ સિદ્ધશિલા ઉપર બિરાજમાન થાય. ગૌતમ ! આ કારણે કહ્યું કે – આ પ્રથમ પદમાં બાકીના પ્રાયશ્ચિત્ત અને પદો સમાઈ ગયેલા સમજવા.

**૧૩૮૦.** ભગવન્ ! તે આવશ્યકો કયા છે ? ચૈત્યવંદન આદિ

ભગવન્ ! કયા આવશ્યકમાં વારંવાર પ્રમાદ દોષથી કાળનું, વેળાનું, સમયનું ઉલ્લંઘન કે અનુપયોગ કે પ્રમાદથી અવિધિ વડે અનુષ્ઠાન કરવામાં આવે અથવા યથોક્ત કાળે વિધિથી સમ્યક્ પ્રકારે ચૈત્યવંદનાદિ ન કરે, તૈયાર ન થાય, પ્રસ્થાન ન કરે, નિષ્પન્ન ન થાય, વિલંબથી કરે, બિલકુલ ન કરે કે પ્રમાદ કરે તો તેમ કરનારને કેટલું પ્રાયશ્ચિત્ત કહેવાય?

ગૌતમ! જે કોઈ ભિક્ષુ કે ભિક્ષુણી યતનાવાળા ભૂતકાળના પાપની નિંદા અને ભાવિકાળમાં અતિચારો ન કરનાર, વર્તમાનમાં અકરણીય પાપકર્મો ન કરનાર, અકરણીય પાપકર્મો તજનાર, સર્વદોષથી રહિત થયેલ, પાપકર્મના પચ્ચક્ખાણયુક્ત, દીક્ષાથી માંડીને પ્રતિદિન જાવજ્જીવ પર્યન્ત અભિગ્રહો ગ્રહણ કરનાર અતિશય શ્રદ્ધાવાળા ભક્તિપૂર્ણ હૃદયી કે યથોક્ત વિધિથી સૂત્ર અને અર્થને યાદ કરતો, બીજા કશામાં મન ન પરોવતો, એકાગ્ર ચિત્તવાળો, તેના જ અર્થમાં મનની સ્થિરતા કરનાર, શુભ અધ્યવસાયવાળા સ્તવન અને સ્તુતિ કહેવાપૂર્વક **ત્રણે કાળે ચૈત્યોને**

વંદન ન કરે. તો...

એક વખતના પ્રાયશ્ચિત્તમાં ઉપવાસ, બીજી વખતે તે કારણે જ છેદ પ્રાયશ્ચિત્ત, ત્રીજી વખત ઉપસ્થાપના, અવિધિ કરે તો બીજાને અશ્રદ્ધા થાય માટે મોટું પ્રાયશ્ચિત્ત કહેલું છે.

જે વળી લીલી વનસ્પતિ કે બીજ, પુષ્પો, ફૂલોનો પૂજા માટે મહિમા માટે કે શોભા માટે સંઘટ્ટો કરે, કરાવે કે અનુમોદે, છેદે-છેદાવે કે છેદનારને અનુમોદે તો આ સર્વે સ્થાનકોમાં ઉપસ્થાપના, ઉપવાસ, ચોથા ભક્ત, આયંબિલ, એકાસણુ, નિવિ-ગાઢ-અગાઢ ભેદથી અનુક્રમે જાણવા.

**૧૩૮૧.** જે કોઈ ચૈત્યોને વાંદતો, તેની સ્તુતિ કરતો કે પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરતો હોય. તેને વિઘ્ન કરે કે અંતરાય કરે-કરાવે કે અનુમોદે તો તેને તે સ્થાનકોમાં પાંચ ઉપવાસ, છટ્ઠ કારણવાળાને એકાસણું અને નિષ્કારણીકને સંવત્સર સુધી વંદન ન કરવા યાવત્ 'પારંચિત' કરી ઉપસ્થાપના કરવી.

**૧૩૮૨.** પ્રતિક્રમણ ન કરે તેને ઉપસ્થાપના પ્રાયશ્ચિત્ત. બેઠા બેઠા કરે તેને ઉપવાસ, શૂન્યાશૂન્યપણે અર્થાત્ અનુપયોગથી પ્રમત્તપણે પ્રતિક્રમણ કરે તો પાંચ ઉપવાસ, માંડલીમાં પ્રતિક્રમણ ન કરે તો ઉપસ્થાપના, કુશીલ સાથે કરે તો ઉપસ્થાપના, બ્રહ્મચર્યવ્રતથી ભ્રષ્ટ સાથે કરે તો પારંચિત પ્રાયશ્ચિત્ત આપવું.

સર્વે શ્રમણસંઘને ત્રિવિધ-ત્રિવિધે ખમે કે ખમાવે નહીં, ક્ષમા ન આપે અને પ્રતિક્રમણ કરે તો ઉપસ્થાપના પ્રાયશ્ચિત્ત.

પદે પદ સ્પષ્ટ અને છૂટા ન બોલે, એક બીજા પદમાં ભળેલા અક્ષરોવાળા પ્રતિક્રમણ સૂત્રો બોલે, તો ચોથભક્ત,

પ્રતિક્રમણ કર્યા વિના સંથારો કરે, પાટ ઉપર લાંબો થાય, પડખું ફેરવે તો ઉપવાસ, દિવસે સૂવે તો પાંચ ઉપવાસ.

પ્રતિક્રમણ કરીને ગુરુના ચરણકમળમાં વસતિની આજ્ઞા મેળવીને તે દષ્ટિથી અવલોકન ન કરે. વસતિ અવલોકી ગુરુને નિવેદન ન કરે તો છટ્ઠ,

વિધિપૂર્વક રજોહરણને પડિલેહીને ગુરુ પાસે મુહપત્તિ પડિલેહ્યા વિના ઉપધિ પડિલેહવાનો 'સંદિસાઉ'નો આદેશ સ્વયં માગી લે તો પુરિમડ્ઢ **'ઉપધિ સંદિસાઉ'ની આજ્ઞા મેળવ્યા વિના ઉપધિ પડિલેહે તો પુરિમડ્ઢ**, ઉપયોગ રહિત ઉપધિ કે વસતીનું પ્રતિલેખન કરે તો પાંચ ઉપવાસ.

અવિધિથી વસતી કે બીજું કંઈપણ પાત્રક માત્રક ઉપકરણ વગેરે લગીર પણ અનુપયોગ કે પ્રમાદથી પ્રતિલેખન કરે તો લાગલગાટ પાંચ ઉપવાસ,

વસતી પાત્ર માત્રક ઉપકરણને કોઈ પણ પ્રતિલેખન કર્યા વિના કે દુષ્પ્રતિલેખન કરીને વાપરે તો પાંચ ઉપવાસ. વસતિ ઉપાધિ, પાત્રાદિ ઉપકરણનું પ્રતિલેખન જ ન કરે તો ઉપસ્થાપન,

એ પ્રમાણે વસતી, ઉપધિની પ્રતિલેખના કરી હોય તે સ્થાને નિપુણતાથી હળવે હળવે દંડ પુચ્છણક કે રજોહરણથી કાજો એકઠો કરીને દષ્ટિથી ન જુએ, કાજામાં જું કે જીવાતને છૂટા પાડીને એકાંત નિર્ભય સ્થાને ન મૂકે તો પાંચ ઉપવાસ, જું કે કોઈ જીવને ગ્રહણ કરીને **કાજો પરઠવીને ઈરિયાવહી ન પડિકમે તો એક ઉપવાસ.** સ્થાન જોયા વિના કાજો પરઠવે તો ઉપસ્થાપના.

કાજામાં જો ષટ્પદિકા હોય અને તેથી તેમ કહો તો પાંચ ઉપવાસ,

એ પ્રમાણે વસતી, ઉપધિ પડિલેહીને સમાધિ પૂર્વક વિક્ષુબ્ધ થયા વિના પરઠવે તો પણ આયંબિલ, હસ્તિકાય-વનસ્પતિયુક્ત બીજકાયયુક્ત, ત્રસકાય બેઇન્દ્રિયાદિ જીવો યુક્ત સ્થાનમાં સમાધિસહ વિક્ષુબ્ધ થયા સિવાય પણ પરઠવે કે તેવા સ્થાનમાં બીજું કંઈ કે મળ-મૂત્રાદિ પરઠવે, વોસિરાવે તો પુરીમડ્ઢ, એકાસણુ, આયંબિલનું

પ્રાયશ્ચિત્ત અનુક્રમે જાણવું.

પરંતુ જો ત્યાં કોઈ જીવનો ઉપદ્રવ સંભવે, જો મૃત્યુ સિવાયના દુઃખરૂપ ઉપદ્રવની સંભાવના હોય તો ઉપવાસ. તે સ્થંડિલ ફરી પણ બરાબર તપાસીને જીવરહિત છે, એમ નિઃશંક બનીને, ફરી પણ તેની આલોચના કરીને યથા યોગ્ય પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે નહીં તો ઉપસ્થાપન, સમાધિપૂર્વક પરઠવે તો પણ સાગારી રહેતો હોય કે રહેવાનો હોય છતાં પરઠવે તો ઉપવાસ. પ્રતિલેખન ન કરેલી જગ્યાએ જે કાંઈપણ વોસિરાવે તો ઉપસ્થાપન.

એ પ્રમાણે વસતિ–ઉપધિને પડિલેહીને સમાધિપૂર્વક ક્ષુબ્ધ થયા વિના પરઠવીને એકાગ્ર મનવાળો સાવધાનપૂર્વક વિધિથી સૂત્ર અને અર્થને અનુસરતા ઈરિયાવહિયં ન પ્રતિક્રમે તો એકાસણુ,

મુહપત્તિ વિના ઈરિયા પ્રતિક્રમણ, વંદન પ્રતિક્રમણ કરે, મુહપત્તિ રાખ્યા વિના બગાસું ખાય, સ્વાધ્યાય કરે, વાંચના આપે ઇત્યાદિ સર્વે સ્થાનમાં પુરિમદ્ધ.

એ પ્રમાણે ઈરિયા પ્રતિક્રમી સુકુમાલ સુંવાળી દસીયુક્ત ચીકાશ રહિત, સખત ન હોય તેવી સારી દસીવાળા, કીડીથી કાણા ન પાડેલ, અખંડ દાંડીવાળા દંડપૂંછણથી વસતીની પ્રમાર્જના ન કરે તો એકાસણુ સાવરણીથી વસતીનો કચરો સાફ કરે તો ઉપસ્થાપન,

વસતિમાં દંડ પુચ્છણક આપીને એકઠો કરેલો કાજો સૂપડીમાં લઈને ન પરઠવે તો ઉપવાસ, પ્રત્યુપ્રેક્ષણા વિના કચરો પરઠવે તો પાંચ ઉપવાસ, પણ જું કે કોઈ જીવ હોય અથવા કોઈ જીવ ન હોય તો ઉપસ્થાપન,

વસતીમાં રહેલા કામને અવલોકતો જો તેમાં જું આદિ હોય તેને શોધી–શોધીને છૂટી પાડીને એકઠી કરી કરીને ગ્રહણ કરી હોય તેવું પ્રાયશ્ચિત્ત સર્વે ભિક્ષુ વચ્ચે વિભાગ કરીને વહેંચી આપવું. તેમ ન કરે તો એકાસણુ, જો પોતે જાતે જું આદિ ગ્રહણ કરી પ્રાયશ્ચિત્ત વિભાગપૂર્વક ન આપે કે પરસ્પર ન સ્વીકારે તો પારંચિત.

એ પ્રમાણે વસતી દંડ પૂંછણકથી વિધિપૂર્વક પ્રમાર્જન કરીને કાજાને બરાબર અવલોકન કરીને જૂ વગેરેને કાજામાંથી જુદી કરીને કાજો પરઠવે. પરઠવીને સમ્યગ્ વિધિથી, અત્યંત ઉપયોગ અને એકાગ્ર માનસવાળો સૂત્ર, અર્થ અને તદુભયને સ્મરતો એવો ભિક્ષુ જે ઈરિયાવહી ન પ્રતિક્રમે તેને આયંબિલ અને ઉપવાસ પ્રાયશ્ચિત્ત.

એ પ્રમાણે હે ગૌતમ ! આ હવે જણાવીશું તેનું પ્રતિક્રમણ કરે – દિવસના પહેલાં પ્રહરનો દોઢ ઘડી ન્યૂન એવા સમયે જે ભિક્ષુ ગુરુ પાસે વિધિ સહિત 'સજ્ઝાય સંદિસાઉં' એમ કહીને એકાગ્ર ચિત્તથી શ્રુતમાં ઉપયોગવાળો દઢ ધ્રુતિ પૂર્વક **એક ઘડી ન્યૂન પહેલી પોરીસીમાં જાવજ્જીવના અભિગ્રહ સહિત દરરોજ અપૂર્વજ્ઞાન ગ્રહણ ન કરે તેને પાંચ ઉપવાસ પ્રાયશ્ચિત્ત.**

અપૂર્વજ્ઞાન ભણવાનું ન બની શકે તો પહેલાનું ભણેલું હોય તે સૂત્ર, અર્થ, તદુભયને યાદ કરતો એકાગ્ર મનથી પરાવર્તન ન કરે અને ભક્ત વર્ગ, સ્ત્રી, રાજા, ચોર, દેશ વગેરેની વિચિત્ર વિકથા કરવામાં સમય પસાર કરી આનંદ મનાવે તો તે વંદન યોગ્ય ન ગણાય.

જેઓ પહેલાં ભણેલા નથી, અપૂર્વજ્ઞાન ગ્રહણ કરવું અસંભવ છે, તેમણે પણ **એક ઘટિકા ન્યૂન એવી પહેલી પોરીસીમાં પંચમંગલનું પરાવર્તન કરવું.** જો તેમ ન કરે અને વિકથા કર્યા કરે કે નિરર્થક બહારની પંચાતો સાંભળ્યા કરે તે ભિક્ષુ અવંદનીય જાણવો.

એ પ્રમાણે એક ઘડી ન્યૂન પહેલી પોરીસીમાં જે ભિક્ષુ એકાગ્ર ચિત્તે સ્વાધ્યાય કરીને પછી પાત્રા, માત્રક, વસ્ત્ર વિશેષ, ભાજન, ઉપકરણાદિ અવ્યાકુળપણે ઉપયોગ સહ વિધિથી પ્રતિલેખના ન કરે તો તેને ઉપવાસનું પ્રાયશ્ચિત્ત જણાવવુ.

**હવે દરેક પદમાં ભિક્ષુ અને પ્રાયશ્ચિત્ત શબ્દ જોડવા.**

જો તે ભાજન ઉપકરણ વાપર્યા ન હોય તો ઉપવાસ, પરંતુ અવ્યાકુળપણે ઉપયોગ વિધિથી પ્રતિલેખના કર્યા

વિના વાપરે તો પાંચ ઉપવાસ. આ ક્રમે પહેલી પોરીસી પૂર્ણ કરી.

**બીજી પોરીસીમાં અર્થ ગ્રહણ ન કરે તો પુરિમઢ્ઢ પ્રાયશ્ચિત્ત**, જો વ્યાખ્યાન ન હોય તો. **જો વ્યાખ્યાન હોય અને તે શ્રવણ ન કરે તો અવંદનીય,** વ્યાખ્યાન અભાવે કાળ વેલા સુધી વાચનાદિ સ્વાધ્યાય ન કરે તો પાંચ ઉપવાસ પ્રાયશ્ચિત્ત. એમ કરતાં કાલ વેળા પ્રાપ્ત થાય તે સમયે...

દૈવસિક અતિચારમાં જણાવેલા જે કાંઈ અતિચારો સેવન થયા હોય તેનું નિંદન, ગ્રહણ, આલોચન, પ્રતિક્રમણ કરવા છતાં પણ જે કાંઈ કાયિક, વાચિક, માનસિક ઉત્સૂત્ર આચરણ કરવાથી, ઉન્માર્ગ આચરણ કરવાથી, અકલ્પ સેવનથી, અકરણીયનું સમાચરણ કરવાથી, દુર્ધ્યાન કે દુષ્ટ ચિંતવનથી, અનાચાર સેવવાથી, અનિચ્છનીયના આચરણથી, અશ્રમણ પ્રાયોગ્ય વર્તનથી, જ્ઞાન–દર્શન–ચારિત્ર–શ્રુત–સામાયિકને વિશે–

ત્રણ ગુપ્તિ, ચાર કષાયો, પાંચ મહાવ્રતો, છ જીવનિકાયો, સાત પીંડૈષણાદિ, આઠ પ્રવચન માતા, નવ બ્રહ્મચર્ય ગુપ્તિ, દશવિધ શ્રમણધર્મ, તે વગેરે તથા બીજા અનેક આલાવા આદિમાં જણાવેલ ખંડન–વિરાધન થયું હોય, તે નિમિત્તે આગમકુશળ ગીતાર્થ ગુરુએ કહેલ પ્રાયશ્ચિત્ત યથાશક્તિ પોતાનું બળ, વીર્ય, પુરુષાર્થ પરાક્રમ છૂપાવ્યા વિના અશઠપણે, દિનતારહિત માનસથી બાહ્ય–અભ્યંતર તપોકર્મને ગુરુ પાસે ફરી પણ અવધારીને અતિ પ્રગટપણે 'તહત્તિ' એમ કહીને અભિનંદે, ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત તપને સામટું કે ટૂકડે ટૂકડે વિભાગ કરવાપૂર્વક સમ્યક્ પ્રકારે ન કરી આપે તે ભિક્ષુ અવંદનીય થાય.

ભગવન્ ! કયા કારણે ખંડ–ખંડ તપ કરીને પ્રાયશ્ચિત્ત સેવે ?

ગૌતમ ! જે ભિક્ષુ છ માસ, ચાર માસ, માસક્ષમણ એક સાથે કરવા સમર્થ ન હોય તે છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ આદિ કરીને પણ પ્રાયશ્ચિત્ત વાળી આપે. બીજું પણ જે કોઈ પ્રાયશ્ચિત્ત તેમાં સમાઈ જતું હોય, એ કારણે ખંડાખંડી તપ પ્રાયશ્ચિત્ત સેવે.

એમ કરતા દિવસના મધ્યાહ્ન સમયે થનાર પુરિમઢ્ઢના સમયમાં અલ્પકાળ બાકી રહ્યો. તે અવસરે જે કોઈ – પ્રતિક્રમણ, વંદન, સ્વાધ્યાય કે પરિભ્રમણ કરતા ચાલતા, જતા, ઊભતા, બેસતા, ઉઠતા તેઉકાયનો સ્પર્શ થતો હોય અને સાધુ તેના અંગો ખેંચી ન લે. સંઘટ્ટો થતો ન રોકે, તો ઉપવાસ, બીજાને પણ યથાયોગ્ય પ્રાયશ્ચિત્તમાં પ્રવેશ કરાવે તથા સ્વશક્તિ મુજબ તપોકર્મને સેવે નહીં, તો તેને બીજા દિવસે ચારગણુ પ્રાયશ્ચિત્ત આવે.

જેઓ વાંદતા કે પ્રતિક્રમણ કરતા હોય, તેઓની આડ પાળીને સર્પ કે બિલાડી જાય તો તેમનો લોચ કરવો કે બીજે સ્થળે ચાલ્યા જાય. તેના પ્રમાણમાં ઉગ્ર તપમાં રમણતા કરવી. આ કહેલા વિધાનો ન કરે તો ગચ્છ બહાર કરવો.

જે સાધુ તે મહા ઉપસર્ગને સિદ્ધ કરનારો, ઉત્પન્ન કરનાર, દુર્નિમિત અને અમંગલનો ધારક હોય, તે ગચ્છ બહાર કરવા યોગ્ય જાણવો.

જે પહેલી કે બીજી પોરીસીમાં અહીં–તહીં ભટકતો હોય, ગમન કરતો હોય, અનુચિત કાળે ફરનાર, છિદ્રો જોનાર એવો, જો તે ચોવિહારના પચ્ચક્ખાણ ન કરે તો છઠ્ઠ સ્થંડિલ સ્થાન પ્રતિલેપીને રાત્રે જયણાપૂર્વક સ્થંડિલ–માત્ર વોસિરાવે તો ગ્લાનને એકાસણું, બીજાને છઠ્ઠનું જ પ્રાયશ્ચિત્ત.

જો સ્થંડિલ–સ્થાન દિવસે જીવજંતુ રહિત તપાસ્યું ન હોય તેમજ ભાજન પૂજ્યુ–પ્રમાર્જ્યું ન હોય, સ્થાન જોઈ લીધું ન હોય, માત્રુ કરવાનું ભાજન પણ જયણાથી જોયેલ ન હોય અને રાત્રે ઠલ્લો કે માત્રુ પરઠવે તો ગ્લાનને એકાસણુ, બાકીનાને પાંચ ઉપવાસ અથવા ગ્લાનને 'મિચ્છામિ દુક્કડમ્.'

એ પ્રમાણે પહેલી–બીજી પોરીસીમાં સૂત્ર અને અર્થનું અધ્યયન છોડીને જેઓ સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા, રાજ કથા, ચારે કથા, ગૃહસ્થની પંચાત કર્યા કરે અથવા બીજી અસંબદ્ધ કથા કરે. આર્ત–રૌદ્ર ધ્યાનની ઉદીરણા

કરાવનારી કથા કરે, તો એક વર્ષ અવંદનીય.

કોઈ તેવા મોટા કારણવશ પહેલી કે બીજી પોરીસીમાં એક ઘડી કે અડધી ઘડી ઓછો સ્વાધ્યાય થયો તો ગ્લાનને મિચ્છામિ દુક્કડમ્, બીજાને નિવ્વિગઈ, અતિ નિષ્ઠુરતાથી કે ગ્લાને જો કોઈ પ્રકારે કોઈપણ કારણ ઉત્પન્ન થવાથી વારંવાર ગીતાર્થ ગુરુની મનાઈ છતાં અકસ્માત કોઈ વખત બેઠાં બેઠાં પ્રતિક્રમણ કર્યું હોય તો એક માસ અવંદનીય અને ચાર માસ સુધી મૌનવ્રત તેણે રાખવું.

**જો કોઈ પહેલી પોરીસી પૂર્ણ થયા પહેલા અને ત્રીજી પોરીસી વીત્યા પછી આહાર-પાણી ગ્રહણ કરે અને વાપરે તો પુરિમઢ્ઢ,** ગુરુ સન્મુખ જઈને ઉપયોગ ન કરે તો ઉપવાસ, ઉપયોગ કર્યા વિના કંઈ પણ લે તો ઉપવાસ, અવિધિથી ઉપયોગ કરે તો ઉપવાસ, આહાર-પાણી કે સ્વકાર્ય માટે, ગુરુના કાર્ય માટે, બહારની ભૂમિએ નીકળતા ગુરુના ચરણમાં મસ્તકનો સંઘટ્ટો કરીને 'આવસ્સિઆએ' પદ ન કહે, સ્વ-વસતીના દ્વારમાં પ્રવેશતા નિસીહિ ન કહે તો પુરિમઢ્ઢ.

બહાર જવાના સાત કારણ સિવાય વસતીમાંથી બહાર નીકળે તો ગચ્છ બહાર કરવો. રાગથી બહાર જાય તો છેદોપસ્થાપનીય.

અગીતાર્થ કે ગીતાર્થને શંકા ઉત્પન્ન થાય તેવા આહાર, પાણી, ઔષધ, વસ્ત્ર, પાત્ર, દંડો વગેરે અવિધિથી ગ્રહણ કરે અને ગુરુ પાસે તેને આલોચે નહીં તો ત્રીજા વ્રતનો છેદ, એક માસ સુધી અવંદનીય અને તેની સાથે મૌનવ્રત રાખવું.

આહાર, પાણી, ઔષધ અથવા પોતાના કે ગુરુના કાર્ય માટે ગામમાં, નગરમાં, રાજધાનીમાં, ત્રિક-ચતુષ્ક-ચૌટા કે સભાગૃહમાં પ્રવેશીને ત્યાં કથા કે વિકથા કહેવા લાગે તો ઉપસ્થાપન.

પગમાં પાદરક્ષક પહેરીને ત્યાં જાય તો ઉપસ્થાપન. જો ઉપાનહ ગ્રહણ કરે તો ઉપવાસ, તેવા પ્રસંગે ઉપાનહનો ઉપયોગ કરે તો ઉપવાસ. ક્યાંય ગયો, ઊભો રહ્યો, કોઈકે પ્રશ્ન કર્યો તેને કુશળતા અને મધુરતાથી કાર્યની જરૂર પૂરતો અલ્પ, અગર્વિત, અતુચ્છ, નિર્દોષ, સમગ્ર લોકોના મનને આનંદ કરાવનાર, આલોક-પરલોકને હિતકારી થાય તેવો પ્રત્યુત્તર ન આપે તો અવંદનીય.

અભિગ્રહ ગ્રહણ કર્યો ન હોય તેવો સાધુ **૧૬** દોષ રહિત પણ સાવદ્યયુક્ત વચન બોલે તો ઉપસ્થાપન, બહુ બોલે તો ઉપસ્થાપન, કષાયયુક્ત વચન બોલે તો અવંદનીય.

કષાય ઉદીરતો સાથે ભોજન કરે કે રાત્રે સાથે વાસ કરે તો એક માસ સુધી મૌન, અવંદનીય અને ઉપસ્થાપન, બીજા કોઈને કષાયનું નિમિત્ત આપી કષાયની ઉદીરણા કરાવે, અલ્પ કષાયીને કષાયની વૃદ્ધિ કરાવે, કોઈની ગુપ્ત વાતો ઉઘાડી પાડે, તે બધામાં ગચ્છ બહાર કરવો.

કઠોર વચન બોલે તો પાંચ ઉપવાસ, આકરા શબ્દ બોલે તો પાંચ ઉપવાસ, ખર-કઠોર-આકરા-નિષ્ઠુર-અનિષ્ટ વચનો બોલે તો ઉપસ્થાપન, ગાળો આપે તો ઉપવાસ, કકડાટ કરતા કલણ કજીયા તોફાન લડાઈ કરે તો ગચ્છ બહાર કરવો.

મકાર-ચકાર-જકારાદિ અપશબ્દો બોલે તો ઉપવાસ, બીજી વખત બોલે તો અવંદનીય, વધ કરે તો સંઘ બહાર કરવો, હણે તો સંઘ બહાર કરવો.

ખોદતો હોય, ભાંગતો હોય, લપસતો હોય -લડતો હોય -અગ્નિ સળગાવતો હોય -સળગાવડાવતો હોય, રાંધતો-રંધાવતો હોય તો દરેકમાં સંઘ બહાર કરવો.

ગુરુને પણ સામા ફાવે તેવા શબ્દો સંભળાવે. ગચ્છનાયકોની કોઈ પ્રકારે હલકાઈ-લઘુતા કરે, ગચ્છના આચારો કે સંઘના આચારો વંદન, પ્રતિક્રમણાદિ માંડલીનું ઉલ્લંઘન કરે, અવિધિ વડે દીક્ષા આપે, વડી દીક્ષા આપે,

અયોગ્યને સૂત્ર, અર્થ કે તદુભયની પ્રરૂપણા કરે, અવિધિથી સારણા, ચોયણા, પડિચોયણા કરે અથવા વિધિથી સારણાદિ ન કરે, ઉન્માર્ગે જતાને યથાવિધિ સારણાદિ ન કરે યાવત્ સમગ્ર લોકના સાંનિધ્યમાં પોતાના પક્ષને ગુણ કરનાર હિત વચન ક્રમપૂર્વક ન કહે તો આ દરેકમાં અનુક્રમે કુળ, ગણ, સંઘની બહાર કરવો.

આ સર્વ સ્થાનકોને વિશે દરેકને કુળ-ગણ-સંઘ બહાર કરવા. કદાચ કુલ, ગણ, સંઘની બહાર કર્યા પછી પણ તે અત્યંત ઘોર વીર તપનું અનુષ્ઠાન કરવામાં અતિશય અનુરાગવાળો થઈ જાય તો પણ હે ગૌતમ ! તે ન જોવા લાયક છે, માટે કુલ, ગણ, સંઘની બહાર કરેલા તેની પાસે ક્ષણ, અર્ધક્ષણ, ઘડી કે અર્ધઘડી જેટલો સમય પણ ન રહેવું.

આંખની નજર કર્યા વિના અર્થાત્ પરઠવવાના સ્થાને દૃષ્ટિ પ્રતિલેખના કર્યા વિના મળ, મૂત્ર, બળખા, નાસિકા, મેલ, શ્લેષ્મ, શરીરનો મેલ પરઠવે, બેસતા સંડાસા-સાંધા સહિત ન પ્રમાર્જે, તો તેને અનુક્રમે નીવિ અને આયંબિલનું પ્રાયશ્ચિત્ત. પાત્રા, માત્રક કે કોઈ ઉપકરણ દાંડો વગેરે સ્થાપન કરતા, મૂકતા, લેતા, ગ્રહણ કરતા, આપતા અવિધિથી સ્થાપે, મૂકે, લે, ગ્રહણ કરે કે આપે, આ બધું જો અભાવિત ક્ષેત્રમાં કરે તો ચાર આયંબિલ, ભાવિત ક્ષેત્રમાં ઉપસ્થાપના.

દાંડો, રજોહરણ, પાદપ્રોંછનક, સુતરાઉ કપડો, ચોલપટ્ટો, વર્ષાકલ્પ-કામળી યાવત્ મુહપત્તિ કે બીજા કોઈ પણ સંયમોપયોગી એવા દરેક ઉપકરણો પ્રતિલેખન કર્યા વિના કે દુષ્પ્રતિલેખિત કરેલ હોય, શાસ્ત્રોક્ત પ્રમાણથી ઓછા કે અધિક વાપરે તો દરેક સ્થાનમાં ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આવે.

ઉપરના ભાગે પહેરવાનો કપડો, રજોહરણ, દાંડો અવિધિથી વાપરે તો ઉપવાસ, રજોહરણ કુહાડી માફક ખભે સ્થાપે તો ઉપસ્થાપન, શરીરના અંગો કે ઉપાંગો મર્દન કરાવે તો ઉપવાસ, **રજોહરણ અનાદરથી પકડે તો ઉપવાસ**, પ્રમત્ત ભિક્ષુની બેકાળજીથી અણધારી મુહપત્તિ આદિ કોઈ પણ સંયમના ઉપકરણ ખોવાઈ જાય, નાશ પામે તો તેને ઉપવાસથી માંડીને ઉપસ્થાપન, યથાયોગ્ય ગવેષણા કરી શોધે, મિચ્છામિ દુક્કડમ્ આપે, ન મળે તો વોસિરાવે, મળે તો ફરી ગ્રહણ કરે.

ભિક્ષુઓને **અગ્નિકાય, અપ્કાયના સંઘટ્ટનાદિ એકાંતે નિષેધેલ છે.** જે કોઈને જ્યોતિ કે આકાશમાંથી પડતા વરસાદ બિંદુઓ વડે ઉપયોગ રહિત કે ઉપયોગ રહિતપણે અણધાર્યા સ્પર્શ થઈ જાય તો તે માટે આયંબિલ કહેલું છે.

સ્ત્રીઓના અંગના અવયવોને લગીર પણ હાથ, પગ કે દંડ વડે, હાથમાં પકડેલા તણખલાના અગ્રભાગથી કે ખભાથી સંઘટ્ટો કરે તો પારંચિત પ્રાયશ્ચિત્ત સાધુને હોય. બાકીના ફરી પણ પોતાના સ્થાને વિસ્તારથી કહેવાશે.

**૧૩૮૨ થી ૧૩૮૪.** એમ કરતા ભિક્ષા સમય આવી પહોંચ્યો.

હે ગૌતમ ! આ અવસરે પિંડૈષણા શાસ્ત્રમાં કહેલ વિધિથી અદીન મનવાળો ભિક્ષુ બીજ અને વનસ્પતિકાય, પાણી, કાદવ, પૃથ્વીકાયને વર્જતો, રાજા અને ગૃહસ્થો તરફથી થતા વિષમ ઉપદ્રવો, કદાગ્રહને છોડતો, શંકાસ્થાનનો ત્યાગ કરતો, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિમાં ઉપયોગવાળો, ગોચર ચર્યામાં પ્રાભૃતિક નામક દોષવાળી ભિક્ષા ન વર્જે તો ઉપવાસ પ્રાયશ્ચિત્ત જણાવવું.

જો તે ઉપવાસી ન હોય અને સ્થાપના કુળોમાં પ્રવેશ કરે તો ઉપવાસ, ઉતાવળમાં પ્રતિકૂળ વસ્તુ ગ્રહણ કર્યા પછી તુરંત જ નિરુપદ્રવ સ્થાનમાં ન પરઠવે તો ઉપવાસ,

અકલ્પ્ય વસ્તુ ભિક્ષામાં ગ્રહણ કરે તો યથાયોગ્ય ઉપવાસાદિ, કલ્પ્યનો પ્રતિષેધ કરે તો ઉપસ્થાપન. ગૌચરી માટે નીકળેલો ભિક્ષુ વાતો વિકથાદિની પ્રસ્તાવના કરે, ઉદીરણા કરે, કહેવા લાગે, સાંભળે તો છઠ્ઠ પ્રાયશ્ચિત્ત.

ગૌચરી લઈને પાછા આવ્યા પછી લીધેલા આહાર-પાણી, ઔષધ જેણે આપ્યા, જે રીતે ગ્રહણ કર્યા તે પ્રમાણે તે ક્રમે જો આલોચે નહીં તો પુરિમઢ્ઢ,

ઈરિયાવહી પ્રતિક્રમ્યા વિના આહાર-પાણી આદિ આલોવે તો પુરિમઢ્ઢ, રજયુક્ત પગોને પ્રમાર્જ્યા વિના

ઈરિયા પ્રતિક્રમે તો પુરિમઢ્ઢ ઈરિયં પ્રતિક્રમવાની ઈચ્છાવાળો પગની નીચેના ભૂમિભાગને ત્રણ વખત ન પ્રમાર્જે તો નિવી, કાન સુધી અને હોઠ સુધી મુહપત્તિ રાખ્યા વિના ઈરિયા પ્રતિક્રમે તો મિચ્છામિ દુક્કડમ્, પુરિમઢ્ઢ.

સજ્ઝાય પરઠવતા અને ગૌચરી આલોવતા ધમ્મો મંગલ ગાથાનું પરાવર્તન કર્યા વિના, ચૈત્ય અને સાધુને વાંદ્યા વિના, પચ્ચક્ખાણ પારે તો પુરિમઢ્ઢ,

પચ્ચક્ખાણ પાર્યા વિના ભોજન, પાણી, ઔષધનો પરિભોગ કરે તો ચોથ ભક્ત, ગુરુ સન્મુખ પચ્ચક્ખાણ ન પારે તો, ઉપયોગ ન કરે, પ્રાભૃતિક ન આલોવે, સજ્ઝાય ન પરઠવે, આ દરેક પ્રસ્થાપનામાં ગુરુ પણ શિષ્ય પ્રતિ ઉપયોગવાળા ન થાય, તો તેમને પારંચિત પ્રાયશ્ચિત્ત.

સાધર્મિક સાધુને ગૌચરીમાંથી આહારાદિ આપ્યા વિના, ભક્તિ કર્યા વિના કંઈ આહારાદિ પરિભોગ કરે તો છઠ્ઠ, કડવા, તીખા, કષાયેલા, ખાટા, મધુર, ખારા રસોનો આસ્વાદ કરે, વારંવાર આસ્વાદે, તેવા સ્વાદુ ભોજન કરે તો ઉપવાસ, તેવા સ્વાદિષ્ટ રસોમાં રાગ પામે તો ઉપવાસ કે અઠ્ઠમ,

**કાઉસ્સગ્ગ કર્યા વિના વિગઈ વાપરે તો પાંચ આયંબિલ, બેથી વધારે વિગઈ વાપરે તો પાંચ નિવિગ્ગઈ, નિષ્કારણ વિગઈ વાપરે તો અઠ્ઠમ,** ગ્લાન માટેના અશન, પાન, પથ્ય, અનુપાન જ લાવેલા હોય અને વગર આપેલુ વાપરે તો પારંચિત.

ગ્લાનની સેવા માવજત કર્યા વિના ભોજન કરે તો ઉપસ્થાપન પોત–પોતાના સર્વે કર્તવ્યોનો ત્યાગ કરીને, ગ્લાન કાર્યોનું આલંબન લઈને અર્થાત્ તેના બહાને સ્વ–કર્તવ્યોમાં પ્રમાદ સેવે તો અવંદનીય.

ગ્લાન યોગ્ય કરવા લાયક કાર્યો જે કરી ન આપે તો અઠ્ઠમ, ગ્લાન બોલાવે અને એક શબ્દ બોલવા સાથે તુરંત જઈને જે આજ્ઞા કરે તેનો અમલ ન કરે તો પારંચિત.

પરંતુ જો ગ્લાન સાધુ સ્વસ્થચિત્ત હોય તો, જો સનેપાત આદિ કારણે ભ્રમિત માનસવાળા હોય તો જે તે ગ્લાને કહ્યું હોય તેમ કરવાનું ન હોય. તેને યોગ્ય જે હિતકારી થતું હોય તે જ કરવું. ગ્લાનના કાર્ય કરનારને સંઘ બહાર કરવો.

આધાકર્મ, ઔદ્દેશિક, પૂતિકર્મ, મિશ્રમત, સ્થાપના, પ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્યક, અભ્યાહૃત, ઉદ્ભિન્ન, માલોપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અધ્યવપૂરક, ધાત્રી, દૂતિ, નિમિત્ત, આજીવક, વનીપક, ચિકિત્સા, ક્રોધ–માન–માયા–લોભ, પૂર્વે–પશ્ચાત્ સંસ્તવ, વિદ્યા, મંત્ર, ચૂર્ણ, યોગ, મૂળ કર્મ, શંકિત, પ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, દાયક, ઉદ્ભિન્ન, અપરિણત, લિપ્ત, છર્દિત આ **૪૨** દોષોમાંથી **કોઈપણ દોષથી દૂષિત આહાર, પાણી, ઔષધનો પરિભોગ કરે તો યથા–યોગ્ય ક્રમથી ઉપવાસ, આયંબિલનું પ્રાયશ્ચિત્ત** આપવું.

છ કારણોની ગેરહાજરીમાં ભોજન કરે તો અઠ્ઠમ, ધુમ્રદોષ અને અંગાર દોષ યુક્ત આહારનો ભોગવટો કરે તો ઉપસ્થાપન, જુદા આહાર કે સ્વાદવાળા સંયોગ કરીને જિહ્વાનો સ્વાદ પોષવાને ભોજન કરે તો આયંબિલ અને ઉપવાસ,

બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ હોવા છતાં આઠમ, ચૌદશ, જ્ઞાનપંચમી, પર્યુષણામાં ધોઈને પાણી પી ન જાય તો ઉપવાસ, પાત્ર ધોયેલ પાણી પરઠવે તો પાંચ ઉપવાસ.

પાત્રા, માત્રક, તરપણી કે કોઈપણ પ્રકારના ભાજન–ઉપકરણ માત્રને ભીનાશ દૂર કરી, કોરા કરીને, ચીકાશવાળા કે વગરના ન લૂંછેલા સ્થાપન કરી રાખે તો ચોથા ભક્ત,

પાત્રાબંધની ગાંઠ ન છોડે, તેની પડિલેહણા કરીને ન શોધે તો ચોથભક્ત,

ભોજન માંડલીમાં હાથ ધોવે, તેના પાણીમાં પગનો સંઘટ્ટો કરીને ચાલે, ભોજન કરવાની જગ્યામાં સાફ કરીને દંડપુચ્છણકથી કાજો ન લે તો નિવી. ભોજનમાંડલીના સ્થાને જગ્યા સાફ કરીને પુંછણકથી કાજો લઈ, એકઠો કરીને

ઈરિયા ન પ્રતિક્રમે તો નિવી.

એ પ્રમાણે ઈરિયાવહી કરીને બાકી રહેલા દિવસનું અર્થાત્ તિવિહાર કે ચોવિહારનું પ્રત્યાખ્યાન ન કરે તો આયંબિલ. ગુરુ સન્મુખ પચ્ચક્ખાણ ન કરે તો પુરિમઢ્ઢ, અવિધિથી પચ્ચક્ખાણ કરે તો આયંબિલ, પચ્ચક્ખાણ કર્યા પછી ચૈત્ય અને સાધુને ન વાંદે તો પુરિમઢ્ઢ. કુશીલને વાંદે તો અવંદનીય.

ત્યારપછીના સમયમાં બહાર સ્થંડિલ ભૂમિ જવા માટે પાણી લેવા માટે જાય. વડી નીતિ કરીને પાછા ફરે તે સમયે કંઈક ન્યૂન ત્રીજી પોરીસી પૂર્ણ થાય. તેમાં પણ **ઈરિયાવહી પ્રતિક્રમીને વિધિથી ગમનાગમન આલોચીને પાત્રા, માત્રક આદિ ભાજન અને ઉપકરણો વ્યવસ્થિત કરે ત્યારે ત્રીજી પોરીસી બરાબર પૂર્ણ થાય.**

આ પ્રમાણે ત્રીજી પોરીસી વીત્યા પછી હે ગૌતમ ! જે ભિક્ષુ ઉપધિ અને સ્થંડિલો વિધિપૂર્વક ગુરુ સન્મુખ 'સંદિસાઉં' એમ આજ્ઞા માંગીને પાણી પીવાના પણ પચ્ચક્ખાણ કરીને કાળવેળા સુધી સ્વાધ્યાય ન કરે તેને છઠ્ઠ પ્રાયશ્ચિત્ત જણાવવું.

આ પ્રમાણે કાળવેળા આવી પહોંચે ત્યારે ગુરુની ઉપધિ અને સ્થંડિલ, વંદન, પ્રતિક્રમણ, સજ્ઝાય, માંડળી આદિ વસતીની પ્રત્યુપેક્ષણા કરીને સમાધિપૂર્વક, ચિત્તના વિક્ષેપ વિના સંયમિત બનીને પોતાની ઉપધિ અને સ્થંડિલની પ્રત્યુપેક્ષણા કરીને ગોચર ચરિત અને કાળને પ્રતિક્રમીને, ગોચર ચર્યા ઘોષણા કરીને ત્યારપછી દૈવસિક અતિચારોની વિશુદ્ધિ નિમિત્તે કાયોત્સર્ગ કરવો. આ દરેકમાં અનુક્રમે ઉપસ્થાપન, પુરિમઢ્ઢ એકાસણાદિ પ્રાયશ્ચિત્ત જાણવા.

આ પ્રમાણે કાયોત્સર્ગ કરીને મુહપત્તિ પડિલેહીને વિધિપૂર્વક ગુરુને કૃતિકર્મ વંદન કરીને સૂર્યોદયથી માંડીને કોઈ પણ સ્થાને જવા કે બેસતા, જતા, ચાલતા, ભમતા, ઉતાવળ કરતા, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, લીલોતરી, તૃણ, બીજ, પુષ્પ, ફૂલ, કુંપળ, અંકુર, પ્રવાલ, પત્ર, બે–ત્રણ–ચાર–પાંચ ઇન્દ્રિયોવાળા જીવોના સંઘટ્ટન, પરિતાપન, કિલામણા, ઉપદ્રવ વગેરે કર્યા હોય તથા–

ત્રણ ગુપ્તિ, ચાર કષાયો, પાંચ મહાવ્રતો, છ જીવનિકાયો, સાત પાણૈષણા અને આહારૈષણા, આઠ પ્રવચન માતા, નવ બ્રહ્મચર્યની ગુપ્તિ, દશવિધ શ્રમણ ધર્મ, જ્ઞાન–દર્શન–ચારિત્રની જે ખંડના, વિરાધના થઈ હોય તેની નિંદા, ગર્હા, આલોચના, પ્રાયશ્ચિત્ત કરીને એકાગ્ર મનથી સૂત્ર, અર્થ, તદુભયને અતિશય ભાવતો, તેના અર્થની વિચારણા કરતો, પ્રતિક્રમણ ન કરે તો ઉપસ્થાપન.

એમ કરતા સૂર્યાસ્ત થયો. **ચૈત્યોને વંદના કર્યા સિવાય પ્રતિક્રમણ કરે તો ચોથભક્ત.** અહીં અવસર જાણી લેવો.

પ્રતિક્રમણ પછી રાત્રે વિધિ સહિત બિલકુલ ઓછો સમય નહીં એવા પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય ન કરે તો પાંચ ઉપવાસ,

પહેલી પોરીસી પૂર્ણ થતા પહેલાં સંથારો કરવાની વિધિની આજ્ઞા માંગો તો છઠ્ઠ, સંદિસાવ્યા વિના સંથારો કરી સૂઈ જાય તો ઉપવાસ, ઉત્તરપટ્ટા વિનાનો સંથારો કરે તો ઉપવાસ, બે પડનો સંથારો કરે તો ઉપવાસ, વચમાં પોલાણ વાળો, દોરીવાળા ખાટલામાં નીચે નરમ હોય તેવા ઢોલીયામાં, પલંગમાં સંથારો કરે તો ૧૦૦ આયંબિલ.

સર્વે શ્રમણ સંઘ, સર્વે સાધર્મિકો તેમજ સર્વ જીવરાશિના તમામ જીવોને સર્વભાવથી ત્રિવિધ–ત્રિવિધે ન ખમાવે, ક્ષમા ન આપે, ચૈત્યોને ન વાંદે, ગુરુના ચરણમાં ઉપધિ, દેહ, આહારાદિના સાગાર પચ્ચક્ખાણ કર્યા વિના, કાનના છિદ્રોમાં કપાસનું રૂ ભરાવ્યા વિના સંથારામાં બેસે તો દરેકમાં ઉપસ્થાપન,

સંથારામાં બેઠા પછી આ ધર્મ–શરીરને ગુરુ પરંપરાથી પ્રાપ્ત આ 'શ્રેષ્ઠ મંત્રાક્ષરોથી' દશે દિશામાં સાપ, સિંહ, દુષ્ટ, પ્રાંત, તુચ્છ, વ્યંતર પિશાચાદિથી રક્ષે નહીં તો ઉપસ્થાપન.

દશે દિશામાં સાપ, સિંહ, દુષ્ટ પ્રાંત, હલકા વાણમંતર, પિશાચ વગેરેથી રક્ષણ ન કરે તો ઉપસ્થાપન, દશે દિશાઓમાં રક્ષણ કરીને બાર ભાવના ભાવ્યા સિવાય સૂઈ જાય તો **૨૫**–આયંબિલ.

એક જ નિદ્રા પૂર્ણ કરી જાણીને ઈરિયાવહી પ્રતિક્રમીને પ્રતિક્રમણના સમય સુધી સ્વાધ્યાય ન કરે તો પાંચ ઉપવાસ, ઊંઘી ગયા બાદ દુઃસ્વપ્ન કે કુસ્વપ્ન આવે તો **૧૦૦** શ્વાસોચ્છ્‌વાસ કાઉસ્સગ્ગ કરવો. રાત્રે છીંક કે ખાંસી ખાય, પાટીયા–પાટ કે દંડ ખસતા શબ્દ કરે તો ખમણ, દિવસે કે રાત્રે હાસ્ય, ક્રીડા, કંદર્પથી ઉપસ્થાપન.

એમ જે ભિક્ષુ સૂત્રનું અતિક્રમણ કરીને કાળનું અતિક્રમણ કરીને આવશ્યક કરે તો હે ગૌતમ ! કારણે મિચ્છામિ દુક્કડમ્, અકારણે યથાયોગ્ય ઉપવાસાદિ પ્રાયશ્ચિત્ત કહેવા.

જે ભિક્ષુ શબ્દ કરે–કરાવે, ગાઢ–અગાઢ શબ્દોથી બૂમ પાડે તો દરેક સ્થાનમાં દરેકનું દરેક પદમાં યથાયોગ્ય સંબંધ જોડીને પ્રાયશ્ચિત્ત આપવું.

એ પ્રમાણે જે ભિક્ષુ અપ્‌કાય, અગ્નિકાય, સ્ત્રી–શરીરના અવયવોનો સંઘટ્ટો કરે પણ ભોગવે નહીં તો તેને પચ્ચીશ આયંબિલ. જે વળી સ્ત્રીને ભોગવે તે દુરંત–પ્રાંત લક્ષણવાળાનું મુખ પણ ન દેખવું. એવા તે મહાપાપીને પારાંચિત પ્રાયશ્ચિત્ત આપવું.

જો તે મહાતપસ્વી હોય, **૭૦** માસક્ષમણ, **૧૦૦** અર્ધમાસ ક્ષમણ, **૧૦૦** પાંચ ઉપવાસ, **૧૦૦** ચાર ઉપવાસ, **૧૦૦** અઠ્ઠમ, **૧૦૦** છઠ્ઠ, **૧૦૦** ઉપવાસ, **૧૦૦** આયંબિલ, **૧૦૦** એકાસણા, **૧૦૦** શુદ્ધ આચામ્લ એકાશન, **૧૦૦** નિવી યાવત્ સવળા–અવળા ક્રમે પ્રાયશ્ચિત્ત જણાવવુ. આ આપેલ પ્રાયશ્ચિત્ત જે ભિક્ષુ વગર વિસામે પાર પાડે તે નજીકના કાળમાં આગળ આવનાર સમજવો.

**૧૩૮૫.** ભગવન્ ! સવળા–અવળા ક્રમથી આ પ્રમાણે સો–સો સંખ્યા પ્રમાણ દરેક જાતના તપોના પ્રાયશ્ચિત્ત કરે તો કેટલો કાળ સુધી કર્યા કરે ? ગૌતમ! આચાર માર્ગમાં તે સ્થાપન થાય ત્યાં સુધી.

ભગવન્ ! પછી તે શું કરે ? પછી કોઈ તપ કરે, કોઈ તપ ન કરે. જે પૂર્વે કહ્યા મુજબ તપ કર્યા કરે છે તે વંદનીય, પૂજનીય, દર્શનીય છે. તે અતિપ્રશસ્ત સુમંગલ સ્વરૂપ છે. પ્રાતઃ નામ ગર્હણીય છે, ત્રિલોકમાં વંદનીય છે. પ્રાયશ્ચિત્ત ન કરનારો પાપી, મહાપાપી, મહામોટો પાપી, દુરંત–પ્રાંત અધમ લક્ષણ યાવત્ મુખ જોવા લાયક નથી.

**૧૩૮૬, ૧૩૮૭.** ગૌતમ ! જ્યારે આ પ્રાયશ્ચિત્ત સૂત્ર વિચ્છેદ પામશે ત્યારે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાનું તેજ સાત દિનરાત્રિ સ્ફૂરાયમાન થશે નહીં. હે ગૌતમ ! આનો વિચ્છેદ થશે એટલે સમગ્ર સંયમનો અભાવ થશે. કેમ કે આ પ્રાયશ્ચિત્ત સર્વે પાપનો પ્રકર્ષપણે નાશ કરનાર છે. સર્વ તપ–સંયમ અનુષ્ઠાનોનું પ્રધાન અંગ હોય તો પરમ વિશુદ્ધિ સ્વરૂપ પ્રવચનના પણ નવનીત અને સારભૂત સ્થાન જણાવેલ હોય તો હે ગૌતમ ! આ પ્રાયશ્ચિત્ત પદો છે.

**૧૩૮૮.** હે ગૌતમ ! આ **સર્વે પ્રાયશ્ચિત્તોને એકઠા કરીને સરવાળો કરાય તેટલું પ્રાયશ્ચિત્ત એક ગચ્છનાયકને અને સાધ્વીમાં પ્રવર્તીનીને ચાર ગણુ પ્રાયશ્ચિત્ત જણાવવું,** કેમ કે તેઓ તો આ સર્વે જાણે જ છે. હવે જો આ જ્ઞાતા અને ગચ્છ નાયકો પ્રમાદ કરનારા થાય, તો બીજાઓ બળ, વીર્ય હોવા છતાં અધિકતર આગમમાં ઉદ્યમ કરવાનો ઘટાડો કરનાર થાય. કદાચ કંઈ અતિ મહાન અનુષ્ઠાન કરવાનો ઉદ્યમ કરનારો થાય તો પણ તેવી ધર્મશ્રદ્ધાથી ન કરે, પણ મંદ ઉત્સાહથી ઉદ્યમ કરનારો થાય.

ભગ્ન પરિણામવાળાનો કરેલો કાયકલેશ નિરર્થક સમજવો. જે કારણ માટે આ પ્રમાણે છે તે માટે અચિંત્ય, અનંત, નિરનુબંધવાળા, પુન્યના સમુદાયવાળા તીર્થંકર તેવી પુન્યાઈ ભોગવતા હોવા છતાં સાધુને તે પ્રમાણે કરવું યોગ્ય નથી.

આ પ્રમાણે ગચ્છાધિપતિ આદિએ સર્વ પ્રકારે દોષમાં પ્રવૃત્તિ કરવી જ ન જોઈએ. આ કારણે હે ગૌતમ ! એમ કહેવાય છે કે ગચ્છાધિપતિ આદિ સમુદાયનાયકોને આ સર્વ પ્રાયશ્ચિત્ત જેટલું એકઠું કરીને સરવાળો કરતા તેનાથી

ચારગણું પ્રાયશ્ચિત્ત કહ્યું.

**૧૩૮૯.** ભગવન્ ! જે ગણી અપ્રમાદી થઈને શ્રુતાનુસાર યથોક્ત વિધાન કરવા પૂર્વક સતત નિરંતર રાત–દિવસ ગચ્છની સાર–સંભાળ ન રાખે તો તેને કેટલું પ્રાયશ્ચિત્ત ? ગચ્છની સાર–સંભાળ ન રાખે તેને પારંચિત પ્રાયશ્ચિત્ત જણાવવું.

ભગવન્ ! જે વળી કોઈ ગણી સર્વ પ્રમાદના આલંબનોથી વિપ્રમુક્ત હોય, શ્રુતાનુસારે હંમેશા નિરંતર ગચ્છની સારણાદિપૂર્વક સંભાળ રાખતા હોય, તેનો કોઈ દુષ્ટ શીલવાળો તથા પ્રકારનો શિષ્ય સન્માર્ગનું યથાર્થ આચરણ ન કરતો હોય તો તેવા ગણિને પ્રાયશ્ચિત્ત આવે ખરું ? હે ગૌતમ ! તેવા ગુરુને જરૂર પ્રાયશ્ચિત્ત આવે.

ભગવન્ ! કયા કારણે એમ કહો છો ? ગૌતમ ! તેણે શિષ્યને ગુણ–દોષની પરીક્ષા કર્યા વિના પ્રવ્રજ્યા આપી છે તે કારણે

ભગવન્ ! શું તેવા ગણિને પણ પ્રાયશ્ચિત્ત અપાય ? ગૌતમ ! આવા ગુણોથી યુક્ત ગણિ હોય, પરંતુ જ્યારે આવા પ્રકારના પાપશીલવાળા ગચ્છને ત્રિવિધ ત્રિવિધે વોસિરાવીને જેઓ આત્મહિતની સાધના કરતા નથી, ત્યારે તેમને સંઘ બાહ્ય કરવા માટે જણાવવું.

ભગવન્ ! જ્યારે ગચ્છનાયક ગણિએ ગચ્છને ત્રિવિધે વોસિરાવે ત્યારે તે ગચ્છને આદરમાન્ય કરી શકાય ? જે પશ્ચાત્તાપ કરી સંવેગ પામીને યથાયુક્ત પ્રાયશ્ચિત્તનું સેવન કરીને બીજા ગચ્છાધિપતિ પાસે ઉપસંપદા પામીને સમ્યગ્ માર્ગનું અનુસરણ કરે તો તેનો આદર કરવો. હવે જો તે સ્વચ્છંદપણે તે જ પ્રકારે રહે, પશ્ચાત્તાપ પ્રાયશ્ચિત્ત ન કરે, સંવેગ ન પામે, શ્રમણ સંઘ બહાર કરેલ તે ગચ્છને ન માનવો.

**૧૩૯૦.** ભગવન્ ! જ્યારે શિષ્યો યથોક્ત સંયમક્રિયામાં વર્તતા હોય ત્યારે કંઈક કુગુરુ તે સારા શિષ્યને દીક્ષા પ્રરૂપે, ત્યારે શિષ્યોએ શું કર્તવ્ય કરવું ઉચિત ગણાય ? ગૌતમ ! ધીર, વીર, તપનું સંયમન કરવું,

ભગવન્ ! કેવી રીતે ? ગૌતમ ! અન્ય ગચ્છમાં પ્રવેશીને.

ભગવન્ ! તેના સંબંધી સ્વામીપણાની ફારગતિ આપ્યા સિવાય બીજા ગચ્છમાં પ્રવેશ ન મેળવી શકે, ત્યારે શું કરવું ? ગૌતમ ! સર્વ પ્રકારે તેના સંબંધી સ્વામીપણું ભુસાઈ જવું જોઈએ.

ભગવન્ ! કયા પ્રકારે તેના સંબંધી સ્વામીપણાનું સર્વ પ્રકારે સાફ થાય ? ગૌતમ! અક્ષરોમાં.

ભગવન્! તે અક્ષરો કયા છે ? હે ગૌતમ ! કોઈપણ કાળાંતરે પણ હું એના શિષ્ય કે શિષ્યાણીપણે સ્વીકારીશ નહીં. ભગવન્ ! જો કદાચ તે આવા પ્રકારના અક્ષરો ન આપે તો ?

ગૌતમ ! જો તે એવા અક્ષરો ન લખી આપે તો નજીકના પ્રવચનીકોને કહીને ચાર–પાંચે એકઠાં થઈ તેમના ઉપર દબાણ કરીને અક્ષરો અપાવવા.

ભગવન્! એવા દબાણથી પણ તે કુગુરુ અક્ષરો ન આપે તો ? હે ગૌતમ ! તો તેને સંઘ બહાર કરવાનો ઉપદેશ આપવો. ભગવન્ ! કયા કારણે એમ કહો છો ?

ગૌતમ ! આ સંસારમાં મહામોહપાશરૂપ ઘર અને કુટુંબનો ફાંસ વળગેલો છે. તેવા ફાંસાને મહામુશ્કેલીથી તોડીને અનેક શારીરિક માનસિક ઉત્પન્ન થયેલા ચારે ગતિરૂપ સંસારના દુઃખથી ભયભીત થયેલા કોઈ પ્રકારે મોહ અને મિથ્યાત્વાદિકના ક્ષયોપશમના પ્રભાવથી સન્માર્ગની પ્રાપ્તિ કરીને કામભોગથી કંટાળી, વૈરાગ્ય પામી. જેની આગળ પરંપરા વધે નહીં એવા નિરનુબંધી પુન્યને ઉપાર્જન કરે છે. તે પુણ્યોપાર્જન તપ અને સંયમથી થાય છે.

તેના તપ અને સંયમની ક્રિયામાં જો ગુરુ પોતે જ વિઘ્ન કરનાર થાય કે બીજા પાસે વિઘ્ન કરાવે કે વિઘ્ન કરનારને સારો માની અનુમોદના કરે, સ્વપક્ષ કે પરપક્ષથી વિઘ્ન થતું હોય તેની ઉપેક્ષા કરે અર્થાત્ પોતાના સામર્થ્યથી ન રોકે, તો તે મહાનુભાગ એવા સાધુનું વિદ્યમાન ધર્મવીર્ય પણ નાશ પામે, જેટલામાં ધર્મવીર્ય નાશ પામે

તેટલામાં નજીકમાં જેનું પુન્ય આગળ આવવાનું હતું, તે નાશ પામે છે.

–તથા– જો તે શ્રમણ લિંગનો ત્યાગ કરે છે. જો એવા પ્રકારે ગુણોથી યુક્ત હોય તો તે ગચ્છનો ત્યાગ કરીને અન્ય ગચ્છમાં જાય છે. ત્યાં **પણ જો તે પ્રવેશ ન મેળવે તો કદાચ વળી તે અવિધિથી પ્રાણનો ત્યાગ કરે, કદાચ વળી તે મિથ્યાત્વ ભાવ પામીને બીજા પાખંડીમાં ભળી જાય, કદાચ સ્ત્રીનો સંગ્રહ કરીને ગૃહસ્થાવાસમાં પ્રવેશ કરે.**

આવા પ્રકારનો એક વખતનો મહાતપસ્વી તે હવે અતપસ્વી થઈને પારકાના ઘેર કામ કરનારો દાસ થાય, જ્યાં સુધીમાં આવી હલકી વ્યવસ્થા ન થાય, તેટલામાં તો એકાંત મિથ્યાત્વ અંધકાર વધવા લાગે.

જેટલામાં મિથ્યાત્વથી એવા બનેલા ઘણા લોકનો સમુદાય દુર્ગતિને નિવારણ કરનાર, સુખ પરંપરાને કરાવનાર, અહિંસા લક્ષણવાળો શ્રમણ ધર્મ મહામુશ્કેલીથી કરનાર થાય છે તેટલામાં તીર્થ વિચ્છેદ થાય. એટલે પરમપદ–મોક્ષનું આંતરુ ઘણું જ વધી જાય અર્થાત્ મોક્ષ ઘણો દૂર ઠેલાય છે. મોક્ષનો માર્ગ દૂર થાય છે. એટલે અત્યંત દુઃખી એવા ભવ્યાત્માનો સમૂહ ફરી ચાર ગતિવાળા સંસારચક્રમાં અટવાશે.

એ કારણે હે ગૌતમ ! એમ કહેવાય છે કે આ પ્રકારે કુગુરુ અક્ષરો ન આપે તો તેને સંઘ બહાર કાઢવાનો ઉપદેશ આપવો.

**૧૩૯૧.** ભગવન્ ! કેટલા કાળ પછી આ માર્ગમાં કુગુરુ થશે ? હે ગૌતમ ! આજથી માંડીને સાડા બારસો વર્ષથી કેટલાક અધિક વર્ષો ઉલ્લંઘન થયા પછી તેવા કુગુરુઓ થશે.

ભગવન્ ! કયા કારણે તેઓ કુગુરુપણુ પામશે ? ગૌતમ ! તે કાળે, તે સમયે ઋદ્ધિ, રસ અને શાતા નામક ત્રણ ગારવોને સાધીને થયેલા, મમતાભાવ, અહંકારભાવ રૂપ અગ્નિથી જેમના અભ્યંતર આત્મા અને દેહ સળગી રહેલા છે. મેં આ કાર્ય કર્યું, મેં શાસનની પ્રભાવના કરી, એવા માનસવાળા શાસ્ત્રોના યથાર્થ પરમાર્થોને ન જાણનારા આચાર્યો ગચ્છનાયકો થશે. એ કારણે તેઓ કુગુરુ કહેવાશે.

ભગવન્ ! તે કાળે સર્વે શું એવા ગચ્છનાયકો થશે ? ગૌતમ ! એકાંતે સર્વે એવા નહીં થશે. કેટલાક વળી દુરંત પ્રાંત લક્ષણવાળા, અધમ, ન જોવાલાયક, એક માતાએ સાથે જન્મ આપેલ જોડલાપણે જન્મેલા હોય, નિર્મર્યાદ પાપ કરવાના સ્વભાવવાળા, આખા જન્મમાં દુષ્ટ કાર્યો કરનારા, જાતિ રૌદ્ર પ્રચંડ અભિગ્રહિક મહામોટા મિથ્યાત્વદષ્ટિના ધારક થશે.

ભગવન્ ! તેને કેવી રીતે ઓળખવા ? ગૌતમ ! ઉત્સૂત્ર, ઉન્માર્ગ પ્રવર્તાવનાર ઉપદેશ આપનાર કે અનુમતિ જણાવનાર હોય તેવા નિમિત્તોથી તે ઓળખાય છે.

**૧૩૯૨.** ભગવન્ ! જે ગણનાયક આચાર્ય હોય તે લગીર પણ આવશ્યકમાં પ્રમાદ કરે ખરા ? ગૌતમ ! તેઓ વિના કારણે ક્ષણવાર પણ પ્રમાદ કરે તો અવંદનીય ગણાવવા.

જેઓ અતિ મહાન કારણ આપે તો પણ ક્ષણવાર પણ પોતાના આવશ્યકમાં પ્રમાદ કરતા નથી તે વંદનીય, પૂજનીય, દર્શનીય યાવત્ સિદ્ધ, બુદ્ધ, પારગત, ક્ષીણ આઠ કર્મ મલવાળા, કર્મરજ રહિત હોય તેમની સમાન જાણવા.

શેષ અધિકાર ઘણા વિસ્તારથી સ્વસ્થાને કહેવાશે.

**૧૩૯૩.** આ રીતે પ્રાયશ્ચિત્ત વિધિ શ્રવણ કરીને આદી નમનવાળો દોષોને સેવવા યોગ્ય અનુષ્ઠાનો કરતો નથી. જે સ્થાનમાં જેટલી શક્તિ ફોરવવી પડે તે ફોરવે છે. તે આરાધક આત્મા થયેલા છે.

**૧૩૯૪ થી ૧૩૯૬.** જળ, અગ્નિ, દુષ્ટ હિંસક જાનવરો, ચોર, રાજા, સર્પ, યોગિનીના ભયો, ભૂત, પક્ષી, રાક્ષસ, ક્ષુદ્ર, પિશાચો, મારી, મરકી, કંકાસ, કજીયા, વિઘ્નો, રોધ, આજીવિકા, અટવી કે સમુદ્ર ફસામણ, કોઈ દુષ્ટ ચિંતવન કરે, અપશુકન આદિના ભયના પ્રસંગે આ વિદ્યાનું સ્મરણ કરવું.

આ વિદ્યા મંત્રાક્ષર સ્વરૂપે છે, મંત્રાક્ષરનો અનુવાદ ન થાય. મૂળ મંત્રાક્ષર માટે અમારું 'આગમસુત્તાણિ

ભાગ-૩૯' મહાનિસીહ આગમનું પૃષ્ઠ-૧૨૦ જોવું..

૧૩૯૬. આ શ્રેષ્ઠ વિદ્યાથી વિધિપૂર્વક પોતાના આત્માને સારી રીતે અભિમંત્રીને આ કહીશું તે સાત અક્ષરોથી એક મસ્તક, બંને ખભા, કુક્ષી, પગના તળિયા એમ સાત સ્થાને સ્થાપવા. તે આ પ્રમાણે – ઓમ્ – મસ્તકે, કુ – ડાબા ખભાની ગ્રીવા વિશે, રૂ – ડાબી કુક્ષિ વિશે, કુ – ડાબા પગના તળિયે, લે – જમણા પગના તળિયે, સ્વા – જમણી કુક્ષિ વિશે, હા – જમણા ખભાની ગ્રીવાએ સ્થાપન કરવા.

૧૩૯૭ થી ૧૩૯૯. દુઃસ્વપ્ન, દુર્નિમિત્ત, ગ્રહપીડા, ઉપસર્ગ, શત્રુ કે અનિષ્ટના ભયમાં, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વીજળી, ઉલ્કાપાત, ખરાબ પવન, અગ્નિ, મહાજનો વિરોધ વગેરે જે કોઈ આલોકમાં થવાવાળા ભય હોય તે બધા આ વિદ્યાના પ્રભાવથી વિનાશ પામે છે.

મંગલ કરનાર, પાપ હરનાર, બીજા બધા અક્ષય સુખ આપનાર એવું પ્રાયશ્ચિત્ત કરવાની ઈચ્છાવાળા કદાચ તે ભવમાં સિદ્ધિ ન પામે તો પણ વૈમાનિક ઉત્તમ દેવગતિને પામીને પછી સુકુળમાં ઉત્પન્ન થઈ જલદી સમ્યક્ત્વ પામીને સુખની પરંપરાને અનુભવતો આઠે કર્મની બાંધેલી રજ અને મલથી કાયમ માટે મુક્ત થાય, સિદ્ધિ પામે છે એમ કહું છું.

૧૪૦૦. ભગવન્ ! આટલું જ માત્ર પ્રાયશ્ચિત્ત વિધાન છે કે જેથી આ પ્રમાણે આદેશ કરાય છે ?

ગૌતમ ! આ તો સામાન્યથી બાર મહિનાના દરેક રાત્રિદિવસના દરેક સમયના પ્રાણનો નાશ કરવો, ત્યારથી માંડીને બાલ-વૃદ્ધ, નવદીક્ષિત ગણનાયક, રત્નાધિક વગેરે સહિત મુનિગણ તથા અપ્રતિપાતી એવા મહા અવધિ, મનઃ પર્યવજ્ઞાની, છદ્મસ્થ વીતરાગ એવા ભિક્ષુકોને એકાંત અભ્યુત્થાન યોગ્ય આવશ્યક ક્રિયા સંબંધે આ સામાન્ય પ્રાયશ્ચિત્ત ઉપદેશેલું છે. પરંતુ આટલું જ માત્ર પ્રાયશ્ચિત્ત છે તેવું બિલકુલ ન માનશો.

ભગવન્ ! શું અપ્રતિપાતી મહા અવધિ-મનઃ પર્યવજ્ઞાની અને છદ્મસ્થ વીતરાગે સમગ્ર આવશ્યકોના અનુષ્ઠાન કરવા જોઈએ ?

ગૌતમ ! તેમણે જરૂર કરવા જોઈએ. માત્ર આવશ્યકો કરવા જોઈએ તેમ નહીં, પણ એકીસાથે નિરંતર સતત આવશ્યકાદિ અનુષ્ઠાનો કરવા જોઈએ.

ભગવન્! કેવી રીતે ? ગૌતમ ! અચિંત્ય બળ, વીર્ય, બુદ્ધિ, જ્ઞાનાતિશય, શક્તિના સામર્થ્યપૂર્વક કરવા જોઈએ.

ભગવન્ ! કયા કારણે કરવા જોઈએ ? ગૌતમ ! રખેને ઉત્સૂત્ર, ઉન્માર્ગનું મારાથી પ્રવર્તન ન થાય અથવા થયું હોય તો, તેમ કરીને આવશ્યક કરવા જોઈએ.

૧૪૦૧. ભગવન્ ! વિશેષ પ્રકારે પ્રાયશ્ચિત્ત કેમ નથી કહેતા ?

ગૌતમ ! વર્ષાકાળે માર્ગગમન અને વસતીપરિભોગ કરવા વિષયક ગચ્છાચારની મર્યાદાનું ઉલ્લંઘન કરવા વિષયક, સંઘાચારનું અતિક્રમણ, ગુપ્તિભેદ, સાત પ્રકારના માંડલી ધર્મનું અતિક્રમણ, અગીતાર્થના ગચ્છમાં જવાથી થયેલ કુશીલ સાથેનો વંદન, આહારાદિ વ્યવહાર, અવિધિથી પ્રવ્રજ્યા કે વડી દીક્ષા આપવાથી લાગેલા પ્રાયશ્ચિત્ત, અયોગ્ય કે અપાત્રને સૂત્ર, અર્થ, તદુભયની પ્રજ્ઞાપના કરવાથી લાગેલ અતિચાર, અજ્ઞાન વિષયક એક અક્ષર આપવાથી થયેલ દોષ તથા.

દૈવસિક, રાત્રિક, પાક્ષિક, માસિક, ચતુર્માસિક, વાર્ષિક, આલોક કે પરલોક સંબંધી નિદાન કરેલ હોય, મૂળ ગુણ કે ઉત્તરગુણની વિરાધના, જાણતા કે અજાણતા કરેલ, વારંવાર નિર્દયતાથી દોષ સેવન કરે, પ્રમાદ-અભિમાનથી દોષ સેવન કરે, આજ્ઞાપૂર્વકના અપવાદથી દોષ સેવ્યા હોય, મહાવ્રતો, શ્રમણધર્મ, સંયમ, તપ, નિયમ, કષાય, ગુપ્તિ, દંડ, મદ, ભય, ગારવ, ઈન્દ્રિય વિષયક દોષો સેવ્યા હોય, આપત્તિકાળમાં આર્ત-રૌદ્રધ્યાન થવું, રાગ-દ્વેષ-મોહ-મિથ્યાત્વ વિષયક, દુષ્ટ, ક્રૂર પરિણામ થવાના કારણે ઉત્પન્ન થયેલ મમત્વ, મૂર્છા, પરિગ્રહ અને આરંભથી થયેલ

પાપ, સમિતિનું પાલન ન થવું. તથા.

પારકાની ગેરહાજરીમાં તેની નિંદા કરવી, અમૈત્રી ભાવ, ધર્માંતરાય, સંતાપ, ઉદ્વેગ, માનસિક અશાંતિથી ઉત્પન્ન થયેલ પાપ, સંખ્યાતીત આશાતના પૈકી કોઈ પણ આશાતનાથી ઉત્પન્ન થયેલ, પ્રાણવધ–મૃષાવાદ–અદત્તનું લેવું–મૈથુનના ત્રિકરણ યોગ પૈકી કોઈપણ યોગથી ખંડિત થતા – પરિગ્રહથી ઉત્પન્ન – રાત્રિભોજન વિષયક પાપ તથા. વાચિક, કાયિક અસંયમ, કરણ, કરાવણ, અનુમતિથી ઉત્પન્ન થયેલ યાવત્ જ્ઞાન–દર્શન–ચારિત્રના અતિચાર વડે ઉત્પન્ન થયેલ પાપકર્મનું પ્રાયશ્ચિત્ત.

વધારે કેટલું કહેવું ? જેટલા ત્રિકાળ ચૈત્યવંદનના આદિક પ્રાયશ્ચિત્ત સ્થાનો પ્રરૂપેલા છે, તેટલા વિશેષણથી હે ગૌતમ ! અસંખ્યેય પ્રમાણ પ્રજ્ઞાપના કરાય છે. માટે એ પ્રમાણે સારી રીતે ધારણા કરવી કે હે ગૌતમ ! પ્રાયશ્ચિત્ત સૂત્રની સંખ્યાના સંખ્યાપ્રમાણ નિર્યુક્તિઓ, સંગ્રહણીઓ, સંખ્યાના અનુયોગો, દ્વારો, સંખ્યાતા અક્ષરો, અનંતા પર્યાયો દર્શાવેલા છે, ઉપદેશેલા છે, કહેલા છે, સમજાવેલા છે, પ્રરૂપેલા છે, કાલ અભિગ્રહપણે યાવત્ અનુપૂર્વીથી કે અનાનુપૂર્વીથી એટલે ક્રમથી કે ક્રમ વિના યથાયોગ્ય ગુણપણાને વિશે પ્રાયશ્ચિત્તો પ્રરૂપેલા છે, એમ કહું છું.

**૧૪૦૨.** ભગવન્ ! આપે કહ્યા તેવા પ્રાયશ્ચિત્તની બહુલતા છે. આ પ્રમાણે પ્રાયશ્ચિત્તનો સંઘટ્ટ થાય છે. ભગવન્ ! આવા પ્રકારના પ્રાયશ્ચિત્તને ગ્રહણ કરનાર એવા કોઈ હોય છે કે જે આલોચના–નિંદા–ગર્હા કરીને યાવત્ત તથા યોગ્ય તપોકર્મ કરીને, પ્રાયશ્ચિત્ત સેવીને, શ્રામણ્યને આરાધે, પ્રવચન આરાધે યાવત્ આત્મહિત માટે તેને અંગીકાર કરીને પોતાના કાર્યને આરાધે કે સ્વકાર્યની સાધના કરે ?

ગૌતમ ! ચાર પ્રકારે આલોચના જાણવી, તે આ પ્રમાણે – નામ આલોચના, સ્થાપના આલોચના દ્રવ્ય આલોચના અને ભાવ આલોચના.

આ ચારે પદો અનેક રીતે અને ચાર પ્રકારે યોજી શકાય છે, તેમાં નામ આલોચના નામમાત્રથી સમજવી. સ્થાપના આલોચના પુસ્તકાદિમાં લખેલી હોય, દ્રવ્ય આલોચના તેને કહેવાય કે જે સરળતાથી આલોચના કરીને જે પ્રમાણે પ્રાયશ્ચિત્ત કહેવાયેલ હોય તે પ્રમાણે કરી ન આપે. આ ત્રણે પદો ગૌતમ ! અપ્રશસ્ત છે.

હે ગૌતમ ! જે આ ચોથું ભાવ આલોચના નામક પદ છે, તે લાગેલા દોષની આલોચના કરીને ગુરુ પાસે યથાર્થપણે નિવેદન કરીને, નિંદા–ગર્હા–પ્રાયશ્ચિત્ત સેવન કરીને યાવત્ આત્મહિત માટે તેને અંગીકાર કરીને પોતાના આત્મ હિત માટે તેને અંગીકાર કરીને પોતાના આત્માની અંતિમ સાધના માટે તે ઉત્તમાર્થની આરાધના કરે.

ભગવન્ ! તે ચોથું પદ કેવા પ્રકારનું છે ? ગૌતમ ! તે ભાવ આલોચના કહેવાય.

ભગવન્ ! તે ભાવ આલોચના કોને કહેવાય ? ગૌતમ ! જે ભિક્ષુ આવા પ્રકારનો સંવેગ વૈરાગ્ય પામેલો હોય, શીલ–તપ–દાન–ભાવના રૂપ ચાર સ્કંધયુક્ત ઉત્તમ શ્રમણધર્મની આરાધનામાં એકાંત રસિક બનેલો હોય, મદ–ભય–ગારવ ઈત્યાદિ દોષોથી સર્વથા મુક્ત થયેલો હોય, સર્વે ભાવો અને ભાવાંતરો વડે કરીને શલ્ય રહિત બની સર્વ પાપોની આલોચના કરીને વિશુદ્ધિપદ મેળવીને 'તહત્તિ' કહેવા પૂર્વક આલોચના પ્રાયશ્ચિત્તને બરાબર સેવીને સંયમક્રિયા સમ્યક્ પ્રકારે પાળે, તે આ રીતે–

**૧૪૦૩.** હિતાર્થી આત્માઓ છે તે અલ્પ પાપ પણ બાંધતા નથી. તેમની શુદ્ધિ તીર્થંકર ભગવંતના વચનોથી થાય છે.

**૧૪૦૪ થી ૧૪૦૭.** અમારા સરખાની શુદ્ધિ કેવી રીતે થાય ? ઘોર સંસારના દુઃખો આપનાર તેવા પાપકર્મોનો ત્યાગ કરીને મન, વચન, કાયાની ક્રિયાથી શીલના ભારને હું ધારણ કરીશ. જે રીતે સર્વજ્ઞ ભગવંતો, કેવલી તીર્થંકરો, ચારિત્રવાન આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ, વળી જે રીતે પાંચે લોકપાલો, જે જીવો ધર્મના જ્ઞાતા છે, તેમની સમક્ષ હું મારુ તલમાત્ર પાપ પણ મારું પાપ છૂપાવીશ નહીં. તેવી રીતે મારા સર્વ દોષની આલોચના કરીશ.

તેમાં જે કંઈપણ પર્વત જેટલું ભારે પણ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય તો પણ હું તેનું સેવન કરીશ કે જે રીતે તત્કાલ પાપો પીગળી જાય અને મારી શુદ્ધિ થાય.

**૧૪૦૮ થી ૧૪૧૧.** પ્રાયશ્ચિત્ત કર્યા વિનાનો આત્મા ભવાંતરમાં મૃત્યુ પામીને નરક, તિર્યંચ ગતિમાં ક્યાંક કુંભિપાકમાં, ક્યાંક કરવતોથી બંને બાજુ રહેંસાય છે, ક્યાંક શૂળીમાં વીંધાય છે, ક્યાંક પગે દોરી બાંધીને જમીન ઉપર કાંટા-કાંકરામાં ઘસડી જવાય છે. ક્યાંક ગબડાવાય છે. ક્યાંક શરીરનું છેદન-ભેદન કરવામાં આવે છે.

વળી દોરડા, સાંકળ, બેડીથી બંધાવું પડે છે, ક્યાંક નિર્જન જંગલ ઉલ્લંઘવુ પડે છે. ક્યાંક બળદ-ઘોડા-ગધેડાદીના દમન સહન કરવું પડે છે. ક્યાંક લાલચોળ તપેલા લોઢાના સળિયાના ડામ ખમવા પડે છે. ક્યાંક ઊંટ, બળદના ભાવમાં નાક વિંધાવી નાથવું પડે છે.

વળી ક્યાંક ભારે વજનોના ભાર ઉપાડવા પડે છે. ક્યાંક વધ અને તાડનના દુઃખો પરાધીનતાથી ભોગવવા પડે છે, ક્યાંક શક્તિ ઉપરાંતનો બોજો ખેંચવો પડે છે. ક્યાંક અણિયાળી આરથી વીંધાવુ પડે છે.

વળી છાતી, પીઠ, હાડકાં, કેડનો ભાગ તૂટી જાય છે. પરવશતાથી ભૂખ-તરસ સહેવા પડે છે. સંતાપ, ઉદ્વેગ, દારિદ્રાદિ દુઃખો અહીં ફરી સહન કરવા પડશે.

**૧૪૧૨, ૧૪૧૩.** તો તેના બદલે અહીં જ મારું સમગ્ર દુશ્ચરિત્ર જે પ્રમાણે મેં સેવ્યુ હોય, તે પ્રમાણે પ્રગટ કરીને ગુરુની પાસે આલોચના કરીને, નિંદા કરીને, ગર્હા કરીને, પ્રાયશ્ચિત્તનું સેવન કરીને, ધીર-વીર-પરાક્રમવાળુ ઘોર તપ કરીને સંસારના દુઃખ દેનારા પાપકર્મને એકદમ બાળીને ભસ્મ કરી દઉં.

**૧૪૧૪, ૧૪૧૫.** અત્યંત કડકડતું, કષ્ટકારી, દુષ્કર, દુઃખે કરીને સેવી શકાય તેવું ઉગ્ર, વધારે ઉગ્ર, જિનેશ્વરો એ કહેલ સકલ કલ્યાણના કારણભૂત એવા પ્રકારના તપને આદરથી સેવીશ કે જેનાથી ઊભા-ઊભા પણ શરીર સૂકાઈ જાય.

**૧૪૧૬ થી ૧૪૧૮.** મન, વચન, કાયાના દંડનો નિગ્રહ કરીને સજ્જડ આરંભ અને આશ્રવના દ્વારોને રોકીને તથા અહંકાર, ઈર્ષ્યા અને ક્રોધનો ત્યાગ કરીને રાગ-દ્વેષ-મોહથી રહિત થયેલો-

વળી સંગ વગરનો, પરિગ્રહ રહિત, મમત્વભાવ રહિત, નિરહંકારી, શરીર ઉપર પણ નિઃસ્પૃહતાવાળો બનીને-

હું પાંચ મહાવ્રતોનું પાલન કરીશ અને નિશ્ચે તેમાં અતિચારોને પણ લાવવા દઈશ નહીં.

**૧૪૧૯ થી ૧૪૨૨.** અહાહા ! મને ધિક્કાર થાઓ. ખરેખર હું અધન્ય છું. હું પાપી છું. પાપ મતિવાળો છું. પાપકર્મ કરનાર હું પાપીષ્ઠ છું. હું અધમાધમ મહાપાપી છું.

હું કુશીલ, ભ્રષ્ટ ચારિત્રવાળો, ભિલ અને કસાઈની ઉપમા આપવા લાયક છું. હું ચંડાળ, કૃપા વગરનો પાપી, ક્રૂર કર્મ કરનાર, નિંદ્ય છું.

આવા પ્રકારના દુર્લભ ચારિત્રને પામીને, જ્ઞાન-દર્શન-ચારિત્રની વિરાધના કરીને પછી તેની આલોચના, નિંદના, ગર્હણા અને પ્રાયશ્ચિત્ત ન કહું અને સત્વરહિત, આરાધના વગરનો, કદાચ હું મૃત્યુ પામું-

તો નક્કી અનુત્તર, મહા ભયંકર સંસાર સાગરમાં એવો ઊંડો ડૂબીશ કે પછી કરોડો ભવે પણ ફરી ઉગરી શકીશ નહીં.

**૧૪૨૩ થી ૧૪૨૫.** તો જ્યાં સુધીમાં વૃદ્ધાવસ્થાથી પીડા ન પામું, તેમજ મને કોઈ વ્યાધિ ઉત્પન્ન ન થાય, જ્યાં સુધીમાં ઈન્દ્રિયો સલામત છે, ત્યાં સુધીમાં હું ધર્મનું સેવન કરી લઉં.

પહેલાના કરેલા પાપકર્મોની એકદમ નિંદા, ગર્હા, લાંબા કાળ સુધી કરીને તેને બાળીને ભસ્મ કરી નાંખુ, પ્રાયશ્ચિત્ત સેવન કરીને હું નિષ્કલંક બનીશ. હે ગૌતમ! નિષ્કલુષ અને નિષ્કલંક એવા શુદ્ધ ભાવો તે નષ્ટ ન થાય તે પહેલા ગમે તેવું દુષ્કર પ્રાયશ્ચિત્ત પણ હું લઈશ.

૧૪૨૬ થી ૧૪૨૯. આ પ્રમાણે આલોચના પ્રગટ કરીને, પ્રાયશ્ચિત્તનું સેવન કરીને કલેશ અને કર્મમળથી સર્વથા મુક્ત થઈને–

કદાચ તે ક્ષણે કે તે ભવમાં મુક્તિ ન પામે તો–

નિત્ય ઉદ્યોતવાળો સ્વયં પ્રકાશિત દેવદુંદુભિના મધુર શબ્દવાળા, સેંકડો અપ્સરાઓથી યુક્ત એવા વૈમાનિક ઉત્તમ કલ્પે જાય છે.

ત્યાંથી ચ્યવીને ફરી અહીં આવીને ઉત્તમકુળમાં જન્મ પામી, કામભોગથી કંટાળેલો, વૈરાગ્ય પામેલો, તપસ્યા કરીને ફરી પંડિત મરણ પામીને અનુત્તર વિમાનમાં નિવાસ કરી અહીં આવેલો સમગ્ર ત્રણે લોકના બંધવ સમાન ધર્મ–તીર્થંકરપણે પણ ઉત્પન્ન થાય છે.

૧૪૩૦. હે ગૌતમ ! સુપ્રશસ્ત એવા આ ચોથા પદનું નામ અક્ષય સુખ સ્વરૂપ મોક્ષને આપનાર ભાવ આલોચના છે. એમ હું કહું છું–

૧૪૩૧, ૧૪૩૨. હે ભગવન્ ! આ પ્રકારનું ઉત્તમ, શ્રેષ્ઠ, વિશુદ્ધિપદ પામીને જે કોઈ પ્રમાદના કારણે ફરી–વારંવાર કંઈક વિષયમાં ભૂલ કરે, ચૂકી જાય, સ્ખલના પામે, તો તેને માટે અતિ વિશુદ્ધિયુક્ત શુદ્ધિપદ કહ્યું છે કે નહીં ?

આ શંકાનું સમાધાન આપો.

૧૪૩૩ થી ૧૪૩૫. હે ગૌતમ ! લાંબા કાળ સુધી પાપની નિંદા અને ગર્હા કરીને, પ્રાયશ્ચિત્તનું સેવન કરીને જે પછી પોતાના મહાવ્રતોનું રક્ષણ ન કરે તો જેમ ધોયેલા વસ્ત્રને સાવચેતીથી રક્ષણ ન કરે તો તેમાં ડાઘા પડે, તેના સમાન થઈ જાય.

અથવા તો તે જેમાંથી સુગંધ ઉછળી રહી છે એવા અતિ નિર્મળ ગંધોદકથી પવિત્ર ક્ષીર સમુદ્રમાં સ્નાન કરીને અશુચિથી ભરેલા ખાડામાં પડે તેના સરખો ફરી ભૂલો કરનાર સમજવો.

સર્વ પ્રકારનો કર્મનો ક્ષય કરનાર એવા પ્રકારની દૈવયોગે કદાચ સામગ્રી મળી જાય પણ અશુભ કર્મને ઉખેડવા ઘણા મુશ્કેલ સમજવા.

૧૪૩૬ થી ૧૪૩૮. એ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કર્યા પછી જે કોઈ જીવ છ જીવનિકાયના વ્રત, નિયમ, દર્શન–જ્ઞાન–ચારિત્ર કે શીલના અંગોનો ભંગ કરે.

– ક્રોધથી, માનથી, માયાથી લોભાદિ કષાયોના દોષથી, ભય કંદર્પ કે અભિમાનથી આ અને બીજા કારણે–ગારવથી કે નકામા આલંબન લઈને જે વ્રતાદિનું ખંડન કરે, દોષોનું સેવન કરે, તે સર્વાર્થ સિદ્ધ વિમાને પહોંચીને પોતાના આત્માને નરકમાં પતન પમાડે છે.

૧૪૩૯. ભગવન્ ! શું આત્માને રક્ષિત રાખવો કે છ જીવનિકાયના સંયમની રક્ષા કરવી ?

હે ગૌતમ ! જે કોઈ છ જીવનિકાયના સંયમનું રક્ષણ કરનારા થાય છે તે અનંત દુઃખ આપનારા દુર્ગતિગમન અટકતું હોવાથી આત્માનું રક્ષણ કરનારો થાય છે. માટે છ જીવનિકાયનું રક્ષણ કરવું એ જ આત્માનું રક્ષણ ગણાય છે.

હે ભગવન્ ! તે જીવ અસંયમ સ્થાન કેટલા કહ્યા છે?

૧૪૪૦. હે ગૌતમ ! અસંયમ સ્થાનકો અનેક પ્રરૂપેલા છે. જેમ કે પૃથ્વીકાય આદિ સ્થાવર જીવો સંબંધી અસંયમ સ્થાન.

ભગવન્ ! તે કાય અસંયમ સ્થાન કેટલા કહ્યા છે ? હે ગૌતમ ! કાય અસંયમ સ્થાનકો અનેક પ્રરૂપેલા છે. તે આ પ્રમાણે–

૧૪૪૧ થી ૧૪૪૩. પૃથ્વી, અગ્નિ, પાણી, વાયુ, વનસ્પતિ અને વિવિધ પ્રકારના ત્રસ જીવોનો હાથથી સ્પર્શ

કરવાનો જાવજ્જીવ સુધી વર્જન કરવું. પૃથ્વીકાયના જીવોને ઠંડા, ગરમ, ખાટા પદાર્થો સાથે ભેળવવા, પૃથ્વીને ખોદવી, અગ્નિ–લોહ–ઝાકળ–ખાટા ચીકાશયુક્ત તેલવાળા પદાર્થો એ બધા પૃથ્વીકાયાદિ જીવોનો પરસ્પર ક્ષય કરનાર, વધ કરનાર શસ્ત્રો જાણવા.

સ્નાન કરવામાં, શરીર ઉપર માટી વગેરે મર્દન કરી સ્નાન કરવામાં, મૂળ ધોઈને શોભા વધારવામાં હાથ–આંગળી –નેત્રાદિ અંગોને શૌચ કરવામાં, પીવામાં અનેક અપ્‌કાયના જીવોનો ક્ષય થાય છે.

**૧૪૪૪, ૧૪૪૫.** અગ્નિ સંધુકવામાં–સળગાવામાં, ઉદ્યોત કરવામાં, પંખો નાખવામાં, ફૂંકવામાં, સંકોરવામાં અગ્નિકાયના જીવોના સમુદાય ક્ષય પામે છે.

બીજા પણ અનેક પ્રકારે છ કાયના જીવો જુદા જુદા પ્રકારના નિમિત્તે વિનાશ પામે છે. જો અગ્નિ સારી રીતે સળગી ઉઠે તો દશે દિશામાં રહેલા પદાર્થોને ભરખી જાય છે.

**૧૪૪૬.** વીંઝણા, તાડપત્રના પંખા, ચામર ઢોળવા, હાથના તાલ ઠોકવા, દોડવું, કૂદવું, ઉલ્લંઘવું, શ્વાસ લેવો–મૂકવો, ઈત્યાદિ કારણોથી વાયુકાયના જીવની વિરાધના કે વિનાશ થાય છે.

**૧૪૪૭, ૧૪૪૮.** અંકુર, ફણગા, કૂંપળ, પ્રવાલ, પુષ્પ, ફૂલ, કંદલ, પત્ર, આદિ ઘણા વનસ્પતિકાયિકાના જીવ હાથના સ્પર્શથી નાશ પામે છે. બે, ત્રણ, ચાર, પાંચ ઈન્દ્રિયવાળા ત્રસ જીવ અનુપયોગથી અને પ્રમત્તપણે હાલતા, ચાલતા, જતા–આવતા, બેસતા, ઉઠતા, સૂતા નિશ્ચે ક્ષય પામે છે. મૃત્યુ પામે છે.

**૧૪૪૯.** પ્રાણાતિપાતની વિરતિ મોક્ષફળ આપનાર છે. બુદ્ધિશાળી તેવી વિરતીને ગ્રહણ કરીને મરણ સમાન આપત્તિ આવે તો પણ તેનું ખંડન કરતો નથી.

**૧૪૫૦ થી ૧૪૫૨.** જૂઠ વચન ન બોલવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરીને પાપવાળુ એવું સત્ય વચન પણ ન બોલવું.

પારકી વસ્તુ વિના આપેલી ન લેવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરીને કોઈ તેવો પદાર્થ આપે તો પણ લોભ ન કરીશ.

– દુર્ધર બ્રહ્મચર્યને ધારણ કરીને, તથા...

– પરિગ્રહનો ત્યાગ કરીને,

– રાત્રિભોજનની વિરતિ સ્વીકારીને,

– વિધિપૂર્વક પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ કરીને,

– બીજા પણ ક્રોધ, માન, લોભ, રાગ, દ્વેષના વિષયમાં આલોચના આપીને

પછી મમત્વભાવ, અહંકાર વગેરે પ્રયત્નપૂર્વક ત્યાગ કરવા જોઈએ.

**૧૪૫૩ થી ૧૪૫૫.** હે ગૌતમ ! આ વીજળી લતાની ચંચળતા સમાન જીવતરમાં શુદ્ધ ભાવથી તપ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાનાદિ અનુષ્ઠાનોમાં ઉદ્યમ કરવો યુક્ત છે.

હે ગૌતમ ! વધારે કેટલું કથન કરવું ?

આલોચના આપીને પછી પૃથ્વીકાયની વિરાધના કરવામાં આવે પછી ક્યાં જઈને તેની શુદ્ધિ કરીશ ?

હે ગૌતમ ! વધુ શું કહેવું કે અહીં આલોચના–પ્રાયશ્ચિત્ત કરી તે જન્મમાં સચિત્ત અથવા રાત્રે પાણીનું પાન કરે અને અપ્‌કાયના જીવોની વિરાધના કરે તો ક્યાં જઈને શુદ્ધિ પામશે ?

**૧૪૫૬ થી ૧૪૫૯.** હે ગૌતમ ! કેટલું વધારે કથન કરું કે આલોયણા લઈ પછી તાપણાની જ્વાળાઓ પાસે તાપવા જાય અને તેનો સ્પર્શ કરે અથવા થઈ ગયો તો પછી તેની શુદ્ધિ ક્યારે થશે ?

એ પ્રમાણે વાયુકાયના વિષયમાં તે જીવોની વિરાધના કરનાર ક્યાં જઈને શુદ્ધ થશે ?

જે લીલી વનસ્પતિ, ફૂલ આદિનો સ્પર્શ કરશે, તે ક્યાં શુદ્ધ થશે ? તેવી રીતે બીજકાયને ચાંપશે તે ક્યાં શુદ્ધ

થશે ?

**૧૪૬૦** થી **૧૪૬૨**. બે, ત્રણ, ચાર ઇન્દ્રિયોવાળા, વિકલેન્દ્રિય જીવો, પંચેન્દ્રિય જીવોને પરિતાપ ઉપજાવીને તે જીવ ક્યાં જઈ શુદ્ધિ મેળવશે ?

બારીકાઈથી જે છ કાયના જીવોનું રક્ષણ નહીં કરે તે ક્યાં જઈને શુદ્ધિ પામી શકશે ?

હે ગોતમ ! હવે વધુ કહેવાથી શું ?

અહીં આલોચના આપીને જે કોઈ ભિક્ષુ ત્રસ અને સ્થાવર જીવોનું રક્ષણ કરશે નહીં, તો તે ક્યાં જઈને શુદ્ધ થશે?

**૧૪૬૩** થી **૧૪૭૦**. આલોચના, નિંદના, ગર્હણા કરીને પ્રાયશ્ચિત્ત કરવાપૂર્વક નિઃશલ્ય થયેલો ઉત્તમ સ્થાનમાં રહેલો પૃથ્વીકાયના આરંભનો પરિહાર કરે, અગ્નિકાયનો સ્પર્શ ન કરે.

આલોચનાદિ પ્રાયશ્ચિત્ત કરીને નિઃશલ્ય બનીને, સંવેગવાળો થઈ ઉત્તમ સ્થાનમાં રહેલો ભિક્ષુ શરણ વગરના જીવોને વેદના ન પમાડે.

આલોચનાદિ કરીને સંવેગ પામેલો ભિક્ષુ છેદેલા તણખલાને કે વનસ્પતિને વારંવાર કે લગાર પણ સ્પર્શ ન કરે.

લાગેલા દોષોની આલોચના, નિંદના, ગર્હણા, પ્રાયશ્ચિત્ત કરીને શલ્ય વગરનો થઈને સંવેગ પામેલો ભિક્ષુ ઉત્તમ સંયમ સ્થાનમાં રહેલો હોય તે જીવનના અંત સુધી બે–ત્રણ–ચાર કે પાંચ ઇન્દ્રિયવાળા જીવોને સંઘટન, પરિતાપના, કિલામણા, ઉપદ્રવાદિ અશાતા ન ઉપજાવે.

આલોચનાદિ કરવા પૂર્વક સંવેગ પામેલો ભિક્ષુ ગૃહસ્થોએ લોચ માટે ઊંચે ફેંકીને આપેલી રાખ પણ ગ્રહણ કરતો નથી.

**૧૪૭૧** થી **૧૪૭૪**. સંવેગ પામેલો શલ્ય વગરનો જે આત્મા સ્ત્રી સાથે વાર્તાલાપ કરે તો ગૌતમ ! તે ક્યાં શુદ્ધિ પામશે ?

આલોચનાદિ કરીને સંવેગ પામેલો ભિક્ષુ ચૌદથી વધુ ઉપકરણનો પરિગ્રહ ન કરે. તે સંયમના સાધનભૂત ઉપકરણ ઉપર દઢપણે, નિર્મમત્વ, અમૂર્છા, અગૃદ્ધિ રાખે.

હે ગૌતમ ! જે–તે પદાર્થ ઉપર મમત્વ કરશે, તેની શુદ્ધિ નથી. વધારે કેટલુ કહેવુ ?

આ વિષયમાં આલોચના કરીને જે રાત્રિએ પાણીનુ પાન કરવામાં આવે તો તે ક્યાં જઈને શુદ્ધ થશે ?

**૧૪૭૫** થી **૧૪૮૨**. આલોચના, નિંદના, ગર્હણા કરીને, પ્રાયશ્ચિત્ત કરીને, નિઃશલ્ય થયેલો ભિક્ષુ, જો આરંભની છ પ્રતિજ્ઞાઓનું રક્ષણ ન કરે, તો પછી તેનામાં ભયંકર પરિણામવાળા જે અપ્રશસ્ત ભાવ સહિત અતિક્રમ કર્યો હોય તથા.–

મૃષાવાદ વિરમણ નામક બીજા મહાવ્રતમાં તીવ્ર રાગ કે દ્વેષથી નિષ્ઠુર, કઠોર, આકરા, કર્કશ વચનો બોલીને મહાવ્રત ઉલ્લંઘેલ હોય.

ત્રીજા અદત્તાદાન વિરમણ મહાવ્રતમાં રહેવાની જગ્યા માંગ્યા વગર, માલિકની સંમતિ મેળવ્યા વગર વાપરી હોય અથવા અણગમતું સ્થાન મળેલ હોય, તેમાં રાગ–દ્વેષાદિ રૂપ અપ્રશસ્ત ભાવ થાય, તે ત્રીજા મહાવ્રતનું અતિક્રમણ છે.

ચોથા મૈથુન વિરમણ નામના મહાવ્રતમાં શબ્દ, રસ, મધ, સ્પર્શ અને પ્રવિચારના વિષયમાં જે અતિક્રમણ થયેલું હોય–

પાંચમાં પરિગ્રહ વિરમણ નામના મહાવ્રતના વિષયમાં મેળવવાની અભિલાષા, પ્રાર્થના, મૂર્છા, શુદ્ધિ, કાંક્ષા,

ગુમાવેલી વસ્તુનો શોક તે રૂપ લોભ તે રૌદ્રધ્યાનના કારણરૂપ છે.

આ સર્વે પાંચમાં મહાવ્રતમાં દોષો ગણેલા છે.

રાત્રે ભૂખ લાગશે, એમ ધારીને દિવસે અધિક આહાર લીધો. સૂર્યોદય કે સૂર્યાસ્તની શંકા હોવા છતાં આહાર ગ્રહણ કર્યો હોય તે રાત્રિભોજન વિરમણ વ્રતમાં અતિક્રમ દોષ કહેલો છે.

આલોચના, નિંદના, ગર્હણા, પ્રાયશ્ચિત્ત કરીને શલ્ય રહિત બનેલો હોય પરંતુ જયણાને ન જાણતો હોય તો – સુસઢની જેમ ભવ સંસારમાં ભ્રમણ કરનારો થાય.

૧૪૮૩. હે ભગવન્ ! તે સુસઢ કોણ હતો ?

તે જયણા કેવા પ્રકારે હતી કે અજ્ઞાનપણાના કારણે આલોચના, નિંદણા, ગર્હણા, પ્રાયશ્ચિત્ત સેવન કરવા છતાં તેનો સંસાર નાશ પામ્યો નહીં ?

હે ગૌતમ ! જયણા તે કહેવાય જે **૧૮૦૦૦** શીલના અંગો, **૧૭**–પ્રકારનો સંયમ, **૧૪**–પ્રકારના જીવના ભેદો, **૧૩**–ક્રિયાના સ્થાનકો, બાહ્ય અને અભ્યંતર ભેદવાળો **૧૨**–પ્રકારનો તપ અનુષ્ઠાન તથા.

**૧૨** પ્રકારે ભિક્ષુપ્રતિમા, **૧૦** પ્રકારે શ્રમણધર્મ, ૯ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ, ૮ પ્રકારે પ્રવચન માતા, ૯ પ્રકારે પાણૈષણા અને પીંડ એષણાઓ, **૬**–જીવનિકાયો, **૫**–મહાવ્રતો, **૩**–ગુપ્તિઓ તથા.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રયી આદિ સંયમના અનુષ્ઠાનોને ભિક્ષુ નિર્જન–નિર્મળ અટવી, દુષ્કાળ, રોગાદિ મહા આપત્તિ ઉત્પન્ન થઈ હોય,

અંતર્મુહૂર્ત્ત માત્ર આયુષ્ય બાકી હોય, પ્રાણ કંઠે આવી ગયા હોય.

તો પણ મનથી તે પોતાના સંયમનું ખંડન કરતા નથી કે વિરાધના કરતા નથી. ખંડના કે વિરાધના કોઈ પાસે કરાવતા નથી અને ખંડના કે વિરાધના કરનારની કે કરાવનાર અન્ય કોઈની અનુમોદના પણ તેઓ કરતા નથી. યાવત્. જાવજ્જીવ પર્યન્ત આરંભ કરતા કે કરાવતા નથી.

આવા પ્રકારની સંપૂર્ણ જયણા જાણનાર અને પાલન કરનાર જયણા ભક્ત છે, જયણા ધ્રુવપણે પાળનારા છે, જયણામાં નિપુણ છે, તેઓ જયણાના સારા જાણકાર છે.

આ સુસઢની અતિશય વિસ્મય પમાડનારી મોટી કથા છે. જે હવે પછી ચૂલિકા–**૨** અર્થાત્ અધ્યયન–૮માં અતિ વિસ્તારથી રજૂ કરાયેલી છે. તેને જણાવીએ છીએ. –

**મહાનિશીથ સૂત્ર, અધ્યયન-૭ [ચૂલિકા-૧]નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

# અધ્યયન–૮ અથવા [ચૂલિકા–૨] 'સુસઢ' કથા

[આ કથામાં સુસઢની મુખ્યતા છે. તે સિવાય અનેક પાત્રો અને અવાંતર કથા પણ છે. 'જયણા' ધર્મ સિવાયનો બીજો પણ ઘણો બોધ આ કથાનકમાં અવાંતર કથામાં ભરેલો છે. ખરેખર મનનીય અધ્યયન છે.]

૧૪૮૪. હે ભગવન્ ! કયા કારણથી આમ કહ્યું ?

તે કાળે, તે સમયે અહીં સુસઢ નામે એક અણગાર હતો. તેણે એક એક પક્ષની અંદર ઘણા અસંયમ સ્થાનકોની આલોચના આપી અને અતિ મહાન ઘોર દુષ્કર પ્રાયશ્ચિત્તોનું સેવન કર્યું. તો પણ તે વિચારોને વિશુદ્ધિ પદ પ્રાપ્ત ન થયું. આ કારણે એમ કહેવાયું.

ભગવન્ ! તે સુસઢની વક્તવ્યતા કેવા પ્રકારે છે ?

ગૌતમ ! આ ભારતવર્ષમાં અવંતી નામનો દેશ છે. ત્યાં સંબુક્ક નામનું એક ગામ હતું. તે ગામમાં જન્મથી દારિદ્ર, લાજ–મર્યાદા વગરનો, કૃપા વગરનો, કૃપણ, અનુકંપા રહિત, અતિ ક્રૂર, નિર્દય, રૌદ્ર પરિણામી, આકરી શિક્ષા કરનારો, આભિગૃહીક મિથ્યાદષ્ટિ, જેનો નામોચ્ચાર કરવામાં પાપ છે, એવો સુજ્ઞશિવ નામે બ્રાહ્મણ હતો.

તેને સુજ્ઞશ્રી નામે પુત્રી હતી. સમગ્ર ત્રણે ભુવનમાં નર અને નારી સમુદાયોના લાવણ્ય, કાંતિ, તેજ, રૂપ, સૌભાગ્યાતિશય કરતા તે પુત્રીના લાવણ્ય, રૂપ, કાંતિ વગેરે અનુપમ અને ચડિયાતા હતા.

તે સુજ્ઞશ્રીએ **કોઈ આગલા બીજા ભવમાં એમ દુષ્ટ વિચારેલ હતું કે – 'જો આ બાળકની માતા મૃત્યુ પામે તો બહુ સારુ થાય કેમ કે તો હું શૌક્ય વગરની થાઉં પછી આ બાળક દુઃખે કરીને જીવી શકશે. તેમજ રાજ્ય લક્ષ્મી મારા પુત્રને પ્રાપ્ત થશે.'**

**તે દુષ્ટ ચિંતવનાના ફળરૂપે તે કર્મના દોષથી જન્મતાની સાથે જ તેની માતા મૃત્યુ પામી.**

ત્યારપછી હે ગૌતમ ! તે સુજ્ઞશિવ પિતાએ મોટા કલેશથી આજીજી કરીને, કરગરીને, ઘણા નવા બાળકોને જન્મ આપનારી માતાને ઘેરઘેર ફરી, તે પુત્રીનો બાલ્યકાળ પૂર્ણ કર્યો.

તેટલામાં માતા–પુત્રના સંબંધને ટાળનાર મહા ભયંકર એવા–૧૨ વર્ષનો લાંબા કાળનો દુષ્કાળ સમય આવ્યો. જેટલામાં સગા–સંબંધીઓનો ત્યાગ કરીને સમગ્ર જનસમૂહ ચાલી જવા લાગ્યો.

ત્યારે હવે કોઈ દિવસે ઘણા સમયના ભૂખ્યા થયેલા, વિષાદ પામેલો સુજ્ઞશિવ વિચારવા લાગ્યો કે શું હવે આ બાલિકાને મારી નાંખીને ભૂખ ભાંગું કે તેનું માંસ વેંચીને કાંઈક વણિક પાસેથી અનાજ ખરીદીને મારા પ્રાણને ધારણ કરું. શું કરું. ?

હવે મારા માટે જીવવાનો બીજો કોઈ ઉપાય રહેલો નથી અથવા તો ખરેખર મને ધિક્કાર થાઓ. આમ કરવું ઉચિત નથી. પરંતુ તેણીને હું જીવતી જ વેંચી નાંખુ.

એમ વિચારીને મહાઋદ્ધિવાળા ચૌદે વિદ્યા સ્થાનના પરિણામી એવા ગોવિંદ બ્રાહ્મણના ઘેર સુજ્ઞશ્રીને વેંચી દીધી. તેના કારણે ઘણા લોકોના તિરસ્કારના શબ્દોથી ઘવાયેલો તે પોતાનો દેશત્યાગ કરીને સુજ્ઞશિવ બીજા દેશાંતરમાં ગયો.

ત્યાં જઈને પણ હે ગૌતમ ! એ જ પ્રમાણે બીજી કન્યાઓનું અપહરણ કરીને બીજા સ્થળે વેંચી વેંચીને સુજ્ઞશિવે બીજું ઘણું જ દ્રવ્ય ઉપાર્જન કર્યું.

તે અવસરે દુકાળ સમયના કંઈક અધિક આઠ વર્ષ પસાર થયા ત્યારે તે ગોવિંદ શેઠનો સમગ્ર વૈભવ ક્ષય પામ્યો.

હે ગૌતમ ! વૈભવ વિનાશ પામવાના કારણે વિષાદ પામેલા ગોવિંદ બ્રાહ્મણે ચિંતવ્યું કે હવે મારા કુટુંબનો વિનાશ કાળ નજીક આવેલ છે. વિષાદ પામતા મારા બંધુઓ અર્ધક્ષણ પણ જોઈ શકવા સમર્થ નથી તો હવે અત્યારે મારે શું કરવું?

એમ વિચારતો હતો ત્યાં એક ગોકુળના સ્વામીની ભાર્યા આવી પહોંચી. ખાવાના પદાર્થો વેંચવા આવેલી તે ગોવાલણ પાસેથી તે બ્રાહ્મણની ભાર્યાએ ડાંગરના માપથી ઘણા ઘીના અને ખાંડના બનાવેલા ચાર લાડુ ખરીદ કર્યા. ખરીદ કરતા જ બાળકો લાડુઓ ખાઈ ગયા.

મહીયારીએ કહ્યું અરે શેઠાણી ! અમને બદલામાં આપવાની ડાંગરની પાલી આપી દો. અમારે જલદી ગોકુળમાં પહોંચવું છે.

હે ગૌતમ ! ત્યારપછી બ્રાહ્મણીએ સુજ્ઞશ્રીને આજ્ઞા કરી કે અરે ! રાજાએ ભેંટણામાં જે મોકલેલ છે, તેમાં જે ડાંગરનું માટલું છે તેને જલદી શોધીને લાવ, જેથી આ ગોવાલણને આપું.

સુજ્ઞશ્રી તેને શોધવા ઘરમાં ગઈ, પણ તેણીએ તંદુલનું ભાજન જોયું નહીં, તેણીએ આવીને બ્રાહ્મણીને જણાવ્યું કે તંદુલ ભાજન નથી.

ફરી બ્રાહ્મણીએ કહ્યું કે, અરે! અમુક ભાજન ઊંચું કરીને તેમાં જો અને શોધીને લાવ, ફરી સુજ્ઞશ્રી તપાસ કરવા માટે આંગણામાં ગઈ, પણ તે તંદુલનું ભાજન ન જોયું. આવીને બ્રાહ્મણીને કહ્યું કે ત્યાં પણ તંદુલ ભાજન નથી.

ફરી બ્રાહ્મણીએ કહ્યું, અરે ! અમુક ભાજન ઊંચું કરીને તેમાં જો અને શોધીને લાવ. ફરી તપાસ કરવા માટે આંગણામાં ગઈ અને ન જોયું ત્યારે બ્રાહ્મણીએ જાતે આવીને ત્યાં તપાસ કરી તો તંદુલ ભાજન તેણીના પણ જોવામાં ન આવ્યું. અતિ વિસ્મય પામેલા મનવાળી ફરી બારીકાઈથી દરેક સ્થળે તપાસ કરવા લાગી.

દરમિયાન એકાંત સ્થળમાં વૈશ્યા સાથે ઓદનનું ભોજન કરતા પોતાના મોટા પુત્રને જોયો. તે પુત્રે પણ તેના તરફ નજર કરી. સામે આવતી માતાને જોઈને અધન્ય પુત્રએ ચિંતવ્યું કે ઘણે ભાગે માતા અમારા ચોખા ઝૂંટવી લેવા આવતી જણાય છે, તો જો તે નજીક આવશે તો હું તેણીને મારી નાંખીશ.

એ પ્રમાણે ચિંતવતા પુત્રે દૂર રહેલો અને નજીક આવતી માતા બ્રાહ્મણીને મોટા શબ્દોથી કહ્યું કે – હે ભટ્ટી દારિકા ! જો તું અહીં આવીશ તો પછી તું એમ ન કહીશ કે મને પહેલાં ન કહ્યું, નિશ્ચે જો તું અહી આવીશ તો હું તને મારી નાંખીશ.

આવું અનિષ્ટ વચન સાંભળીને ઉલ્કાપાતથી હણાયેલી હોય એમ ધસ કરતાક ભૂમિ ઉપર ઢળી પડી. મૂર્છાવશ બ્રાહ્મણી બહાર પાછી ન ફરી એટલે મહીયારીએ કેટલોક સમય રાહ જોયા પછી સુજ્ઞશ્રીને કહ્યું કે,

અરે બાલિકા ! અમોને મોડું થાય છે, માટે તમારી માતાને જલદી કહો કે તમે અમને ડાંગરનો પાલો આપો. જો ડાંગરનો પાલો ન જણાય કે ન મળતો હોય તો અમને મગનો પાલો આપો.

ત્યારે સુજ્ઞશ્રી ધાન્ય રાખવાના કોઠારમાં પહોંચી અને જુએ છે તો બીજી અવસ્થા પામેલી બ્રાહ્મણીને જોઈને સુજ્ઞશ્રી હાહારવ કરતી, શોર–બકોર કરવા લાગી.

તે સાંભળીને પરિવાર સહિત તે ગોવિંદ બ્રાહ્મણ અને મહીયારી ત્યાં આવી પહોંચ્યા.

પવન અને જળથી આશ્વાસન પમાડીને તેઓએ પૂછ્યું કે – હે ભટ્ટીદારિકા ! આ તમને એકદમ શું થઈ ગયું ?

ત્યારે સાવધાન થયેલી બ્રાહ્મણીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, અરે ! તમે રક્ષણ વગરની મને ઝેરી સર્પના ડંખ ન અપાવો. નિર્જળ નદીમાં મને ઊભી ન રાખો. અરે ! દોરડા વગરના સ્નેહપાશમાં જકડાયેલી મને મોહમાં ન સ્થાપો. જેમ કે–

આ મારા પુત્ર, પુત્રી, ભત્રીજા છે. આ પુત્રવધૂ કે જમાઈ છે, આ માતા કે પિતા છે, આ મારા ભર્તાર છે. આ મને

ઇષ્ટ, પ્રિય, મનગમતા કુટુંબીજનો, સ્વજનો, બંધુવર્ગ, પરિવાર વર્ગ છે.

આ બધાં અહીં જ પ્રત્યક્ષ ખોટા, માયાવાળા છે. તેમના તરફથી બંધુપણાની આશા મૃગતૃષ્ણા સમાન નિરર્થક છે. આ જગતમાં દરેક પોતાના કાર્યના અર્થી–સ્વાર્થી લોકો છે. તેમાં મારાપણાનો ખોટો ભ્રમ છે.

પરમાર્થથી વિચારો તો કોઈ સાચા સ્વજન નથી.

જ્યાં સુધી સ્વાર્થ સધાય છે, ત્યાં સુધી માતા, પિતા, પુત્રી, પુત્ર, જમાઈ, ભત્રીજો, પુત્રવધૂ વગેરે સંબંધ જાળવવામાં આવે છે.

ત્યાં સુધી જ દરેક ગમે છે, ઇષ્ટ–મિષ્ટ–પ્રિય–સ્નેહી–કુટુંબી–સ્વજન વર્ગ–મિત્ર–બંધુ–પરિવાર આદિ સંબંધ રાખે છે કે જ્યાં સુધી દરેકનો પોતાનો સ્વાર્થ સધાય છે.

પોતાના કાર્યની સિદ્ધિના વિરહમાં ન કોઈ કોઈની માતા છે, ન કોઈ કોઈના પિતા કે ન કોઈ કોઈની પુત્રી છે. ન કોઈ કોઈના જમાઈ કે ન કોઈ કોઈના પુત્ર છે. ન કોઈ કોઈના પત્ની કે ન કોઈ કોઈના ભર્તાર છે. ન કોઈ કોઈના સ્વામી છે. ન કોઈ કોઈના ઇષ્ટ મિષ્ટ પ્રિય કાંત કુટુંબી સ્વજન–વર્ગ મિત્ર બંધુ કે પરિવાર વર્ગ છે.

જુઓને, ત્યારે પ્રાપ્ત થયેલા, કંઈક અધિક નવ માસ સુધી મેં કુક્ષિમાં ધારણ કરીને અનેક મિષ્ટ મધુર ઉષ્ણ તીખા લુખ્ખા સ્નિગ્ધ આહાર કરાવ્યા, સ્નાન મર્દન કર્યા, તેના શરીર અને કપડાં ધોયા. શરીર દબાવ્યા, ધન–ધાન્યાદિક આપ્યા. તેને ઉછેરવાનો મહા પ્રયત્નો કર્યા.

ત્યારે મને એવી આશા હતી કે તે પુત્રના રાજમાં મારા મનોરથો પૂર્ણ થશે – પૂર્ણપણે પૂરાશે અને સ્નેહી વર્ગની આશાઓ પૂરી કરીને હું અતિશય સુખમાં મારો સમય પસાર કરીશ પરંતુ.

મેં ધાર્યું હતું તેના કરતા તદ્દન વિપરીત હકીકત બની છે.

હવે આટલું જાણ્યા અને સમજ્યા પછી પતિ આદિની ઉપર અર્ધ ક્ષણ પણ સ્નેહ રાખવો યોગ્ય નથી.

જે આ પ્રમાણે મારા પુત્રનો વૃત્તાંત બન્યો છે, તે પ્રમાણે ઘેર ઘેર ભૂતકાળમાં આવા વૃત્તાંતો બન્યા છે, વર્તમાનમાં બને છે અને ભવિષ્યમાં પણ આવા બનાવો બનતા રહેશે.

તે બંધુવર્ગ પણ માત્ર પોતાના કાર્યો સિદ્ધ કરવા માટે ઘટિકા મુહૂર્ત તેટલો કાળ તથા સ્નેહ પરિણામ ટકાવીને સેવા કરે છે. માટે–

હે લોકો ! અનંત સંસારના ઘોર દુઃખ આપનારા એવા આ કૃત્રિમ બંધુ અને સંતાનોનું મારે કોઈ જ પ્રયોજન નથી. માટે હવે રાતદિવસ નિરંતર ઉત્તમ વિશુદ્ધ આશયથી ધર્મનું સેવન કરો.

ધર્મ એ જ ધન, ઇષ્ટ, પ્રિય, કાંત પરમાર્થથી હિતકારી, સ્વજન વર્ગ, મિત્ર અને બંધુવર્ગ સમાન. છે.

ધર્મ એ જ સુંદર દર્શનીય રૂપ કરનાર, પુષ્ટિ કરનાર અને બલ આપનાર છે. તેમ તમે સૌ જાણો..

ધર્મ જ ઉત્સાહ કરાવનાર છે, ધર્મ જ નિર્મળ યશ–કીર્તિ સાધી આપનાર છે. ધર્મ જ પ્રભાવના કરાવનાર છે. શ્રેષ્ઠતમ સુખની પરંપરાને આપનાર હોય તો તે પણ ધર્મ જ છે. તથા.

ધર્મ એ સર્વ પ્રકારના નિધાન સ્વરૂપ છે, આરાધનીય છે, પોષવા યોગ્ય છે, પાલનીય છે, કરણીય છે, આચરણીય છે, સેવનીય છે, કથનીય છે, ઉપદેશનીય છે, ભણવાલાયક છે, પ્રરૂપણીય છે, કરાવવા લાયક છે.

ધર્મ ધ્રુવ છે, શાશ્વતો છે, અક્ષય છે, સ્થિર રહેનારો છે, સમગ્ર સુખનો ભંડાર છે. ધર્મ સલજ્જનીય છે.

ધર્મ એ અતુલ બલ, વીર્ય, સંપૂર્ણ સત્ત્વ, પરાક્રમ સહિતપણું મેળવી આપનાર થાય છે. પ્રવર, શ્રેષ્ઠ, ઇષ્ટ, પ્રિય, કાંત એવા જનોનો સંયોગ કરાવી આપનાર હોય તો તે ધર્મ છે.

સમગ્ર અસુખ, દારિદ્ર, સંતાપ, ઉદ્વેગ, અપયશ, ખોટા આળ પ્રાપ્ત થવાં, વૃદ્ધાવસ્થા, મરણ આદિ સમગ્ર ભયનો

સર્વથા નાશ કરનાર, જેની તુલનામાં કોઈ ન આવી શકે તેવો સહાયક, ત્રણ લોકમાં અજોડ એવો નાથ હોય તો એક માત્ર ધર્મ છે.

મારે હવે કુટુંબ, સ્વજન વર્ગ, મિત્ર, બંધુવર્ગ, ભંડાર આદિ આ લોકના પદાર્થોથી મારે પ્રયોજન નથી.

વળી, આ ઋદ્ધિ–સમૃદ્ધિ, ઇંદ્રધનુષ, વીજળી કે લતાના આટોપ કરતાં અધિક ચંચળ, સ્વપ્ન અને ઇન્દ્રજાળ સમાન છે. જે જોતાની સાથે જ ક્ષણમાં અદ્રશ્ય થનારી, નાશવંત, અધ્રુવ, અશાશ્વત, સંસારની પરંપરા વધારનાર, નારકમાં ઉત્પન્ન થવાના કારણભૂત, સદ્‌ગતિના માર્ગમાં વિઘ્ન કરનારી છે, અનંત દુઃખ આપનાર છે.

અરે લોકો ! ધર્મ માટેની આ વેળા અતિ દુર્લભ છે.

સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મને સાધી આપનાર છે, આરાધના કરાવનાર છે, અનુપમ સામગ્રીયુક્ત આવો સમય તમોને હવે ફરી મળવાનો નથી.

વળી, મળેલું આ શરીર નિરંતર, રાત–દિવસ, પ્રત્યેક ક્ષણે અને પ્રત્યેક સમયે ટૂકડે ટૂકડા થઈને સડી રહેલું છે. દિન–પ્રતિદિન આ શરીર શિથિલ બનતું જાય છે,

ઘોર–નિષ્ઠુર–અસભ્ય–ચંડ–જરારૂપી વજ્ર શિલાના પ્રતિઘાતથી ચૂરેચૂરા થઈને સેંકડો તડ પડી ગયેલા જીર્ણ માટીના હાંડલા સરખું, કશા કામમાં ન આવે તેવું, તદ્દન નિરૂપયોગી બની ગયું છે.

નવા ફણગા ઉપર લાગેલ જળબિંદુની માફક ઓચિંતુ અર્ધ ક્ષણની અંદર આ જીવિત ઝાડ ઉપરથી ઊડતા પક્ષીની માફક ઊડી જનાર હોય તેવા પ્રકારે છે.

પરલોક માટે ભાથું ન ઉપાર્જન કરનારને આ મનુષ્ય જન્મ નિષ્ફળ છે, તો હવે નાનામાં નાનો પ્રમાદ પણ કરવાને હું સમર્થ નથી એમ તે બ્રાહ્મણી વિચારે છે..

આ મનુષ્યપણામાં સર્વકાળ મિત્ર અને શત્રુ પ્રત્યે સમાન ભાવવાળા બનવું જોઈએ. તે આ પ્રમાણે–

– સમગ્ર જીવોના પ્રાણોના અતિપાતની ત્રિવિધ–ત્રિવિધે વિરતી,

– સત્ય વચન બોલવું,

– દાંત ખોતરવાની સળી સરખી કે લોચ કરવાની રાખ સમાન નિર્મૂલ્ય વસ્તુ પણ વગર આપેલી ગ્રહણ ન કરવી.

– મન–વચન–કાયાના યોગો સહિત અખંડિત, અવિરાધિત, નવ ગુપ્તિ સહિત પરમ પવિત્ર સર્વકાળ દુર્ધર બ્રહ્મચર્યવ્રતને ધારણ કરવું.

– વસ્ત્ર, પાત્ર, સંયમના ઉપકરણ ઉપર પણ નિર્મમત્વ રાખવું.

– ચારે આહારનો રાત્રિના ત્યાગ કરવો.

– ઉદ્‌ગમ ઉત્પાદના, એષણાદિ પાંચ દોષોથી મુક્ત થવું.

– પરિમિત કાળ ભોજન કરવું.

– પાંચ સમિતિનું શોધન કરવું.

– ત્રણ ગુપ્તિથી ગુપ્ત થવું.

– ઈર્યા સમિતિ આદિ બાર ભાવનાઓ ભાવવી.

– અશનાદિ તપનું ઉપધાન–અનુષ્ઠાન કરવું.

– માસાદિક ભિક્ષુની બાર પ્રતિમા આરાધવી.

– વિચિત્ર પ્રકારના દ્રવ્યાદિ અભિગ્રહો કરવા.

– અસ્નાન, ભૂમિશયન, કેશ લોચાદિ, શરીરની ટાપટીપનો ત્યાગ ઈત્યાદિ નિયમોનું પાલન કરવું..

– હંમેશાં સર્વકાળ ગુરુ આજ્ઞા પ્રમાણે વર્તવું.

– ભૂખ–તરસ આદિ પરીષહોને સહન કરવા.

– દિવ્ય આદિ ઉપસર્ગો ઉપર વિજય મેળવવો.

– કંઈ મળે કે ન મળે તે બંનેમાં સમભાવ રાખવો અથવા ન મળે તો તપોવૃદ્ધિ અને મળે તો ધર્મવૃદ્ધિ તેવી ભાવના રાખવી.

વધારે કેટલું વર્ણન કરવું ?

અરે લોકો ! આ ૧૮૦૦૦ શીલાંગનો ભાર વિના વિશ્રાંતિએ શ્રી મહાપુરુષોથી વહન કરી શકાય તેવો અત્યંત દુર્ધર માર્ગ વહન કરવા લાયક છે.

વિશાદ પામ્યા વિના બે બાહાઓથી આ મહાસમુદ્ર તરવા સરખો આ માર્ગ છે.

આ સાધુધર્મ સ્વાદ વિનાના રેતીના કોળીયા ભક્ષણ કરવા સમાન છે.

અતિ તીક્ષ્ણ પાણીદાર ભયંકર તલવારની ધાર ઉપર ચાલવા સરખો આ સંયમ ધર્મ છે. તથા.

ઘી વગેરેથી સારી રીતે સિંચાયેલા અગ્નિની જ્વાળા શ્રેણીનું પાન કરવા સમાન ચારિત્રધર્મ છે. સૂક્ષ્મ પવનથી કોથળો ભરવો, તેના સમાન કઠણ સંયમ ધર્મ છે.

ગંગાના પ્રવાહની સામે ગમન કરવા, સાહસના ત્રાજવાથી મેરુ પર્વતને તોળવો, એકાકી મનુષ્યે ધીરતાથી દુર્જય ચાતુરંત સેનાને જીતવી, પરસ્પર અવળી દિશામાં ભ્રમણ કરતા આઠ ચંદ્રોની ઉપર રહેલ પૂતળીની ડાબી આંખ વીંધવી અથવા સમગ્ર ત્રણ ભુવનમાં વિજય પ્રાપ્ત કરીને નિર્મળ યશ કીર્તિની જય પતાકા ગ્રહણ કરવી.

ઉક્ત સર્વે વિષયો કરતા પણ ધર્માનુષ્ઠાન દુષ્કર છે. હે લોકો ! આ સંયમ ધર્માનુષ્ઠાનથી કોઈ પણ અન્ય વસ્તુ દુષ્કર નથી અર્થાત્ તેનાથી સર્વ વસ્તુની સિદ્ધિ થાય છે.

**૧૪૮૫** થી **૧૪૮૭**. મસ્તક ઉપર ભાર વહન કરાય છે, પણ તે ભાર વિસામો લેવાતા–લેવાતા વહન કરાય છે. જ્યારે અતિ મહાન શીલનો ભાર વિશ્રાંતિ વિના જીવન પર્યન્ત વહન કરાય છે.

તેથી ઘરના સારભૂત પુત્ર, દ્રવ્ય વગેરેનો સ્નેહ છોડીને નિઃસંગ બનીને ખેદ પામ્યા વિના સર્વોત્તમ ચારિત્ર ધર્મને સેવો.

આડંબર કરવા, ખોટી પ્રશંસા કરવી, વંચના કરવી તેવા વ્યવહાર ધર્મમાં હોતા નથી. માયાદિ શલ્ય રહિત, કપટ ભાવ વગરનો ધર્મ કહેલો છે.

**૧૪૮૮** થી **૧૪૯૬**. જીવોમાં ત્રસપણું, ત્રસપણામાં પંચેન્દ્રિયપણું ઉત્કૃષ્ટ છે. પંચેન્દ્રિયપણામાં વળી મનુષ્યપણું ઉત્તમ છે.

મનુષ્યપણામાં આર્યદેશ, આર્યદેશમાં ઉત્તમ કુળ, ઉત્તમ કુળમાં ઉત્કૃષ્ટ જ્ઞાતિ, તેમાં પણ વળી રૂપની સમૃદ્ધિ, તેમાં પણ પ્રધાનતાવાળું બળ, પ્રધાનબળ મળવા સાથે લાંબુ આયુષ્ય, તેમાં પણ વિજ્ઞાનવિવેક અને વિજ્ઞાનમાં પણ સમ્યક્ત્વ પ્રધાન છે.

સમ્યક્ત્વમાં વળી શીલની પ્રાપ્તિ ચડિયાતી ગણેલી છે.

શીલમાં ક્ષાયિક ભાવ, ક્ષાયિક ભાવમાં કેવળજ્ઞાન, પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત થવું એટલે જરા–મરણ રહિત મોક્ષ પ્રાપ્ત થાય.

જન્મ, જરા, મરણ આદિના દુઃખથી ઘેરાયેલા જીવને આ સંસારમાં ક્યાંય સુખનો છાંટો નથી. માટે એકાંતે મોક્ષ જ ઉપાદેય મેળવવા લાયક છે.

૮૪ લાખ યોનિઓમાં અનંત વખત લાંબા કાળ સુધી ભ્રમણ કરીને અત્યારે તમે તે મોક્ષ સાધવા લાયક ઘણી

સામગ્રી મેળવેલી છે. તો અત્યાર સુધીમાં પૂર્વે કોઈ વખત ન મેળવેલ ઉત્તમ એવી ધર્મસામગ્રીઓ મેળવેલી છે. તો તમે તેમાં જલદી ઉદ્યમ કરો.

વિબુધો અને પંડિતોએ નિંદેલા સંસારની પરંપરા વધારનાર એવા આ સ્નેહને તમે છોડો.

અરે ! ધર્મ શ્રવણ પામીને અનેક કરોડો વર્ષે અતિ દુર્લભ એવા સુંદર ધર્મને જો તમે અહીં સમ્યક્ પ્રકારે નહીં કરશો તો ફરી તે ધર્મની પ્રાપ્તિ દુર્લભ થશે.

પ્રાપ્ત થયેલ બોધિ અનુસાર અહીં જે ધર્મ પ્રવૃત્તિ કરતો નથી અને આવતા ભવે ધર્મ કરીશું – એમ પ્રાર્થના કરે, તે ભાવિ ભવમાં કયા મૂલ્યથી બોધિ પ્રાપ્ત કરશો ?

૧૪૯૭. પૂર્વભવનું જાતિસ્મરણ થવાથી બ્રાહ્મણીએ જ્યાં આ સર્વ સંભળાવ્યું ત્યાં હે ગૌતમ ! સમગ્ર બંધુવર્ગ અને બીજા અનેક નગરજનો પ્રતિબોધ પામ્યા.

હે ગૌતમ ! તે અવસરે સદ્‌ગતિનો માર્ગ સારી રીતે જાણેલો છે, તેવા ગોવિંદ બ્રાહ્મણે કહ્યું – ધિક્કાર થાઓ મને, આટલો કાળ સુધી આપણે ઠગાયા, મૂઢ બન્યા,

ખરેખર ! અજ્ઞાન એ મહાકષ્ટ છે. નિર્ભાગી તુચ્છ આત્માઓને ઘોર ઉગ્ર પરલોક વિષયક નિમિત્તો જેમણે જાણેલા નથી. અન્યમાં આગ્રહવાળી બુદ્ધિ કરનારા, પક્ષપાતના મોહાગ્નિને ઉત્તેજિત કરવાના માનસવાળા, રાગદ્વેષથી હણાયેલી બુદ્ધિવાળા, આ અને આવા દોષવાળાને આ ઉત્તમ ધર્મ સમજવો ઘણો જ મુશ્કેલ છે.

ખરેખર ! આટલો કાળ સુધી મારો આત્મા ઠગાયો. આ મહાન આત્મા પત્ની થવાના બહાને મારા ઘરમાં ઉત્પન્ન થયો.

પરંતુ નિશ્ચયથી વિચાર કરીએ તો સર્વજ્ઞ આચાર્યની જેમ આ સંશયરૂપ અંધકારને દૂર કરનાર, લોકને પ્રકાશિત, મોટા માર્ગને સમ્યક્ પ્રકારે બનાવવા માટે જ પોતે પ્રગટ થયેલ છે.

અરે ! મહા અતિશયવાળા અર્થને સાધી આપનાર મારી પ્રિયાના વચનો છે.

અરે યજ્ઞદત્ત ! વિષ્ણુદત્ત ! યજ્ઞદેવ ! વિશ્વામિત્ર ! સોમ ! આદિત્યાદિ મારા પુત્રો ! દેવો અને અસુરો સહિત આખા જગતને આ તમારી માતા આદર કરવા અને વંદન કરવા યોગ્ય છે.

અરે ! પુરંદર વગેરે છાત્રો ! આ ઉપાધ્યાયની ભાર્યા એ ત્રણ જગતને આનંદ આપનાર, સમગ્ર પાપકર્મને બાળીને ભસ્મ કરવાના સ્વભાવવાળી વાણી કહી, તેને સૌ વિચારો.

ગુરુની આરાધના કરવામાં અપૂર્વ સ્વભાવવાળા તમારા ઉપર આજે ગુરુ પ્રસન્ન થયા છે. શ્રેષ્ઠ આત્મબળ વાળા યજ્ઞ કરવા-કરાવવા તથા અધ્યયન કરવું-કરાવવું ષટ્ કર્મ કરવાના અનુરાગથી તમારા ઉપર ગુરુ પ્રસન્ન થયા છે. તો હવે તમે પાંચે ઇન્દ્રિયોને જલદી જીતો.

– પાપી એવા ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરો.

– વિષ્ઠા, અશુચિ, મળમૂત્ર ઓર વગેરેના કાદવયુક્ત ગર્ભવાસથી માંડીને પ્રસૂતિ, જન્મ, મરણ આદિ અવસ્થાઓ કેવી રીતે પ્રાપ્ત થાય છે તે સર્વે તમે હવે જાણો.

આવા અનેક વૈરાગ્ય ઉત્પન્ન કરાવનાર સુભાષિતો કહેલા એવા ચૌદ વિદ્યાના પારગામી ગોવિંદ બ્રાહ્મણને અતિશય જન્મ, જરા, મરણથી ભય પામેલા ઘણા સત્પુરુષો ધર્મ વિશેના વિચારો કરવા લાગ્યા – વિચાર પ્રવૃત્ત થયા.

ત્યાં કેટલાક એમ બોલવા લાગ્યા કે આ શ્રેષ્ઠ ધર્મ છે. પ્રવર ધર્મ છે – એમ વળી બીજાઓ કહેવા લાગ્યા.

હે ગૌતમ ! યાવત્ દરેક લોકોએ આ બ્રાહ્મણી જાતિ સ્મરણ જ્ઞાનવાળી છે, એમ પ્રમાણભૂત માની.

ત્યારપછી બ્રાહ્મણીએ અહિંસા લક્ષણવાળા નિઃસંદેહ ક્ષમા આદિ દશ પ્રકારના શ્રમણધર્મને હેતુ-દૃષ્ટાંત

કહેવા પૂર્વક, તેઓને પરમ શ્રદ્ધા ઉત્પન્ન થાય તેવી રીતે સમજાવો.

ત્યારપછી તે બ્રાહ્મણીને આ સર્વજ્ઞ છે એમ માનીને હસ્તકમળની સુંદર અંજલી રચીને આદરપૂર્વક સારી રીતે પ્રણામ કરીને હે ગૌતમ ! તે બ્રાહ્મણી સાથે–

દીનતારહિત માનસવાળા અનેક નર અને નારી વર્ગે અલ્પકાળ સુખ આપનાર એવા – કુટુંબ, સ્વજન, મિત્ર, બંધુ, પરિવાર, ઘર, વૈભવ આદિનો ત્યાગ કરીને શું કર્યું ?.

શાશ્વત–મોક્ષ સુખના અભિલાષી, અતિ નિશ્ચિત દૃઢ માનસવાળા, શ્રમણપણાના સમગ્ર ગુણોને ધારણ કરતા, ચૌદ પૂર્વધર, ચરમ શરીરવાળા, તદ્‌ભવ મુક્તિગામી એવા ગણધર સ્થવિરની પાસે જઈ પ્રવ્રજ્યા અંગીકાર કરી.

હે ગૌતમ ! આ પ્રમાણે તેઓ અત્યંત ઘોર, વીર, તપ અને સંયમના અનુષ્ઠાનનું સેવન તથા સ્વાધ્યાય અને ધ્યાનાદિમાં પ્રવૃત્તિ કરતા કરતા સર્વ કર્મનો ક્ષય કરીને, તે બ્રાહ્મણી સાથે કર્મરજ ખંખેરીને ગોવિંદ બ્રાહ્મણ વગેરે અનેક નર અને નારીના ગણો સિદ્ધિ પામ્યા યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા..

તે સર્વે મહાયશસ્વી થયા એ પ્રમાણે હું કહું છું.

૧૪૯૮. હે ભગવન્ ! તે બ્રાહ્મણીએ એવું શું કર્યું હતું કે જેથી આ પ્રમાણે સુલભબોધિ પામીને સવારના પહોરમાં નામ ગ્રહણ કરવા લાયક બની ?

તેમજ તેના ઉપદેશથી અનેક ભવ્યજીવો, નર અને નારીના સમુદાય કે જેઓ અનંત સંસારના ઘોર દુઃખમાં સબડી રહેલા હતા તેમને સુંદર ધર્મદેશના વગેરે દ્વારા શાશ્વત સુખ આપીને તેણીએ તેમનો ઉદ્ધાર કર્યો ?

હે ગૌતમ ! તેણે **પૂર્વભવમાં અનેક સુંદર ભાવના સહિત શલ્ય વગરની બની, જન્મથી માંડીને છેવટ સુધીના લાગેલા દોષોની શુદ્ધ ભાવો સહિત આલોચના આપીને યથોપદિષ્ટ પ્રાયશ્ચિત્ત કરેલું.**

ત્યારપછી સમાધિ સહિત કાળધર્મ પામીને તેના પ્રભાવે સૌધર્મ દેવલોકમાં ઈન્દ્ર મહારાજાની અગ્રમહિષી એવી મહાદેવીપણે તેણી ઉત્પન્ન થઈ હતી.

હે ભગવન્ ! શું તે બ્રાહ્મણીનો જીવ તેના આગલા ભવમાં નિર્ગ્રન્થી શ્રમણી હતો કે જેણે નિઃશલ્યપણે આલોચના કરીને ઉપદેશ કરાયા અનુસાર પ્રાયશ્ચિત્ત કરેલું ?

હે ગૌતમ ! તે બ્રાહ્મણીના જીવે તેના આગળના ભવમાં ઘણી જ લબ્ધિ તેમજ સિદ્ધિ પ્રાપ્ત કરેલી હતી.

– તેણીએ જ્ઞાન, દર્શન, ચારિત્ર, રત્નની મહાઋદ્ધિ મેળવેલી.

– સમગ્ર ગુણોના આધારભૂત ઉત્તમ, શીલાભૂષણને ધારણ કરનાર શરીરવાળા, મહાતપસ્વી, યુગપ્રધાન, શ્રમણ અણગાર અને ગચ્છનાયક હતા પણ શ્રમણી ન હતા.

હે ભગવન્ ! કયા કર્મના વિપાકથી ગચ્છાધિપતિ થયા પછી પણ તેણે સ્ત્રીત્વ કર્મ ઉપાર્જન કર્યું ?

હે ગૌતમ ! માયા કરવાના કારણે.

હે ભગવન્ ! તેને એવું માયાનું કારણ શું થયું કે – જેનો સંસાર પાતળો પડેલો છે. તેવા આત્માએ પણ સમગ્ર પાપના ઉદયથી મળનારુ, ઘણા લોકોથી નિંદિત તથા.

– સુગંધી ઘણા દ્રવ્યો, ઘી, ખાંડ, સારા વસાણાનું ચૂર્ણ પ્રમાણ એકઠા કરીને બનાવેલા પાકના લાડવાના પાત્રની જેમ સર્વને ભોગ્ય,

– સમગ્ર દુઃખ અને કલેશના સ્થાનક,

– સમગ્ર સુખને ગળી જનારા,

– પરમ પવિત્ર ઉત્તમ એવા અહિંસા લક્ષણ સ્વરૂપ શ્રમણધર્મમાં વિઘ્ન–અંતરાયભૂત,

– સ્વર્ગની અર્ગલા અને નરકના દ્વાર સમાન,

– સમગ્ર અપયશ, અપકીર્તિ, કલંક, કજીયા આદિ વૈર વગેરે પાપના નિધાન રૂપ, તથા–.

– નિર્મળ કુળને અક્ષમ્ય, અકાર્યરૂપ શ્યામ કાજળ સરખા કાળા કૂચડાથી કલંકિત કરનારુ એવું,

– સ્ત્રીપણાને તે ગચ્છાધિપતિએ ઉપાર્જન કર્યું ?

હે ગૌતમ ! ગચ્છાધિપતિપણામાં રહેલા એવા તેણે નાનામાં નાની પણ માયા કરી ન હતી.

– પહેલાં તે ચક્રવર્તી રાજા થઈને પરલોક ભીરુ, કામભોગથી કંટાળેલા એવા તેણે તણખલાની જેમ તેવી ચક્રવર્તી ની સમૃદ્ધિ, ચૌદ રત્નો, નવ નિધાન, ૬૪,૦૦૦ શ્રેષ્ઠ યુવતિઓ, ૩૨,૦૦૦ આજ્ઞાંકિત શ્રેષ્ઠ રાજાઓ, ૯૬ કરોડ ગામો યાવત્ છ ખંડનું આ ભરતક્ષેત્રનું સંપૂર્ણ રાજ્ય અર્થાત્ ચક્રવર્તીપણાની સર્વ સમૃદ્ધિ.

– દેવેન્દ્રની ઉપમા સમાન મહારાજ્યની સમૃદ્ધિ ત્યજીને,

– ઘણા પુન્યથી પ્રેરાયેલો એવો તે ચક્રવર્તી,

– નિઃસંગ બનીને તેણે પ્રવ્રજ્યા અંગીકાર કરી.

– અલ્પ સમયમાં તેઓ સમગ્ર ગુણધારી મહાતપસ્વી અને શ્રુતધર મહર્ષિ બની ગયા.

– તેમની યોગ્યતા જાણીને ઉત્તમ એવા ગુરુ મહારાજાએ તેમને ગચ્છાધિપતિ પદની અનુજ્ઞા કરી.

હે ગૌતમ ! ત્યાં પણ જેણે સદ્ગતિનો માર્ગ આચરીને જાણેલો છે, યથોપદિષ્ટ શ્રમણધર્મને સારી રીતે પાલન કરતા–કરતા, ઉગ્ર અભિગ્રહોને ધારણ કરતા, ઘોર અને ઉગ્ર પરીષહ તથા ઉપસર્ગોને સહન કરતા–કરતા અને રાગ, દ્વેષ તથા કષાયોનો ત્યાગ કરતા પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા હતા.

આગમોક્ત વિધાનાનુસાર ગચ્છનું પાલન કરતા હતા, વળી જીવન પર્યન્ત સાધ્વીએ વહોરી લાવેલાનો પરિભોગ છોડેલ હતો.

છકાય જીવોનો સમારંભ વર્જતા એવા તથા લગીર પણ દિવ્ય કે ઔદારિક મૈથુન પરિણામોને ન કરતા તથા.

આ લોક કે પરલોકના સાંસારિક સુખોની આશંસાને ન કરતા, નિયાણાથી અને માયા શલ્યથી મૂકાયેલા હતા.

નિઃશલ્યપણે તેમને આલોચના, નિંદણા, ગર્હણાપૂર્વક યથોપદિષ્ટ પ્રાયશ્ચિત્તનું સેવન કરતા હતા.

– સર્વે પ્રમાદના આલંબનથી સર્વથા મુક્ત થયેલા.

**– અનેક ભવમાં ઉપાર્જન કરેલા એવા અને નહીં ખપાવેલા એવા કર્મરાશિને જેમણે ઘણા ખપાવીને ઘણા અલ્પ પ્રમાણવાળા સ્ત્રીપણાના કારણભૂત જે કર્મો પૂર્વે કરેલા હતા.**

**તેવા કર્મો તેમણે બાકી અન્ય ભાવમાં માયા – કરેલી તેના નિમિત્તથી બાંધેલા હતા, તે કર્મનો આ ઉદય છે.**

હે ભગવન્ ! અન્ય ભવમાં તે મહાનુભાવે કેવી રીતે માયા કરી કે જેનો આવા પ્રકારનો ભયંકર કર્મોદય થયો ?

હે ગૌતમ ! તે મહાનુભાવ ગચ્છાધિપતિનો જીવ ઓછા કે અધિક નહીં એવા બરાબર લાખમાં ભવ પહેલાં સામાન્ય રાજાની સ્ત્રીની પુત્રીપણે ઉત્પન્ન થયેલ હતો.

– કોઈ સમયે લગ્ન થયા પછી તુરંત તેનો પતિ મૃત્યુ પામ્યો.

– ત્યારે તેના પિતાએ રાજકુંવરીને કહ્યું કે, હે ભદ્રે! હું તને મારા રાજ્યમાંથી ૫૦૦ ગામો આપું છું, તેની આવકમાંથી તારી ઇચ્છા પ્રમાણે અંધોને, અધૂરા અંગવાળાને, ન ચાલી શકતા હોય તેવા અપંગોને, ઘણી વ્યાધિ વેદનાઓથી વ્યાપ્ત શરીરવાળાને તથા.

સર્વ લોકોથી પરાભવ પામેલાઓને, દારિદ્ર–દુઃખ–દુર્ભાગ્યથી કલંકિત થયેલાઓને, જન્મથી દરિદ્રો હોય તેવાઓને, તથા.

શ્રમણોને, શ્રાવકોને, મુંઝાયેલાઓને, સંબંધી બંધુઓને–

જે કોઈને જે ઈષ્ટ હોય તેવા ભોજન, પાણી, વસ્ત્રો યાવત્ ધન–ધાન્ય, સુવર્ણ–હિરણ્ય કે સમગ્ર સુખના આપનાર, સંપૂર્ણ દયા કરીને અભયદાન આપ.

– જેનાથી હવે ભવાંતરમાં પણ સમગ્ર લોકોને અપ્રિયકારિણી, સર્વને પરાભવ કરવાના સ્થાનભૂત તું ન થા.

– તેમજ ગંધ, પુષ્પમાળા, તંબોલ, વિલેપન, અંગરાગ વગેરે ઇચ્છા મુજબના ભોગ–ઉપભોગના સાધન વગરની ના થા.

– અપૂર્ણ મનોરથવાળી, દુઃખી જન્મ આપનારી પત્ની, વંધ્યા, રંડા વગેરે દુઃખવાળી તું ન થા.

ત્યારે હે ગૌતમ ! તેણે 'તહત્તિ' કહી તે વાત સ્વીકારી– પરંતુ તેણીના નેત્રમાંથી હડ–હડ કરતા અશ્રુજળથી જેનો કપોલ ભાગ ધોવાઈ રહેલ છે, તેવી ખોખરા સ્વરથી કહેવા લાગી કે વધારે બોલવાનું હું જાણતી નથી. અહીંથી આપ જઈને જલદીથી કાષ્ઠની એક મોટી ચિત્તાને તૈયાર કરાવો.

– જેથી મારા દેહને હું તેમાં બાળી નાંખુ. પાપિણી એવી મને હવે જીવવાનું કંઈ જ પ્રયોજન નથી.

– રખેને કદાચ કર્મ પરિણતિને આધીન થઈને મહાપાપી સ્ત્રીના ચંચળ સ્વભાવપણાને કારણે આપના આ અસાધારણ પ્રસિદ્ધ નામવાળા અને આખા જગતમાં જેની કીર્તિ અને પવિત્ર યશ ભરેલો છે એવા આપના કુળને કદાચ કલંક લગાડું.

– આ મારા નિમિત્તે આપણું સર્વ કુળ મલીન બની જાય તેવું બને, તેના કરતા મરવુ સારું..

ત્યારપછી તે રાજાએ ચિંતવ્યું કે ખરેખર હું અધન્ય છું કે અપુત્રવાળા એવા મને આવી રત્ન સમાન પુત્રી મળી.

– અહો ! આ બાલિકાનો વિવેક!

– અહો ! તેની બુદ્ધિ!

– અહો ! તેની પ્રજ્ઞા!

– અહો ! તેનો વૈરાગ્ય!

– અહો ! તેનું કુળને કલંક લાગવાનું ભીરુ પણુ!

– અહો ! ખરેખર ક્ષણે–ક્ષણે આ બાલિકા વંદનીય છે.

જેના આવા મહાન ગુણો છે, તે જ્યાં સુધી મારા ઘરમાં વાસ કરશે, ત્યાં સુધી મારું કલ્યાણ થશે.

– તેણીને જોવાથી, તેણીનું સ્મરણ કરવાથી, તેની સાથે બોલવાથી પણ મારો આત્મા નિર્મળ થશે, તો પુત્ર વગરના મને આ પુત્રી પણ પુત્રની સમાન જ થાઓ, એમ વિચાર્યું.

એ પ્રમાણે વિચારીને રાજાએ કહ્યું–હે પુત્રી ! આપણા કુળના રિવાજ પ્રમાણે કાષ્ઠની ચિત્તામાં રાંડવાનું હોતું નથી.

– તો તું શીલ અને શ્રાવક ધર્મરૂપ ચારિત્રનું પાલન કર.

– દાનશાળામાં દાન આપ.

– તારી ઇચ્છા મુજબ પૌષધોપવાસ આદિ કર.

– ખાસ કરીને જીવદયાના કાર્યો કર.

– આ રાજ્ય પણ તારું જ છે.

ત્યારપછી હે ગૌતમ ! પિતારાજાએ એ પ્રમાણે કહ્યા પછી તેણે ચિત્તામાં પડવાનું માંડી વાળીને મૌન રહી.

પછી પિતાએ અંતઃપુરના રક્ષપાલ સેવકને સોંપી.

એ પ્રમાણે કાળ સમય વીતતા કોઈક સમયે તે રાજા મૃત્યુ પામ્યો. પછી કોઈ સમયે મહાબુદ્ધિશાળી મંત્રીઓએ

એકઠા થઈ નિર્ણય કર્યો કે આ કુંવરીનો જ અહીં રાજ્યાભિષેક કરવો.

પછી તેણીનો રાજ્યાભિષેક કર્યો. હે ગૌતમ ! ત્યારપછી તે રોજ સભામંડપમાં બેસતી હતી.

હવે કોઈક સમયે ત્યાં રાજ્યસભામાં ઘણા બુદ્ધિવાન જનો, વિદ્યાર્થીઓ, ભટ્ટો, તડિગો, મુત્સદ્દીઓ, ચતુરો, વિચક્ષણો, મંત્રીજનો, મહંતો, ઈત્યાદિ સેંકડો પુરુષોથી ભરચક આ સભામંડપના મધ્યભાગમાં રાજસિંહાસન ઉપર બેઠેલ, કર્મ પરિણતિને આધીન થયેલ રાજકુંવરીએ રાગ સહિત અભિલાષાવાળા નેત્રથી–

– સર્વોત્તમ લાવણ્ય, શોભાની સંપત્તિવાળા, જીવાદિક પદાર્થોના સુંદર જ્ઞાનવાળા એક ઉત્તમ કુમારને જોયો.

હે ગૌતમ ! કુમાર તેણીના મનોગત ભાવ સમજી ગયો.

– તે વિચારવા લાગ્યો કે મને દેખીને આ બિચારી રાજકુંવરી ઘોર, અંધકારપૂર્ણ અને અત્યંત દુઃખદાયક પાતાળમાં પહોંચી ગઈ છે.

– ખરેખર ! હું અધન્ય છું કે આવા પ્રકારના રાગ ઉત્પન્ન થવાના યંત્ર, સમાન, પુદ્ગલના સમૂહવાળા મારા દેહને જોઈને પતંગિયા માફક કામ દીપકમાં ઝંપલાવે છે, હવે મારે જીવીને શું કરવું ?

તો હવે હું જલદી આ પાપ શરીરને વોસિરાવું.

આ માટે હું અતિ દુષ્કર પ્રાયશ્ચિત્ત કરીશ.

– સમગ્ર સંગનો ત્યાગ કરવા રૂપ, સમગ્ર પાપનો વિનાશકર્તા એવા અણગાર ધર્મને અંગીકાર કરીશ.

– અનેક પૂર્વભવોમાં એકઠા કરેલા, દુઃખે કરીને છોડી શકાય તેવા પાપબંધનના સમૂહને શિથિલ કરીશ.

– આવા અવ્યવસ્થિત જીવલોકને ધિક્કાર થાઓ કે જેમાં ઈન્દ્રિયોના વર્ગ આ રીતે પરાધીન થાય છે.

– અહો ! કેવી કમનસીબી છે કે લોક–પરલોકના નુકસાન પ્રતિ આ નજર પણ કરતા નથી.

– અહો ! એક જન્મ માટે આ ચિત્તનો કેવો દુરાગ્રહ થયો છે?

– અહો ! કાર્યાકાર્યની અજ્ઞાનતા,

– અહો ! આ મર્યાદા રહિતપણું,

– અહો ! લજ્જાનો જેણે ત્યાગ કર્યો છે.

– અરેરે ! મારા સરખાને આ સ્થિતિમાં ક્ષણવાર પણ વિલંબ કરવો તે લગીર પણ ઉચિત નથી.

– દુઃખે કરીને અટકાવી શકાય તેવા તત્કાલ પાપનું આગમન થતું હોય તેવા સ્થાનમાં રહેવું તે જોખમ ગણાય.

– હા હા હા ! હે નિર્લજ્જ શત્રુ ! અધન્ય એવા આઠ કર્મરાશિ આ રાજબાલિકાને અત્યારે ઉદયમાં આવેલા છે.

– આ મારા કોઠાર સમાન પાપશરીરનું રૂપ દેખવાથી તેના નેત્રોમાં રાગની અભિલાષા થયેલી છે.

– હવે આ દેશનો ત્યાગ કરીને હું પ્રવ્રજ્યા અંગીકાર કરું.

એ પ્રમાણે વિચારીને કુમાસ્વરે કહ્યું – હું શલ્યરહિત બનીને આપ સર્વેની ક્ષમા માંગુ છું.

– મારાથી અજાણતા કોઈ અપરાધ થયો હોય તો આપ પ્રત્યેકે પ્રત્યેક સભાજન મને ક્ષમા આપજો.

– ત્રિવિધ–ત્રિવિધે ત્રિકાલશુદ્ધિથી હું સભામંડપમાં રહેલા રાજકુળ અને નગરજનો આદિ સર્વેની ક્ષમા માંગુ છું

– એમ કહીને તે કુમાર રાજકુળથી બહાર નીકળી ગયો.

પોતાના રહેઠાણ પહોંચી ગયો. ત્યાંથી માર્ગમાં ખાવા માટેનું પાથેય ગ્રહણ કર્યું. ફીણના જથ્થાના તરંગ સમાન સુકુમાલ સફેદ વસ્ત્રના બે ખંડ કરીને પહેર્યા. સજ્જનના હૃદય સમાન સરળ નેતર લતાની સોટી અને અર્ધઢાલ જમણા હાથમાં ગ્રહણ કર્યા.

ત્યારપછી ત્રણે ભુવનમાં અદ્વિતીય ગુરુ એવા અરિહંત ભગવંતો, જગતમાં સૌથી શ્રેષ્ઠ ધર્મ, તીર્થંકરોએ કહેલ યથોક્ત વિધિથી સંસ્તવના, વંદન, સ્તુતિ, નમસ્કાર કરીને ચાલ–ચાલ કર્યા કર્યું.

એ પ્રમાણે ચાલતા–ચાલતા કુમાર ઘણા દૂર દેશાંતરમાં ત્યાં પહોંચ્યા કે જ્યાં હિરણણકરૂડી નામની રાજધાની હતી.

તે રાજધાનીમાં રહીને વિશિષ્ટ ગુણવાળા ધર્માચાર્યના આવવાના સમાચાર મેળવવા માટે કુમાર શોધ કરતો હતો અને વિચારતો હતો કે જ્યાં સુધી વિશિષ્ટ ગુણવાળા ધર્માચાર્યનો યોગ ન થાય, ત્યાં સુધી મારે અહીં આ નગરમાં રોકાઈ જવું.

એ પ્રમાણે વિચારતા કેટલાક દિવસો પસાર થયા.

ઘણા દેશમાં વિસ્તાર પામેલી કીર્તિવાળા ત્યાંના રાજાની હું સેવા કરતો રહું. એમ મનમાં મંત્રણા ગોઠવીને પછી ત્યાંના રાજાને મળ્યો. કરવા યોગ્ય નિવેદન કર્યું.

પછી રાજાએ તેનું સન્માન કર્યું અને રાજાની સેવા–ચાકરી તે કુમારે પ્રાપ્ત કરી.

કોઈ સમયે એવા અવસર પ્રાપ્ત થયેલો જાણીને તે કુમારને તે રાજાએ પૂછ્યું – હે મહાનુભાવ ! હે મહાસત્ત્વ શાલી! આ તમારા હાથમાં કોના નામથી અલંકૃત મુદ્રારત્ન શોભી રહેલ છે?

– આટલો કાળ તમે કયા રાજાની સેવા કરી ?

– અથવા તમારા સ્વામીએ તમારો અનાદર કેમ કર્યો ?

કુમારે રાજાને પ્રત્યુત્તર આપતા જણાવ્યું કે જેના નામથી અલંકૃત આ મુદ્રારત્ન છે, તેની મેં આટલો કાળ સેવા કરી.

ત્યારપછી રાજાએ પૂછ્યું કે – તને કયા શબ્દના નામ વડે લોકમાં બોલાવાય છે ? તે કહો.

કુમારે કહ્યું – ભોજન લીધા પહેલાં, હું તે ચક્ષુકુશીલ અધમનું નામ પણ ઉચ્ચારીશ નહીં.

ત્યારે રાજાએ પૂછ્યું કે – અરે ! મહાસત્ત્વશાલી ! તેને તમે ચક્ષુકુશીલ એવા શબ્દોથી કેમ સંબોધન કરો છો ?

– તેમ જ જમ્યા વિના તેનું નામ ન ઉચ્ચારવાનું કારણ શું છે ?

કુમારે કહ્યું કે – ચક્ષુ કુશીલનું નામ હું શબ્દપૂર્વક ઉચ્ચારીશ નહીં, કોઈ બીજા સ્થાનમાં કદાપિ તમને પ્રત્યક્ષ ખાત્રી થશે.

વળી બીજા કોઈ નિરાંતના સમયે તે હકીકત કહીશ.

ભોજન કર્યા વિના તેના નામનો શબ્દ ન બોલવો, તે કારણે મેં તેમનું નામોચ્ચારણ કરેલ નથી.

કદાચ ભોજન કર્યા વિના તે ચક્ષુકુશીલ અધમનું નામ બોલું તો તે દિવસે ભોજન અને પાનની પ્રાપ્તિ ન થાય.

ત્યારે હે ગૌતમ! અતિ વિસ્મય પામેલા એવા તે રાજાશ્રીએ કુતૂહલપણાથી જલદી રસોઈ મંગાવી.

રાજકુમાર અને સર્વ પરિવાર સાથે ભોજનમંડપમાં બેઠો.

અઢાર પ્રકારના મિષ્ટાન્ન, ભોજન, સુખડી, ખાજા અને વિવિધ પ્રકારની આહારની સામગ્રી મંગાવી.

આ સમયે રાજાને કુમારે કહ્યું કે – ભોજન કર્યા પછી કહીશ.

રાજાએ ફરી પણ કહ્યું કે – હે મહાસત્ત્વશાલી ! જમણા હાથમાં કોળીયાને ધારણ કરેલો છે. હવે નામ બોલો.

કદાચ આ સ્થિતિમાં રહેલા આપણને કોઈ વિઘ્ન થાય, તો અમને પણ તે વાતની પ્રત્યક્ષ પ્રતીતી થાય.

– તો નગર સહિત સર્વે તમારી આજ્ઞા પામીને આત્મસહિતની સાધના કરવા પ્રવર્તમાન થઈશું.

ત્યારપછી હે ગૌતમ! તે કુમારે આ પ્રમાણે કહ્યું–

– તે ચક્ષુકુશીલ, અધમ, દુરંત, પ્રાંત લક્ષણવાળા, ન દેખવાલાયક દુર્જાત જન્મવાળા તેનું આવું–આવું અમુક શબ્દથી બોલવા લાયક નામ છે. પરંતુ સ્પષ્ટ નામ જણાવ્યુ નહીં..

ત્યારપછી હે ગૌતમ ! શું બન્યું તે તું સાંભળ–.

જેટલામાં તે શ્રેષ્ઠ કુમાર નામ બોલ્યો નામનો સંકેત કર્યો કે. તેટલામાં સૈન્ય ઘેરાઈ વળ્યું.

– બખ્તર પહેરીને સજ્જ થયેલા એવા.

– ઊંચો ધ્વજ ફરકાવતા એવા.

– તીક્ષ્ણ ધારદાર તલવાર, ભાલા, ચકચકાર કરતા ચક્રો વગેરે હથિયારો જેના અગ્રહસ્તમાં રહેલા છે તેવા,

– 'હણો–હણો' એવા હણના શબ્દોથી ભયંકર,

– ઘણાં યુદ્ધોના સંઘર્ષમાં કોઈ વખત પીઠ ન બતાવનાર,

– જીવનનો અંત કરનારા,

– અતુલ બળ પરાક્રમવાળા અને મહાબલી,

– એવા શત્રુસૈન્યના યોદ્ધાઓ ધસી આવ્યા.

આ સમયે તે શ્રેષ્ઠ કુમારના ચરણોમાં, તે રાજા નમી પડ્યો.

પ્રત્યક્ષ જોયેલા પ્રમાણથી તેમજ મરણના ભયથી આકુળ થવાના કારણે પોતાના કુળક્રમ ગત પુરુષકારની ગણના કર્યા વિના રાજા ત્યાંથી પલાયન થઈ ગયો – નાસી ગયો.

એક દિશા પ્રાપ્ત કરી, પરિવાર સહિત તે રાજા ભાગવા માંડ્યો.

હે ગૌતમ ! તે સમયે તે શ્રેષ્ઠ કુમારે ચિંતવ્યું કે મારા કુળક્રમમાં પીઠ બતાવવી એવું કોઈથી બનેલુ નથી.

બીજી બાજુ અહિંસા લક્ષણ ધર્મને જાણનાર તેમજ પ્રાણાતિપાતના કરેલા પ્રત્યાખ્યાનવાળા એવા મને કોઈના ઉપર કંઈપણ પ્રહાર કરવો, તે લગીરે પણ યોગ્ય નથી.

તો હવે મારે અત્યારે શું કરવું ?

અથવા આગારવાળા ભોજન–પાણીના ત્યાગનું પચ્ચક્ખાણ કરું ?

એક દૃષ્ટિમાત્રથી કુશીલનું નામ ગ્રહણ કરવામાં પણ આટલું મોટું નુકસાનકારક કાર્ય ઊભું થયું. તો મારે પણ મારા શીલની પરીક્ષા હવે અહીં કરવી જોઈએ.

એમ વિચારીને તે શ્રેષ્ઠ કુમાર આમ કહેવા લાગ્યો કે,

જો હું વાચા માત્રથી કુશીલ હોઉં તો આ રાજધાનીમાંથી ક્ષેમ, કુશળ, અક્ષત શરીરવાળો નીકળી શકીશ નહીં.

જો હું મન–વચન–કાયા એમ ત્રણે પ્રકારથી, સર્વ પ્રકારે જો શીલયુક્ત હોઉં તો મારા ઉપર આ અતિ તીક્ષ્ણ ભયંકર અને જીવનો અંત કરનારા હથિયારનો ઘા ન થશો.

'નમો અરિહંતાણં–નમો અરિહંતાણં' આ પ્રમાણે બોલીને તે શ્રેષ્ઠ કુમાર જેટલામાં શ્રેષ્ઠ તોરણવાળા દરવાજાના દ્વાર તરફ ચાલ–ચાલ કરવા લાગ્યો.

– જેટલામાં હજી થોડા ભૂમિભાગમાં પગલા માંડતો હતો,

તેટલામાં શોરબકોર કરતા કોઈએ કહ્યું કે – ભિક્ષુકના વેશમાં આ રાજા જઈ રહ્યો છે.

એમ કહી આનંદમાં આવી જઈને તે બોલવા લાગ્યો કે – 'હણો–હણો', 'મારો–મારો'. આવા પ્રકારના શબ્દો બોલતા તલવાર વગેરે હથિયારો ઊંચકીને પ્રવર બલવાળા યોદ્ધાઓ દોડી આવ્યા.

અત્યંત ભયંકર, જીવનો અંત કરનાર, શત્રુ–સૈન્યના યોદ્ધાઓ ધસી આવ્યા, ત્યારે ખેદ વગરના, ધીમે–ધીમે નિર્ભયપણે ત્રાસ પામ્યા સિવાય તે અદીન મનવાળા શ્રેષ્ઠ કુમારે કહ્યું કે–

અરે ઓ દુષ્ટ પુરુષો !

– આવા ઘોર તામસ ભાવથી તમે મારી પાસે આવો.

– અનેક વખત શુભ અધ્યવ્યવસાયથી એકઠા કરેલા પુન્યની પ્રકર્ષતાવાળો હું એ જ છું.

– અમુક રાજા તમારો સાચો શત્રુ છે.

– તમે એમ ન બોલશો કે અમારા ભયથી રાજા અદૃશ્ય થયો છે.

– જો તમારામાં શક્તિ પરાક્રમ હોય તો પ્રહાર કરો.

– જેટલામાં તે શ્રેષ્ઠ કુમાર આટલું બોલ્યો તેટલામાં તો તે સર્વે તે જ ક્ષણે ત્યાં જ સ્તંભી ગયા.

હે ગૌતમ ! શીલાલંકૃત પુરુષની વાણી દેવતાઓને માટે પણ અલંઘનીય જ કહેલી છે.

તે કુમાર નિશ્ચલ દેહવાળો થયો.

ત્યારપછી ધસ કરતાક મૂર્ચ્છા પામીને ચેષ્ટા રહિત થઈને ભૂમિ ઉપર તે શ્રેષ્ઠ કુમાર ઢળી પડ્યો.

હે ગૌતમ ! એ અવસરે કપટી અને માયાવી તે અધમરાજા એ સર્વ ભ્રમણ કરતા લોકોને અને સર્વત્ર રહેલા એવા ધીર, સમર્થ, ભીરુ, વિચક્ષણ, મૂર્ખ, શૂરવીર, કાયર, ચતુર, ચાણક્ય સમાન બુદ્ધિશાળી, બહુ પ્રપંચોથી ભરેલા સંધિ કરાવનાર, વિગ્રહ કરાવનાર, ચતુર રાજસેવકો વગેરે પુરુષોને કહ્યું–

અરે ! આ રાજધાનીમાંથી તમે જલદી હીરા, નીલરત્ન, સૂર્યકાંતમણિ, ચંદ્રકાંતમણિ, શ્રેષ્ઠમણિ અને રત્નના ઢગલાઓ, હેમ–અર્જુન, તપનીય–જાંબુનદ સુવર્ણ વગેરે લાખ ભાર પ્રમાણ ગ્રહણ કરી લો.

વધારે કેટલું કહેવું ?

વિશુદ્ધ બહુ જાતિવંત એવા મોતીઓ, વિદ્રુમ, પરવાળા આદિ લાખો ખારી એ જાતનું તે સમયે ચાલતું પાલી સમાન માપ વિશેષ. તેનાથી ભરપૂર ભંડાર ચતુરંગ સેનાને આપી દો.

ખાસ કરીને સુગૃહીત, સવારના પહોરમાં ગ્રહણ કરવા લાયક નામવાળા એવા તે પુરુષસિંહ, વિશુદ્ધ શીલવાળા ઉત્તમ કુમારના સમાચાર લાવો જેથી હું શાંતિ પામું.

હે ગૌતમ ! ત્યારપછી રાજાને પ્રણામ કરીને તે રાજસેવક પુરુષો ઉતાવળા ઉતાવળા, વેગથી, ચપળતાથી, પવન સમાન ગતિથી ચાલે તેવા ઉત્તમ પ્રકારના અશ્વો ઉપર આરૂઢ થઈને–

વનમાં ઝાડીમાં, પર્વતની ગુફાઓમાં અને બીજા–બીજા જે કોઈ એકાંત પ્રદેશો હતા ત્યાં ગયા.

– ક્ષણવારમાં રાજધાનીમાં પહોંચ્યા.

– ત્યારે જમણી અને ડાબી બાજુના કર–પલ્લવથી મસ્તકના કેશનો લોચ કરતો કુમાર જોવામાં આવ્યો.

– તેની આગળ સુવર્ણના આભૂષણો અને વસ્ત્રોની સજાવટયુક્ત દશે દિશાઓને પ્રકાશિત કરતા, જય–જયકારના મંગલ શબ્દો ઉચ્ચારતા, રજોહરણ પકડેલા અને હસ્ત–કમળની અંજલી વડે યુક્ત થયેલા દેવતાઓ ઈત્યાદિને તેઓએ જોયા.

તેમને જોઈને વિસ્મય પામેલા મનવાળા, લેપકર્મની બનાવેલી પ્રતિમાની જેમ સ્થિર ઊભા રહ્યા.

આ સમયે હે ગૌતમ ! હર્ષપૂર્ણ હૃદયવાળા અને રોમાંચના કંચૂકથી આનંદિત થયેલા શરીરવાળા અને આકાશમાં રહેલા–

– એવા પ્રવચન દેવતાએ 'નમો અરિહંતાણં' એમ ઉચ્ચારણ કરીને તે કુમારને આ પ્રમાણે કહ્યું–

**૧૪૯૯ થી ૧૫૦૩.** જેઓ મુષ્ટિના પ્રહાર માત્રથી મેરુનું ચૂર્ણ કરી નાખી શકે છે, પૃથ્વીને પણ પી જઈ શકે છે અને ઈન્દ્રને પણ સ્વર્ગ થકી ઢાળી દઈ શકે છે.

ક્ષણવારમાં ત્રણે ભુવનનું પણ કલ્યાણ કરનાર થાય છે.

– પરંતુ તેવો પણ અક્ષત શીલવાળાની તુલનામાં ન આવી શકે.

– ખરેખર ! તે જ જન્મેલો છે એમ ગણાય.

– તે જ ત્રણે ભુવનમાં વંદન કરવા યોગ્ય છે.

તે પુરુષ હોય કે સ્ત્રી, પરંતુ જે કુળમાં જન્મ પામીને શીલનું ખંડન કરતા નથી. તે શીલની સ્તુતિ–.

પરમ પવિત્ર પુરુષોથી સેવિત, સમગ્ર પાપનો નાશ કરનાર, સર્વોત્તમ સુખનો ભંડાર એવું સત્તર પ્રકારનું શીલ જય પામો.

એ પ્રમાણે બોલીને હે ગૌતમ ! તે પ્રવચન દેવતાઓએ તે શ્રેષ્ઠ કુમાર ઉપર પુષ્પની વૃષ્ટિ છોડી.

ફરી પણ દેવતા કહેવા લાગ્યા કે–

**૧૫૦૪** થી **૧૫૦૭**. જગતના અજ્ઞાની આત્માઓ પોતાના કર્મથી કષાયી કે દુઃખી થયા હોય તો,

– દૈવ–ભાગ્ય કે દેવતાને દોષ આપે છે.

– પણ પોતાના આત્માને ગુણોમાં સ્થાપન કરતો નથી.

– દુઃખ સમયે સમતામાં રમણ કરતો નથી.

– સુખો ફોગટના મફતીયા મળી જાય તેવી યોજના કરે છે.

આ દૈવ–ભાગ્ય મધ્યસ્થ ભાવમાં રહેનાર, પ્રત્યેક જીવને સમપણાથી જોનાર હોય છે, તથા

– સર્વ લોક તેમનામાં વિશ્વાસ રાખનાર હોય છે.

જે જે કંઈ પણ કર્માનુસારે પ્રાપ્ત થાય છે, તેનો નિક્ષેપ અથવા ત્યાગ દૈવ કરાવતો નથી.

– તો હવે તમે સર્વજનો બોધ પામો.

– સર્વોત્તમ શીલ–ગુણથી મહર્દ્ધિક એવા આ કુમાર શ્રેષ્ઠના ચરણ–કમળમાં તામસ ભાવ રહિત બનીને પ્રણામ કરો. એ પ્રમાણે બોલીને દેવતા અદૃશ્ય થયો.

**૧૫૦૭**. આ પ્રસંગ જોઈને તે ચતુર રાજપુરુષો જલદી રાજા પાસે પહોંચ્યા અને જોયેલો વૃત્તાંત નિવેદન કર્યો.

તે સાંભળીને ઘણા વિકલ્પો રૂપ તરંગમાલા વડે પૂરાતા એવા હૃદયસાગર વાળો હર્ષ અને વિષાદ પામેલો હોવાથી ભય સહિત ઊભો થયો.

ત્રાસ અને વિસ્મય યુક્ત હૃદયવાળો રાજા ધીમે–ધીમે ગુપ્ત સુરંગના નાના દ્વારથી કંપતા સર્વગાત્રવાળો અને–

મહાકૌતુકથી કુમારદર્શનની અત્યંત ઉત્કંઠાવાળો થયો.

કુમાર હતા તે પ્રદેશમાં આવ્યો.

સુગૃહિત નામવાળા, મહાયશસ્વી, મહાસત્ત્વવાળા, મહાનુભાવ કુમારના રાજાએ દર્શન કર્યા.

અપ્રતિપાતી મહા અવધિજ્ઞાનથી પ્રત્યયથી સંખ્યાતીત ભવોના અનુભવેલા એવા સુખ અને દુઃખો તથા.

સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ, સંસાર, સ્વભાવ, કર્મબંધ, તેની સ્થિતિ તે કર્મોથી મુક્તિ કઈ રીતે થાય?

એ પ્રમાણે વૈર બંધવાળા રાજા આદિને અહિંસા લક્ષણ પ્રમાણ ધર્મનો કુમાર મુનિ. ઉપદેશ આપે છે.

સુખપૂર્વક બેઠેલા સૌધર્માધિપતિ ઈન્દ્ર મહારાજાએ મસ્તક ઉપર ધરી રાખેલા છત્રવાળા કુમારને જોઈને–

પૂર્વે કોઈ વખત ન જોયેલું એવું આશ્ચર્ય દેખીને–

– પરિવાર સહિત તે રાજા પ્રતિબોધ પામ્યો.

– ત્યાં જ તેમણે દીક્ષા અંગીકાર કરી.

– શત્રુ અને ચક્રાધિપતિ રાજા પણ પ્રતિબોધ પામ્યો અને તેણે પણ ત્યાં જ દીક્ષા–પ્રવ્રજ્યા અંગીકાર કરી.

– આ સમયે ચારે નિકાયના દેવોએ સુંદર સ્વરવાળી ગંભીર દુંદુભિનો મોટો શબ્દ કર્યો.

– ત્યારપછી મોટી ઉદ્‌ઘોષણા કરી કે–

**૧૫૦૮, ૧૫૦૯.** હે કર્મોની આઠે ગાંઠોનો ચૂરો કરનાર !

– પરમેષ્ઠી! અને મહાયશવાળા ! કુમાર.

– ચારિત્ર, દર્શન, જ્ઞાન સહિત તમો જય પામો.

– આ જગતમાં એક તે માતા ક્ષણે ક્ષણે વંદનીય છે, જેના ઉદરમાં મેરુ પર્વત સરખા મહામુનિ ઉત્પન્ન થઈને વસ્યા.

**૧૫૧૦.** એમ કહીને સુગંધી પુષ્પોની વૃષ્ટિને છોડતાં,

– ભક્તિપૂર્ણ હૃદયવાળો ઈન્દ્ર

– કે જેણે હસ્તકમળની અંજલી રચેલી છે.

– તે ઈન્દ્રો સહિત દેવ સમુદાય આકાશથી નીચે ઊતર્યો,

– હે ગૌતમ ! ત્યારપછી કુમારના ચરણ-કમળની નિકટ તે દેવસુંદરીઓએ નૃત્ય કર્યું. ફરી ફરી ઘણી સ્તવના કરી, નમસ્કારાદિ કરી, લાંબો સમય સુધી પર્યુપાસના કરી.

– ત્યારપછી તે દેવ સમુદાયો પોતાના સ્થાનકે ગયા.

**૧૫૧૧.** હે ભગવન્ ! તે મહાયશવાળા, સુગૃહીત નામ ધારણ કરવાવાળા કુમારમહર્ષિ આવા પ્રકારના સુલભ બોધિ કેવી રીતે થયા ?

હે ગૌતમ ! અન્ય જન્મમાં શ્રમણભાવમાં રહેલા હતા ત્યારે તેણે વચનદંડનો પ્રયોગ કર્યો હતો.

– તે નિમિત્તથી જીવન પર્યન્ત ગુરુના ઉપદેશથી મૌન ધારણ તે કુમારના જીવે મૌન ધારણ કરેલુ હતુ.

– બીજું, **સંયતોને ત્રણ મહાપાપ સ્થાનકો કહેલા છે તે સાચી રીતે અપ્કાય, અગ્નિકાય અને મૈથુન.**

આ ત્રણે સર્વ ઉપાયોથી સાધુએ ખાસ વર્જવા જોઈએ.

તેણે પણ તે રીતે સર્વથા વર્જેલા હતા.

**તે કારણથી તેઓ સુલભ બોધિ થયેલા.**

હવે કોઈક સમયે હે ગૌતમ ! ઘણા શિષ્યોથી પરિવરેલા એવા તે કુમાર મહર્ષિએ છેલ્લા સમયે દેહ છોડવા માટે સમ્મેત શિખર નામના પર્વતના શિખર તરફ પ્રયાણ કર્યું.

વિહાર કરતા કરતા કાળક્રમે તે જ માર્ગે ગયા કે જ્યાં તે રાજકુળ બાલિકા વરેન્દ્ર ચક્ષુકુશીલા હતી.

રાજમંદિરમાં સમાચાર આપ્યા.

તે ઉત્તમ ઉદ્યાનમાં વંદન કરવા માટે સ્ત્રી નરેન્દ્ર આવ્યા.

કુમાર મહર્ષિને પ્રણામ કરવાપૂર્વક સપરિવાર યથોચિત ભૂમિસ્થાનમાં તે સ્ત્રી-નરેન્દ્ર બેઠી.

મુનીશ્વરે પણ ઘણા વિસ્તારથી ધર્મદેશના કરી.

ધર્મદેશના સાંભળીને ત્યારપછી સપરિવારને તે સ્ત્રી નરેન્દ્ર નિઃસંગતાને ગ્રહણ કરવા તૈયાર થઈ.

હે ગૌતમ ! ત્યારપછી તે નરેન્દ્રએ દીક્ષા લીધી.

દીક્ષા લીધા પછી અત્યંત ઘોર, વીર, ઉગ્ર, કષ્ટકારી, દુષ્કર તપ, સંયમ, અનુષ્ઠાન ક્રિયામાં રમણતા કરનાર એવા સર્વે કોઈપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં મમત્વ રાખ્યા વિના જ વિહાર કરી રહ્યા હતા – વિચરતા હતા.

ચક્રવર્તી, ઈન્દ્ર વગેરેની ઋદ્ધિ સમુદાયના શરીર સુખમાં અથવા સાંસારિક સુખમાં અત્યંત નિઃસ્પૃહ ભાવ રાખનાર એવા–

તેમનો કેટલોક સમય પસાર થયો.

વિહાર કરતા–કરતા સમ્મેત પર્વતના શિખર નજીક આવ્યા.

હે ગૌતમ! ત્યારપછી તે કુમાર મહર્ષિએ રાજકુમારી બાલિકા નરેન્દ્ર એવી તે શ્રમણીને કહ્યું કે–

હે દુષ્કરકારિકે ! તું શાંત ચિત્તથી, સર્વભાવથી, અંતઃકરણપૂર્વક તદ્દન વિશુદ્ધ અને શલ્ય વગરની આલોચના જલદી આપ.

– કારણ કે અત્યારે અમો સર્વ દેહનો ત્યાગ કરવા માટે કટિબદ્ધ લક્ષ્યવાળા થયા છીએ તેમજ–.

નિઃશલ્ય આલોચના, નિંદા, ગર્હા, યથોક્ત શુદ્ધાશયપૂર્વક શાસ્ત્રમાં જે પ્રમાણે ભગવંતે ઉપદેશેલું છે તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરીને જ કલ્યાણને જોયેલું છે જેમાં એવી સંલેખના કરવી છે.

ત્યારપછી તે રાજકુળ બાલિકા નરેન્દ્ર શ્રમણીએ યથોક્ત વિધિપૂર્વક સર્વ આલોચના કરી.

ત્યારપછી બાકી રહેલી આલોચના તે મહામુનિને યાદ કરાવતા કહ્યું કે – તે સમયે રાજ્યસભામાં તું બેઠેલી હતી, ત્યારે ગૃહસ્થ ભાવમાં રાગ સહિત તેમજ સ્નેહાભિલાષથી મને નીરખેલો હતો.

તે વાતની આલોચના હે દુષ્કરકારિકે ! તું કર, જેને કારણે તારી સર્વોત્તમ શુદ્ધિ થાય.

ત્યારપછી તેણે મનમાં ખેદ પામીને અતિ ચપળ આશય તેમજ કપટનું ઘર એવા પાપ સ્ત્રી સ્વભાવના કારણે–

– આ સાધ્વી સમુદાયમાં નિરંતર વાસ કરનારી અમુક રાજાની પુત્રી ચક્ષુકુશીલા અથવા કુદષ્ટિ કરનારી છે.

એવી ખ્યાતિ મારી રખે થઈ જાય તો ?

એ પ્રમાણે વિચારીને હે ગૌતમ ! તે નિર્ભાગિણી શ્રમણી આ પ્રમાણે કહેવા લાગી કે–

હે ભગવન્ ! આવા કારણથી મેં તમોને રાગવાળી દષ્ટિથી જોયા ન હતા કે ન હું તમારી અભિલાષા કરતી હતી. પરંતુ જે પ્રકારે તમો સર્વોત્તમ રૂપ–તારુણ્ય–યૌવન–કાંતિ–લાવણ્ય–સૌભાગ્યકળાનો સમુદાય–વિજ્ઞાન–જ્ઞાનાતિશય આદિ, ગુણોની સમૃદ્ધિ વડે અલંકૃત છે,

તે પ્રમાણે તમે વિષયોમાં નિરભિલાષી અને તેવા જ ધૈર્યવાળા પણ તમે છો કે નથી ?

એ પ્રમાણે તમારું માપ કરવા માટે રાગ રહિત અભિલાષાવાળી નજર જોડી હતી. પરંતુ રાગના અભિલાષાની ઇચ્છાપૂર્વક મેં દષ્ટિ કરી જ ન હતી.

અથવા આ જ આલોચના થાઓ.

આમાં બીજો કયો દોષ છે ?

મને પણ આ ગુણ કરનારી થશે.

તીર્થમાં જઈને માયા–કયા કરવાથી વધુ શું ફાયદો ?

કુમારમુનિ વિચારવા લાગ્યા કે – અત્યંત, મહાસંવેગ પામેલી એવી સ્ત્રીને સો સોનૈયા કોઈ આપે તો સંસારમાં સ્ત્રીઓનો કેવો ચપળ સ્વભાવ છે તે જાણી શકાય છે.

અથવા તો તેના મનોગત ભાવો જાણવા ઘણા દુષ્કર છે.

એ પ્રમાણે ચિંતવીને કુમાર મુનિવરે કહ્યું કે–

– ચપળ સ્વભાવવાળી પાપી સ્ત્રીઓને ધિક્કાર થાઓ.

– જુઓ ! જુઓ ! આટલા માત્ર ટૂંકા સમયમાં કેવા પ્રકારનું કપટ કેળવ્યું ?

અહો ! આ દુર્જન ચપળ સ્ત્રીઓના ચલ, ચપળ, અસ્થિર, ચંચળ સ્વભાવો ! કેવા છે ? તે વર્ણવે છે–.

એકના વિશે માનસ ન સ્થાપનારી, એક ક્ષણ પણ સ્થિર મન ન રાખનારી, અહો ! દુષ્ટ જન્મવાળી,

– અહો ! સમગ્ર અકાર્યને કરનારી, ભાંડનારી, સ્ખલના પામનારી,

– અહો ! સમગ્ર અપયશ અને અપકીર્તિને વૃદ્ધિ પમાડનારી,

– અહો ! પાપકર્મ કરવાના અભિમાની આશયવાળી,

– પરલોકમાં અંધકારની અંદર ઘોર ભયંકર ખણજ, ઉકળતા કાયામાં તેલમાં તળાવું, શાલ્મલી વૃક્ષના કાંટા ભોંકાવા, કુંભીમાં રાંધવાનું, ઈત્યાદિ દુઃખો સહન કરવા પડે તેવી નારકીમાં જવું પડશે.

એ બધાના ભય વિનાની આ ચંચળ સ્ત્રીઓ છે.

આ પ્રકારે કુમાર શ્રમણ મનમાં ઘણો ખેદ પામ્યા.

– તેની વાતનો સ્વીકાર ન કરતા ધર્મમાં એક રસિક એવા કુમારમુનિ અતિ પ્રશાંત વદનથી, પ્રશાંત મધુર અક્ષરોથી, ધર્મદેશના દેવાપૂર્વક રાજકુલ બાલિકા નરેન્દ્ર શ્રમણીને કહ્યું–

હે દુષ્કરકારિકે ! આવા માયાના વચન બોલીને,

અત્યંત ઘોર, વીર, ઉગ્ર, કષ્ટદાયક, દુષ્કર તપ અને સંયમ, સ્વાધ્યાય, ધ્યાન ઈત્યાદિ કરીને તેં–

જે સંસાર ન વધારનાર મોટો પુન્ય પ્રકર્ષ એકમે કરેલો છે તેને હવે તું નિષ્ફળ ન કર.

અનંત સંસાર આપનાર માયા અને દંભ કરવાનું કોઈ પ્રયોજન તારે હવે છે નહીં. તો નિઃશંકપણે આલોચના કરીને તારા આત્માને શલ્ય વગરનો બનાવ, અથવા તો–

– જેમ અંધકારમાં નદીનું નૃત્ય નિરર્થક છે.

– ધમેલું સુવર્ણ એક જોરવાળી ફૂંક માત્રમાં તેની પાછળ કરેલી મહેનતને નિરર્થક બનાવી દે છે.

– તે પ્રમાણે અત્યાર સુધી રાજગાદી અને સ્વજન આદિનો ત્યાગ કરીને જે કેશનો લોચ કર્યો,

– ભિક્ષા ભ્રમણ, ભૂમિ ઉપર શય્યા કરવી, બાવીશ પરીષહો સહેવા, ઉપસર્ગોને સહન કરવા ઈત્યાદિ.

– જે કલેશો સહન કર્યા, તે સર્વે કરેલા ચારિત્ર અનુષ્ઠાનો તારા નિરર્થક થઈ જશે, તે તું વિચાર.

ત્યારે તે નિર્ભાગીએ જવાબ આપ્યો કે – હે ભગવન્! શું આપ એમ માનો છો કે હું આપની સાથે કપટથી વાત કરું છું ?

વળી, ખાસ કરીને આલોચના આપતી વખતે આપની સાથે કપટ કરાય જ નહીં, આ મારી વાત નિઃશંકપણે સાચી માનો.

કોઈ પ્રકારે તે વખતે બિલકુલ મેં સ્નેહરાગની અભિલાષાથી કે રાગ કરવાની અભિલાષાથી આપની તરફ દૃષ્ટિ કરી ન હતી.

પરંતુ આપની પરીક્ષા કરવા, તમે કેટલા પાણીમાં છો, શીલમાં કેટલા દૃઢ છો, તેની પરીક્ષા કરવા માટે નજર કરી હતી.

એમ બોલતી કર્મ પરિણતિને આધીન થયેલી **બદ્ધ, સ્પૃષ્ટ, નિકાચિત** એવું ઉત્કૃષ્ટ સ્થિતિવાળું સ્ત્રી નામકર્મ ઉપાર્જન કરીને તે રાજકુળ સ્ત્રીનરેન્દ્ર શ્રમણી વિનાશ પામી.

હે ગૌતમ ! કપટ કરવાના સ્વભાવથી તે રાજકુળ બાલિકા નરેન્દ્ર શ્રમણીએ ઘણા લાંબા કાળનો નિકાચિત સ્ત્રીવેદ ઉપાર્જ્યો.

ત્યારપછી હે ગૌતમ ! શિષ્યગણ પરિવાર સહિત મહા આશ્ચર્યભૂત સ્વયંબુદ્ધ કુમાર મહર્ષિએ–

૧. વિધિપૂર્વક આત્માની સંલેખના કરીને,

૨. એક માસનું પાદપોપગમન અનશન કરીને,

૩. સમ્મેત શિખર–પર્વતની ઉપર

૪. કેવલીપણે શિષ્યગણના પરિવાર સાથે

૫. નિર્વાણ પામીને મોક્ષ ઉપાર્જન કર્યો.

**૧૫૧૨.** હે ગૌતમ ! તે રાજકુલ બાલિકા નરેન્દ્ર શ્રમણી તે માયા શલ્યના ભાવદોષથી વિદ્યુત્કુમાર દેવલોકમાં સેવક દેવોમાં સ્ત્રી નોળીયા રૂપે ઉત્પન્ન થઈ.

ત્યાંથી ચ્યવીને ફરી–ફરી ઉત્પન્ન થતી અને મૃત્યુ પામતી મનુષ્ય અને તિર્યંચ ગતિમાં–

– સમગ્ર દૌર્ભાગ્ય, દુઃખ, દારિદ્ર પામતી

– સમગ્ર લોકથી પરાભવ–અપમાન, તિરસ્કાર પામતી

– પોતાના કર્મોના ફળને અનુભવતી

હે ગૌતમ ! યાવત્ કોઈ પ્રકારે કર્મનો ક્ષયોપશમ–કર્મો ઓછા થવાના કારણે ઘણા ભવો ભ્રમણ કર્યા પછી... આચાર્ય પદ પામીને, નિરતિચાર શ્રમણપણે યથાર્થ પરિપાલન કરીને સર્વસ્થાનમાં સર્વપ્રમાદના આલંબનથી મુક્ત થઈને,

– સંયમ ક્રિયામાં ઉદ્યમ કરીને

– તે ભવમાં માયાથી કરેલા ઘણા કર્મો બાળીને ભસ્મ કરીને

– હવે માત્ર અંકુર સમાન ભવ બાકી રાખેલો હતો.

–તો પણ ગૌતમ ! જે તે સમયે રાગવાળી દૃષ્ટિની આલોચના ન કરી તે કર્મના દોષથી બ્રાહ્મણની સ્ત્રીપણે ઉત્પન્ન થઈ

તે રાજકુળ બાલિકા નરેન્દ્ર શ્રમણી રૂપ સાધ્વીનો જીવ આ બ્રાહ્મણીરૂપે જન્મીને નિર્વાણ પામ્યો.

**૧૫૧૩.** હે ભગવન્ ! જે કોઈ શ્રમણપણાનો ઉદ્યમ કરે તે એક વગેરે યાવત્ સાત, આઠ ભવોમાં નક્કી સિદ્ધિ પામે તો પછી આ શ્રમણીને કેમ ઓછાં કે અધિક નહીં એવા લાખો ભવો સુધી સંસારમાં ભ્રમણ કરવું પડ્યું ?

હે ગૌતમ ! **જે કોઈ નિરતિચાર શ્રમણપણું નિર્વાહ કરે.**

**– તે એકથી માંડી આઠ ભવ સુધીમાં સિદ્ધિ પામે.**

– જે કોઈ સૂક્ષ્મ કે બાદર જે કંઈ માઢા શલ્યવાળા હોય.

**– અપકાયનો ભોગવટો કરે.**

**– અગ્નિકાયનો ભોગવટો કરે.**

**– મૈથુન કાર્ય કે તે સિવાય બીજો કોઈ આજ્ઞા ભંગ કરીને તેના શ્રમણપણામાં અતિચાર દોષને લગાડે.**

– તે લાખ ભવ ભટકીને પછી સિદ્ધિ મેળવવાનો લાભ ને પામવાની યોગ્યતા પ્રાપ્ત કરી.

કેમ કે શ્રમણપણું પામીને પણ પછી જો તેમાં અતિચાર દોષ લગાડે તો બોધિપણું દુઃખેથી મેળવે છે.

હે ગૌતમ ! આ તે બ્રાહ્મણીના જીવે આટલી અલ્પ માત્ર પણ માયા કરી હતી, તેનાથી આવા દારુણ વિપાકો ભોગવવા પડ્યા.

**૧૫૧૪.** હે ભગવન્ ! તે મહીયારી – ગોકુળપતિની પત્નીને તેઓએ ડાંગરનું ભોજન આપ્યું કે નહીં ? અથવા તો તે મહીયારી તેઓની સાથે સમગ્ર કર્મનો ક્ષય કરીને નિર્વાણ પામેલી હતી ?

હે ગૌતમ ! તે મહીયારીને તંદુલ ભોજન આપવા માટે શોધ કરવા જતી હતી ત્યારે આ બ્રાહ્મણની પુત્રી છે, એમ ધારેલું.

– તેથી જતી હતી ત્યારે વચ્ચેથી જ સુજ્ઞશ્રીનું અપહરણ કર્યું.

– પછી મદ્ય, દૂધ ખાઈને સુજ્ઞશ્રીએ પૂછ્યું, ક્યાં જશો ? ગોકુળમાં.

– બીજી વાત તેને એ કહી કે જો તું મારી સાથે વિનયથી વર્તાવ કરીશ, તો તને તારી ઇચ્છા પ્રમાણે ત્રણે ટંક ઘણા ગોળ અને ઘી વડે ભરપૂર એવા દરરોજ દૂધ અને ભોજન આપીશ.

જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે સુજ્ઞશ્રીને તે મહીયારી સાથે ગઈ.

પરલોક અનુષ્ઠાન કરવામાં તત્પર બનેલા અને શુભ ધ્યાનમાં પરોવાયેલા માનસવાળા તે ગોવિંદ બ્રાહ્મણ વચ્ચે એ આ સુજ્ઞશ્રીને લેશમાત્ર યાદ પણ કરી નહીં.

ત્યારપછી જે પ્રમાણે તે મહીયારીએ કહ્યું હતું તે પ્રમાણે ઘી અને ખાંડથી ભરપૂર એવી ખીર વગેરેનું ભોજન આપતી હતી.

હવે કોઈ પ્રકારે કાળક્રમે બાર વર્ષનો ભયંકર દુષ્કાળ સમય પૂર્ણ થયો. સમગ્ર દેશ ઋદ્ધિ–સમૃદ્ધિથી સ્થિર થયો.

ત્યારપછી કોઈ સમયે અતિ કિંમતી શ્રેષ્ઠ સૂર્યકાંત, ચંદ્રકાંત વગેરે ઉત્તમ જાતિના વીશ મણિરત્નો ખરીદ કરી સુજ્ઞશીવ પોતાના દેશમાં પાછો જવા માટે નીકળે છે.

લાંબી મુસાફરી કરવાથી ખેદ પામેલ દેહવાળો જે માર્ગેથી જતો હતો તે માર્ગમાં જ ભવિતવ્યતાના યોગે પેલી મહીયારીનું ગોકુળ આવતા જેનું નામ લેવામાં પણ પાપ છે એવો, તે પાપમતિવાળો સુજ્ઞશીવ કાકતાલીય ન્યાયે આવી ગયો.

સમગ્ર ત્રણ ભુવનમાં જે નારીઓ છે તેના રૂપ, લાવણ્ય અને કાંતિથી ચડિયાતી રૂપ–કાંતિ અને લાવણ્યવાળી સુજ્ઞશ્રીને જોઈ.

સુજ્ઞશ્રીને જોતા જ ઇન્દ્રિયોની ચપળતાથી અનંત દુઃખદાયક કિંપાક ફળની ઉપમાવાળા વિષયોની શક્યતા હોવાથી,

જેણે સમગ્ર ત્રણ ભવનને જીતેલ છે, તેવા કામદેવના વિષયમાં આવેલા મહા પાપકર્મ કરનાર સુજ્ઞશીવે તે સુજ્ઞશ્રીને કહ્યું–

હે બાલિકા ! જો આ તારા માતા–પિતા બરાબર રજા આપે તો હું તારી સાથે લગ્ન કરવા તૈયાર છું.

બીજું, તારા બંધુવર્ગને પણ દારિદ્ર્યરહિત કરું.

વળી, તારા માટે પૂરેપૂરા સો–પલ એક માપ છે. પ્રમાણ એવા સુવર્ણના અલંકારો ઘડાવું.

જલદી આ વાત તારા માતા–પિતાને જણાવ.

ત્યારે હર્ષ અને સંતોષ પામેલી તે સુજ્ઞશ્રીએ તે મહીયારીને આ સર્વ વૃત્તાંતનું નિવેદન કર્યું.

એટલે મહીયારી તુરંત સુજ્ઞશીવ પાસે આવીને કહેવા લાગી કે, અરે ! તું કહેતો હતો તેમ મારી પુત્રી માટે તું સો–પલ સુવર્ણ નાણું બતાવ. ત્યારે તેણે શ્રેષ્ઠ મણિઓ બતાવ્યા.

ત્યારે મહીયારીએ કહ્યું કે સો સોનૈયા આપ. આ બાળકને રમવા યોગ્ય પાંચિકાનું મારે પ્રયોજન નથી.

ત્યારે સુજ્ઞશીવે કહ્યું કે – ચાલો, આપણે નગરમાં જઈને આ પાંચિકાનો પ્રભાવ કેવો છે તેની ત્યાંના વેપારીઓ પાસે જઈ તેનું મૂલ્ય કરાવીને પછી તેની ખાત્રી કરીએ.

ત્યારપછી પ્રભાત સમયે નગરમાં જઈને ચંદ્રકાંત, સૂર્યકાંત મણિના શ્રેષ્ઠ જોડલા રાજાને બતાવ્યા.

રાજાએ પણ રત્નના પરીક્ષકોને બોલાવીને કહ્યું કે – આ શ્રેષ્ઠ મણિઓનું મૂલ્ય કરીને તમે અમને બતાવો.

જો મૂલ્યની પરીક્ષા કરીએ તો તેનું મૂલ્ય જણાવવા સમર્થ નથી.

ત્યારે રાજાએ કહ્યું કે – અરે ! માણિક્યના વિદ્યાર્થી ! અહીં કોઈ એવો પુરુષ નથી કે જે આ મણિઓનું મૂલ્ય આંકી શકે ?

તો હવે કિંમત કરાવ્યા વિના ઉચ્ચક દશક્રોડ દ્રવ્યમાત્ર લઈ જા.

ત્યારે સુજ્ઞશીવે કહ્યું કે મહારાજની જેવી કૃપા થાય તે બરાબર છે. પણ બીજી એક વિનંતી કરવાની છે–

આ નજીકના પર્વતની સમીપમાં અમારું એક ગોકુળ છે.

– તેમાં એક યોજન સુધી ગોચર ભૂમિ છે.

– તેનો રાજ્ય તરફથી લેવાતો કર મુક્ત કરાવશો.

રાજાએ કહ્યું – ભલે, એમ થાઓ.

આ પ્રમાણે સર્વને અદરિદ્ર અને કરમુક્ત ગોકુળ કરીને તે ઉચ્ચાર ન કરવા લાયક નામવાળા સુજ્ઞશીવે પોતાની જ પુત્રી એવી સુજ્ઞશ્રી સાથે લગ્ન કરી લીધા.

તે બંને વચ્ચે પરસ્પર પ્રીતિ ઉત્પન્ન થઈ.

સ્નેહાનુરાગથી અતિ રંગાઈ ગયેલા માનસવાળા પોતાનો સમય પસાર કરી રહેલાં છે.

તેટલામાં ઘરે આવેલા સાધુઓને એમને એમ વહોર્યા વિના જ પાછા ફરેલા જોઈને હા-હા પૂર્વક આક્રંદન કરતી સુજ્ઞશ્રીને સુજ્ઞશીવે આ પ્રમાણે પ્રશ્ન કર્યો કે – હે પ્રિયે !

પહેલાં કોઈ વખત ન દેખેલ ભિક્ષાચર યુગલને જોઈને તું કેમ આવા પ્રકારની ઉદાસીન અવસ્થાને પામી ?

ત્યારે તેણે જણાવ્યું કે મારા શેઠાણી હતા, ત્યારે આ સાધુઓને પુષ્કળ ભક્ષ્ય અને અન્ન-પાણી આપીને તેમના પાત્રા ભરી દેતા હતા.

ત્યાર પછી હર્ષ પામેલી ખુશી થયેલી શેઠાણી મસ્તકને નીચું નમાવી તેમના ચરણાગ્ર ભાગમાં પ્રણામ કરતી હતી. આ શ્રમણોને આજે જોઈને મને તે શેઠાણી યાદ આવી ગયા.

ત્યારે ફરી પણ તે પાપિણીને પૂછ્યું કે – તારી સ્વામિની કોણ હતી ?

ત્યારે હે ગૌતમ! તે સુજ્ઞશ્રી........

– અતિશય ગળુ બેસી જાય તેવું આકરું રૂદન કરતી,

– દુઃખવાળા ન સમજાય તેવા શબ્દો બોલતી,

– વ્યાકુળ થયેલી અને અશ્રુઓ પાડતી,

તે સુજ્ઞશ્રીએ પોતાના પિતાને આરંભથી માંડીને અત્યાર સુધી બનેલી સર્વ હકીકતનું નિવેદન કર્યું.

ત્યારે તે મહાપાપ કર્મ એવા સુજ્ઞશીવને જાણવામાં આવ્યું કે આ તો 'સુજ્ઞશ્રી...' મારી પોતાની જ પુત્રી છે.

આવી અજ્ઞાન સ્ત્રીને આવા રૂપ, કાંતિ, શોભા, લાવણ્ય અને સૌભાગ્યવાળા સમુદાયની શોભા ન હોય.

આ પ્રમાણે ચિંતવીને તે વિલાપ કરવા લાગ્યો કે–

**૧૫૧૫.** આવા પ્રકારના પાપકર્મ કરવામાં રક્ત થયેલા મારા ઉપર ધડ-ધડ શબ્દ કરતું વજ્ર તૂટી ના પડે તો પછી અહીંથી ક્યાં જઈને હવે મારી શુદ્ધિ થવાની છે ?

**૧૫૧૬.** એમ બોલીને મહાપાપકર્મ કરનાર તે વિચારવા લાગ્યો કે શું હવે હું શસ્ત્રો વડે મારા માત્રના તલતલ જેવડા ટૂકડા કરીને છેદી નાંખુ? અથવા ઊંચા પર્વતના શિખર ઉપરથી પડતુ મૂકું.

ઉક્ત પ્રકારે અનંત પાપસમૂહના ઢગલારૂપ આ દુષ્ટ શરીરને સખ્ત રીતે હું ચૂરો કરી નાંખુ ?

અથવા તો લુહારની શાળામાં જઈને સારી રીતે તપાવીને લાલચોળ કરેલા લોખંડને જેમ જાડા ઘણથી કોઈ ટીપે તેમ લાંબા કાળ સધી મારા આ અંગોને ટીપાવી નાંખુ ?

અથવા તો શું હું બરાબર મારા શરીરના મધ્યભાગમાં કરવતના તીક્ષ્ણ દાંતાથી કપાવું વેરાવું. ?

તેવા શરીરમાં પછી સારી રીતે ઉકાળેલા સીસા, તાંબા, કાંસા, લોહ, લુણ અને ઉસના સાજી–ખારના રસને રેડાવું ?

અથવા તો મારા પોતાના હાથે જ મારું મસ્તક છેદી નાંખું ?

અથવા તો હું મગરના ઘરમાં પ્રવેશ કરું ?

અથવા તો બે ઝાડ વચ્ચે મને દોરડાથી બાંધીને, લટકાવીને, નીચે મુખ અને ઉપર પગ હોય તે રીતે રાખીને નીચે અગ્નિનો ભડકો કરાવું ?

વધારે કેટલું કહેવું ?

મસાણ ભૂમિમાં પહોંચીને કાષ્ઠની ચિતામાં મારા શરીરને હવે હું બાળી નાંખું – સળગાવી દઉં ?

એમ વિચારીને હે ગૌતમ ! ત્યાં મોટી ચિતા બનાવડાવી.

ત્યારપછી સમગ્ર લોકની હાજરીમાં લાંબા કાળ સુધી પોતાના આત્માની નિંદા કરીને સર્વલોકને જાહેર કરતાં કહ્યું કે–

મેં ન કરવા લાયક આવા પ્રકારનું અપ્કાર્ય કરેલું છે.

એ પ્રમાણે કહીને તે ચિતા ઉપર આરૂઢ થયો.

ત્યારે ભવિતવ્યતાના યોગથી તેવા પ્રકારના દ્રવ્યો અને ચૂર્ણના યોગના સંસર્ગથી તે સર્વે કાષ્ઠો છે, એમ માનીને ફૂંકો મારવા છતાં, અનેક પ્રકારે ઉપાયો કરવા છતાં પણ તે અગ્નિ સળગ્યો નહીં.

ત્યાર પછી લોકોએ તેનો તિરસ્કાર કર્યો કે જો આ અગ્નિ પણ તેને સહારો આપતો નથી. તારી પાપની પરિણતિ કેટલી આકરી છે કે જો આ અગ્નિ પણ સળગતો નથી!

એ પ્રમાણે કહીને તે લોકોએ તે બંનેને ગોકુળમાંથી કાઢી મૂક્યા.

આ અવસરે બીજા નજીકના ગામમાંથી ભોજન, પાણી ગ્રહણ કરીને તે જ માર્ગે ઉદ્યાનની સન્મુખ આવતા મુનિ યુગલને જોયું.

તેમને જોઈને તેમની પાછળ તે બંને પાપીઓ ગયા.

ઉદ્યાનમાં પહોંચ્યા તો ત્યાં સમગ્ર ગુણસમૂહને ધારણ કરનારા એવા ચાર જ્ઞાનવાળા, ઘણા શિષ્યગણથી પરિવરેલા.

તથા – દેવેન્દ્રો અને નરેન્દ્રો વડે ચરણારવિંદમાં નમન કરાતા, સુગૃહિત નામવાળા જગાણંદ તથા. – દેવેન્દ્રો અને નરેન્દ્રો વડે ચરણારવિંદમાં નમન કરાતા, સુગૃહિત નામવાળા જગાણંદ અણગારને જોયા.

તેમને જોઈને તે બંનેએ વિચાર્યું કે –

આ મહાયશવાળા મુનિવર પાસે મારી વિશુદ્ધિ કેમ થાય તેની માંગણી કરું.

એમ વિચારીને પ્રણામ કરવાપૂર્વક ને ગણને ધારણ કરનારા એવા ગચ્છાધિપતિ આગળ યથાયોગ્ય ભૂમિભાગમાં બેઠો.

તે ગણસ્વામીએ સુજ્ઞશીવને કહ્યું કે–

અરે ઓ દેવાનુપ્રિય ! શલ્ય રહિતપણે પાપની આલોચના જલદી કરીને સમગ્ર પાપનો અંત કરનાર એવું પ્રાયશ્ચિત્ત કર.

આ બાલિકા તો ગર્ભવતી હોવાથી તેનું પ્રાયશ્ચિત્ત નથી કે જ્યાં સુધી તેણી તે બાળકને જન્મ ન આપે.

હે ગૌતમ ! ત્યારપછી અતિ મહાસંવેગની પરાકાષ્ઠા પામેલો તે સુજ્ઞશીવ જન્મથી માંડીને થયેલા તમામ પાપકર્મોની નિઃશલ્ય આલોચના આપીને કહીને. ગુરુ મહારાજાએ કહેલા–

– ઘોર, અતિ દુષ્કર, મોટા પ્રાયશ્ચિત્તનું સેવન કરીને,

– ત્યારપછી અતિ વિશુદ્ધ પરિણામ યુક્ત શ્રમણપણામાં પરાક્રમ કરીને ૨૬-વર્ષ અને ૧૩-રાત્રિ દિવસ પર્યન્ત અત્યંત ઘોર, વીર, ઉગ્ર, કષ્ટકારી, દુષ્કર તપ અને સંયમનું યથાર્થ પાલન કરીને...

તેમજ એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ માસ સુધી લાગલગાટ ઉપરા-ઉપરી સામટા ઉપવાસ કરીને...

શરીરની ટાપટીપ કે મમતા કર્યા વગરના તેણે...

– સર્વ સ્થાનકમાં અપ્રમાદરહિતપણે

– નિરંતર રાત-દિવસ દરેક સમયે સ્વાધ્યાય, ધ્યાનાદિમાં પરાક્રમ કરીને બાકીની કર્મમળને ભસ્મ કરીને, અપૂર્વ કરણ કરીને, ક્ષપકશ્રેણી માંડી અમગડ કેવલી થઈ સિદ્ધ થયા.

૧૫૧૭. હે ભગવન્ ! તેવા પ્રકારનું ઘોર મહાપાપ કર્મ આચરીને આવો સુજ્ઞશીવ જલદી, થોડા કાળમાં કેમ નિર્વાણ પામ્યો ?

હે ગૌતમ ! જેવા પ્રકારના ભાવમાં રહીને આલોચના આપી, જેવા પ્રકારનો સંવેગ પામીને તેવું ઘોર દુષ્કર, મોટું પ્રાયશ્ચિત્ત આચર્યું.

જેવા પ્રકારે અત્યંત વિશુદ્ધ અધ્યવસાયથી તેવા પ્રકારનું અત્યંત ઘોર, વીર, ઉગ્ર, કષ્ટ કરનાર અતિ દુષ્કર તપ-સંયમની ક્રિયામાં વર્તતા.

મૂળગુણો અને ઉત્તરગુણોનું પાલન કરતા,

નિરતિચાર શ્રામણ્યનો નિર્વાહ કરીને,

જેવા પ્રકારના રૌદ્ર ધ્યાન અને આર્ત્તધ્યાનથી મુક્ત બનીને,

રાગ-દ્વેષ, મોહ, મિથ્યાત્વ, મદ, ભય, ગારવાદિ દોષોનો અંત કરનાર અને મધ્યસ્થ ભાવમાં રહેલા, દીનતા વગરના માનસવાળા,

એ સુજ્ઞશીવ શ્રમણે બાર વર્ષની સંલેખના કરીને,

– પાદપોપગમન અનશનને અંગીકાર કરીને,

– તેવા પ્રકારના એકાંત શુભ અધ્યવસાયથી,

તે એક જ માત્ર સિદ્ધિ ન પામે, પરંતુ જો કદાચ બીજાએ કરેલા કર્મનો સંક્રમ કરી શકાતો હોય તો સર્વે ભવ્ય સત્ત્વોના સમગ્ર કર્મનો ક્ષય થાય અને સિદ્ધિને પામે.

પરંતુ **બીજાએ કરેલા કર્મોનો સંક્રમ કદાપિ કોઈને થતો નથી.**

**– જે કર્મ જેણે ઉપાર્જન કરેલું હોય તે તેણે જ ભોગવવું પડે.**

હે ગૌતમ ! જ્યારે યોગનો નિરોધ કરનાર થાય ત્યારે સમગ્ર પણ આઠે કર્મરાશિને નાના કાળ વિભાગથી જ નાશ કરનારા થયા છે.

સમગ્ર કર્મ આવવાના દ્વારોને સારી રીતે બંધ કરનાર,

તેમજ યોગનો નિરોધ કરનારનો કર્મક્ષય જોયો છે.

પણ કાળ સંખ્યાથી કર્મક્ષય જોયેલ નથી. કહ્યું છે કે–

૧૫૧૮ થી ૧૫૨૩. કાળથી કર્મ ખપાવે છે, કાળ વડે કર્મ બાંધે છે.

એક કર્મને બાંધે છે. એક કર્મનો ક્ષય કરે છે.

હે ગૌતમ ! કાળ તો અનંત છે, યોગ નિરોધ કરનાર કર્મ વેદે છે, પરંતુ કર્મ બાંધતા નથી.

– જૂના કર્મોનો નાશ કરે છે, નવા કર્મોનો તેને અભાવ જ છે.

– આ પ્રમાણે કર્મક્ષય જાણવો.

– આ વિષયમાં કાળની ગણતરી ન કરવી.

– અનાદિકાળથી આ જીવ છે, તો પણ કર્મો ખલાસ થતા નથી. કર્મોનો ક્ષયોપશમ થવાના કારણે જ્યારે વિરતિ ધર્મનો વિકાસ થાય, ત્યારે કાળ, ક્ષેત્ર, ભવ અને ભાવદ્રવ્ય પ્રાપ્ત કરીને યાવત્ અપ્રમાદી બનીને કોઈ પણ જીવ સ્વ કર્મોને ખપાવે ત્યારે–

– જીવની કોટી માર્ગમાં આગળ વધે.

– જે પ્રમાદી જીવ હોય તે તો અનંતકાળનું કર્મ બાંધે.

– ચારે ગતિમાં સર્વકાળ અત્યંત દુઃખી જીવો વાસ કરનારા હોય.

– તેનાથી કાળ, ક્ષેત્ર, ભવ અને ભાવને પામીને,

હે ગૌતમ ! બુદ્ધિવાળો આત્મા એકદમ કર્મક્ષય કરનારો થાય.

**૧૫૨૪.** હે ભગવન્ ! પેલી સુજ્ઞશ્રી ક્યાં ઉત્પન્ન થઈ ?

હે ગૌતમ ! છઠ્ઠી નરક પૃથ્વીમાં.

હે ભગવન્ ! કયા કારણે તેમ થયું ?

હે ગૌતમ ! તેનો ગર્ભ નવ માસથી અધિક થયો. ત્યારે તેણીએ એવો વિચાર કર્યો કે આવતીકાલે સવારે ગર્ભ પડાવીશ.

એવા પ્રકારના અધ્યવસાયને કરતી તેણે બાળકને જન્મ આપ્યો. જન્મ આપ્યા પછી તુરંત જ, ત્યાં જ મૃત્યુ પામી.

એ કારણે સુજ્ઞશ્રી છઠ્ઠી નરકે ગઈ.

હે ભગવન્ ! જે બાળકને તેણે જન્મ આપ્યો, પછી તેણી મૃત્યુ પામી, તે બાળક જીવતો રહ્યો કે ન રહ્યો ?

હે ગૌતમ ! તે જીવતો રહેલો છે.

હે ભગવન્! કેવી રીતે ?

હે ગૌતમ ! જન્મ આપતાની સાથે જ તે બાળકને એવા પ્રકારની ઓર, ચરબી, લોહી વીંટળાઈને રહેલ હતા. દુર્ગંધ મારતા પદાર્થો, પરુ, ખારી દુર્ગંધપૂર્ણ અશુચિ પદાર્થોથી વીંટળાયેલ, અનાથ, વિલાપ કરતા બાળકને, એક શ્વાન, કુંભારના ચાકડે મૂકી ભક્ષણ કરવા લાગ્યો.

– ત્યારે તે કુંભારે તે બાળકને જોયો.

– ત્યારે પોતાની પત્ની સહિત કુંભાર બાળક તરફ દોડ્યો.

– બાળકના શરીરનો નાશ કર્યા વિના તે શ્વાન નાસી ગયો.

– ત્યારે કરુણાપૂર્વક હૃદયવાળા કુંભારને પુત્ર ન હોવાથી આ મારો પુત્ર થશે એ પ્રમાણે વિચાર કરીને પછી, કુંભારે તે બાળકને પોતાની પત્નીને સમર્પણ કર્યો.

– તેણી પણ સાચા સ્નેહથી તે બાળકનું પાલન પોષણ કરીને તેને મનુષ્ય રૂપે પુરુષ રૂપે. તૈયાર કર્યો.

– તે કુંભારે લોકાનુવૃત્તિથી પોતાને પિતા થવાના અભિમાનથી તે બાળકનું **સુસઢ** એવું નામ પાડ્યું.

હે ગૌતમ ! કાળક્રમે સુસઢને સુસાધુઓનો સમાગમ થયો.

– દેશના સાંભળીને તે પ્રતિબોધ પામ્યો.

– ત્યારપછી તેણે દીક્ષા અંગીકાર કરી યાવત્ પરમશ્રદ્ધા, સંવેગ અને વૈરાગ્યને તે પામ્યો.

– અત્યંત ઘોર, વીર, ઉગ્ર, કષ્ટકારી, દુષ્કર, મહાકાયકલેશ કરે છે. પરંતુ સંયમમાં યાતના કેમ કરવી તે જાણતો નથી. અજયણાના દોષથી સર્વત્ર અસંયમના સ્થાનમાં અપરાધ કરનારો થાય છે. ત્યારે ગુરુએ તેને આ પ્રમાણે કહ્યું–

અરે મહાસત્ત્વશાળી ! તું અજ્ઞાન દોષને કારણે સંયમમાં જયણા કેમ કરવી, તે વાત જાણતો નથી.

– તે કારણે તું મહાકાય કલેશ કરનારો થયો છે.

– હંમેશાં આલોચના આપીને પ્રાયશ્ચિત્ત કરતો નથી.

– જેથી તારું કરેલું આ સર્વ તપ, સંયમ નિષ્ફળ થાય છે.

જ્યારે આ પ્રમાણે ગુરુએ તેને પ્રેરણા આપી ત્યારે તે નિરંતર આલોચના આપે છે. ગુરુ તેવા પ્રકારનું પ્રાયશ્ચિત્ત પણ આપે છે કે જેવી રીતે તે સંયમમાં જયણા કરનારો થાય.

તે જ પ્રમાણે રાત-દિવસ દરેક સમયે આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાનથી મુક્ત થયેલો, શુભ અધ્યવસાયમાં વિચરતો હતો.

હે ગૌતમ ! કોઈ સમયે તે પાપમતિવાળો જે કોઈ છટ્ઠ, અટ્ઠમ, ચાર-પાંચ-પંદર ઉપવાસ યાવત્ છ માસના ઉપવાસ કે બીજા મોટા કાય-કલેશ થાય તેવા પ્રાયશ્ચિત્તો તે પ્રમાણે બરાબર સેવન કરે.

પરંતુ જે કાંઈપણ સંયમ ક્રિયાઓમાં જયણાવાળા મન-વચન-કાયાના યોગો, સમગ્ર આશ્રવનો રોધ, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યક આદિથી સમગ્ર પાપકર્મના રાશિને બાળીને ભસ્મ કરવામાં સમર્થ પ્રાયશ્ચિત્ત છે. તે પ્રાયશ્ચિત્તમાં પ્રમાદ કરે છે.

પ્રાયશ્ચિત્તની અવગણના, હેલના, અશ્રદ્ધાદિ કરે છે. શિથિલતા સેવે છે, યાવત્ અરે ! આમાં કયુ દુષ્કર છે ? એમ કરીને તે પ્રકારે યથાર્થ પ્રાયશ્ચિત્ત સેવન કરી આપતો નથી.

હે ગૌતમ ! તે સુસઢમુનિ પોતાનું યથાયોગ્ય આયુષ્ય ભોગવીને મરીને સૌધર્મેન્દ્ર કલ્પમાં ઈન્દ્ર મહારાજાના મહર્દ્ધિક સામાજિક દેવપણે ઉત્પન્ન થયા દેવ થયા..

ત્યાંથી ચ્યવીને, અહીં વાસુદેવ થઈને, મરીને પછી સાતમી નરક પૃથ્વીમાં નારકીરૂપે ઉત્પન્ન થયો.

ત્યાંથી નીકળીને મહાકાયાવાળો હાથી થઈને,

– મૈથુનાસક્ત માનસવાળો મૃત્યુ પામીને,

– મરીને અનંતકાય વનસ્પતિમાં ગયો.

– હે ગૌતમ ! આ એ જ સુસઢ છે કે જેણે..........

**૧૫૨૫.** આલોચના, નિંદા, ગર્હા, પ્રાયશ્ચિત્તાદિ કરવા છતાં પણ **જયણાનો અજાણ હોવાથી લાંબો કાળ સંસારમાં ભ્રમણ કરશે.**

**૧૫૨૬.** હે ભગવન્ ! તેણે કઈ જયણા ન જાણી, કે જેના કારણે તેવા પ્રકારના દુષ્કર કાય કલેશ કરીને પણ તે પ્રકારે લાંબો કાળ સુધી તે સુસઢ સંસારમાં ભ્રમણ કરશે ?

હે ગૌતમ ! **જયણા તેને કહેવાય કે ૧૮૦૦૦ શીલના સંપૂર્ણ અંગો અખંડિત અને અવિરાધિતપણે યાવજ્જીવ રાત-દિવસ દરેકે દરેક સમયે ધારણ કરીને રાખે.**

**તેમજ સમગ્ર સંયમ ક્રિયાને બરાબર સેવે.**

તે વાત તે સુસઢે જાણી નહીં.

તે કારણથી તે નિર્ભાગી લાંબો કાળ સંસારમાં ભ્રમણ કરશે.

હે ભગવન્ ! કયા કારણે તેને જયણા જાણવામાં ન આવી ?

ગૌતમ ! જેટલો કાયકલેશ તેણે સહન કર્યા, તેના આઠમા ભાગનો પણ સચિત્ત જળનો ત્યાગ કર્યો હોત તો, તે સુસઢમુનિ જરૂર સિદ્ધિમાં પહોંચી જાત.

પરંતુ તે સચિત્ત જળનો ઉપભોગ–પરિભોગ કરતો હતો. સચિત્ત જળનો પરિભોગ કરનારને ઘણો કાયકલેશ હોય તો પણ તે નિરર્થક જાય છે, તેમ જાણ.

હે ભગવન્ ! **અપ્કાય, અગ્નિકાય અને મૈથુન એ ત્રણે મહાપાપના સ્થાનકો કહેલા છે, અબોધિ આપનારા છે.**

ઉત્તમ સંયત સાધુએ તે ત્રણેનો એકાંતે ત્યાગ કરવો જોઈએ, તે ન સેવવા જોઈએ. આ કારણે તેણે જયણાને ન જાણી.

હે ભગવન્ ! **કયા કારણથી અપ્કાય, અગ્નિકાય અને મૈથુન અબોધિ આપનારા જણાવેલા છે?**

હે ગૌતમ ! જો કે સર્વ છ એ કાયનો સમારંભ મહાપાપ સ્થાનકે જણાવેલ છે, **પરંતુ અપ્કાય અને અગ્નિકાયનો સમારંભ તે બંને અનંત સત્ત્વોનો ઉપઘાત કરનાર છે.**

**મૈથુન સેવનથી તો સંખ્યાતા કે અસંખ્યાતા જીવોનો વિનાશ થાય છે.** સજ્જડ રાગ, દ્વેષ અને મોહથી યુક્ત હોવાથી એકાંત અપ્રશસ્ત અધ્યવસાયને આધીન હોય છે.

જે કારણથી આમ હોય છે, તે કારણથી હે ગૌતમ ! તે જીવોનો સમારંભ, સેવન કે પરિભોગ કરનાર,

**– તેવા પાપોમાં પ્રવર્તનાર એવો જીવ,**

**– પહેલાં મહાવ્રતને ધારણ કરનાર ન થાય.**

**– અને અહિંસાના અભાવમાં બાકીના મહાવ્રતોના સંયમોના અનુષ્ઠાનનો જ અભાવ કહ્યો છે.**

– તે કારણે સર્વથા વિરાધિત શ્રમણપણું જ ગણાય.

– જે કારણથી આ પ્રમાણે છે. તે કારણથી સમ્યગ્ માર્ગ પ્રવર્તે છે, તેનો વિનાશ કરનારો થાય છે.

– તે કારણે **જે કંઈ પણ કર્મબંધન કરે તેનાથી નરક, તિર્યંચ અને મનુષ્યપણામાં અનંતી વખત ઉત્પન્ન થાય કે જ્યાં વારંવાર ધર્મ એવા અક્ષરો સ્વપ્નમાં પણ ન સાંભળે.**

**અને ધર્મ પ્રાપ્ત ન કરે તો સંસારમાં ભ્રમણ કરે છે.**

**આ કારણે જળ, અગ્નિ અને મૈથુન અબોધિદાયક કહ્યા છે.**

હે ભગવન્ ! શું છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, અર્ધમાસ, એક માસ યાવત્ છ માસ સુધીના નિરંતર ઉપવાસ,

અત્યંત ઘોર, વીર, ઉગ્ર, કષ્ટકારી, દુષ્કર સંયમ,

એ બધું જયણા રહિત એવો અતિ મહાન કાયકલેશ કરેલો હોય તો શું નિરર્થક થાય છે ?

હે ગૌતમ ! હા, નિરર્થક જાય.

હે ભગવન્ ! કયા કારણથી?

હે ગૌતમ ! ગધેડા, ઊંટ, બળદો વગેરે જાનવરો પણ જયણા રહિત સંયમ વિના ઇચ્છાએ આવી પડેલા તાપ, તડકા, ભાર, માર વગેરે પરાધીનતાથી પાલન કરે છે.

– વગર ઇચ્છાએ દુઃખ સહન કરી, અકામ નિર્જરા કરીને આ જાનવરો સૌધર્મ કલ્પ આદિમાં જાય છે.

– ત્યાં પણ ભોગાવલી કર્મનો ક્ષય થવાથી ચ્યવીને તિર્યંચાદિ ગતિમાં જઈને સંસારને અનુસરનારો અથવા સંસારમાં ભ્રમણ કરનાર થાય છે.

તથા અશુચિ, દુર્ગંધ, પીગળેલા પ્રવાહી, ક્ષાર, પિત્ત, ઊલટી, શ્લેષ્મથી પૂર્ણ ચરબી, શરીર ઉપર વીંટળાયેલ

ઓર, પરુ તથા.

અંધકારથી વ્યાપ્ત, લોહીના કાદવવાળા, દેખી ન શકાય તેવા બિભત્સ, અંધકારના સમૂહથી યુક્ત એવા,

ગર્ભવાસમાં વેદનાઓ, ગર્ભ પ્રવેશ, જન્મ–જરા–મરણાદિક અને શારીરિક, માનસિક–ઉત્પન્ન થયેલા ઘોર દારુણ દુઃખોનો ભોગવટો કરવાનું ભાજન બને છે.

સંયમની જયણા વગર જન્મ–જરા–મરણાદિના ઘોર, પ્રચંડ, મહારૌદ્ર, દારુણ દુઃખોનો નાશ એકાંતે કે આત્યંતિક થતો નથી.

આ કારણે જયણા રહિત સંયમ કે અતિશય મહાન કાયકલેશ કરે તો પણ હે ગૌતમ ! તે સર્વે નિરર્થક જાય છે.

હે ભગવન્ ! શું સંયમની જયણાને બરાબર જોનારો, પાળનારો સારી રીતે તેનું અનુષ્ઠન કરનારો,

– જન્મ, જરા, મરણાદિના દુઃખથી જલદી છૂટી જાય છે ?

હે ગૌતમ ! એવા પણ કોઈ હોય છે કે જે જલદી તેવા દુઃખો થકી ન છૂટી જાય અને કેટલાક એવા પણ હોય છે કે જેઓ તેવા દુઃખોથી જલદી છૂટી જાય છે.

હે ભગવન્ ! કયા કારણથી આપ એમ કહો છો ?

હે ગૌતમ ! કેટલાક એવા હોય છે કે જેઓ લગાર, અલ્પ, થોડું પણ સભાસ્થાન જોયા વિના, અપેક્ષા રાખ્યા વિના–

રાગ સહિત અને શલ્ય સહિત સંયમની યતના કરે.

– જે એવા પ્રકારનો હોય તે લાંબા કાળે જન્મ, જરા, મરણ વગેરે અનેક સાંસારિક દુઃખોથી મુક્ત થાય.

કેટલાક એવા આત્મા હોય છે કે જેઓ સર્વ શલ્યને નિર્મૂળ ઉખેડીને – આરંભ અને પરિગ્રહ વગરના થઈને–

– મમતા અને અહંકાર રહિત થઈને –

– રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વ, કષાયના મળ વગરના થઈને,

– સર્વ ભાવો અને ભાવાંતરોથી અતિ વિશુદ્ધ આશયવાળા,

– દીનતા વગરના માનસવાળા,

– એકાંત નિર્જરા કરવાની અપેક્ષાવાળા,

– પરમ શ્રદ્ધા, સંવેગ, વૈરાગ્ય પામેલા,

– સમગ્ર ભય, ગારવ, વિચિત્ર અનેક પ્રકારના પ્રમાદના આલંબનોથી મુક્ત થયેલા એવા,

– ઘોર પરીષહો અને ઉપસર્ગોને જીતેલા છે એવા,

– રૌદ્ર ધ્યાન જેમણે દૂર કરેલા છે એવા,

– સમગ્ર કર્મનો ક્ષય કરવા માટે યથોક્ત જયણાનો ખપવાળા,

– બરાબર પ્રેક્ષા કરતા હોય, પાલન કરતા હોય તેવા

– વિશેષ પ્રકારે જયણાનુ પાલન કરનારા, યાવત્ સમ્યક્ પ્રકારે તેનું અનુષ્ઠાન કરતા હોય,

જે એવા પ્રકારે સંયમ અને જયણાના અર્થી હોય તે જલદી જન્મ, જરા, મરણાદિ અનેક સાંસારિક દુઃખે કરીને છોડી શકાય તેવી દુઃખની જાળથી મુક્ત થાય છે. હે ગૌતમ! એ કારણથી કહ્યું કે એક સંસારમાંથી જલદી છૂટી જાય છે અને એક જલદી છૂટી શકતો નથી.

ભગવન્ ! જન્મ, જરા, મરણાદિ અનેક સાંસારિક દુઃખ જાળથી મુક્ત થયા પછી જીવ ક્યાં વાસ કરે છે ?

હે ગૌતમ! જ્યાં જરા, મરણ, વ્યાધિ, અપયશ નથી, ખોટા આળ ચડતા નથી, ઉદ્વેગ કંકાસ ટંટો કલેશ દારિદ્ર કે ઉતપાપ જ્યાં હોતા નથી. ઇષ્ટનો વિયોગ થતો નથી. વધારે કેટલું કહેવું? એકાંતે અક્ષય, ધ્રુવ, શાશ્વત, નિરૂપમ, અનંત સુખ જેમાં છે એવા મોક્ષમાં વાસ કરનાર થાય છે. આ પ્રમાણે કહ્યું.

## મહાનિશીથ સૂત્ર, અધ્યયન-૮ [ચૂલિકા-૨]નો
## મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

૧૫૨૭. આ સૂત્રમાં 'વર્ધમાન વિદ્યા' આપેલી છે.
તેથી તેની ગુર્જર છાયા આપી નથી.
જિજ્ઞાસુઓએ અમારું 'આગમસુત્તાણિ ભાગ–૩૯,
મહાનિસીહં નું પૃષ્ઠ ૧૪૨–૧૪૩ જોવું.

૧૫૨૮. 'મહાનિસીહ' સૂત્ર હાલ ૪૫૦૪ શ્લોક પ્રમાણ મળે છે.

## મહાનિશીથ છેદસૂત્ર-૬,આગમ-૩૯ નો
## મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति-1** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति-2** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૩૯

# મહાનિશીથ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

'વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397